ગ્રન્થોદય ગ્રન્થમાળા મણકો ૧ લો.

શ્રી નવલ

કુંદન

અને

કુસમ.

ભાગ ૧ લો.

સુધારાનો સાર કે ફેશનનો માર!

અથવા

આધુનિક આર્ય ઘરસંસારનું પ્રતિબિંબ

દોહરો

વ્હાગરો છે દીકરો ગુણવંતી છે નાર,
જેના ઘરમા તે વસે ધન્ય તેનો અવતાર

લખનાર

ત્રિવેદી રણછોડલાલ મહાસુખરામ કવિ.
રાયપુર અમદાવાદ

પ્રકાશક

હરીભાઇ દલપતરામ પટેલ.
શાહાપુર અમદાવાદ

મુલ્ય—બાર આના.

આવૃત્તિ ૨ જી   પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૦.   સને ૧૯૧૪.

અમદાવાદ શાહાપુર વનમાળી વાંકાની પોળમા હરીભાઇ દલપતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમા છાપી.

* * * *

उपेन्द्रव[illegible]

येषां न [illegible] पो न दानं ।
न चापि शीलं न गुणो न धर्मः ॥
ते मर्त्य लोके भुवि भारभूता ।
मनुष्यरूपेण मृगाश्चरांति ॥

चाणक्यनीति.

* * * * *

જે સ્ત્રી પુરૂષમા વિદ્યા, ઇન્દ્રિય નિગ્રહ, પરોપકાર, સારો સ્વભાવ, ગુણ તથા સદાચરણ નથી તે મર્ત્યલોકમા પૃથ્વી ઉપર ભાર માત્ર થઇ મનુષ્ય રૂપે મૃગોજ વિચરે છે.

આચાર પ્રકરણ

શ્રી સરસ્વતિ પ્રેમશૌર્ય મંદિર.

આનંદ દર્શન

દોહરા

સદ્‌બુદ્ધિ શુદ્ધ ભાવના, શુદ્ધ અંતરના કોડ,
કસી કસાણી કેળવે, શંકર ને રણછોડ.
અજબ પ્રીત અવનિ વિષે, અજબ ગુણ ભંડાર,
મનની મનમા જઇ મળે, તો તો એકજ તાર
હરિ ત્રીભુવન ઝગઝગે, જુગતા જુગ્તી જોડ,
નાખી નજરે રીઝતા, શંકર ને રણછોડ
પુષ્પ પડયા વગડા વિષે, ખીલે ને કરમાય,
ભાગ્ય વિના નવ સાપડે, મૂરખ મન કચવાય.
જતન કરીને જાળવે, ઉછરે કુમળા છોડ,
ખાતરની જો ખોટ તો, કયા શંકર રણછોડ

દોહરો.

હિરા ગિરાની ગાસડા શકે ન પરખી કોય,
કવિ ઝવેરી પારખે રત્ન કાવ્ય કર જોય.

કહ્યાગરો દીકરો

" मातर पितरं चैव साक्षात्प्रत्यक्षदेवताम् ।
मत्वा गृही निषेवेत सदा सर्वप्रयत्नतः ॥

સુપુત્રે માતાપિતાને સાક્ષાત પ્રત્યક્ષ દેવતા માની તેમની સર્વદા સર્વ પ્રયત્નથી સેવા કરવી મહાનિર્વાણતંત્ર

श्रावयेन्मृदुलां वाणीं सर्वदा प्रियमाचरेत् ।
पित्रोराज्ञानुसारी स्यात्सत्पुत्रः कुलपावनः ॥

કુળને પાવન કરનાર સત્પુત્રે માબાપને કોમળ વાણી સંભળાવવી સર્વદા તેમનું પ્રિય કરવું તથા તેમની આજ્ઞામાં રહેવું મહાભારત—અનુશાસન પર્વ

ते पुत्रा ये पितुर्भक्ताः स पिता यस्तु पोषकः ।
तन्मित्रं यत्र विश्वासः सा भार्या यत्र निर्वृतिः ॥

જે પિતામાં ભક્તિ રાખે તે પુત્ર, જે પોષણ કરે તે પિતા, જેમાં વિશ્વાસ રહે તે મિત્ર તથા જેનાથી સુખ થાય તે સ્ત્રી જાણવી પ્રમાણસહસ્રી આચાર્ય પ્રકરણ

एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना ।
वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं यथा ॥

જેમ એક પણ પુષ્પ તથા સુગંધયુક્ત સારા વૃક્ષે કરી બધું વન સુગંધયુક્ત થાય છે તેમ એક સુપુત્ર વડે આખું કુળ દીપી ઊઠે છે ચાણાક્યનીતિ

ગજલ.

પૂરી પ્રીતે પૂજે પિતા, માના શિવરૂપ સુખ શાતા;
ગણે શક્તિ સમા માતા, ધરામા ધન્ય તે સુતને ! ૧
રીઝે નિત પિતુ ભક્તિથી, સંતોષે તાત જુક્તિથી;
બને મસ્તાન મુક્તિથી, ધરામા ધન્ય તે સુતને ! ૨
ઉઠી શિરે સદનનો ભાર, સદા સુખી ગણે અવતાર;
પિતુ આધારનો આભાર, ધરામા ધન્ય તે સુતને ! ૩
ધરામાં ધન્ય તે નરને, ધરામા ધન્ય તે ધરને,
વિલોકી શાંતિ શંકરને, ધરામા ધન્ય તે સુતને ! ૪

ચંદ્રભાણ

ગુણવંતી નાર

" कार्येषु मंत्री करणेषु दासी ।
भोज्येषु माता शयनेषु रंभा ॥
धर्मानुकुला क्षमया धरित्री ।
षाड्गुण्यमेतद्धिपतिव्रतानाम् ॥

સ્ત્રીએ પતિને કાર્ય કરવામાં સલાહ આપનાર મંત્રી-જેવી, કામ કરવામાં દાસી સરખી, જમાડવામાં લાડ રાખ-નાર માતા સમાન, શયનને વિષે પ્રીતિ ઉત્પન્ન કરનારી રંભા સરખી, ધર્મ કાર્યમાં અનુકૂળ અને ક્ષમા કરવામાં પૃથ્વી સમાન થવું એ પતિવ્રતાના છ ગુણ છે.

નીતિ શાસ્ત્ર

न दानैः शुध्यते नारी नोपवासशतैरपि ।
न तीर्थसेवया तद्वद्भर्तुः पादोदकैर्यथा ॥

સ્ત્રી પતિના ચરણોદકે કરીને જેવી શુદ્ધ થાય છે તેવી દાન, સેંકડો ઉપવાસ તથા તીર્થસેવન વડે પણ શુદ્ધ થતી નથી

ચાણાક્યનીતિ

सुस्वभावा सुवचना सुवृता सुख दर्शना ।
अनन्यचित्ता सुमुखी भर्तुः सा धर्मचारिणी ॥

જે સ્ત્રી પતિ પ્રત્યે સારા સ્વભાવવાળી, મધુર બોલનારી, રૂડા આચરણવાળી, સુખરૂપ દેખાવવાળી, પતિમાંજ ચિત્ત રાખનારી તથા પ્રસન્ન મુખવાળી હોય તે ધર્મચારિણી જાણવી.

વિષ્ણુશર્મા.

ગજલ.

સલુણાં સુન્દરો છે જ્યા, સદા ત્યા શાતિનો સાગર,
સુધાના શરડા મીઠા, ધરામા ધન્ય તે જીવતર ૧

નયનમા નેહની જ્યોતિ, વચનના મુખમા મોતી,
પ્રિતમને પ્રેમથી જોતી, મહા સુખની ધરી સાકર ૨

હૃદય મળતા હૃદય રગે, ચડે હરદમ ઉછરંગે.
સદા સપી રહો સગે, બને અવનિ વિષે અમર. ૩

કરી લ્યો વિશ્વ ફરો ત્યાસ, વિનયવની સતિનો ખાસ,
નહિ માયા તણા જ્યા પાસ, સદા ત્યા છે સુખો શકર ૪

ચંદ્રભાણ

પ્રસ્તાવના.

સાંપ્રત સમયમા ગુજરાતી ભાષા સાહિત્ય પ્રભાકરના થતા ઉદય કાળમાં દિન પ્રતિદિન ઘણીક નવલ કથાઓ બહાર પડતી જાયછે, તેમા આ એક " કુદન અને કુસુમ " પણ બહાર પડેછે. પ્રસ્તુત નવલકથામાં જમાનાનુ તાદૃશ્ય પ્રતિબિંબ જેમ બને તેમ અસરકારક અને હૃદયદ્રાવક ઘરગતુ સરલ ભાષામા ચિતરવામા આવ્યું છે. આધુનિક આર્ય ઘરસસારની અવનતીના કારણ રૂપે મનાતા બાળલગ્નના બળાપા, કન્યાવિક્રયના કઢાપા, સુધારાના ફેશન ભર્યા સપાટા અને કુળમોટાઈ તથા દ્વિત્રિયાના અનાચારના ઝપાટા વિવિધ પાત્ર દ્વારાએ બતાવ્યા છે. જન સમાજને આ નવલકથાના પાત્રો દ્વારા ઘણુ શીખવાનુ અને જોવાનુ મળી આવશે કુદન અને કુસુમના હૃદયદર્પણને નિહાળતા જન સમાજને સુખી સસાર ચલાવવાને જોઇતી ખુબીઓનુ અને પોતાની ખામીઓનુ અચ્છી રીતે અવલોકન થશે હીરાલાલ, ભાનુશકર, જયન્તીલાલ અને મધુકરના આચાર વિચાર જોતા સસારમા પ્રવેશ કરનાર નવીન યુવકોને કાંઇ નવીનજ પાઠો શીખવાના મળી આવશે. કાન્તા, કેસર અને કપિલાના વર્તનથી આજકાલની ઉછરતી બાળાઓને સ્ત્રીધર્મનુ સારી રીતે પિછાન થશે. સુદરલાલ બારીષ્ટર, પુરૂષોત્તમરાય, મણિલક્ષ્મી અને નવનિતલાલના વિચારથી જન મંડળને સુધારાનો એક અચ્છો ધડો મળશે. જમાનાના જુલમનો જાલમ ચિતાર બતાવવા સારૂ આ

નવલકથાની વસ્તુ સ કલનાની સાંકળ વધારે લાંબી અને મજબૂત બનાવી છે. વિદ્વાન વાંચકોએ આ નવલ કથાની વસ્તુ સ કલનાની સાકળપર બેસી વિવિધ પાત્રો સાથે વગર ર ગાએ જમાનાના વિવિધ ર ગો જોવાના છે. આવી ભેદ ભરી ગુંથણીમાંથી તત્વભરી ગુંથણીનુ જ્ઞાન વિવેકી વિચારશીલ વાંચકો ગ્રહણ કરી લેશે તો લેખક પોતાનો શ્રમ સફળ થયો ગણશે.

પ્રસ્તાવના.

(આવૃત્તિ બીજી.)

સામાજીક સેવાના સન્માર્ગના અનેક પ્રકારમાંના આ એક પ્રકારની સેવાને જનસમાજ તરફથી અણધાર્યો અને અણચિન્તવ્યો આદરસત્કાર મળતાં પ્રસ્તુત નવલ કથાની બીજી આવૃત્તિ કાઢવામાં આવે છે. આ આવૃત્તિમાં દર્શનકથાનો નવીન ઉમેરો કરી ચિત્રો દાખલ કરવામાં આવેલ છે. આ નવલકથા સ બધી વધુ વિવેચન નહીં કરતાં તેની કદર કોડીલા કદરદાન કોવિદ વાંચકોનેજ સોંપવામાં આવે છે. જનસમાજ નવલ ગ્ર થોની કસોટી કરતાં હવે સારી રીતે શીખ્યું છે તેથી આ નવલકથા સંબધી વધુ વિવેચન નહીં કરતાં આટલેથીજ વિરામ આનંદ પામુ છું.

રાયપુર પખાલીની પોળ
બગડાવાડ—અમદાવાદ.

લી૦
ત્રિવેદી રણછોડલાલ મહાસુખરામ

સુંદરી સ્વરૂપ.

ગરબો.

સંસારનું નૂર છે નાર સજન સંસારનું નૂર છે નાર,
સ્ત્રી સુધરે સકળ સુખ સાર સજન સ્ત્રી સુધરે સકળ સુખ સાર
સુંદર સ્ત્રીનુ મુખડુ સુંદર સ્ત્રીનુ તન,
સુંદર સ્ત્રીના ઓઢણા સુંદર સુંદર સ્ત્રીનું મન—૦
આપે જન્મ જગતને પાળે પુરણ પ્રીત,
એનાજ નામ આધારથી કહાવે ઇશ્વરી અંબા ખચીત—૦
ઘરણી ઘરનો સ્તંભ છે ઘરનું ઘરણીજ માન,
ઘરણી ઘરનું ઘરેણું છે ઘર ઘરણી વિનાનું સ્મશાન—૦
ઘડપણમા ઘરણી સમી સેવા કોથી ન હોય,
સ્વર્ગે પણ સંગે ગઇ તે તો નારીજ નર નહિ હોય—૦

નવલ ગરબાવળી

ગુણવંતી ગુજરાત.

રાગ માઢ.

ગુણવંતી ગુજરાત અમારી ગુણવતી ગુજરાત,
વીર નરોની માત અમારી ગુણવંતી ગુજરાત ૧
રૂડા રત્નની ખાણી રંગીલી ભદ્રા ભય હરનાર,
ધર્મ ને કર્મની પર્મ તુ ધાત્રી નેહે કરૂ નમસ્કાર ૨
મીઠા પાણી ને મીઠી વાણી મીઠા માનવી માત્ર,
અન્ન મધુરા ને મન મધુરા ગુણથી ભરેલું ગાત્ર ૩
ભુખ્યા ભટકતાની ભાવઠ ભાગે કોઇને કરે ન નકાર,
કાયા [illegible] માતા કૃપાળી ઉરની પરમ ઉદાર ૪
સર સરિતા વન ઉપવન ને નગ ફળ ફૂલ રસકસ પાન,
સૌની આશા પુરે અન્નપુરણા એશ કરે સંતાન ૫
સદાય લક્ષ્મી લીલ અશોકી અખુટ દોલતવાન,
અવર ભૂમિને આશ્રયદાતા મોટું તારૂં માન. ૬
શોભી શોભાવે મનને લોભાવે પેખું અત્યારે પ્રભાત,
મહાસુખરામ તણું મન હરખે ધન્ય ભૂમિ ગુજરાત ૭

પક્ષી સમાજ

ભાગ ૧ લો.

(આવૃત્તિ બીજી)

કુંદન અને કુસુમ

સોલ એજન્ટ

હરગોવનદાસ હરજીવનદાસ
બુકસેલર.

૨૬૩૦, પાનકોર નાકા—અમદાવાદ.

અનુક્રમણિકા.

પ્રકરણ.	વિષય.	પૃષ્ઠ.
,, ૧ લુ.	પૂર્વરંગ...	૧
,, ૨ જું.	ચૉરી કે ચિતા?	૧૦
,, ૩ જું.	ભણતર કે ભવાડો?	૨૭
,, ૪ થુ.	કન્યાનું સાસરૂ કે સંસારનુ ધુંસરૂં?	૪૯
,, ૫ મું.	મુગ્ધા કે દુગ્ધા?	૭૬
,, ૬ ઠુ.	સુધરેલી સફાઇ કે વિફરેલી બેવકુફાઇ?	૧૦૧
,, ૭ મું.	બાળાનો બાપ કે સ્વાર્થનો સાપ?	૧૨૭
,, ૮ મુ.	મંદવાડ કે નસીબનો ભંજવાડ?	૧૪૯
,, ૯ મુ.	સુધારે ચઢેલી સુંદરી કે કુધારે કુદેલી-વાંદરી?	૧૬૭
,, ૧૦ મુ.	સ્નેહનુ શોધન કે હૃદયનુ છેદન?	૧૮૯



કુન્દન અને કુસુમ

Kuntalin Press Calcutta

श्री परमात्मने नमः

श्री नवल

કુંદન

અને

કુસુમ.

આધુનિક આર્ય ઘરસંસારનું પ્રતિબિંબ.

પ્રકરણ ૧ લું.

પૂર્વરંગ.

દોહરો.

મન મનને મળતુ નથી, તન તાણે શું થાય,
હેત વિનાના હાથથી, હૈયુ નવ હરખાય

સંસ્કાર સંબંધ અને સ્નેહ એ ત્રણ આચાર વિચાર અને હૃદય વિના નકામાં છે, કેમકે આચાર વિનાના સંસ્કાર ક્લેશ કરાવે છે, વિચાર વિનાના સંબંધ વિમાસણ ઉપજાવે છે, અને હૃદય વિનાના સ્નેહ હૃદયને પ્રજાળે છે.

૧-૧

જ્યાં અજબ રંગત પ્રેમની ત્યાં અજબ સંગત નેમની,
દરકાર નહિ જ્યાં હેમની વાતો નહિ ત્યાં વ્હેમની,
દ્રષ્ટિ દીસે ઈશ રેમની શાન્તિ સદા ત્યાં ક્ષેમની,
જ્યાં ભિન્ન ઉર્મી જેમની ત્યાં દુખદ સ્થિતિ તેમની

ભરતી પૂર્ણિમાના ચંદ્રરાજને વિલોકી ઉભરાવવા માંડે છે, પંખીઓ વસંતરાજના દર્શનથી કિલકિલાટ કરી મૂકે છે, વનસ્પતિ વરસાદને જોઇ ખીલવા માંડે છે, અને કેસુડાં ફાગણમાં ફાલવા માંડે છે તેમ પ્રેમીજનો પ્રેમીજનના દર્શન કરી આનંદ માને છે, નહિ તો નયન મીચામણાં કરી મોં મચકાવવા ફરે છે.

રળિયામણા રાજનગરમાં આવેલા રાયપુરના લત્તામાં ગગન ચુમ્બિત એક ચાર માળનો બાગ બગીચાથી વિંટાયેલી સુંદર હવેલી આવી રહી હતી. આ હવેલીની બાંધણી મુંબાઇ અને જયપુરની બાંધણીને ભુલાવે એવી સરસ અને મોહક હતી. હવેલીનો બહારનો દેખાવ ઇંગ્લિશ સ્ટાઇલનો રોનકદાર હતો, અને અંદરનો દેખાવ દેશી સ્ટાઇલનો મરડદાર હતો. હવેલીની ચારે બાજુએ ફરતો સુંદર બગીચો હતો. બગીચામાં વિવિધ પ્રકારના વૃક્ષો વાવેલા હતા અને ઉત્તમ સુગંધી આપનાર પુષ્પોના છોડવાઓ ઠેર ઠેર રોપાવ્યા હતા. બગીચાની એક બાજુએ એક નાની સરખી રમણિય કુંજ આવી રહી હતી. તેની પાસે ભિષ્મ ગ્રિષ્મ સમમાં વિશ્રાંતિ સારૂ લત્તા મંડપ, કેલીગ્રહ,

ભોજનગૃહ,શયનગૃહ વગેરે વિવિધવિલાસના નાના અવાસો આવેલા હતા. કુંજ આગળ એક નાનો હોજ હતો, અને તેની અંદર એક ઉત્તમ કારીગિરીવાળો ફુવારો બંધાવ્યો હતો. વચ્ચોવચ્ચ આરસપહાણનો ચોક હતો, અને તેની આસપાસ રેતી પાથરી દીધી હતી. બગીચામાં ઠેર ઠેર ખુરશીઓ, કોચો, પાટલીઓ અને બાકડાઓ વગેરે ગોઠવેલા હતા. આખી હવેલીને હાંડી ઝુમ્મર, લેમ્પો વગેરે ચિનાઇખાનાથી અલૌકિક રીતે શ્રંગારી દીધી હતી. હવેલીના વિવિધ દ્વારે અને બગીચાના વિવિધ દ્વારે આસોપાલવના તોરણો બાંધી દીધા હતા. બગીચામા એક વિશાળ પાટ નાખી ટકોરખાનું બેસારેલુ હતુ, અને તે ઘડી ઘડીએ ઘડીઆ વગાડી લગ્ન પ્રસંગની સૂચના આપતુ હતુ.

નંદનવનથી વિંટાયલા ઇંદ્રભુવન જેવા રળિયામણા આ ભુવનમાં એક પુરૂષોત્તમરાય કરીને બ્રાહ્મણ ગૃહસ્થ જ્ઞાતિ પટેલ રહેતા હતા. તે મધ્યમ વિચારના અર્ધદગ્ધ સુધરેલ અને અર્ધદગ્ધ પુરાણા સંસ્કારવાળા સાઠેક વર્ષની વયના ગૃહસ્થ હતા તે આખી બ્રાહ્મણ જ્ઞાતિના શેઠ–પટલ જ્ઞાતિ અગ્રેસર 'કૌધર વિલિયમ' કહેવાતા હતા. સ્વભાવે ગરમ, લોભી અને પારકા પૈસા પર સાહ્યબી ભોગવનાર હતા. તેમના વંશમા ત્રણ પેઢીથી જ્ઞાતિની પટલાઇ–શેઠાઇ ચાલી આવેલી હતી. જ્ઞાતિમા પુષ્કળ ખટપટ ઉથલપાથલ અને કાળા ધોળા કરી અચ્છી રીતે પામરોને રેંશી રેંશીને અને ભોળા લોકોને ભરમાવી ભરમાવીને અઢળક પૈસો પ્રાપ્ત કરેલો હતો. જ્ઞાતિના કેટલાક પરદેશીઓને પણ ખંખેરી ખંખેરીને ધુળ કાઢી નાખી હતી. તેમની સ્થિતિ સાક્ષર

ઝવેરીના શબ્દો પ્રમાણે:—

*　　*　　*　　*

"કાળા ધોળા કરી કરોડો કરી સરદાર કહેવાયા,
લાખોને લૂંટી લુંટી ધુતી મ્હેલ માળા બનાયા,
ધર્મ નીતિને છેક ડુબાવ્યા રંક દબાવ્યા,
માયા મદીરા મસ્ત બની મનમા મલકાયા
મ્હેલ ઝરૂખા માળીઆ બાવલા ને પાળીઆ,
કાળ ઝપાટા લાગીયા કયાય વ્હેતાં ચાલીયા

ડાહ્યાભાઇ ઝવેરી

હતી, પોતાના લાગતા વળગતામા, સગાવ્હાલામાં, મિત્રમંડળમાં અને કુટુંબમાં ઉંધા ચત્તા સમજાવી, અટૃમ સટૃમ ગડબડ ગોટા વાળીને લગ્નના કામમા વગર જોઇતા વગર બોલાવ્યાં માથાં મારી બારોબાર "ચોરને કહેશે નાશ અને ધણીને કહેશે ધા" એ પ્રમાણે પ્રસંગો આણી અદ્ધરથી વર કન્યાઓના વેચાણ કરી કન્યા દલાલી ખાઇ ખાઇને પુષ્કળ કન્યાધન એકઠું કર્યું હતુ.

તેમના એક ધુતારા સ્વભાવના મિત્ર લાલજીભાઇનો નિર્વંશ જવાથી તેની તમામ માલ મિલ્કત અને હવેલી વાડી વજીફા વગેરે તેમને પચ્યું હતુ. હરામની હવેલીના હરામખોર માલીક પુરૂષોત્તમરાય થઇ પડયા. તેમની સ્ત્રીનુ નામ મણીલક્ષ્મી હતુ. તે સ્વભાવે ભોળાં સાધ્વી નિતિવાન ધાર્મિક અને પુરાણા સંસ્કારવાળાં પચાશ વર્ષનાં સુશીલ ગૃહમાતા હતાં. ડોસા નવીન વિચારના હતા, ત્યારે ડોસી જુના વિચારનાં હતાં. પુરૂષોત્તમરાયને

ત્રણ દીકરા અને બે દીકરીઓ હતી. ત્રણ દીકરાઓને સંપત્તિમાં ફક્ત ત્રણ દીકરીઓજ હતી, આ સિવાય આખા કુટુંબમા કોઇને પણ પુત્ર રત્ન નહોતુ. એકંદરે હવેલીમાં પાંચ કન્યાઓ રહેતી હતી. 'જેવો અહાર તેવો ઓડકાર' તે પ્રમાણે ડોસાને ફક્ત પોતાની દીકરી કુંદન અને દીકરાની દીકરી કુસુમ સિવાય આખુ કુટુંબ ખાઇ બદયુ હતુ.

ડોસાને ત્રણ દીકરા, ત્રણ વહુઓ અને ત્રણ દીકરીઓ પણ સુધરેલ વિચારની લાડઘેલી અને ઉચ્છ્રકળ માથાની મળી હતી. ડોસી મણીલક્ષ્મીની તાલીમ તળે ફક્ત કુંદન અને કુસુમ જ ઉછરી હતી. ડોસીના પવિત્ર અને ધર્મિષ્ટ પુરાણા સંસ્કારો આ બે કન્યાઓમા સંપૂર્ણ રીતે પડયા હતા. એકંદરે આ બે કન્યાઓ આખા ઘરનો ભાર બોજ ઉપાડી લેતી હતી. ડોસાને નવનિતલાલ રસિકલાલ અને નવલશંકર કરીને ત્રણ દીકારા ચઢતા ઉતરતી વયના હતા અને બે દીકરીઓ કાન્તા અને કુંદન ચઢતા ઉતરતી વયની હતી. મણીલક્ષ્મીની વય પચાસ વરસની હતી. પ્રથમ અવસ્થામા તેમને ત્રણ દીકરાઓ થયા હતા અને છેક પાછલી અવસ્થામાં બે દીકરાઓ થઇ હતી. આ પ્રમાણે ગૃહમાતા અને ગૃહતાત મણીલક્ષ્મી અને પુરૂષોત્તમરાયે સંસાર માંડયો હતો.

ડોસાનો મોટો દીકરો નવનિતલાલ તદ્દન સુધરેલ વિચારનો ફાટેલ મગજનો અને સઘળી વાતે પૂરો હતો. તેની સ્ત્રીનું નામ ગીરજાગવરી હતુ; તે પણ તેના જેવી સુધરેલ હતી. તેની દીકરી કેસર પણ સુધરેલ અને વિફરેલ માબાપને માથે ચપટી ભભરાવે તેવી હતી. કેસરનુ લગ્ન ડોસાએ કલ્યાણરાય પાસેથી રૂપિયા

પ દરસૌની રકમ લઇને તેના દીકરા જયન્તીલાલ સાથે કર્યું હતુ. જયન્તીલાલને તેર વરસનો મુકી તેની મા કમળા અને બાપ કલ્યાણરાય સ્વર્ગવાસ પામ્યા હતા. ડોસાએ તેની પણ તમામ માલ મિલ્કત પોતાના સ્વાધીનમાં લઇને જયન્તીલાલને ઘર જમાઇ કરી રાખ્યો હતો. જયન્તીલાલ સાસરામા રહીને ઉછરતો હતો. હાલમા તે મેટ્રીકમા બે વરસથી નાપાસ થયા કરતો હતો, આ વખતે તેને કાક આશા હતી ડોસીના સહુવાસમા રહીને તે મર્યાદાશિલ નિતિવાન અને ધર્મિષ્ટ રહ્યો હતો. કેસર ઘાણીજ ઉછાછળી સુધારામા તણાઇ જતી હતી કેસરથી જયન્તીલાલ ઘણોજ દબાતો હતો અને સાસરામા ઓશિયાળો રહીને તે પોતાનુ પેટ ભરતો હતો, જો કે તે જાણતો હતો કે 'કુતરો ઘરનો જમાઇ અને કુતરો વહુના બાપનો' તોપણ તેના વાસ્તે હાલમા કશો ઉપાય નહોતો. આ [illegible] બુધ્ધિ વગરનુ અને ગરાજ વરનુ જોડુ ગુડતાતે જોડયુ હતુ.

ડોસાનો બીજો દીકરો રસિકલાલ પણ સુધરેલ વિચારનો કાક સહનશીલ પણ તેની નવી સ્ત્રી લલિતાથી દબાતો રહેતો હતો. લલિતા ગીરજાગવરીથી એક [illegible] સુધારામા આગળ વધેલી હતી. તેને તેની સ્વર્ગસ્થ શોકય વિમળાની કુસુમ કરીને દીકરી હતી. કુસુમ નાનપણથીજ માણીકદમોના સહવાસમા ઉછરવાથી સુધારાનો પાસ તેને કંઇ લાગ્યો નહોતો. ડોસાએ નાજુક સુકુમાર કુસુમને વિકૃતદાગ અને [illegible]ીના વહી ગએલા અને સુધારામા છકી ગએલા દીકરા મધુકર સાથે પરણાવી હતી. સાક્ષર ડાહ્યાભાઇના ઉદ્દગાર પ્રમાણે.—

"પાળી પોશી ગાયને ધરે કસાઇને હાથ,
પાલકને કહેવાય શું ન્યાયી ત્રિભુવન નાથ;
વેલ ઉછેરે વ્હાલથી છેવટ છુંદે આપ,
ભગવત તેનુ ભલું કરો જીવો ઘણું તે બાપ"

જવેરી

કુસુમનો અવતાર રદ કર્યો હતો. ગરીબ ગાય જેવી દીકરી કુસુમ અને સુધારામાં ઉડતા મધુકરની જોડી કુદરતે જોડી હતી. ડાહી વહુ અને સુધરેલ વરનુ પાનુ ડોસાએ ખોળી કાઢયુ હતું.

નવલશંકર નામનો ડોસાનો ત્રીજો દીકરો પણ સુધરેલ વિચારનો, બે ભાઇથી ઘણોજ વિચારમાં આગળ વધતો હતો. તેની સ્ત્રીનુ નામ સુભદ્રા હતુ, તે પણ સુધારાના રંગમાં રંગાએલી હતી.

તેને એક કપિલા નામની અવળચંડી સુધરેલી દીકરી હતી. તેના લાયક વર ડોસાએ સુંદરલાલને શોધી કાઢયો હતો, પણ સુંદરનાં માતપિતા, ખુશાલદાસ અને અતિલક્ષ્મીએ સુંદરને બારીષ્ટર બનાવવા સારૂ વિલાયત મોકલ્યો હતો; તે થોડા વખતમાં રાજનગરમાં બારીષ્ટર એ-ટ-લૉ બનીને આવશે, એમ ધારી ખુશાલદાસે હજાર પંદરસોની રકમ ડોસાને આપી દિલાસો આપી વિવાહ લંબાણુ પડાવ્યો હતો. ડોસાને જોઇતુ હતુ ને વૈદે કર્યું તે પ્રમાણે કન્યાધન ઉપર તાગડધિન્ના કરનાર કસાઇ પિતાને કન્યાધન મળ્યુ એટલે પરમેશ્વર મળ્યા એ પ્રમાણે માની ડોસો લાલચના હિંચોળે ચઢી આશા નિરાશામાં હીંચતો હતો.

ડોસાની બે દીકરીઓ કાન્તા અને કુંદન એ બને કુંવારી

હતી. કાન્તા જુના વ્હેમી વિચારની તથા કાક નવા વિચારની સુધરેલી હતી. તેનો વિવાહ ભગવાનદાસ અને શિવલક્ષ્મીના દીકરા ભાનુશંકર સાથે શૅાકય ઉપર કર્યો હતો, તેમાં પણ ડોસાએ સારી રકમ મારી હતી. કુંદન તે ફક્ત કુંદન જેવીજ હતી, તેને કોઇ પણ વાતે કસવી અને રસવી પડે તેમ નહોતી. કુંદનને વાસ્તે મણીલક્ષ્મીએ દોલતરાય અને ભાગીરથીનો દીકરો હીરાલાલ ડોસાને બતાવ્યો હતો, પણ દોલતરાય મનમાનતા પૈસા પરખાવે તેવો નહિ હોવાથી ડોસો મુરતીઆની શોધમાં રમ્યા કરતો હતો. કુંદન અને હીરાલાલ વચ્ચે કુદરતે કાંઇક કૃપા કરીને તારામૈત્રીનો પ્રસંગ કરાવ્યો હતો. વખતો વખત કાંઇક કામ પ્રસંગે દોલતરાય હીરાલાલને લઇ પુરૂષોત્તમરાયને ત્યાં આવતા જતા હતા, અર્થાત્ પ્રેમનાં બીજ હીરા અને કુંદન વચ્ચે અન્યોઅન્ય હૃદય ક્યારામા રોપાઇ ગએલાં હતાં, જો કે મનની ભાવનાના પાણીથી સીંચન થયા કરતુ હતું પણ પ્રસંગના ખાતર વિના બરાબર ઉગી નીકળ્યાં નહોતાં, પ્રસંગે પ્રસંગે સ્હેજ ફણગા ફુટતા હતા પણ લજ્જાના તાપથી કરમાઇ જતા હતા, વખતે લજ્જાના તાપમાથી રક્ષણ થઇને ઉગી નીકળતા હતા, તો વડીલોની આમન્યાની ચકલીઓ તેને ખાઇ જતી હતી, જો કે નયન મેળાપના કંડીઆથી પ્રસંગે પ્રસંગે તેને ઢાંકવામાં આવતા હતા તોપણ યોગ્ય પ્રસંગ વિના ધીમે ધીમે કરમાઇ જતા હતા.

આ રીતે ડોસો કાંક લાચાર બની કુંદનને વાસ્તે હાથ ઘસતો રહ્યો હતો. ડોસાએ તમામ દીકરીઓને ગુજરાતી કેળવણી ઉપરાંત અંગ્રેજી કેળવણી છઠ્ઠા ધોરણ સુધી આપી હતી, આ ઉપરાંત

રમણીકલાલ કરીને માસ્તર પણ રાખ્યો હતો. આ યોજના યોજવામા ગૃહતાતની મુરાદ બુરી હતી. અને તે એ હતી કે સારી રીતે ભણેલી ગણેલી સુધરેલી દીકરીઓના દામ સારી રીતે ઉપજી શકે અને સ્વાર્થના બજારમાં કામધેનુ કન્યાઓની નાણાંની કોથળીઓ સારૂં સ્હેલાઇથી હરાજી થઇ શકે !!

પુરૂષોત્તમરાયના ઘરતંત્રનો કારભાર આ પ્રમાણે ચાલ્યા કરતો હતો. આજરોજ કાન્તાનો લગ્ન પ્રસંગ છે, આખુ કુટુંબ વિવાહના આનંદમા મ્હાલી રહ્યું છે. વરઘોડીઓ આનંદ સર્વત્ર ઉછાળા મારી રહ્યા છે માંગલિક ગીતોના મધુર સ્વર સંભળાઇ રહ્યા છે, આ પ્રમાણે લગ્નનો ‘પૂર્વ રંગ’ ચાગરદમ છવાઇ રહ્યો છે.

પ્રકરણ ૨ જું.

ચોરી કે ચિતા ?

દોહરો.

બાલપણામાં જાણતાં [illegible] કે માબાપ,
જુવાનીમાં [illegible] કે [illegible]ની નિચે [illegible]

સ્વભાવ જોયા વિના, હૃદય [illegible] વિના અને સદ્ગુણો શોધ્યા સિવાય જે કોઈ [illegible] છે, તે [illegible] પછી જીવન અંત સુધી દુખી થાય છે.

રામે રચી માતા પિતા [illegible] ભાગની,
વગાડી [illegible] લાકડી [illegible]
જુદા પડી [illegible] ધર્યું કરે મન માનતું,
દરકાર દુનિયા [illegible]

મધુરી વસંત, કોમળ કુસુમ, ઝળકતું જોબન, કોકિલાનું ગાન, ચંદ્રનો પ્રકાશ, આંબાની ડાળ, સરોવરની પાળ અને મધુકરોના મદન મંત્ર જેવા મોહક ગુંજારવો દેખીતા

પ્રિય અને સુખદ છે પણ અનુભવની કસોટીમાં અપ્રિય અને દુ:ખદ થઇ પડે છે.

*　　*　　*　　*

“ લાડકડી ચઢીરે કમાડ બાળાવરને નિરખવારે,
દાદાજી એ વર જોજો એણે મારાં મન વસ્યારે,
કહો દીકરી કયા થકી દીઠા શેણે તારા મન વસ્યારે,
નિશાળે ભણતલો દીઠા અક્ષરે મારા મન વસ્યારે
લાડકડી ચઢીરે કમાડ સુંદર વરને નિરખવારે,
માતાજી એ વર જોજો એણે મારા મન વસ્યારે,
કહો દીકરી કયા થકી દીઠા શેણે તારા મન વસ્યારે,
નાતમા જમતલો દીઠા ચોટલીએ મારા મન વસ્યારે
લાડકડી ચઢીરે કમાડ બાળાવરને નિરખવારે,
વીરાજી એ વર જોજો એણે મારા મન વસ્યારે,
કહો બેની કયા થકી દીઠા શેણે તારા મન વસ્યારે,
ઘોડીલા ખેલતો દીઠા પેંગડે મારા મન વસ્યારે,
લાડકડી ચઢીરે કમાડ સુંદર વરને નિરખવારે,
કાકાજી એ વર જોજો એણે તારા મન વસ્યારે.
કહો દીકરી કયા થકી દીઠા શેણે મારા મન વસ્યારે,
પાઘડી બાધતો દીઠા ત્યારે મારા મન વસ્યારે ”

ગુજરાતી કાવ્યદોહન—લોકકાવ્ય

મંડપમાં માગલિક ગીતો ગવાઈ રહ્યાં છે ડોસાના ત્રણે દીકરાઓ મંડપમાં આવનાર સાજનોનો સારી રીતે સત્કાર કરી સરભરા કરી રહ્યા છે. ગૃહતાત પૂર દમામમા બણી ઠણી

મુ છે તાર દઈ દગ્મદગ્મામાં આમ તેમ હેરા ફેરા કરી રહ્યા છે. ‘નાનકડી નારને નાકે છે મોતી, ઘુ ઘટમાં મુખ રાખી વર સામુ જોતી’ એ પ્રમાણે નવીન જુવાનીમાં આવતી મનમોહક મુગ્ધાઓ ટોળે મળી કોઇ વરઘેલી, કોઇ સાહેલી ઘેલી અને કોઇ મનઘેલી થઈ વરઘોડીઆં ગીતો ગાઇ રહી છે. સુધારાના પ્રવાહમાં તણાઇ જતી કેસર પોતાની સાહેલીઓને મ ડપના એક ભાગમાં ખુરશીઓ નાખી તે પર બેસારી સુધરેલી રીત પ્રમાણે આદર સત્કાર કરી રહીછે. પારસી યુરોપીયન કોમની બાળાઓને સોડા, લેમોનેડ, ટી વગેરે આપી રિઝાવી રહી છે. ગુલાબી રંગની ચિનાઇ રેશમી સાડી, બદામી ર ગનો સેન્ટ અત્તરથી મગમગતો પોલકો, ચેકનાં ચમચમતા બુટ, આંખે સોનેરી ચશ્માં, કાને એરીંગ, હાથે હીરાની બ ગડીઓ અને ફરફર પવનમા ફરકતા રેશમી રૂમાલથી અલબેલી બની દમામ અને બ્યુટિમા છાતી કાઢી પોઝીશનમાં મેમાનોને વેલકમ કરી રહી છે, કપિલા પણ કેસરને જોઇતી મદદ કરી રહીછે. ડાહી વિચારશીલ કુસુમ અને કુ દન મણીલક્ષ્મી પાસે ગૃહમાતાની ખીજમત ઉઠાવી રહીછે. કીટસન લાઇટ આખા મ ડપને ઉજાળી રહીછે. બરાબર આઠનો ટકોરો થતાં ભાનુશ કર સાજન સહિત પરણવા આવી પહોચ્યા. વૃદ્ધતાત અને આખા કુટુમ્બે સાજનનો સત્કાર કરી ઉતારો આપ્યો. ધીમે ધીમે શાંતિ પથરાવી ગોર મહારાજે વરકન્યાની પધરામણી કરાવી લગ્નવિધિ અને માહ્યરાની ક્રિયા શરૂ કરી દીધી. આસપાસ માહ્યરાના પ્રસંગને અનુસરતાં ગીતો ગવાવા લાગ્યાં, આ પ્રસંગે સાજનમાંથી કેટલાક યુવકો ઉઠી બગીચામાં આમ

તેમ ફરવા લાગ્યા; અને ફરતા ફરતા હવેલીના પાછલા બગીચામાં આવેલા લત્તામંડપમાં વખત વિતાડવા સારૂ ગયા. મંડપમાં ઢાળેલી બેન્ચો પર બેસી કોઇ રૂમાલ, પંખા, ચીરૂટ, સીગારેટ અને બીડીથી વિનોદ કરી આરામ લેવા લાગ્યા. **वर्णानां ब्राह्मणो गुरुः** તો બ્રાહ્મણોના લગ્નાદિ પ્રસંગમાં બીડી હોય ! ? ! ! !

ચારે વર્ણના ગુરૂ રૂપ ગણાતા બ્રાહ્મણોના લગ્નની ચૅારીની વેદીમાંથી ઘીથી મઘમઘતા ધુમાડાના ગોટા નીકળવાને બદલે વિપ્ર યુવકોની મુખ વેદીમાંથી તમાકુથી મઘમઘતા ધુમાડાના ગોટે ગોટા નીકળવા લાગ્યા ! જમાનાના જાદુઇ જોરમાં અને સાંપ્રત સમયની પાશ્ચિમાત્ય કેળવણીના સુધારાથી સડબડતા ફેશન ભર્યા દોરમાં બ્રહ્મ દુહિતા ભા-તી માતાને બદલે તમાકુ દુહિતા બીડી માતાનો બ્રાહ્મણોના વદન કમળમા વાસો થયો હતો. ચારે છેડે પહેરેલા ધોતીઆંથી ભભક લઈ ઉઠતા, રંગબેરંગી દેશી જોડાના ચમકારથી લોકોને ચમકાવી મારતા બંડી અને અંગરખાથી દીપી ઉઠતા અને ત્રિપુંડ અને પાઘડીથી જગતને મોહિત કરનારા બ્રાહ્મણોના બાળકો જ્યારે ઘરમાંથી બહાર નીકળતા ત્યારે સહસ્ત્ર પ્રણામો લોકોના ઝીલી બ્રાહ્મણના નામને દિપાવી દેતા હતા, ત્યારે સાંપ્રત સમયના પાટલુનથી અકડાઇ જતા, માન્ચેસ્ટરનાં ધોતીઆના મજબૂત કાછડા વાળી કેડે વાંકા વળતા, સારા નરસા દરેક પ્રસંગમાં સદાને વાસ્તે કોયલા જેવાં કાળાં તગતગતાં બુટ ચડાવી, કોટ અને ખમીસથી લોકોથી અતડા રહેતા અને અડવાં કોડીઆં જેવાં કપાળ રાખી ગુચ્છારૂપી છાપરા ઉપર કાળાં કુંડાંરૂપી ટોપીઓ ચડાવી જગતને વંઠાડી

દેનારા યુવકો જ્યારે ઘરમાંથી બહાર નીકળે છે ત્યારે મોંમાં બીડી રાખી હાથમાં કેઇન ઝાલી યસ, નો, વેરીગુડ, ગુડબાઈ કરતા, લોકોને લાખો સલામો ભરી બ્રાહ્મણના નામને લજાવી મારે છે!!

શોક્ય ઉપર કાન્તા અપાઇ તેથી હંમેશા ઝુહમાતા કુસુમ અને કુંદનના અંતરમાં આગ સળગી ઉઠી હતી. તેઓ આજના લગ્ન પ્રસંગમા બિલકુલ ખુશી નહોતા, પણ કેશરી ડોસા આગળ આ ત્રણ અજાઓને અવાજ કાઢવાની શક્તિ રહી નહોતી, તેથી ઉપર ઉપરથી આનંદ બતાવતી પણ અંતરમા આ લગ્ન અગન રૂપે સળગ્યા કરતુ હતુ. અત્યારે જીવ કાયા અને માયા અર્થાત ત્રણ અજાની ત્રિપુટી જયા આગળ યુવક મંડળ બેસીને વિનોદ કરતુ હતુ ત્યા આગળ હવેલીના પાછલા ખંડમાં બેઠી હતી, અને હૃદયને ખાલી કરતી હતી. યુવક મંડળમા કુંદનનો હીરો પણ સામેલ હતો, અર્થાત્ કુંદનનો ભવિષ્યમા થનાર ભરથાર હીરાલાલ પણ સામેલ હતો. હીરાલાલને કોઇ પણ પ્રકારનું વ્યસન નહોતુ, તે તદ્દન વિધા અને ધર્માનુરાગી હતો. અત્યારે વિવિધ તરેહની વાતોના સપટાના ગપાટામાં યુવકમંડળ ચડયુ હતુ.

"હીરાલાલ આજનો મામલો જોયો? જુની આંખે નવો તમાસો કેવો ડોસાએ કર્યા? હરિ, હરિ, હરિ, આ પણ આપણી જ્ઞાતિમા એક નવાઇ છે!"

"વિનાયક આજના લગ્નથી પુરૂષોત્તમરાય એમ સમજે છે કે આખી ન્યાતમા મે જે કર્યું છે તે સવાઇ છે!"

"માણેકલાલ એ નવાઇ નથી તેમ સવાઇ નથી પણ બ્રાહ્મ-

ણોની ઉચ્ચ જ્ઞાતિની ભવિષ્યમાં થનાર નઠારા ભાવીની તવાઇ છે.”

“ મોહનલાલ એ તવાઇ નહિ પણ જ્ઞાતિમાં મારતામિયાંની તરવાર કહેવરાવનારા, જ્ઞાતિમાં પટેલ બનનારા અને સર્વેથી ડાહ્યા પૈસાદાર અને કુળવાન ગણાવતા ફાધર વિલિયમ પુરૂષોત્તમરાયના કુટુંબની ભુંગળ વિનાની ભવાઇ છે. ”

“ હીરાલાલ તમારૂ કહેવુ વાસ્તવિક છે. કન્યાધન ઉપર તાગડધિન્ના કરનાર કસાઈ માબાપો હમેશાં કુમળી કન્યાઓનો આવો વિક્રયજ કરે છે ફાધર વિલિયમના કુટુંબની કઈ કન્યાઓ હાલમાં સુખ ભોગવે છે ? ”

“ તેમના નવનીતલાલની કેસર તે તો હાલ તદ્દન વંઠી જ ગઇ છે. હવે થોડા દિવસમાંજ તેને સુધારાની પાંખો આવશે અને પછી ફેશન તથા સ્વતંત્રતાના મધુવનમાં નિર્ભયતાથી ઉડવા માંડશે. રસિકલાલની કુસુમ જે બિચારી ડાહી નીતિવાન અને ધર્મિષ્ટ છે તેને ડોસાએ કોથળી પટારામા મૂકી પેલા છાકટા સુધરેલ અને નાતરાના હીમાયતી મધુકર વેરે પરણાવી, નવલ શંકરની કપિલાનો ડોસાએ વિલાયતમાં રહી ભણી બાર્રીષ્ટર બનનાર સુંદરલાલ સાથે વિવાહ કરી રાખ્યો છે. ડોસાની કાન્તા આજે શૅાકય ઉપર દેવાય છે તેની ભવિષ્યમા શી ગતિ થશે તે ગોવિંદ જાણે ! હવે તેમની કુંદન બિચારી કુવારી છે, તેને વાસ્તે ડોસાએ હીરા, મણિ આપે તેવાં કેટલાંએ રતન નજરમાં રાખી મુકયાં હશે ? તેમના કુટુંબમાં કુંદન અને કુસુમ એ બે રત્ન કન્યાઓ છે, તેમાં એક કુસુમમાળા તો કાગડાની કોટે અર્પણ થઈ ગઇ; હવે કુંદનમાળા હંસને જાય છે, કાગડાને જાય

છે, કે મર્કટને જાય છે, તે થોડા વખતમાં જણાઈ આવશે."

"કેશવલાલ આખી જ્ઞાતિને જે નીતિના પંથે દોરે અને સદાચાર તથા ધર્મના સંસ્કાર આપે તેજ ખરા જ્ઞાતિના કુળવાન વિદ્વાન અને આગેવાન, બાકી કન્યાનોટો અને દુહિતા હુંડીઓ વટાવનારા હેવાન!!"

"અલબત જ્યા હૃદયમા સ્વાર્થ રમતો હોય ત્યાં દુહિતાના હિતાહિતનુ ક્યાંથી થાય જ્ઞાન? જો જ્ઞાન હોય તો શૉક્ય ઉપર પોતાની કોમળ કન્યા ક્યાથી દેવાય?"

"હાય! જ્યા કન્યાના દામ લેવાય, ત્યા કોમળતા ક્યાથી જણાય?"

"જુઓને આજના લગ્ન પ્રસગમા ડોસાના મોઢા ઉપર કાઇ પણ ગમગીનો કે શરમના શેરડા દેખાય છે?"

"ભાઇ દામના દમામમા ડોસા આજે ગજ ગજ કુદી કુદીને હરખાય છે!"

"હીરાલાલ જ્યાં દેનાર ગધેડા ત્યાં લેનારની શી અરજ? અને જ્યા લેનાર કુભાર ત્યા દેનારની શી ગરજ?"

"આપણા ભાઇબધ ભાનુશકરભાઇ ફરી પરણવા તૈયાર થયા છે, પણ પરણ્યા પહેલા બે હાથી બાધવાથી તેમની શી ગતિ થશે તેના વિચારમા કઇ ગયા છે?"

"ભવિષ્યમાં તેમની શી ગતિ થશે તે ગોવિદ જાણે!"

હાજ તો 'રામબાણ વાગ્યાં હોય તે જાણે'

ખરેખર 'અજ્ઞાની અંતર પીડ ન આણે'

મિત્ર સાક્ષર ઝવેરી કહી ગયા છે કેઃ—

" જેને વીતી જગતમા તે પર પીડા જાણ;
સાકરના શોખીનને ભૂખ્યાનું નહિ ભાન. "

ઝવેરી

હીરાલાલ ગુજરાતના સ્વર્ગસ્થ સાક્ષર કવિ મહાસુખરામે 'શૉકચોની લઢાઈના' પુસ્તકની આખી ન્યાતમાં લાણી કરી હતી, તેમાં બે હાથી બાંધનાર હૈયાફુટા ભરથારનો સારી રીતે ચિતાર આપ્યો છે. તે એક છંદમાં કવે છે કેઃ–

*   *   *   *   *

" જૂની અને નવી તણો ઝગડો મચાઇ રહે,
વચમા કઢાય પુરૂ કંથ તણું કાટલું;
જુની કહે જુઓ મુઓ મોહી રહ્યો માવડાને,
નવી કહે નીરખે છે ચતુરાનું ચાટલું,
તમાસો જોનાર લોક ટીખળ તમામ કરે,
કોઇ કહે વ્હેંચાય છે ગાળ તણુ માટલું;
જૂનીને વકારે અને નવીને ચઢાવે કોઇ,
કોઈ વળી વાક કાઢે કંથ દીસે કાટલુ "

તેમાંએ પરણુનારનો પસ્તાવો બતાવવામાં કવિએ હદ કરી છે,

" જૂનાથી હંકાયો અને નવીએ હાકીને કાઢયો,
તરખલા તોલ થયો તરૂણીના આગળે;
મીણના માટીનો કાક ભાર તોલ ભૂવનમા,
એથી પણ હળવો હું હરિ થાશે શી વલે:
પાષાણુની પ્રતિમાનું માન સારૂ મુજ થકી,

ચિતરેલી છબીથીએ જુડા હું ભૂમિ તળે;
એમાં નથી કે'તી એકે મારો મને વદનથી,
દીનાનાથ તારા વિના કોણ દુઃખ આ દળે,

છેવટે પરણનારની સ્થિતિ વર્ણન કરતાં કવિ રસ છલકાવી નાંખે છે,

" સૂડીની વચ્ચે સોપારી ઘરમાં તો ઘાટ એવો,
રજકનો શ્વાન જાણે ઘાટનો ન વાટનો,
હડકાયો કૂતરો કે હરાયુંજ ઢોર જાણે,
અવતાર ચોરનો ઉજાગરો ઉચાટનો,
ભાર રાખી બ્હાર ફરે ઘરમાં ગુલામ જાણે,
મુખ રાખી માનનીના થાકે ઠાલા ઠાઠનો;
એ નારીનો નાથ કોઇ સુખી નથી મહાસુખ,
ભલે હોય ભિખારી કે ભોગી રાજપાટનો. "

વિનાયકરાવ તમે જે કહ્યુ તે બરાબર, પણ કવિએ બીજી-વાર પરણવા જનારને અને પરણાવવા જનાર જાનૈયાને જૂની સ્રીના મુખથી ગાળો ભ ડાવી છે તે તમને યાદ છે? જુઓ,

જૂની કહે સાસુ તારૂ સત્યાનાશ શે ન ગયું,
સસરાને શુળીએ ચડાવું વેર વાળ્યું આ;
જમને ભળાવુ જેઠ હેઠ સળગાવી મને,
દીયરનો દાટ વળો જીવતર બાળ્યું આ,
વિષધર ડશજોરે સ્વામિના સખાને સાથે,
જાનૈયા થવાના શોખે કીધુ કામ કાળું આ,
નણદ દેરાણી ને જેઠાણી જાજો નરકમા,
શૉકયતણો ભાલો આણી સગાંએ ઉકાળ્યું આ "

મિત્ર ભાનુશંકરને તેમની જુની સ્ત્રી શાન્તા હયાત છે, તેને એક ફરજંદ થઇ ગયુ છે, તેની વય પચીશ વરસની છે, ભરજુવાનીમાં છે, ભવિષ્યમા તેને કાંઇ ફરજંદ નહિ થાય એવું તે શી રીતે જાણી ગયા કે ફરી પરણવા તૈયાર થયા ?

શિવ શિવ શિવ, આ પણ કળીકાળનો જબરો પ્રભાવ છે.

મિત્રો આપણી જ્ઞાતિપર થનારા દારૂણ દુઃખનો વરસાદ છે.

વિનાયકરાવ શાન્તાને પિયરમાં કોઇ નથી, બિચારીને ઉપર આભ ને તળે ધરતી છે, તેનો બેલી ભગવાન છે.

હીરાલાલ સતાન પ્રાપ્તિના વાસ્તવિક વખતમા સ્ત્રીઓને વૃદ્ધા ગણી કાગવઝા માની જે પ્રજામાં ફરીથી લગ્નો થાય તે પ્રજાનો શી રીતે ઉદય થાય ?

હાય ! પચીશ વરસની વયમા બ્રાહ્મણોના બાળકો અપૂર્વ વિક્રમવાળા અને અમોઘ વિર્યવાળા પરાક્રમી પરશુરામ, લક્ષ્મણ, ભિષ્મપિતા, દ્રોણાચાર્ય, કર્ણ, અર્જુન અને ભીમ જેવા થવા જોઇએ તેને બદલે આધુનિક વખતના વિપ્રો પચીશ ત્રીસ વરસે મડદા તેજી આધળા અને માંદલાં પુરૂષાર્થહીન થાય તે પણ આર્યપ્રજાની ભવિષ્યમાં થનારી પાયમાલી સૂચવે છે.

મિત્રો લાડવા અને બાળલગ્નના ભણતરે આપણા શરીરના વિદ્યા અને વિર્યનાં ચણતરો તોડી નાખી આપણને પાયમાલ કરી દીધા. ન્યાતવરા અને કુળની ઉજાણીરૂપ લગ્નોએ બ્રાહ્મણોને ભિખારી ‘વિદ્યાર્થીના આશિર્વાદ, ભિક્ષાન્નદેહિ’ કહેનારા માગણ બનાવી દીધા ! શિયાળાની સવારમા ‘ટેલીઆ ભટની ટેલ છે, દાતારને મન સ્હેલ છે, ડગલો ડગલો થાય છે, શિયાળો વહી

જાય છે, ડગલે ડગલે રાતી કોર તે પહેરાવે શ્રીરણછોડ, એવી ટેલ કહેનારા ટેલીઆ બનાવી દીધા.

હરિ, હરિ, હરિ, જે બ્રાહ્મણોની પત્નિઓના વદન કમળનાં દર્શન સીતા, દમયતી અને ઇંદ્રાણીઓ જેવી મહાદેવીઓ બ્રાહ્મણોના ઘર શોધી શોધીને કરતી, તે બ્રાહ્મણોની સ્ત્રીઓ હાલમા શુદ્ર જાતિને ત્યા રસોઇ પાણી કરી ગોરાણી અને ભટાણીઓ થઇ રહી છે. જે બ્રાહ્મણો વેદોચ્ચાર કરી ધન અને માનથી પૂજાતા હતા, તે બ્રાહ્મણો હાલમા ખુશામતના ઉચ્ચાર કરી શુદ્રોને પૂજી પૂજી પચ ભાગ ઉઘરાવતા ફરે છે!! હાય દુર્વાસા, વશિષ્ઠ, વિશ્વામિત્ર, વામદેવ અને પરશુરામ જેવા બ્રાહ્મણો ક્યાં? અને હાલના ખુશામતખોર લાડુ ભટ્ટાઓ ક્યા? અનસૂયા, નર્મદા, અરૂધતી અને ગાર્ગી જેવી બ્રહ્મતનયાઓ ક્યા અને હાલની શુદ્રોનાં છોકરા રમાડનારી, લુગડા ધોનારી, દાસત્વ કરનારી ભટાણીઓ ક્યા? આટલા બધા ફેરફારનું મૂળ શું? મૂળમા કારજવરા, બાળલગ્ન અને દાંભિક કુળની હરાજી!! ન્યાતના હરામખોર દાંભિક અને પતરાજીખોર શેઠીઆઓના વાસવાળા વર મં ભ્રા અને કન્યા ખડકીઓના વેચાણના લગ્નોની મોકાણ!!

વિનાયકરાવ! આર્યાવર્ત્તમા આર્યબાળાઓ જેમ શૅાક્યનું નામ સાંભળીને બ્હીએ છે તેમ જમનું નામ સાભળીને બ્હીતી નથી. જ્યા સુધી આર્યધરસસારમા શૅાક્યનો અનાચાર ચાલેજ જાય છે, ત્યા સુધી આર્યદપતિઓમાંથી કોઇ પણ દિવસે શોકનો નાશ થવાનો નથી, જ્યા સુધી કુળના કાંટામાં કન્યાઓ ઝીકવામાં આવે છે ત્યાં સુધી વરકન્યા કોઇપણ દિવસે ઠરવાનાં નથી.

જ્યાં સુધી દ્વિત્રિયા કરવામાં આવે છે ત્યાં સુધી સુખ અને શાન્તિ કદાપી કાળે પ્રાપ્ત થવાનાં નથી. જ્યાં સુધી કન્યાનાં માબાપો કોથળીઓ શોધે છે ત્યાં સધી કન્યા–ધેનુઓ મનવાંચ્છિત ફળ આપવાને શક્તિવાન થનાર નથી. ”

આ પ્રમાણે જુસ્સાદાર વાદવિવાદ હવેલીના બગીચામાં થઇ રહ્યો! આપણે કોના મકાનમાં છીએ, કોના વિષે બોલીએ છીએ અને કયે પ્રસંગે બોલીએ છીએ તે આ નવ યુવાન યુવકોના ધ્યાનમાં રહ્યું નહિ. ‘ ભીંતને પણ કાન હોય છે અને વા પણ વાત લઇ જાય છે, વળી વાત ન કરીએ વાટે, વાત ન કરીએ ઘાટે અને વાત ન કરીએ રાતે, ’ એ સુત્રો આ યુવકોના સમજવામા નહિ હોવાથી જેમ આવ્યુ તેમ ચાવ્યું! સર્વ વાત મણીલક્ષ્મી કુસુમ અને કુંદને સાભળી લીધી. ત્રણેની આંખમાથી શ્રાવણ ભાદરવો વહેવા લાગ્યો! ચૉરીનો વખત ખતમ થવા આવ્યો અર્થાત્ ચાહ્લા કરવાની સૂચના ગોર મહારાજે બુલંદ અવાજે આપી દીધી સૂચનાનુસાર હીરાલાલ સિવાય તમામ યુવકો ચૉરી મંડપ ભણી વળ્યા ડોશી અને કુસુમ પણ મંડપમાં ગયાં. ખંડમા કુંદન એકલી રહી પોતાની ભવિષ્યમા ગૃહતાત શી સ્થિતિ કરશે તે સંબંધી વિચારમા ગુંથાઇ! બગીચામાં હીરાલાલ ચંદ્રપ્રભામાં નિદ્રાવશ થઇ ગયો! ખંડમાં કુંદનનુ અંતર ભરાઇ આવ્યું તેથી રડી પડી, થોડીકવાર સુધી બૂમ રડી, પછી કાઇક સાંભરી આવ્યુ તેથી નવીન ઉમંગમાં આવી, અને પ્રેમમા ડોલતી ડોલતી આનંદથી ઉભરાતી ખંડનું દ્વાર ઉઘાડી બગીચાના ચોગાનમા દાખલ થઈ, અને દયારામના

મહિના મધુર સ્વરથી લલકારવા લાગી ! આ વખતે કુસુમ ખંડમાં આવી કુંદનને જોવા લાગી, દ્વાર ખુલ્લુ જોઇ તે પણ બગીચામાં પ્રવેશ કરવા લાગી, પણ બેન્ચ ઉપર હીરાલાલને સૂતો જોઇ અને કુંદનને પાસે ઉભી રહી ગાતી સાંભળી તે ઝંખવાણી પડી ખચકાઇ ઉભી રહી અને છાનીમાની દ્વાર પાસે લપાઇને હીરા અને કુદનની લીલાને નીરખવા લાગી ! ! કુદન મહિના લલકારવા લાગી.

*　　*　　*　　*　　*

" ચૈતરમા ચતુરને પથ ન ચાલવું,
જો ઘેર નારી સારી ચતુરસુજાણજો;
વ્હાલપણે વરનેરે વ્હાલો વશ કરે,
નિરધાયુ તે પડયુ હે ગરિયાણજો
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમા,
વાત વિચારી જુઓ નણંદના વિરજો.
વાર્વાલયા વાયારે પિયુ વૈશાખના,
રજ ઉડે ને માણેક મેલુ થાયજો,
નથનીનું મોતીરે હીરો હારનો,
કહો પર હાથે ધીર્યા તે કયમ જાયજો;
એ મહિને નવ જઇએ પિયુ પરદેશમા,
વાત વિચારિ જુઓ નણંદના વિરજો "

દયારામ કવિ

આ પ્રમાણે ગાતી ગાતી ઉન્મત્ત બની, પળવાર સુધી ચદ્ર ભણી જોઇ રહી, પળવાર સુધી કુસુમલત્તાઓ નિહાળી અને છેવટે પોતાની કુંદન:કાયાવાડી નીરખવા લાગી; નિ:શ્વાસ નાંખ્યો



ઓહો કુન્દન તમે અહીં ક્યાંથી ! (પાનુ ૨૩ મુ

અને કાંઈક તિરછાં નયન કરી ચંદ્ર ભણી જોઇ ઉપાલમ્ભ આપવા લાગી.

" સુભગ સુમૃગ સાથે ચંદ્ર માથે પ્રકાશ્યો.
અગન અગન આપે દે ન તે એ દિલાસો;
અતન દળ અતિશે ગર્વમાં આવી ઘૂમે,
અમળ કમળ કાયા ક્યાં સુધી આ ઝઝુમે. "

ચંદ્રલેખા

ઉપાલમ્ભના ઉદ્ગાર નિદ્રાવશ થએલા હીરાલાલના શ્રવણ દ્વારમાં ગયા; હીરાલાલ તરતજ બેઠો થયો, આંખ ઉઘાડી તો તેની સામે કુંદનની પીઠ પડી; તે એકદમ ટોપી હાથમાં ઝાલી ઉભો થઇ ગયો; ઉઠવાનો અવાજ સાંભળી કુંદને ફરી પાછું જોયું તો તેની નજરે હીરાલાલ પડયો. તે એકદમ શરમાઇ ગઇ અને જ્યાં ઉભી હતી ત્યાંને ત્યાં ચિત્રવત્ નીચું જોઈ અંગુઠાવતી ધરતી ખોતરવા લાગી. કુસુમ આ રસમય પ્રસંગ જોઇ મન સાથે બોલવા લાગી, "ઓહો આ તે વિશાખાને પરહરી સુધાકર આવ્યો, કે રન્નાદેવીની સોડ મૂકી પ્રભાકર આવ્યો ?

આ તે અનંગ ધરાને શુભ અગ આવ્યો,
પ્રેમી પ્રભાકર શકે શ્રીમુખે સુહાવ્યો;
પેખી ઉમંગ ઉમદા ઉપજે તુરંગો,
શાંતિ વળે ચિત્ત ચળે સુખદા સુરંગો;

ચંદ્રલેખા,

અરે આ તો મારી કુંદનનો હીરો ' કહી રસમય પ્રસંગ નિહાળવા લાગી. હીરાલાલ કાંક સહસા કરી બોલ્યો,

" ઓહો કુંદન તમે અહીં ક્યાંથી ? "

(ઉત્તર મળ્યો નહિ.)

ક્યારનાં આવ્યાં છો ?" ઉત્તર મળ્યો નહિ, કુંદન શરમાઇ ગઇ; નીચું જોઇ મંદ મંદ મનમાં હસવા લાગી. કુદરતને આવા રસમય પ્રસંગની ઇર્ષા આવી તેથી ગૃહમાતા પાસે જઇ સાદ દેવરાવ્યો.

" કુંદન, કુંદન ! "

" આવી ! " કુસુમને આ અવાજથી ખોટું લાગ્યું; તેણે કઠણ મન કરી કુંદનને ચેતાવવા માંડી, પણ તેના મનમાંથી નીકળી ગયું કે,

" જુવે ચકોરી ગાભરી ચંદ્ર ઉદયનો ઘાટ,
વિરહે વ્યાકુળ વલ્લભા, જુએ જીવનની વાટ "

ઉમાદેવડી

છતાં પણ ચેતાવવા વિચાર કર્યો એટલામાં અંદરથી અવાજ આવ્યો,

" બેટા કુંદન. "

" આવી. " કુસુમે જાણ્યું કે મણીલક્ષ્મી માતા અહીં આવી ચઢશે તો વાત વખતે વચકશે, તેથી તેણે કુદનને ચેતાવી દીધી.

" કમળ ભ્રમર ખટપટ તજો આવી પડશે રાત,
મનની મનમા રહી જશે વઢી જાશે વાત; "

ઉમાદેવડી

આ સાક્ષર ઝવેરીના ઉદ્‌ગાર કુંદને સાંભળ્યા પણ તેનાથી એક તસુ પણ ખસાયું નહિ, ફરી અવાજ આવ્યો,

" અરે કુંદન. "

" આ ...વી. "

કુસુમે તરત ને તરત ફરી કુંદનને ચેતાવી,

" તારા ન્યારા થઇ જજો, આવે નભગણુ નાથ,
તેજ સાચું તમમાં હશે મેળવશે જગનાથ. "
ઉમાદેવડી

ફરી અવાજ આવ્યો,

" અલી કુંદન. "

" આવી "

" હવે જાઓ " કહી હીરાલાલે કુંદનને રજા આપી, કુંદન પ્રણામ કરતી કરતી પાછા પગલે વળવા માડી, અને હીરાલાલ કિરિટકુમારના ઉદ્‍ગાર કાઢતો કાઢતો ચૉરીમંડપ ભણી વળ્યો.

" ચિત્ર જગત આ નવ નવ રંગો,
ક્ષણુ ક્ષણુ પલટે માયા વિભગો,
જે ક્ષણુ જે સ્થળ જે અન્નપાણી,
નિર્ણિત લાવે જેમ તેમ તાણી,
અકલ સકલ જગના સૌ ઢંગો,
ક્ષણુ ક્ષણુ પલટે માયા વિભગો '
સઘી

મંડપમા બેઠેલા યુવક મંડળમાં સામેલ થઇ ગયો. થોડીક વારમા લગ્ન ક્રિયા પૂરી થઇ સર્વ મંડળ જમવા બેઠું અને જોત જોતામાં સર્વે જણા જમી ઉઠયા, અને હવેલીમા વર કન્યા વળાવવાની તૈયારી થવા લાગી યુવતી મંડળ તમામ વસ્ત્રાભૂષણુ પહેરી સજ થઇ બહાર આવ્યુ. ગોરે પૈડા પૂજન કરાવ્યું. વર-કન્યા વિકટોરિઆમાં બેઠાં. વિકટોરિઆ તૈયાર થઇ ઉભી રહી.

યુવતી મ ડળ મધુર સ્વરથી કરૂણા જનક કન્યાને વળાવવાનુ ગીત ગાવા લાગ્યુ.

* * * * *

" મારા દાદાને આગણુ આબલો, આબલો ઘોરે ગંભીર જો,
એકજ પાન અમે ચુંટીયુ, દાદા ગાળ ન દઇશ જો.
અમે તો ઉડણુ ચરકલડી, ઉડી જાશુ દાદા કેરા દેશ જો,
આજે દાદા તારા દેશમાં કાલે જાશું પરદેશ જો.
દાદાને વહાલા દીકરા, પાસે રાખે હમેશ જો,
અમને કર્યા અળખામણા, દાદે દીધા પરદેશ જો
ઉમરા વોળામણુ મારી ભાભલી, ફળીઆ વોળામણુ મારી માત જો,
શેરી વોળામણ મારી સહીઅરો, ભાગોળ વોળામણુ મારા તાત જો
શિમાડા વોળામણુ મારા વિરના, દેજો મને સૌ આશીષ જો "

લોકકાવ્ય

કરૂણાજનક કન્યાગીત સાભળી તમામની આખોમા આંસુ આવી ગયાં. ચોગરદમ શાતિ પથરાઇ ગઈ. પૂર્ણ શાંતિ વચ્ચે વિક્ટોરિઆ પસાર થવા લાગી! દિલગીરી ભર્યાં દેખાવે કન્યામ ડળ દયામણા મો કરી ઉભુ રહ્યુ, કઠોર મને વરમ ડળે રવાનગી લીધી. નયને નયનને નિરખ્યા, હૃદયે હૃદય પાસેથી રજા લીધી, હીરાલાલે કુદનને નિહાળી અને કુદને ભાવથી સત્કાર કરી રજા આપી. જતા જતા હીરાલાલના મુખમાંથી ઉદ્ગાર નીકળી પડયા " અરે આ તે વરકન્યાનાં લગન કે અ તરની અગન ? આ તે ચોરી કે ચિતા ? "

પ્રકરણ ૩ જું.

ભણતર કે ભવાડો.

દોહરો.

ઘઉથી રેસન્ન નીપજે, ઘઉથી ઘેબર થાય,
જેવા ઘઉને કેળવે, તેવાં ભોજન ખાય

અનુભવ વિવેક અને નીતિ એ ત્રણ વિના વિદ્યા સંસાર વ્યવહારમા ઉપયોગી થઇ પડતી નથી, કેમકે અનુભવ વગર વિદ્યાનો ભારબોજ પડતો નથી, વિવેક વગર વિદ્યા દીપતી નથી, અને નીતિ વગર વિદ્યા કોઇ કાળે પણ ફળતી નથી.

વિના વિચારે સહસા કરીને નવીન પંથે જે ચડશે તે પડશે,
તજી પોતીકા રિતરીવાજો દેખાદેખી દડશે તે રડશે.
ધોબીનો કુતરો નહીં ઘાટનો નહીં વાટનો ફરશે ક્યા ઠરશે,
મયુરપિંછ ધરી વાયસ જશે તે જગત પરીક્ષા કરશે હિત હરશે.

કુદરતનો બ્હાર, સૃષ્ટિની સુંદરતા, પુષ્પનો પરાગ, મધની મીઠાશ અને પ્રેમની મઝા પવિત્ર પ્રેમીજનો જ ભોગવી જાણે છે, કેમકે જેમ ભોગીને જોગની, જોગીને ભોગની,

ઝવેરીને રાગની અને વૈદને ઝવેરાતની કિમત હોતી નથી, તેમ પૈસાને પ્રેમની કદર હોતી નથી!!!

" રસ ભર્યું રસિક રસરાજનું આ જોબન આવે,
માન મૂકાવે ભાન ભૂલાવે,
તાલાવેલી તન ઉપજાવી થનક થનક નચાવે-•
દિલ ડોલાવે ચિત્ત ચળાવે,
રગ રગ રંગનો રોગ વધારી ઘડી ઘડી મનડું મુઝાવે "

મુનિવરોનાં મન જેવા વિશાળ અને ગંભીર ગ્રીષ્મ ઋતુના એક સુંદર પ્રભાતમા જુવાનીથી દીવાની બનેલી સુધરેલી કેસર પોતાના દીવાનખાનામાં એક કોચ પર બેસી હાથમાં ચોપડી લઇ લેસન કરી રહી છે. ઘડી ઘડી ચોપડી વાંચે છે અને ઘડી ઘડી દીવાલ સામે જડેલા આભલામાં પોતાની કેસરવર્ણી કાયા નિહાળે છે, વળી કાંક યાદ આવતા ઉપર પ્રમાણે કાવ્ય બોલી ચોપડીને દાઝ ચડાવી ટેબલ પર પછાડી બડબડવા લાગી!!

" બળ્યુ આ ભણતર, બળ્યુ આ જીવતર, અને બળી આ જુવાની! બસ હું તો દીવાની થઇ, ગાડી થઇ અને મેડ થઇ. એક તરફ જોબનનું જોર, બીજી તરફ ધણીનુ જોર, મનને ભણવુ ગમે અને ધણીને ઘેર લઇ જવી ગમે બસ હુ તો હવે થાકી, કંટાળી-ટાયર્ડ થઇ, વર મળ્યો ખરો, પણ મુઈ કાંગલો, તદ્દન જાંગલો, બીલકુલ રીતભાત ફેશન અને એટીકેટ-વિવેકનું તો કાંઇ નોલેજજ નહિ, જ્ઞાન નહિ, ઑલરેડી તદ્દન મેનરલેસ બ્રુટ રીતભાત વગરનો જડસો! હુ સુધરેલી ફાંકડી, એ તદ્દન પરફેકટલી ગામડીઓ વાંકડો! મેટ્રીક સુધી ભણ્યો પણ થયું

શું? અ ગ્રેજી કેળવણી લીધી પણ તેની ફેશન ન લીધી ત્યા સુધી કેળવણી શા કામની? ચાલ જીવ હવે જરા લેસન, ભણતર તપાસી જાઉં!"

એમ કહી થોડીકવાર રોમિયો અને જૂલિયેટની ટેઈલ વાર્તા વાંચવા બેઠી, ચાર પાંચ પાનાં મનમા બડબડી બડબડી ઉથલાવી ગઇ, પણ બરાબર સમજ પડી નહિ તેથી ચીડાઇ ગઈ!'

"આ એક પચીશ લીટીઓનું પેરાફ્રેઇઝ માસ્તરે આપ્યુ છે, તે મેં પચાશ વખત રીડ કર્યું, વાચ્યુ તોપણ પ્રીપેર્ડ–તૈયાર થયુ નહિ, ઠીક સાંજના માસ્તર આવશે એટલે લખાવી લઇશું. ચાલ હવે જરા ઍાલજીબ્રા ઉઘાડી ફેક્ટર ગણી જાઉ! પણ બળ્યો એ માથાફોડીઓ સબજેક્ટ છે, એ ગણીને કાઇ બ્રેઇન–મગજ બગાડવાની જરૂર નથી, રમણીકલાલ આવશે એટલે બિચારા ગણી આપશે. લાવ હવે જરા જોગ્રૅાફી વાચુ. બ્રાઝીલની રાજધાની રીઍાડીજાનેરો, રીઍાડીજાનેરો, રીઍાડીજાનેરો, બળ્યું નામ પણ કેવું ઍાકવર્ડ–વિચિત્ર છે, એકદમ ક્રેમીંગઅપ–મોઢે થતુ જ નથી! લેઇક ટીટીકાકા, ટીટીકાકા, ટીટીકાકા, ઇન બોલીવીઆ, બોલીવીઆ, બોલીવીઆ, ફૉકલેન્ડ આઇલેન્ડ ઇન સાઉથ અમેરિકા, ઇન સાઉથ અમેરિકા, ઇન સાઉથ અમેરિકા, થયુ એ તો હવે તૈયાર થયુ, કંટાળો આવે છે. લાવ હવે જરા જોમેટ્રી બાળુ પ્રોપોઝીશન ૧૭ મો, થીઍારેમ છે. એની ટૂ એંગલ્સ ઍાફ આ ટ્રાએંગલ આર ટૂ ગેધર લેસ ધેન ટૂ રાઇટ એંગલ્સ (કોઈપણ ત્રિકોણના કોઈ પણ બે ખુણાઓ બે કાટખુણાઓ કરતાં ઓછા છે.) લેટ એ બી સી બી આ ટ્રાએંગલ, પણ લાવ

જરા ટાઇમ જોઉં. ઓહ ઇટ ઇઝ ઑલરેડી નાઇન, અરે નવતો થયા. હવે જરા હીસ્ટરીમાં જૉન વુલ્સીની લાઇફ વાંચી જોઉં! હા! પણ એમાં તો ગપ્પાં ઠોકવાનાં છે એટલે પતી જશે. લાવ હવે સેકન્ડલેંગવેજ સંસ્કૃત તૈયાર કરૂં, પણ મુઈ એ ડેડ લેંગવેજ–મૃતભાષા છે. એ રોયું अस्याम् तस्याम गच्छन्ति, आवन्ति, जावन्ति, આપણને ફાવે નહિ.

"આજ મગજમા સુસ્તી વધારે છે, લાવ જરા ટૉનીક લઈ ગરમ થાઉં. સ્ટીમ્યુલન્ટ વગર ગરમી આવશે નહિ." કહી એકસ એ નંબર ટુની બાટલીમાથી એક ડોઝ પીધો.

"ઓહ ધીસ ઇઝ વેરી નાઇસ, વેરી નાઇસ, ઘણુંજ સરસ, ઘણુંજ સુંદર છે." અહા! ઉદયભાણના નાટકમા ઉદયસિંહ સ્ત્રી જાતિ તરફ કેટલા બધા માનથી જુએ છે!

* * * * *

ભવરણ માંહી ભામા વાલમનો વિરામ,
સતિ સુલક્ષણી શામા અંતરનો આરામ,
સંસારના સંતાપે, તપેલા પરિતાપે,
શીતળ કરી સ્થાપે, જાણું રમણી ચંદ્રમણું,
એ ..વ્હાલા વાણું અભિરામ

ઝવેરી

બસ આનુ નામ તે એટીકેટ, આનું નામ તે પ્યાર, અને આનું નામ નોબલ લવ! ઉદયસિંહ જેવા રાજવીર પુરૂષો સ્ત્રી જાતિને વાસ્તે આટલું બધું માન ધરાવે છે, ત્યારે જુના વિચારના પુરૂષો બાઇડી એટલે સારનારી સાઇડી, બરદાસ કરનારી

ગુલામડી, ભાર ભરવાની ગધાડી અને રાત દિવસ પુરૂષને ફોલી ખાનારી ઉંદરડી એવો અર્થ કરે છે! આ કેવી નીચતા! ઉદયસિંહ આગળ કહે છે કેઃ—

*　*　*　*　*

શામાઓ વિશ્વમા ગુપ્ત વિસામા,
હીણુ ભાગી હૈયાફુટાને નકામા,
વ્હારે વિસામાના ભદુ શામળીયા શામ.

આ પ્રેમની કાઈ પણુ પરિસીમા છે! આહા....

કમળ નયન કંચનના કટોરા,
ભરી ભરી પ્રીતિ રસ પાતી મધુરા;
વ્હારે વ્હારે વ્હાલા વ્હાલના વિશ્રામ.

ઉદયભાણુ

આનું જ નામ ખરેખરો દાપત્ય પ્રેમ! આજ મોક્ષને આપનાર પાવત્ર પ્રેમ!!

અરેરે! મારા નસીબમા આવુ સુખ આખા જન્મારામા પ્રાપ્ત થનાર છે? મારા વર તો જાડી જાડી કાંટા જેવી દાઢી, અને ગધાતા વાળનો મોટો ચોટલો જાણે આવ્યો એક બહુ રૂપી બાવો કે ભૂવો! મોટા દૈત્ય જેવા જાડા જાડા હોઠ, ધમણીઆશા ફુલા, જાડાં ખદડાં જેવાં થીગડાં મારેલાં લુગડાં, જુના ગામડીઆ ફાટેલા જોડા! ઓહુ શેઇમ, શેઇમ ટુહીમ! શરમ, શરમ છે તેમને! મે તેમને હજારો વખત કહ્યું, કે આ તમારો ભરવાડ જેવો વેશ લેશ પણુ છાજતો નથી, ઉલટો મને લજવી મારે છે. અરે! તેના કરતાં તો મારા રમણીકલાલ માસ્તર હજારગણે

દરજજે કૃપાળા સારા અને નાજુક છે. તે બિચારાની સ્રી મરી ગઇ છે, અને તેમાંએ નાગર એટલે જોઇએ ગાગર! માસ્તર બિચારા ભણ્યા ગણ્યા જુના વિચારના ભોલા દોલા છે, હાફ મેડ છે, ભોળીઆ રાજા છે! જાણે શુકદેવજીનો અવતાર! બિચારા બીજા સુદામા! તેમની આગળ આ બધી વાત છેડી હોય તો કહેશે કે અરે કેસર! તને જરા પણ શરમ આવતી નથી? આવા અપવિત્ર વિચાર તારા મનમા કયાથી આવે છે? જો આજથી તારા આવા વિચાર થશે, તો તારા ભણતરને અને મારા શિક્ષણને કલંક લાગશે! અરેરે! માસ્તર બિચારા જાણુતા નથી; કે જુવાની ચાર દિનની છે, દિવાની છે, તેમાએ આ કનક-વાડી કાયા ઝકઝોળ ખીલી રહી છે, તેમા આવા વિચાર આવે તેનુ કરવુ શું? પ્રેમ, પ્રેમ, તારો અજબ રંગ છે! તુ કયા વસ્યો હોઇશ? લાવ જરા હારમોનીઅમ ખોલી મગજને આનંદ આપુ! કહી વાજાનો પેટી ઉઘાડી સુર મીલાવી એકતાર થઈ ઉદયસિહવાળુ એક બીજુ ગીત ગાવા લાગી.

* * * * *

" પ્રમદા છે પ્રીતિ ભાજન, મન રંજન ભીડ ભજન,
જુક્તીથી કરીએ જતન, જોઇએ નિત્ય ચડતો દન,
ચિન્તામણી રત્નછે રમણી, વળી પારસમણિ મનહરણી,
કોમળ ને કાચન વરણી, ધીર ગંભિર વચન રસ ધરણી;
સતાપે એ પ્રમદા જે પામરજન,
રૂઠયો ભગવત ને ઊઠયો તેનો દન
ઝંઝરી

આહા આવો મધુરો પ્રેમ ક્યાં હશે?" આ વચન કહેતાની

સાથે જ કેસરનો વર જયન્તીલાલ જે પાસેના ખડમાં હતો તે એકદમ આવી કેસરને ગળે હાથ નાખી બોલ્યો.

"વ્હાલી ત્યારે શું તને એમજ લાગે છે કે એવો ઉત્તમ પ્રેમ આપણા બેમાં નથી ?"

"નથી નથી, જાઓ જાઓ મારો હાથ મુકી દો !"

"અરે હા હાં પ્રિયા આ શુ ?"

"બી ઓફ યુ મેનરલેસ મેન ! તમે મને લજવી મારી ! મેટ્રીકમાં બે વરસથી લાગલાગટ નાપાસ થાઓ છો, જાઓ તમે મેટ્રીકના નામને બોળ્યુ !"

"બસ એજ ને ?"

"તેમાંએ આ તમારા ઢોલકા જેવા કસબી ટોપલાએ અગ્રેજી કેળવણીને લજવી મારી ! તમારા ઘાઘરા જેવા અંગરખાએ કૉલેજને નીચું જોવરાવ્યું ! જાઓ જાઓ મારી નજર આગળથી દુર થઇ જાઓ ! આવો રાભા જેવો ડ્રેસ રાખી મારી પાસે આવતા શરમ નથી આવતી ?"

"પ્રિયા, સ્વદેશી આર્ય ઢબછબનો પોશાક પહેરવામા મારે શા માટે શરમ રાખવી જોઇએ ? શરમ તો પારસણ અને મડમ બનતા તારે રાખવી જોઇએ બ્રાહ્મણની બાળાને આવા ફેશનના ચાળા શોભે નહિ ! અગ્રેજો અને પારસીઓના ડ્રેસોનું અનુકરણ કર્યે સુધરેલા કહેવાય નહિ, જો તારે સુધારામાં ભળવુ હોય તો તેમના સપ, ગુણ, વિદ્યા અને મોરેલીટીનુ અનુકરણ કર !!"

"જાઓ જાઓ જગલી અહીંથી દુર જાઓ ! શ્રો આવે ચોર ખસડપસડીઆ જોડા એન્ડ ડ્રેસ–આ તમારા ચટપટીઆ જોડા

અને પોશાકને દુર ફેંકી દ્યો! તમારા જેવાને તે શું કામ મારા ફાધરે પિતાએ નકામો એકસપેન્સ ખર્ચ કરીને મેટ્રીક સુધી ભણાવ્યા હશે? તમે શું સમજીને મારા હૅાલમા આવ્યા? જાઓ, જાઓ અહીથી ચાલતા થાઓ. ગેટ આવે ફ્રોમ હીઅર એટવન્સ."

"અરે હાં હાં જરા બોલતા વિચાર કરો! હું કોણ છું તેની જરા સમજ રાખો."

"યુ આર આ બીગ ફૂલ! તમે એક મોટા મૂર્ખ છો. વ્હાય ડૂ યુ કમ હીઅર એન્ડ ડીસ્ટર્બ મી? તમે શા માટે અહીંઆ આવી મારા અભ્યાસમા હરકત કરો છો?"

"અરે એમા હુ તમને શી હરકત કરૂ છુ? એટલોએ મારો હક્ક નહીં? શુ તમે મેટ્રીક સુધી ભણ્યા માટે મારાથી તમને બોલાવાય નહીં? શુ એક સ્ત્રી અ ગ્રેજી ભણી અને સુધારામાં ભળી માટે તેનો વર તેને બોલાવી પણ ના શકે? વાહ વાહ ધન્ય છે તમારી કેળવણીને!"

"પ્લીઝ નાઉ ગો આવે, ડોન્ટ બોધર માય હેડ ફોર નથીંગ! મહેરબાની કરીને અહીંઆથી પધારો, મારૂ માથુ ના ફોડાવો!"

"અરેરે આ કહેવાતા કુળવાન સુધરેલા શ્રીમતની પુત્રી સાથે પરણતાં આ લાભ? લ્યો હવે તમારી તબીયત કેમ છે તે તો કહો! એટલોએ જવાબ આપશો કે નહિ?"

"બસ એકદમ તમે અહીથી દુર થાઓ, નહીં તો શરમ મૂકીને હું મારા ફાધરને પિતાને બોલાવું છુ. હુ તમને સાફ કહું છું કે મારા કામમા આવી તમારે આવા ચબાવલાવેડા કદી

કરવા નહિ ?"

"અરે બેવકુફ! તુ તો ભણીગણીને ફાટી ગઇ, હદ બહાર જતી રહી, વ ઠી ગઇ, લાજ મર્યાદા ભૂલી ગઇ! મૂર્ખ હુ તારે ધણી થાઉ, તેની જરા સમજણ રાખ! કે વાજા ઉપર બેસી ગદ્ધા મલ્હાર ગાયો એટલે પતી ચુકયુ ?"

"અરે તમારા જેવા હબસી હસબન્ડને ધણી કહેતા હુ શરમાઉ છુ! શુ મારા પિતાએ કદી બેવકુફાઇના આવેશમા તમારી જોડે મારૂ બાલપણુમા બાળલગ્ન કર્યુ, તે હુ શું કનફેસ કરીશ, કબુલ કરીશ, મ જુર કરીશ, સ્વીકારીશ ?"

"અરરર મારે તે તને કહેવું શું? આ તે કાન્તા કે કાગડી?"

"તમે તે ક થ કે ઢોર ?"

* * * * *

"કાન્તા નહી તે કાગડી જે કથ કનડે ઘડી ઘડી,
કાન્તા નહીં તે કાગડી જે કલેશ કરતી લડી લડી,
કાન્તા નહીં તે કાગડી જે કથને નવ સાખતી,
કાન્તા નહીં તે કાગડી જે કાળ દષ્ટિ દાખતી,
કંથ નહીં તે ઢોર છે નિજ નારી પર મમતા નથી,
કથ નહીં તે ઢોર છે જે નારીને ગમતા નથી,
કથ નહીં તે ઢોર છે જે નારીને પાળે નહીં,
કથ નહી તે ઢોર છે જે નેહથી ન્યાળે નહીં,
નારી નહીં તે નાગણી નહીં પ્રેમ પ્રીતમ પર ધરે,
નારી નહીં તે નાગણી ધાર્યુ ધણીનુ ના કરે
નારી નહીં તે નાગણી જે રીસ અતરમા ધરે,

કોર્ટ સુધી લાંબો વિચાર કરી લેજે હું સારી રીતે જાણું છું કે તમે સુધરેલાં નારી ભણી ગણીને કેટલો સંસાર સુધારો કરી નાખવાનાં છો ? ”

“ ઠીક ત્યારે તો હું જરૂર હાઈકોર્ટ મારફતે ડાઇવોર્સ ફ્રુટા છેડા કરી નાખવાની ! ”

“ અને હુ પણ તે પહેલા તને તાબામાં લેવાની ફરિયાદ કરાશ. ”

“ ફાઇ અપોન યુ ફુલ ! ફાઇ અપોન યુ ! ધિઃક્કાર ! ધિ.ક્કાર તમને હજારો ધિઃક્કાર છે ! તમારા જેવા સુધારાના હડહડતા શત્રુ ઑારથોડોકસ હિંદુ જમાઇઓને પારાવાર ફિટકાર છે. સાસરામાથી ઘેર જવાને તૈયાર થયા પણ ઘરમા પેટમા વાળવાને રોટલા નથી તેનો કાંઈ વિચાર કર્યો ? જાઓ જાઓ મેનરલેસ મેન ઢાકણીમા પાણી લઇ ડૂબી મરો ! તમે ગમે તેમ કહેશો પણ હુ તો કૉલેજમા જનાર ! ”

“ અરે હવે અગ્રેજી ચોપડી હાથમા ઝાલે તો તારા હાથ કાપી નાખુ ! ”

“ આ તમારૂ નાક કાપી નાખો એટલે સુધારાની દુશ્મનાઇ મટી જાય ! આમ છેક જ ગલી રોઝ જેવા ન થાઓ ! ”

“ તુ રોઝ છુ તે હુ જાણુ છુ ! ”

“ અરે હુ તો ગુલાબનુ ફૂલ રોઝ છુ! ઓ ટાઇગર હારટેડ જરા ફેર સેકસની ફીલીંગ રાખો ? અરે વાઘ હૃદયના જરા નાજુક જાતને વાસ્તે લાગણી ધરો ? ”

“ હવે લાગણીમાં એજ કે તારી માગણી હવે કદી હું

કબુલ કરનાર નથી. ”

“ ગેટ આવે ફ્રોમ હીઅર ? અહીંથી દુર થાઓ. ઓ ફાધર ફાધર કમ હીઅર એટવન્સ ? બાપા બાપા જલ્દીથી અહી આવો ” આ ઉદ્‌ગાર સાંભળતાની સાથેજ તરતજ નવનિતલાલ અને ગીરજાલક્ષ્મી ધસમસ્યાં કેસરના દિવાનખાનામાં આવ્યાં ! જયન્તીલાલ શરમિંદો બની ગયો ! નવનિતલાલ સોનેરી ચશ્મા આંખે ચડાવી દમામથી પૂછવા લાગ્યો.

“ વેલ ડોટર ડોટર વોટ્સ ધી મેટર ? દીકરી દીકરી કેમ શુ છે ? ”

“ વેલ ફાધર આ તમારા જમાઈ વારંવાર મારી પ્રાઇવેટ રૂમમાં ખાનગી ઓરડીમા આવી મને ડીસ્ટર્બ કરે છે, હરકત કરે છે, લેસન બીલકુલ મને કરવા દેતા નથી. હુ તો તેમનાથી થાકી. ”

“ વેલ મી. જયન્તીલાલ આર યુ અગેઇન હીઅર ? અરે હજુ પણ તમે અહીંના અહીંજ છો ? મે તમને હજારો વખત કહ્યુ, આઇ ટોલ્ડ યુ થાઉઝન્ડસ ટાઇમ્સ કે તમારે હમણાં મારી રજા સિવાય અહીંમા આવવુ નહિ, તોપણ તમે જ્યારે ત્યારે અહીંઆંના અહીંઆંજ પડી રહો છો, અને મારી ડોટરને કનડયા કરો છો ? વેલ વ્હાય ડીડ યુ કમ હીઅર ? તમે શા માટે અહીંઆં આવ્યા છો ? મૂર્ખ તમને કાઇ પણ શરમ આવતી નથી ? ”

“ વિચારીને બોલો ! આપ જેવા વિદ્વાન માણસે આવા અઘટીત શબ્દો બોલવા તે ઠીક નહિ, મારે શા સારૂ શરમ

રાખવી જોઇએ ? શરમ તો તમારે રાખવી જોઇએ, ને તેમાંએ વળી જ્યાં આગળ દીકરી અને જમાઈ એકઠાં રહેતાં હોય ત્યાં આગળ આવતાં તો ખાસ કરીને શરમ તમારે રાખવી જોઇએ!

"ઓહ યુ શેઇમલેસ ક્રીચર, વર્થલેસ બેગર અરે બે શરમા પ્રાણી નમાલા ભીખારી તુ મને સામે જવાબ આપે છે! હું કેવો મૂરખ કે તારા જેવા સ્ટુપીડને ઘરજમાઇ કરી મેટ્રીક સુધી ભણાવ્યો ? અને ઘરમાં રાખ્યો !!" ગરમાગરમ તકરાર સાંભળી કેસરની બા ગીરજાલક્ષ્મી પણ ગરમ થઇ અને ભવા ચઢાવી જયન્તીલાલને ધમકાવવા લાગી.

"અરે તમે તે કેવા જંગલી જમાઈ છો ? આવા ઑરથો-ડોકસ કેમ છો ? કેસરના ભણવાના વખતે શા માટે આવીને હરકત કરો છો ? તમે શા માટે અમારા સુધરેલા રીતિ રિવા-જોની અદેખાઇ કરોછો ? જો તમને અમારા આચાર વિચાર ન ગમતા હોય તો ચાલ્યા જાઓ અહીંઆથી ! રોજ ઉઠીને આ ઢેડફજેતા શા ?"


"અરે તમારી દીકરી પણ મારી તો વાઇફ !"

"વેલ વાઇફ, બ્રીગ ધી નાઈફ, કટ ધી નોઝ, ઓફ ધીસ રોઝ, અરે પ્રિયા ચપ્પુ લાવ, અને આ રોઝનુ નાક કાપી નાખ!"

"વેલ ડીયર! વ્હાલા!"

"ઓ માય હાર્ટ, ડુ નોટ ફીઅર! અરે મારા જીગર બ્હીશ નહિ!"

"મે તમને હજારો વખત કહ્યું હતુ કે આવા જંગલી



વેલ મા જયન્તલાલ લીવ માય હાઉસ વીધઽન ટ્વેન્ટી ફોર અવર્સ (પાનુ ૪૧ ૩)

જુના વિચારના હિમાયતી, મૂર્ખ, બેવકુફ, જડસા, રાભા વિવેક વગરના ભીખારી સુધારાના હડહડતા શત્રુની જોડે મારી કેસરનું મૅરેજ લગ્ન ન કરશો; તોપણ તમે તમારા ડોસલા ડોસલીના જુના વિચારને આધિન થઈ લગ્ન કર્યું અને મારી દીકરીનો અવતાર મિથ્યા કર્યો !"

"ઓહ વાઈફ, અરે પ્રિયા એમાં થઇ ગયુ શું ? જો આ ડફર બે ચાર વરસમાં નહિ સુધરે તો આપણે આપણી પુત્રીના હાઇકોર્ટ મારફતે ડાઇવોર્સ છુટાછેડા કરાવીશું !" આવાં નિર્લજ વચન સાંભળતાની સાથેજ મણીલક્ષ્મી વાઘણની માફક ક્રોધાતુર બનીને ધસી આવ્યાં.

"અલ્યા નાગા નવનિત, જરા લાજ, જરા ડાહ્યો થા, વિચાર કર આમ છેક સુધારાના શિખર પર ચઢી ન જા. જરા આર્યધર્મનું અભિમાન રાખ! રોયા મૂર્ખા બ્રાહ્મણની જ્ઞાતિમાં છુટા છેડા હોય? જ્યારે બ્રાહ્મણની કોમમાં નાતરાં થશે, પુનઃર્લગ્ન થશે ત્યારે ધરતી રસાતાળ જશે!! આમ છેક વઠી ન જા."

"ઓહ યુ ડોસલી! હુ કૉલ્ડ યુ હીઅર? અરે ડોકરી તમને અહીઆ કોણે બોલાવ્યા ? જાઓ જાઓ રસોડામાં જઇને દાળ ભાત તૈયાર કરો." અધુરામાં પુરૂ ગીરજાલક્ષ્મી પણ ડોસીને ધમકાવવા લાગી.

"તમને કોણે અહીંઆં ડહાપણ કરવાને બોલાવ્યાં કે વગર બોલાવ્યાં ચપ લઇને આવ્યાં! 'વગર બોલાવ્યું બોલે તે તરખલાની તોલે."

"વેલ મી. જયન્તીલાલ, લીવ માય હાઉસ વીધીન ટવેન્ટી

ફ્રોર અવર્સ. મી. જયન્તીલાલ ચોવીસ કલાકની અંદર મારૂ ઘર છોડી ચાલ્યા જાઓ."

"અરે હમણાંને હમણાં તમારૂં ઘર હું છોડી દઉ છું. હવેથી તમારા ઘરનુ પાણી પીવુ પણ મારે હરામ છે. હુ તમારી તલમાત્ર પણ પરવા રાખતો નથી." આ વચન સાભળીને ગીરજાલક્ષ્મી કકળી ઉઠી.

"ત્યારે કોણ કહે છે કે પરવા રાખો ? લક્ષણ તો ગામમાં ભીખ માગીને પેટ ભરવાનાં જણાય છે." ડોસી મણીલક્ષ્મીનુ પવિત્ર લોહી ગીરજાલક્ષ્મીનાં વચન સાંભળી અતિશય તપી આવ્યુ, ને તેમણે નવનિત અને ગીરજાલક્ષ્મી બનેની ઝાટકણી કાઢવી શરૂ કરી.

"ઓ સુધરેલા ધણી ધણીઆણી, હવે થોડાં ફ્રાટો થોડા ! આતે તમે કરવા શુ ધાર્યું છે ? શુ ધણી, ધણીઆણી અને દીકરી ભણ્યા એટલે આખી દુનિયા ગણ્યાં, તરીને પાર ઉતર્યા ? અરે સુધારામાં ભળ્યા એટલે શુ પરમેશ્વર મળ્યા ? તમારે કાંઇ દુનિયાદારીની દરકાર રાખવાની જરૂર નથી ? અરે શરમ, શરમ, સુધારાએ સત્યાનાશ વાળ્યું ! તમે ગમે તેમ જયન્તીલાલને કહો, જગલી કહો, ભિખારી કહો, પણ અતે તમારો તે જમાઇ છે. તમારી દીકરીનો ધણી છે. 'જેણે દીધી બેટી તેની ગરદન હેઠી, તેનો વિચાર કરો. તે ગરીબ છે તેમાં તેનો શો દોષ છે ? તમે શ્રીમત હોઇને કેટલા સુધર્યા, તે તો કહો ! યાદ રાખો તમારે જેટલી તમારી પુત્રીની ફ્રીકર છે તેના કરતાં હજાર ગણી વધારે ફ્રીકર તેને છે, કારણ કે તેને પોતાનો સસાર સુખી

કરવાની ઘણી કાળજી છે.” આ સાંભળી ગુસ્સે થઇ કેસર ચડભડી ઉઠી.

“બાપા, બાપા, આ ડોસી વચ્ચમાં શા માટે બોલે છે? જ્યાં બે જણાં વાત કરતાં હોય ત્યા ત્રીજાએ વગર બોલાવે વચમા જઇને બોલવુ એ એટીકેટની વિરૂદ્ધ છે.”

“દીકરી, ડોસી ઘરડી થઈ એટલે અક્કલ પણ ગઈ!”

“બરાબર સાઠી બુદ્ધિ નાઠી” કહીને ગીરજાલક્ષ્મીએ તીણો માર્યો!

“ફાધર, ઘરડા એટલે બેવકુફ, દીવાના અને જ ગલી!” આ સાભળી જયન્તીલાલને કાક હસવુ આવ્યુ એટલે ત્રણેને ટકોર મારી.

“ધન્ય છે સુધરેલા નરનારીઓ ધન્ય છે તમને! ઘરડાને બેવકુફ ગણનાર ધન્ય છે તમારા સુધારાને!”

“જો ઘડપણ આવે અક્કલ વધતી હોય અને ડહાપણ આવતુ હોય તો નામદાર સરકાર કઇ ગાડી નથી કે ઘરડાને ઘેર બેસારી ઘરના રૂપીઆનુ પેન્શન આપે; પણ ઘરડા એટલે દિવાના!”

“ ઘરડા તો પુરા દુનિયામા દીવાના,
ઘરડોરે જાણે ડાહ્યો પુરો હું,
ઘરડોરે જાણે ભણ્યો પુરો હુ,
ઘરડોરે જાણે જ્ઞાની પુરો હુ
બને ડાહ્યા હું પદમા દાના-૯
વગર સમજે માથું મારે તે,

ઉંધુ સમજી ઉંધુ સારે તે,
પોતિકી સમજે ન ભુલ શાણા–૦
ડહાપણમા તો ભાગી જાયે,
કાળુ કરતા જરી ન કળાયે,
મુઆ ઉપર બેસાને ખાયે,
ખાલી મિજાશમા મરવાના–૦ ”

“ વાહ બેટા વાહ ! વાહ મારી ભણેલી ગણેલી વહુ ધન્ય છે તારા ભણતરને ! વાહ મારી દીકરી ધન્ય છે તારા ડહાપણને ! તમે બધા ઉંચી કેળવણી લઇને કેટલાં કેળવાએલા છો તે તમારાં વચન પરથી જણાઇ આવે છે. તમારા જેવા અર્ધદગ્ધ માથા-બોળુ નર નારીઓજ અંગ્રેજી કેળવણીને કલંક લગાડે છે, અને સુધારાનું સત્ય સ્વરૂપ સમજવું મૂકી દઇ કેવળ કુધારામાજ ઝંપલાઇ પોતાના સુખી સંસારને દુ:ખમય બનાવે છે તમારા જેવા ભણેલાઓજ ધોબીના કુતરાની માફક નહીં ઘાટના કે નહીં વાટનાની માફક તેમની જીંદગી દુઃખમય ગુજારે છે જયન્તીલાલ ભાઇ જયન્તીલાલ તમે કાંઇ આ લોકોના બોલવા તરફ લક્ષ આપશો નહી. રાયજી ડોસા અને તમારા સાસુ સસરાએ તમારૂ સર્વ ધૂળધાણી કર્યુ છે તમારા ઘરબાર વગેરે તમામ માલ મિલ્કત તેઓ પચાવી પડયા છે ! હું મારા ભાઇ પર કાગળ લખીને તમને રહેવાને ઘર અને ખાવા પીવાનો બંદોબસ્ત કરાવું છું. તમે તમારી મેળે બેલાશક પછીથી જુદા રહેજો. અત્યારે ચાલો મારા ઓરડામાં આવો, તમારે આ અવાસમાં બીલકુલ પગ દેવો નહીં.”

"માતાજી! બસ થયું! હું તમારો ઘણોજ આભાર માનું છું, આજથી સાસરાના સુખનો મારે અંત આવ્યો છે. નવનિતલાલ તમે નક્કી સમજજો કે આ તમારી ઉદ્ધતાઇ, અયોગ્ય સ્રીસ્વતંત્રતા અને જૂઠા સુધારાના ફળો તમને ટુંક વખતમા મળશે. તમારે ત્યાંથી ગયા પછી મારે કદી ભીખમાગવાનો પ્રસંગ આવશે તો હુ બેલાશક ખુશીથી માગીશ; પણ તમારે ત્યાં રહી મેંણા ખાઇને પેટ ભરીશ નહીં. જો તમારા આવા વિચાર પ્રથમથીજ મારા જાણુવામાં આવ્યા હોત તો હુ તમારા આશ્રય તળે રહીને કદી મેટ્રીક સુધી ભણુત નહીં. મે મારી શારીરિક સંપત્તિનો વિચાર નહીં કરતાં આટલો બધો સમય મેટ્રીક ભણુવામાં ગાળ્યો અને તેના પરીણામમા પરીક્ષામા લગભગ હુ લાગલાગટ બે વરસ એકઝામીનેશન ફીવર સખત તાવથી પીડાયો, અને પરીક્ષામા નાપાસ થયો. જો આટલો સમય મે વ્યાપાર ઉદ્યોગની લાઇનમાં ગાળ્યો હોત તો અત્યારે મારૂં ઘણુ જ બહેતર થઇ ગયું હોત, અને આવો મૂઇ કાગલા જેવો નિર્બળ શરીરે રહ્યો ન હોત"

કેળવણી, કેળવણી, સાપ્રત સમયની અંગ્રેજી કેળવણી! આધુનિક ઉછરતી અર્ધદગ્ધ પ્રજા તને હાથે કરીને જ કલંકિત કરેછે, તુ તો નિરંતર નિષ્કલંકિત દયાળુ અને બ્રહ્મભાવવાળી છું. જે જે ઉપાસકો તારી ઉપાસના કરે છે તે તે ઉપાસકોનો તુ કાંઇ પણ જાતી ભેદ નહીં રાખતા નિરંતર ઉદયજ કરે છે, પણ હે પવિત્ર દેવી, આધુનિક ઉપાસકો તારા રહસ્યને મૂકી ઠાઠમાઠમાં પડી તને કલંકિત કરેછે. નવનિતલાલ તમારા જેવા ઉપાસકો સુધારાના સાથી થઈ કેળવણીને ધર્મને નીચોવનાર કેળવણી

તરીકે ગણાવેછે. ગીરજાલક્ષ્મી તમે અને તમારી દીકરી હદથી જાદે સ્ત્રીસ્વતંત્રતાની હીમાયત કરી અને અંગ્રેજી ફેશનનું અનુકરણ કરી કેળવણીને નીતિ વિવેક અને લજ્જાનો નાશ કરનાર તરીકે ગણાવો છો; અને મારા જેવા માદલા યુવકો પોતાની શારીરિક, માનસિક અને સંસારિક સંપત્તિનો વિચાર નહીં કરતા કેવળ ભણી ગણીનેજ કેળવણીને તન મન અને ધનનો નાશ કરનાર તરીકે ગણાવે છે, અને તેથીજ કેળવણીના આધુનિક ઉપાસકોને વાસ્તે કહેવામા આવે છે કે,

દોહરો.

મંદ ગતિ મેટ્રીકની, બીએ કરે બેહાલ,
એમેની અંતર પીડા, જાણે દીન દયાળ.

માજી હવે હું આપના ચરણ કમળમા પ્રણામ કરી છેલ્લી સલામ ભરૂ છુ." કહીને તરતજ જયન્તીલાલ વીદાય થઇ ગયો મણીલક્ષ્મી ડોસી ગભરાઇ ગયા, અને કલ્પાંત કરી સર્વેને ધમકાવવા લાગ્યા

"અલ્યા નવનિત શું જુએ છે ? જા જલ્દી જયન્તીલાલ પાછળ અને તેમની ક્ષમા માગી તેમને પાછા વાળ્ય અને તારી કેસરને જલ્દીથી તેને સ્વાધીન કરી સાસરે વળાવ ?"

"ચુપ રહો ડોસી ચુપ રહો ! ગયા તો ભલે ગયા. આઈ ડોન્ટ કેર ફૉર હીમ. મને તેમની કાઇ દરકાર નથી. તમારે અમારી બાબતમા કાઇ ડહાપણ ડોળવાની જરૂર નથી. હજુ મારે કેસરને બી. એ સુધી ભણાવવી છે. અત્યારથી સાસરાના પાંજરામા તેને પૂરી નિર્બળ બનાવવી નથી. હજુ તે પુખ્ત

ઉમ્મરની થઇ નથી. તમારા જેવા ઢેમ ફૂલ ઘરડાઓજ બાળલગ્નો કરી કરી બાળકોને માંદલાં અને મૂઇ કાગલા બનાવી દેછે. તમારા જેવા જ ગલીઓને લીધેજ દેશનો ઉદય થતો નથી."

"અલ્યા નવનિત તું આ શું બોલે છે? આપણી કન્યાઓને આપણે પવિત્ર ઇચ્છાથી કન્યાશાળામાં ભણાવીએ કે જેથી તેઓ સુખી થાય, ઘર ખર્ચનો હિસાબ રાખે, આવક જાવકનો વિચાર કરે, કરકસર શીખે, સારા નીતિ ધર્મના અને જ્ઞાનના ગ્ર થો વાચે, તેમાથી શિખામણ ગ્રહણ કરી નારી-દેહ દિપાવી શકે, સાસરે રહી પતિવૃત ધર્મ પાળી માત પિતાના કુળને અજવાળે, સુખ દુ:ખના કાગળો લખી માબાપને માહીતગાર કરે, અને ટુ કામા પોતાનો સ સાર ધર્મ નીતિ અને સત્યના સાધનોથી ચલાવી શકે, તેને બદલે છોકરીઓ ભણે એટલે આખા ઘરની ગુરૂ થાય. ભણવુ શા સારૂ? ફક્ત સાસરામા સમાવા સારૂ અને ધણીને પ્રિય થવા સારૂ! તેને બદલે તુ કહે છે કે હું કેસરને સાસરે નહીં મોકલુ આ શો જુલમ છે?"

"ડોસી હવે તમે તમારો લવારો મૂકી નીચે ચાલ્યા જાઓ?"

"દીકરા હવે ડહાપણમા ભાગી ન જાઓ. તમારી છોડી કેસરે તો આચાર વિચાર સર્વ કોરે મૂકયા. નિશાળે જતી વખતે કોઇ પણ દીવસે ચાલ્લો કરવોજ નહિ, અને તે તો છચોક કહે છે કે મડમના જેવુ સાફ કપાળ રાખવુ. આ પગમા ઇગ્લીશ બુટ શા? મોજા શા? આ પોલકા શા? મડમના જેવી વેણી શી ગુથવી? અરેરે સુધારાએ ઘર ઘાલ્યુ!!"

* * *

હાય હાયરે હિંદ સુધારે તારૂં ઘર ઘાલ્યુ,
વઠાડી આર્યોને કુધારે કુશિક્ષણુ આલ્યુ,
ધર્મના બીજ ખોદી કાઢયા, નીતિના જડામુળ વાઢયા,
લાજ મલાજો તજીને મનડું છુટાપણે માલ્યું—૦
વસી શુ વિદ્યા ફેશનમા, બ્રાન્ડી સોડા ટી લેસનમાં.
બુટ પાટલુન કોટ ચીરૂટમા હિંદુપણુ ચાલ્યુ—૦

શિવ, શિવ, શિવ થઇ ચૂકયુ, પતી ચૂકયુ. હવે સુધારાની હદ આવી ગઈ! રામ, રામ "આતે ભણતર કે ભવાડો?"



પ્રકરણ ૪ થું.

કન્યાનું સાસરૂં કે સંસારનું ધુંસરૂં.

દોહરો.

મન માને ત્યા નવ જુએ પ્રેમી હીરા હેમ,
આવ્યા ૩ ગ્યા નર રહે પાણી પવન ને પ્રેમ

દાવાનળ અગ્નિના ધગધગતા અગારામાં તપાવતાં સોનું વધારે કસવાળુ થઈ કુંદન બને છે, દુઃખના દરિયામા ડૂબી જતા મન વધારે સહનશિલ થઇ નિર્મળ બને છે, તેમ કંગાલ સ્થિતિમા અને વિરહમાં પ્રેમ અચળ થઇ પવિત્ર થાય છે.

પ્રિતિ સુધારસ અજબ રસ કોઇ વિરલા પી જાણશે,
અન્તર ઘટની વાસના કોઇ અનુભવી પરમાણશે,
ભાવનાના ભેદ તો ભગવાન જેવા ભાળશે,
ગાતા અને ખાતા પિના તાપો ત્રિવિધી ટાળશે.

ડાહ્યાભાઇ ઝવેરી

નદીના પ્રવાહને ગમે ત્યાં વાકો ચુકો ન્હેરો કરી ખેચી જાઓ પણ અતે સરિતા સાગરને મળે છે, કમળને ગમે તે જળાશયમાં હજારો ગાઉને અતરે રોપો પણ મધુકર

તેને શોધી કાઢી પંકજ પરાગ પ્રાપ્ત કરે છે, સૂરજ જેમ જેમ સ્થાન બદલતો જાય છે તેમ તેમ સૂરજમુખી પોતાનુ મુખ ફેરવી સૂર્ય ભણીજ જોયા કરે છે. ઉનાળાના અંગાર જેવા તાપમાં જ્યારે તમામ વનસ્પતિ કરમાઇ જાય છે, ત્યારે જવાસાઓ લીલા કલ્હાર ગ્રીષ્મ દર્શનથી થઇ રહે છે, વેળુમા દટાએલા મરણ પામેલાં દેડકાના ખોળીઆઓ જ્યારે મેઘ વૃષ્ટિ થાય છે ત્યારે ધારા સ્પર્શથી સજીવન થઇ કુદ કુદા કરી રહે છે, જ્યારે સ્વાતિબિંદુની વૃષ્ટિ થાય છે ત્યારે છીપલીઓ મોતી ઉત્પન્ન કરે છે, ગમે ત્યાં પડી રહેલ લોહ, ચમકના ચમકારથી આકર્ષાઇ ચમકને ચોંટી જાય છે તેમ અથાગ અન્તરે વસી રહેલા પ્રેમીઓના હૃદયો હૃદયને જોઇને હૃદય મેળાપ કરે છે, કેમકે—

છાનો ના છુપ્યો રહે નેના કેરો નેહ,
ગરજી ઊઠે ઘડી ઘડી જ્યમ વાદળમા મેહ

કમળાલક્ષ્મી

વિજયા દશમીની વિજય વરતાવતી રજની ચમક ચમક ચમકી રહી છે. વિલાસી પ્રેમીજનો વિજય રજનીમા પ્રેમ વિલાસ માણી રહ્યા છે. પીયર છાડી છાડી પ્રેમઘેલી પ્રમદાઓ આસોની અલબેલી અજવાળી રાતલડીમા સાસરે આવી નાથને નચાવી નાચી રહી છે. આગલા પાછલા મ્હેણા ટુણા અને રીસામણા મનામણા ભાગી ભાગી રસિકજનો પોતાની રસિકાઓને ઘેર બોલાવી દશરાનો બ્હાર ઉડાવી રહ્યા છે. વિજય દશમીના વિજય વર્તાવનાર રસિક ચંદ્રરાજની ચંદ્રપ્રભામા રસઘેલી રસિકાઓ લલિત કુસુમમાળાઓ પોતાના રસિક રસરા-

જને પહેરાવી રહી છે. માનગર્વિતા મૃગ્ધાઓ મુગ્ધપણુ મૂકી દઇ મોહન સાથે મોહમા થનક થનક પગભર થઇ નાચી રહી છે. નવીન જુવાનીમા આવતી નવીન બાળાઓ પોતાના નાથના દર્શનની ઉર્મિમા–ઉમગમા આવી ખીલતા જોબનના જોરમા જળહળી રહેલી છે. મનમોહક સુદરીઓ સુંદરતાની ઉન્નશમા પોતાના સુદર વર સાથે મીઠી મીઠી વાતો કરી મોગરાની કળીઓ માફક મગમગાટ મારી રહી છે. વાલમના વિરહથી બળતી વિરહિણી વનિતાઓ પોતાના વાલમ પરદેશમા હોવાથી વદન કમળ બગાડી બગાડી ચદ્રરાજ પ્રત્યે અણગમો બતાવી વાલમને ઠપકો આપી રહી છે"

* * * *

આસોના દિવસ તો અતિ રળિયામણા,
ખાવુ પીવું કરવા નવલા ખેલજો;
ભેગા બેસી જમીએ રમીએ સોગટે,
છાતીમા બીડીને રાખુ છેલ સૌ,
એ મહિને નવ જઈએ પિયુ પરદેશમા,
વાત વિચારી જુઓ નણદના વીરજો.

લોકગીત

આ વખતે રાયજીની હવેલીમા પણ કાઇ નવીન બહાર ઊડી રહ્યો છે. આખા ઘરમા ભપકાબધ રોશની ઝળહળી રહી છે. બાગ બગીચા, ઝરૂખા માળીઆં, અટારીઓ અને અવાસના વાસીઓના હૃદયમા કાઇક નવીન અને અપૂર્વ ઉન્નશ આવી રહ્યો છે. આજરોજ ભાનુશકરભાઇ પોતાના સાસરે જમવા આવનાર છે. આજે કાન્તાનુ આણુ વાળવાનુ છે; અને કાન્તાને

આજે સંસારનું પહેલું ઢંકાણું છે. જમાઇની સરભરા સારૂ વિવિધ પ્રકારની ગોઠવણો થઇ રહી છે. સાળીઓ ભાનુશંકર આવવાના છે એ સાંભળી ઉમંગના ઉમળકામા સારી રીતે આવી ગઇ છે. મણીલક્ષ્મી જમાઇની આતુરતાથી રાહ જોઇ રહી છે. કેસર પણ કાઇ નવાજ ઉમંગમા આવી ઠસ્સાબંધ આમ તેમ ફરતી ઘાલમેલ કરી રહી છે. આજે કુંદનનુ હૃદય અને વદન-કમળ કાઇક નવાજ આનંદમા ઝળાઝળાં થઇ રહ્યુ છે. કપિલા કુસુમ અને કાન્તા પણ મોહક કિંમતી વસ્ત્રાભૂષણો પહેરી રૂમક ઝુમક નાચી રહી છે. રાયજી પણ દમામમા આમ તેમ આંટા મારી રહ્યા છે.

આજે કુંદનનો ઠાઠમાઠ કાઇ અલૌકિક પ્રકારનો છે. તેના ગુલાબી વદન કમળપર ઉમળકાના નવીન શેરડા માલમ પડી આવે છે. તેનાં લલિત લોચનોમા પ્રેમ આજે અદ્ભુત રીતે ઉછાળા મારી રહ્યો છે. તેના મુખમા આજે વારંવાર મંદહાસ્ય થઇ રહ્યુ છે, પળે પળે તેના ગુલાબી ગાલોમા ખાડા પડી રહ્યા છે. તેનું સર્વાંગ અતિ મોહક થઇ થનથન પ્રેમમાં નાચી રહ્યુ છે. આજે વારવાર તે દીવાનખાનામાથી બહાર આવે છે અને અંદર જાય છે. તેના ઓરડાનો બહાર અને શ્રૃંગાર આજે અલૌકિક રીતે શ્રૃંગારાઇ રહેલો છે, તેની જોડે તેનો અંતરનો ઓરડો પણ સારી રીતે મોહક બની દીપી રહ્યો છે. ભારેમા ભારે કિંમતીમા કિંમતી અને મોહક સુંદર શ્રૃંગાર આજે કુંદન સજેલો છે. આજની રાત કુંદનને ઘણીજ રઢીયાળી રૂપાળી અને અલબેલી લાગે છે.

કાન્તા પણ આજે ઉન્મત્ત બની વરઘેલી થઇ રહી છે. બગીચાના ચોગાનમા બેસી શરદ પુનમની રાત લલકારી રહી છે.

*　　　*　　　*　　　*

‘ આસો માસે શરદ પુનમની રાત જો,
ચાદલીઓ ઉગ્યોરે સખી મારા ચોકમા
સસરો મારો દેરાસરનો દેવ જો,
સાસુડી દેરાસર કેરી પુતળી,
જેઠ મારો આષાડીલો મેહ જો,
જેઠાણી ઝબુકે વાદળ વીજળી,
દીયર મારો ચંપા કેરો છોડ જો,
દેરાણી છે ચપા કેરી પખડ’,
નણદલ મારી મોગરાની વેલ જો,
નણદોઇ તે છે વાડીમાનો વાદરો;
પરણ્યો મારો દીસે ચતુરસુજાણ જો,
તાણીને બાધે છે નવરગ પાઘડી,
ઘડી ઘડી જોઉ વ્હાલા કેરૂં મુખ જો,
વ્હાલા વિણ મારે ના ચાલે પા ઘડી ’

લોકગીત

આવા મધુરા મધુરા લલકારમા ભાનુશકર અને હીરાલાલ બને જણાને લઇ સીગરામ બગીચાના કમ્પાઉન્ડમા દાખલ થયુ. દાખલ થતાની સાથે કાન્તા શરમાઇ લાજ કાઢી હવેલીમા નાસી ગઈ. હીરાલાલ અને ભાનુશકરને જોઈને કુદનના હરખનો પાર ન રહ્યો, તેણે હરખાતી હરખાતી મણીલક્ષ્મી પાસે દોડી જઇ ભાનુશકર આવ્યાની વધામણી ખાધી. જમાઇની

વધાઇથી મણીલક્ષ્મીનુ હૃદય ફૂલી ગયુ. કુ દનના લોચનો નાચી રહ્યા. શરીર પુલકાયમાન થઇ ગયુ. મ્હોડુ મ દ હાસ્યથી મલ કાઇ ગયુ. હીરાલાલ અને ભાનુશ કર શીગરામમાંથી ઉતરી હવેલીના પગથીઆં પર ચઢયા, સાસુ સસરા અને સાળીઓએ આવકાર આપ્યો. લોચન લોચન ને મળ્યા હૃદયે હૃદયને ધકેલી દીધા કુ દનના ચિત્તમા અજબ ચમકાર થયો.

હીરાલાલ પ્રસ ગોપાત પોતાના પિતા સાથે અને જયન્તી-લાલ સાથે હવેલીમા આવતો હતો, ભાનુશ કર, હીરાલાલ, જય-ન્તીલાલ અને મધુકર એ સર્વે જણા મેટ્રીકમા સાથે ગવર્નમે ટ હાઇસ્કુલમા અભ્યાસ કરતા હતા ચારે જણાને બોલવા ચાલ વાનો કલાસ ફ્રેન્ડ તરીકે પરિચય હતો; પણ ભાનુશ કર હીરાલાલ અને જયન્તીલાલ એ ત્રણેના જીવ મળી ગયા હતા બીજીવારના લગ્ન નહીં કરવાને હીરાલાલે ભાનુશ કરને ઘણોજ સમજાવ્યો હતો પણ પિતાના પરિબળને લીધે ભાનુશ કર પિતાની ઇચ્છાને વશ થઈ પરણ્યો હતો. ભાનુશ કરને પરણાવવા તેના બીજા તમામ મિત્રો તૈયાર થયા હતા, નહીં પરણાવવામાં ફક્ત હીરા લાલજ હતો, અને કાક જયન્તીલાલ હતો તેને પરણાવવા આવવાની હીરાલાલે ચોખ્ખી ના પાડી હતી, પણ ભાનુશ કર જાતે હીરાલાલને તેડવા ખાસ ગયો હતો, અને ઘણોજ આગ્રહ કરીને તેને લગ્નમા ખે ચી લાવ્યો હતો હીરાલાલના હૃદયવેધક ઉદ્ગાર ચૅારીના પ્રસ ગમા વાચકોએ વાચ્યા હશે, અને તેથી હીરાલાલના વિચારની વાચકોને કાક ઓળખાણ થઈ હશે. હીરા લાલના ઘરમાં પણ કુ દન અને હીરાલાલના લગ્નની વાત થતી

હતી; પણ હીરાલાલના પિતા ડોસાને મનમાનતા પૈસા પરખાવે તેવા નહોતા તેથી વાત લંબાણે પડી હતી, ડોસા પૈસા પરખાવે તેવા મુરતીઆની શોધમાં હતા, અને ડોસી તથા કુંદનના મામા હીરાલાલને કંકુની કન્યા આપવાના મહાભારત પ્રયાસમાં હતાં, પણ ડોસાના દુરાગ્રહ વચ્ચે તેમનુ કાંઇ ચાલતુ નહોતું, તોપણ તેઓ વખતો વખત જ્યારે ડોસા કુદનના હીરાલાલ શિવાય બીજા મુરતીઆ સાથે લગ્ન કરવાની વાત કાઢતા હતા ત્યારે ડોસાને ધમકાવી ઘરમાં ક્લેશ કરી કકળાટ કરી ડોસાના વિચારને દાબી દેતા હતા. હરામખોર પાજી કસાઇ ડોસા કોઇથી દબાય તેવા નહોતા તોપણ વખતે પ્રસગ વિચારી વાત બાજુપર મુકી ઉપરથી હાજી હા ભણી હૃદયમા સ્વાર્થ અને કપટની અદ્ભુત બાજી ખેલતા હતા. કોઇ સારો અચ્છી રીતે કન્યાધન પરખાવે તેવો મુરતીઓ મળે તો બધાની આંખમા ધુળ નાખી સર્વેને લાત મારી કુદનને પરણાવી દઉ એવી છુપી યુક્તિમા ડોસા છાનામાના રમતા હતા. કેસર, કપિલા, ડોસાના ત્રણ દીકરા, ત્રણ વહુઓ અને ડોસા તમામ સુધારાના રગમા ભળી ગયા હતા, તેઓના ઉદ્ધત વિચાર, આચાર અને વર્તનથી હીરાલાલ ઘણો નાખુશ હતો, તેથી વખતો વખત કુદનના લગ્નના વિચારમા પાછો પડતો, તોપણ ડોસાના ઘરમાં કુદન અને કુસુમ એ બે રત્ન કન્યાઓ છે, આખી ન્યાતમાં તેમનાં ઘણાં વખાણ થતા હતા તેથી ઘણોખરો કુંદન સાથે લગ્ન થાય તો ઠીક એમ માની લલચાતો હતો, પણ કુધારા અને કુસગતની રંગત વખતે કુદનને લાગશે એમ ધારી કાંક કાંક કચવાતો પણ હતો,

કાન્તાના લગ્ન પ્રસ ગમાં કુદન સાથે તારામૈત્રી થવાથી અને કાક હૃદયવાત થવાથી, તથા કુ દનના અ તરના મનોભાવ તેના સમજવામા સારી રીતે આવવાથી તે હવે હરખાતો હતો. કુ દન સાથે વાતચીત કરવાનો અને લગનથી જોડાવાનો પ્રસ ગ મળે તો ઠીક એમ ધારી કુ દનનો પરિચય પણ છુપો છુપો મનમા ને મનમા શોધ્યા કરતો હતો. આ પ્રસંગમા ભાનુશ કરભાઇ હીરાલાલને મળ્યા અને પોતાની સાથે પોતાના સાસરે જમવા આવવાનો અત્યાગ્રહ કર્યો, અને હીરાલાલ પિતાની આજ્ઞા લઇ હૃદયમા હરખાતો હરખાતો ભાનુશ કર જોડે જમવા આવ્યો !!

આ પ્રસ ગે મનના મણી, અન્તરના આધાર, શરીરના શ્રૃગાર અને મનથી માનેલા તથા ભવિષ્યમા થનારા ભરથાર હીરાલાલને ભાનુશ કર સાથે જમવા આવેલા જોઇ કુ દનના આન દનો પાર રહ્યો નહોતો. આ વખતે કુ દન હરખાતી શર માતી અને પ્રેમમા ર ગાતી રંગાતી પોતાના દીવાનખાનામાં બેસી રાધાની મોહક છબીનુ અવલોકન કરતી હતી ચ દ્રની આસપાસ ચમક ચમક કરતી તારીકાઓ વિ ટાઇ વળે, તેમ ભાનુશકરની આસપાસ મોહક મુગ્ધાઓ વિ ટાઇ વળી હતી. કેસર, કપિલા, ગિરજાલક્ષ્મી વગેરે સર્વે જણાં ભાનુશ કરની મીઠી મીઠી મશ્કરીઓ કરતા હતા. હીરાલાલ એક કોચપર પડી ‘ ગુજરાતી ’ પત્રના પાનાં ઉથલાવતો હતો, અને કાન્તા કમાડ ઓથે ભરાઇ વર સામુ તાકી તાકી જોયા કરતી હતી, મણીલક્ષ્મી કાન્તાને આણુ વળાવવાની તૈયારી કરતા હતાં, અને ભોજનની તાલમેલ ઉપર નજર રાખતાં હતાં. થોડીક વારમાં ભોજનની તૈયારી થઈ અને

કપડાં લત્તાં ઉતારી હીરાલાલ અને ભાનુશંકર ભોજનશાળામાં ગયા, અને સાસરાની તીખી મીઠી મશ્કરીઓ વચ્ચે જમવા બેઠા.

કુંદન એકલી પોતાના દીવાનખાનામાં બેશી વિધાતા જોડે લડવા લાગી. "વિધાતા, વિધાતા, વેરણુ વિધાતા! મારે માટે તુ દયાહીન થઈ મને રખડતી રાખે છે." મારા મનના હીરાને વારવાર મારી પાસે લાવી પાછી તું સતાડી દેછે આશાને પ્યાલો બતાવી નિરાશામા મને તલસાવ્યાજ કરે છે ગરીબડી બાળાને સસાર સાગરમા આશાના નાવમા લાલચ આપી બેસારે છે પણુ પળવારમા વ્હાણુમાથી અધવચ ઉતારી સકટ અને નિરાશાના બેટમા મુકી દેછે. પિતાજી! પિતાજી! જો તમે મારો સબધ હીરાલાલ સાથે નહી કરો તો, હુ આ ભવમા બીજાની કદાપિ કાળે થનાર નથી.

દુનિયા! દુનિયા! આ પાપણીના કમનસીબે પિતાજી લાલચને વશ થશે તો મારી શી ગતિ થશે! દુનિયા! પછી તને શી રીતે જીતાશે? જીતાય ના જીતાય પણુ પછીથી દુનિયા હુ તારી દરકાર કરીશ નહીં. કુંદન કાયામાં હુ મારા હીરાને મઢી લઇશ! મારા હીરા હરિની હું મન કર્મ અને વચનથી ભક્તિ કરીશ. લલિતાએ જેમ શ્રીકૃષ્ણુની પ્રેમલક્ષણા ભક્તિમા પ્રાણુ અર્પણુ કરી દીધા હતા, તેમ હુ પણુ મારો પ્રાણુ આપી મારા હીરાની પ્રેમ પ્રભામા સમાઇ જઇશ! દુનિયામાં જે કાંઈ સારૂ અને પવિત્ર કહેવાય છે તે તમામ હીરામાં વશી રહ્યું છે. હા. હવે મારાથી હીરા વિના ઘડીભર પણ રહેવાતુ નથી. મારા નયનનુ નીર, મારા હૈયાનુ હીર, મારી નાડીનું રૂધિર અને મારૂ

સાચુ શરીર મારો હીરો છે. હા ...હવે હુ હીરાનીજ રાગી છું. હીરા વિના નિરંતર વિરાગી છું, કેમકે—

" હુ શબ્દ અર્થ હરી એ અળગો થશે કયા ?
હીરો પ્રભાથી વઢીને છટકી જશે કયા, ? "

આ વખતે હીરાલાલ પણ જમીને મુખવાસ કરી ફક્ત મલમલનુ ઝીણુ પહેરણુ પહેરી કુદરતી રીતે ફરતો ફરતો કુદનના દીવાનખાના આગળ આવી પહોચ્યો. ભાનુશંકર સાસુ સાથે વાતચીતમા ગુથાયો. હીરાલાલ કુદનને કાંક પ્રેમોદ્ગાર કાઢતી સાભળીને છાનોમાનો લપાઇને બારણા આગળ ઉભો રહ્યો, અને હૃદયની સારી રીતે તપાસ કરી લીધી ! કુદનના પ્રેમોદ્ગારથી તેનુ પવિત્ર હૃદય પલળી ગયું અને તેના મુખમાથી પ્રેમોદ્ગાર નીકળી પડયા.

" અરે આ સુકુમાર બાળા મારા ગુણનુ ગાન કરી રહીછે મારા પ્રેમમા પલળી રહી છે. મારા હૃદયની અધિકારી થવા પ્રભુ પ્રાર્થના કરી રહીછે, વિધિ, વિધિ હવે અમને તલસાવ નહી ! કુદન ! કુદન ! હવે હુ તારો ઉપાસીછુ, તારા પ્રેમનો પ્યાસીછુ મારી ચૈતન્ય ચદ્રિકા તારા વિના હવે હુ ક્ષણવાર પણ રહી શકીશ નહીં કુદન તને નિહાળતાજ મારા ચક્ષુઓ કાઇ ઓરજ રગમાં રગાઇ જાયછે, મારૂ હૃદય અદ્ભુત પ્રકારનો રસાનદ અનુભવે છે. કેમકે—

" નયન છતા નિરખાય નહીં વદન છતા તે વદાય નહી
જીગર છતા જીરવાય નહી, અનુભવ વિણ પરખાય નહીં ! !

કુદનના મનમાં કાંક વિચાર આવ્યો ને મન સાથે તરત

બોલી ઉઠી "અરે ચતુર ચંદ્રરાજ ચકોરીને દર્શન દઇ તરતજ ચાલી જશે. રસિક રવિરાજ પંકજને ખરેખરૂં પ્રફુલ્લિત કરી તરતજ રસ્તે પડી જશે, તેમ મારો હીરો પણ મને પ્રેમમા પલાળી નયનથી નચાવીને તરતજ જતો રહેશે માટે ચાલ હુ મારા લોચન અને મનને દર્શનથી પવિત્ર કરૂ, તૃપ્ત કરૂં ! ! મારા રોયાં મન અને લોચન બને જણાં મારા હૃદયમા જાદુઇ ઝગડો મચાવી રહ્યા છે, અને મને પરવશ બનાવી દીધી છે. લાવ તેમનો ઝઘડો શ્રવણ કરૂ.

* * * *

'લોચન મનનો રાજ ઝગડો લોચન મનનો,
રસિયા જનનો રાજ ઝગડો લોચન મનનો.
પ્રિત પ્રથમ કોણે કરી નદકુંવરની સાથ,
મન કહે લોચન તે કરી, લોચન કહે તુજ હાથ—૦

મારા લોચન અને મન હીરાને વાસ્તે મેણા ટુણા ચલાવી રહ્યા છે, મારૂ રસિક હૃદય હીરાને વાસ્તે થનથનાટ નાચી રહ્યુ છે

નટવર નિરખ્યા નેન તે સુખ આવ્યું તુજ ભાગ્ય,
પછે બંધાવ્યુ તેં મને લગન લગાડી આગ.

અરેરે આ તાલાવેલીમા હુ તો પરવશ થઇ ગઇ ! મારૂ ભાન, જ્ઞાન અને સાન સર્વ જતુ રહ્યુ,

સુણ ચક્ષુ હુ પાંગળુ તુ મારૂં વાહન.
નિગમ અગમ કહ્યુ સાંભળ્યું દીઠા વિના ગયુ મન,

ચક્ષુ પાંગળાં છે, અને મન પવન વેગી છે, ચક્ષુને રઝળતા કરી મન એકલપેટુ થઇ આગળ દોડી ગયુ.

ભલો કરાવ્યો મે તને, સુદર વર સંજોગ,
તજી મને તુ નિત્ય મળે હું રહુ દુખ વિજોગ.

જ્યારે મે તને સંજોગ કરાવ્યો, ત્યારે તુ મનેજ મુકીને ચાલવા લાગ્યુ, ભુડા જરા તો દયા રાખ.

વનમા વાહ્લાજી કને હું વસુછુ નેણ,
પણ તુજને વેણ મેળવે, હુ ના ભોગવુ ચેન

માટે મનડા તુ એકલ પેટાપણુ મુકી દઇને મને સાથે લે.

ચેન નથી મન કેમ તને ભેટે શ્યામ શરીર,
દુખ મારે જાણે જગત, રાત દિવસ વહે નીર,

દયારામ કવિ

અરેરે મારૂ તો સર્વસ્વ વાયરે જાય છે, ધાર્યુ ધુળ મળે છે, હુ સદાને વાસ્તે દુખી રહું છુ.

" આશા સકળ મનમાહી રહી જો
મનનું ધાર્યુ થાયે નહીં જો,
પખીણી પડી પાજરે લાચાર,
કરૂણા કરજોરે કરતાર "

જંઝરી

પખીણી પડી પાંજરે લાચાર, કરૂણા કરજોરે કરતાર એ વચન શ્રવણ કરી હીરાલાલની આખમાથી અશ્રુ બિદુ નીકળી પડયા નિશ્વાસ મૂકયો અને કહ્યુ " કુદન, વ્હાલી કુદન, આખરે હુ તારોજ થઇશ " આ પ્રમાણે મન સાથે બોલ્યો કે તરતજ કુદન દીવાનખાનામાથી એકદમ હીરાલાલને નિહાળવા બ્હાર આવી, બારણે હીરાલાલને ઉભા રહેલા જોઈ ચમકી, અચબામાં પડી, અને પ્રેમમાં આવી છલકાઇ ગઇ ! છલકાતી

છલકાતી પણ છેતરાઇ ગઇ ! છેતરાતાં છેતરાતાં પણ છબીલીએ છળ કરી હીરાલાલને તીણો માર્યો.

"ચોરી કરતાં તો સારી રીતે શીખ્યા છો !"

"ઓહો ચોરી ?"

"હા ચોરી."

"મે શું ચોર્યું ?"

"મારૂં મન !"

"ઠીક."

"હા, હા ઠીક, તમે પણ કૃષ્ણની પેઠે રાધાનુ હૃદય તપાસતા શીખ્યા ખરા ?"

"અરે કૃષ્ણ કયાં ને રાધા કયા ? અહીં તો કયાઇએ નથી."

"આવો, આવો પધારો અંદર આવો !"

"હીરાલાલ કાંક શરમાતો મંદમંદ હાસ્ય કરતો દીવાનખાનામાં ગયો, એક સોફા પર બેઠો. કુંદન ટેબલને હાથ અડાડી ઉભી રહી. આ સ્થિતિમાં બને જણાં પાંચેક મિનિટ સુધી વિચારમા શરમમાં અને અચંબામા ગરકાવ થઇ ગયા આખરે કુંદન હિમ્મત ધરી બોલી."

"છાનામાના છેતરપિંડી કરી નટવરની માફક લપાઇને મારૂ બધું સાંભળી લીધુ ને ?"

"મને કાંઇ ખબર નથી, હુ તો રહેજ ઉભો ઉભો કુદરત જોતો હતો."

"અરે વાહરે તમારી કુદરત"

"ખરેખર હુ કુદરતી ચંદ્રિકા જોતો હતો."

" વાહરે મારા ચતુર, ચંદ્રિકામા શું જોયું ? "

" ચદ્રરાજ સમક્ષ ચદ્રિકા રૂમઝુમ નાચી રહી હતી, ચદ્રોદયમા આતુર અને ચાતુર ચકોરી સુધાકરને નિહાળી થનક થનક પ્રેમમા ડોલી રહી હતી. "

" પછી શું જોયુ ? "

" આખુ જગત ચદ્રોદયમા ચકડોળે ચઢયુ હતુ, ફક્ત એજ વિરહથી ઝુરતા હતા. "

" કોણ ? "

" કોઇ નહિ. "

" કેમ કોઇ નહિ ? "

" ના, ના, હુ તો બોલતા શુ બોલી ગયો, પણ કોઈ નહિ. "

" એમ કે ? "

" હા, હા. "

" હોવે હુ કાંઈ નહિ સમજતી હઉ કેમ ? "

" તમે કાઇ અ દેશો આણશો નહીં. "

" એતો પકડાઇ ગયા હવે સાચુ બોલો, કોણ ઝુરતાહતા ? "

" અરે હુ તો લવી ગયો મને શુ કામ બાધી લ્યો છો ? "

" અરે તમે મને રૂધી નાખી, વિંધી નાખી અને કહોછો કે બાધી લ્યો છો ? "

" મને શું કામ બનાવો છો ? "

" મને પૂરેપૂરી બનાવી, આશામા નચાવી, નિરાશામા લુટાવી અને અધવચે અટકાવી ! "

"અરે તમે તો મારી પત્તર ફાડવા માંડી, મને તાવવા માડયો."

"કહો કહો કોણ ઝુરે છે?"

"અરે કમળ અને ભ્રમર!"

"અરે વાહરે તમારી ચતુરાઈ! હુ તો કાઇ સમજતી નહિ હોઉ કેમ? કહો કહો સાચુ કહી દ્યો."

"અરે ચક્રવાક અને ચક્રવાકી!"

"તદ્દન ખોટુ."

"કેમ ભૂલી ગયા?"

"आतपे धृतिमता सहवध्वा, यामिनीविरहिणा विहगेन ।
सेहिरे न किरणा हिमरश्मे र्दुःखिते मनसि सर्वमसह्यम् ॥"

नैषधकाव्य

"આતો વિરહી નળરાજાના ઉદ્ગાર!"

"સાભળો."

વસંતવૃત.

જે ચક્રવાક દિવસે વહુ સાથ રાખે,
તે સગ રગ રમતા રવિ તાપ સાખે,
રાતે વિજોગ થકી ચદ્ર પ્રકાશ ખૂચે,
જો દુખ હોય દિલમા કશું એ ન રૂચે

પ્રેમાનદ.

"આતો મને સમજાવવા માંડી તદ્દન ખોટું!"

"ત્યારે સુરજમુખી અને સૂર્ય!"

"બધુ જુઠું."

" ત્યારે તમે કહો. "

" રાધા અને કૃષ્ણ. "

" હે આ શુ ? "

" રાધા અને માધવ. "

" રાધા કયા ને માધવ કયા ? "

" વૃન્દાવનની કુજમા રાધા કૃષ્ણને શોધે છે અને કૃષ્ણ રાધાને ખોળે છે. "

" અરે એતો શોધાઇ ગયા. "

" ના હુમણા શોધે છે. "

" આ શુ કહો છો ? "

" સત્ય કહુ છુ. "

" મને બતાવો રાધા માધવ અને બતાવો વૃન્દાવનની કુજ. "

" તમે જુઓ તમારી પાસે છે. "

" અરે આટલામા તો કાંઇ નથી. "

" તમારે જોવાની દરકાર હોય ત્યારે જુઓને ! "

" હુ દરકારવાળો છુ, કયા છે મને બતાવો. "

" અરે તમારી સમક્ષ છે, "

" મારી સમક્ષ તો તમે છો અને હુ છું. "

" અરે તમારી સમક્ષ છે, જરા પ્રેમ ચક્ષુથી જુઓ. "

" લ્યો પ્રેમ ચક્ષુથી જોઉ પછી " ઉઠી આમ તેમ ફરી જુએ છે ને પછી પાછો સ્થિર ઉભો રહે છે,

" વાહરે તમારી ચતુરાઈ ? વાહરે તમારી નિપુણતા ! "

" અરે આમાં ચતુરાઈ શી છે ? નિપુણતા કયાં છે ? "

" ઠગારા ઠગતાં તો સારી રીતે આવડે છે. "

" અરે ચતુરાઇતે ચતુરા પાસે હોય. નિપુણતા નારી પાસે હોય, કેમકે નિપુણતા અને ચતુરાઇની ખાણ ચતુરા છે ! "

" હા તે ખરૂં પણ તમે ખાણમાંથી નિપુણતાના અને ચતુરાઇના કાઢનાર છો માટે તમારી પાસે છે. "

" મારી પાસે કાંઇ નથી. "

" કાંઇ નથી શું ? હૃદયમાં રાખીનેજ ફરો છો. "

" અરે મને તો કાઇ જણાતુ નથી. "

" જરા નજર કરો. "

" લ્યો નજર કરૂ છું. "

" કેમ કાંઈ દેખાય છે ? "

" ના, ના. "

" હજુ ! "

" ફક્ત તમને જોઉ છું. "

' જુઓ જુઓ આ રહ્યા રાધા માધવ. "

" કયા છે ? "

" આ રહ્યા ? "

" હે કયાં ? વાહ વાહ તમે પણ સારી મશ્કરી કરો છો ?"

" અરે આ રહ્યા. "

" કયા છે "

" બળ્યું આમ તે શુ કરતા હશો ? જુઓને આ રહ્યાં ? "

" કયાં છે ? અહીંઆ ફક્ત કુંદન અને હીરાલાલ છે. "

" અરે આ રહ્યાં ? "

" ક્યાં ?"

" જરા ઉંચુ જુઓ."

" ઉંચે તો ચંદ્ર અને તારિકાઓ છે ?"

" અરે હું તો તમારાથી હારી !"

" મને હરાવ્યો, ઉંચે તો ચંદ્ર અને ચંદ્રિકા છે."

" આ ભીંતે જડયા."

" હા ...કુંદને મઢયા."

" ના હીરે જડયા."

' બસ તમારે તો આડુંજ બોલવું."

" ઠીક કહો શું જોયું ?

" રાધા કૃષ્ણ ઝુરતા જોયા "

" જોયાં ?"

" હા જોયાં "

" વારૂ ત્યારે આમા વાંક કોનો ?"

" તમે કહો તેનો !"

" તેનો ન્યાય તમે કરો "

" ન્યાય તમે સારી રીતે જાણો છો."

" શું કામ બનાવો છો ? સત્ય કહોને ! કોનો વાંક ?"

" વિધાતાનો !"

" પાછા ફર્યા !"

" ત્યારે તમે કરો !"

" તમે કરો તમે."

" અમારો ન્યાય સાચો નહિ લાગે !"

" લાગશે, બોલો કોનો વાંક ! "

" રાધાનો. "

" કેવળ અસત્ય ! પક્ષ પકડયો ! પુરૂષ પુરૂષનાજ હોય. "

" ત્યારે કહી દોને, નારી નારી જાતના ! "

" હા....નારી નારીની ! "

" ત્યારે પુરૂષ પુરૂષના ! "

" એમજ કુંદન રાધાની ! "

" ત્યારે હીરાલાલ નટવરના ! "

" તમે કહો તેમ. "

" વારૂ તમે રાધાનો વાંક શી રીતે કહાડયો ? "

" કારણ કે રાધાએ ભોળા બાલગોપાલ નટવરને જમના કીનારે આવી મોહપાશમા બાંધી, વૃન્દાવનમા લલચાવીને લઇ ગઇ, અને ત્યા સારી રીતે માર્યો ! "

" અરે તમે આ શું બોલો છો ? "

" રાધાએ નટવરને વૃન્દાવનમા માર્યો ! "

" શેનાથી માર્યો ? "

" નયનના બાણથી માર્યો, હૃદયના ખંજરથી માર્યો ! "

" વાહરે વાહ ! ધુતારા ગમે તેટલા પણ તમે નટવરના ! "

" ત્યારે તમે રાધાનાં ! "

" પણ શું ? "

" નટવરને મારી રસમા રમાડી, વિરહથી બાંધી વ્રજની કુંજમા રખડતો મુકી એકલપેટી રસિકડી રાધા રીસાઇને ચાલી ગઇ ! સંતાઇ ગઈ ! "

"બાળા ભોળા ડાહ્યાડમરા નટવર વ્રજની કુંજમાં બહુ દુ:ખ પામ્યા હો!"

"હાજ તો!"

"કૃષ્ણજી બહુ ભલા!"

"ભલા વગર રાધાને વળગતા ગયા!"

"ના, ના વળગવા જાય ને અળગા રહે!"

"એ તો બીલકુલ અળગા નહોતા!"

"ત્યારે તમે તેમના થઇ અળગાને અળગા કેમ રહોછો?"

"હુ ક્યાં અળગો છું?"

"અરે અળગાં તો કર્યાં અને અળગા રહ્યા!"

"હુ અળગો નથી."

"નથી?"

"હા....નથી."

"ત્યારે તો તમે મારા!" કહીને ઉમ ગમા આવી કુદન હીરાલાલની કોટે બાઝી પડવા ગઇ! હીરાલાલ યુક્તિથી સટકી ગયો. કુદન ઝ ખવાણી પડી શરમાઇ ગઇ. હીરાલાલે પ્રસ ગ વિચારી કહ્યું, "અરે સબુર, સબુર, બસ કરો, ઉતાવળાં ન થાઓ, વાર છે, સહસા ન કરો" કહીને કુદનના બે હાથ હીરાલાલે એક હાથથી અદ્ધર ટેકવી રાખ્યા. કુદનના મોપર રતાશ આવી ગઇ, થરથર કપવા લાગી, નિસાસા નાખવા લાગી, અને હમણાંજ મૂર્છાવશ થઇ જશે એમ અચેત થવા લાગી, એટલે હીરાલાલે કુંદનને ધીમેથી દોરી કોચપર બેસાડી, બેસાડ-



સબુર, બસ કરો, ઉતાવળા ન થાઓ

(પાનુ ૬૮ મુ)

તાની સાથે કુંદનના ચિત્તમાં સ્પર્શ ચૈતન્યનો અજબ ચમકાર થયો ને કહેવા લાગી.

" આખરે જુદાઇ ? "

" અંતે અળગા રહ્યા. "

" ના અળગો નથી. "

" નથી ત્યારે મને કેમ રોકો છો ? "

" રોકતો નથી. "

" ત્યારે હૃદયમાં સમાસ કરો. "

" સમાસ સમાસ, સમાસ થશેજ ! ધીરજ રાખો "

" મને એકવાર તમારી કહો ! "

" કહેલાંજ છે ! "

" ના, કહો ! "

" માની લ્યો ! કહે શું વિશેષ છે ? "

" ના કહો ! "

" એમ ! "

" હા. "

" મારા ? "

" શુ ?

" તમે મારા ! "

" જુદાઇ ? "

" કુદન, વ્હાલી કુદન હવે તું મારી ! હવે હીરો કુદનમાંજ જડાશે ! ! " આ વચન શ્રવણ કરી કુંદન હરખાણી અને હીરાલાલને ભેટવા ગઈ પણ હીરાલાલે કુંદનનો કોમળ હાથ

પોતાના હાથમાં લઇ લીધો ! બને જણાં પવિત્ર પ્રેમમાં તન્મય થઇ ગયા ! રસ રેલાઇ ગયો ! પ્રેમ ઉભરાઇ ગયો ! લોચન અને હ્રદય અન્યોઅન્ય નિરખવા લાગ્યાં ! ભાવ ભાવમાં ભળી ગયો ! પ્રેમ પવનથી પડતી કુંદન કદળીને હીરાલાલે ટેકવી રાખી, એવામા ભાનુશંકરભાઇનો સાદ આવ્યો "

"હીરાલાલ ચાલો તૈયાર થાઓ!"

"આવ્યો!" કહેતાની સાથેજ કુંદન ચમકી તરતજ હવેલીના બીજા હૉલમા જતી રહી, હીરાલાલ પણ તરતજ ભાનુશંકર ભણી વળ્યો, અને કપડા લતા પહેરી બને જણા તૈયાર થયા. મણીલક્ષ્મી, કુસુમ અને પાછળથી કુંદન એ ત્રણે જણા કાન્તાને શ્રૃંગારી સાસરે વળાવવા તૈયાર થયા, આગળ હીરાલાલ અને ભાનુશંકર પછી કાન્તા અને કુંદન અને પાછળ મણીલક્ષ્મી અને કુસુમ હવેલીના પગથીઆ ઉપરથી ઉતરીને બગીચાના ચોગાનમા આવ્યા ! લત્તામંડપ આગળ કાન્તા કુંદન, કુસુમ અને મણીલક્ષ્મી ઉભા રહ્યા; સીગરામ આગળ ભાનુશંકર અને હીરાલાલ ઉભા રહ્યા, કુસુમ કાન્તાને સાસરે જતી વખતે કાંક શીખામણ આપવા લાગી.

"કાન્તા બ્હેન હવે ડાહ્યા થજો ! કેમકે,"

ગીતિ.

'નવીન ભૂમીમા જાવું નવીન થઇને નવીન નેહ ધરવો.
મનહર તજી મહિયરીયું નવીન જનોમા મન મેળો કરવો '

"બ્હેન માયાથી જીવ અને જીવથી માયા તેમ માયા અને જીવથી આ આખું જગત મનાય છે, જગતથી પ્રભુની પ્રભુતા

પ્રકાશ પામે છે, અને જગતની રચના જોઇને જ્ઞાનીઓ ગોથા ખાય છે, માટે નરવડે નારી અને નારીથી નર તેમ નર અને નારીથી સહન સુહાય છે. દુનિયામા દંપતી પ્રેમનો મહિમા અધિક છે, અને દંપતીના પવિત્ર પ્રેમથીજ ધર્મ અર્થ કામ અને મોક્ષ પમાય છે પત્ની વિનાનો પતિ તે પત્ર વિનાના વૃક્ષ સમાન છે. અને પતિના પ્રેમ વગરની પત્ની તે વાસ વિનાના કુસુમ સમાન છે. પતિ પત્નીના પ્રેમ વિના અન્યો અન્યને સ્વપ્ને પણ સુખ મળતા નથી પુરૂષનુ અર્ધું અંગ પ્રેમદા છે, અને પ્રેમદાનું ઉત્તમ ભૂષણ પતિ છે. શાસ્ત્રમા કહેલા છાયા અને દેહના સંબંધે દંપતીનો પ્રેમ સકળ સુખનુ મૂળ છે. માટે કાન્તા બ્હેન તમારે પતિને પરમાત્મા સમાન માની તેની નિરંતર મન વચન અને કર્મેથી નીતિ, સત્ય, ધર્મ અને શિયળ પાળીને પૂજા કરવી અને આજ્ઞા માનવી."

મણીલક્ષ્મી પણ કાન્તાને ભરાઇ આવેલા હૃદયથી કહેવા લાગી.

"પુત્રી! પશુ વડે મનુષ્ય અને મનુષ્ય વડે પશુ તેમ પશુ અને મનુષ્યથી જગત્નો વ્યવહાર થાય છે. તાણા વડે વાણો અને વાણા વડે તાણો તેમ તાણા અને વાણાથી વસ્ત્રો તૈયાર થાય છે. ખેતી વડે અન્ન અને અન્ન વડે ખેતી તેમ ખેતી અને અન્નથી આલમ અહાર ખાય છે. દેહ વડે જીવ અને જીવ વડે દેહ તેમ દેહ અને જીવથી આ જગત્મા નરનારીઓ જોડાય છે. કવિથી સભા અને સભાથી કવિ તેમ સભા અને કવિથી નૃપતિ શોભાય છે. રાજા વડે રૈયત અને રૈયત વડે રાજા તેમ રૈયત

અને રાજાથી રાજ્ય સુહાય છે. જળવડે કમળ અને કમળથી જળ તેમ જળ અને કમળથી સરોવર શોભે છે તેમ નર અને નારીના પવિત્ર જોડાથી જગતમાં દંપતીઓનાં જીવન સફળ ગણાય છે, માટે મારી વ્હાલી કાન્તા તમે સાસરામાં જઇ સાસુ સસરાની સેવા કરો! ગૃહસ્થાશ્રમની ઉત્તમ ફરજો અદા કરી શીયળ ધર્મને સંભાળો! પતિને પરમાત્મા ગણી તમારો અવતાર સફળ કરો!!" કહેતાની સાથે ગૃહમાતાની આંખમાંથી આસુ આવી ગયા, કુસુમને વળી કાક ઉભરો આવ્યો તેથી કહેવા લાગી.

"કાન્તા! સંપ વડે બળ અને બળથી સંપ તેમ સંપ અને બળથી સારા સારા ઉદ્યોગો થાય છે. ગુણવડે ગીરા અને ગીરાવડે ગુણ તેમ ગુણ અને ગીરાથી મનુષ્યનુ જીવન સફળ ગણાય છે. નિશા વડે શશી અને શશી વડે નિશા તેમ નિશા અને શશીથી આકાશ શોભાય છે, માટે બ્હેન આદીત અને આંખના સંબંધ સમાન તમારે પતિ જોડે સંબંધ રાખી સેવા કરવી!!

દીકરી સાસુ સસરાની આજ્ઞા પાળવી, સાસુ તથા જેઠાણીને માતા સમાન, સસરા તથા જેઠને પિતા સમાન, નણુંદ તથા દેરાણીને બ્હેન સમાન, નણુદોઇ તથા દીયરને ભાઇ સમાન, અને ભાણેજને શિશુ સમાન ગણવા. પાડાપાડોશી પર સ્નેહભાવ રાખી વર્તવુ, સાસરાના સુખ દુઃખ સહનશીલતા રાખી સહન કરવા. પિયરની વાત સાસરે ન કહેવી, અને સાસરાની વાત પિયર ન કહેવી. વાત વાતમાં પતિથી વિવાદમાં ન ઉતરીએ,

ખરાબ ભાષણ ના કરીએ, ચંચળ નજરે ના જોઇએ, ચપળતાથી બેસીએ ઊઠીએ અને ચાલીએ નહિ. પરપુરૂષને પડછાયે પણ જઇએ નહિ. સૌની વાત પેટમાં સમાવીએ, સતીઓનો સમાગમ રાખીએ, હલકી અને દુરાચરણી સ્ત્રીઓ સાથે બોલીએ નહિ, પુખ્ત ઉમ્મરના પોતાના પેટના છોકરા સાથે પણ એકાત રહીએ નહી તો પછી પર પુરૂષની વાતજ શી ? કોઈપણ જાતના નિશાથી સો ગાઉ નાસીએ, અભિમાનથી લાખ ગાઉ નાસીએ, પતિને ન ગમતાં કામ કરીએ નહિ, બહુ બોલીએ નહિ, મનને વશ રાખીએ, ઘરેણા લુગડાંના લાલચુ થઇ પતિને પજવીએ નહિ, કોઇનું જોઈ બળીએ નહીં, દેખાદેખી કરીએ નહિ, શૅાકયનું પણ કાંઈ વાંકુ કહીએ નહિ, બ્હેન સદાચાર અને પતિવૃત ધર્મ પાળી તારી કાયાનું કલ્યાણ કરજે કેમકે·–"

વસમો દીસે સાસરવાસ વ્હાલી,
સમાય ત્યામા શુભ ગુણ વાળી,
વિવેકથી વર્તવુ એજ માટે,
અજ્ઞા નથી ચાલવું ના કુવાટે

" કુસુમ મારા વાચવામાં પણ આવ્યું છે કહી કુંદને પણ લલકારવા માંડયું:–"

' મીઠી સરિતા જયમ થાય ખારી,
સ્વભાવ વર્તે નિધીનો વિચારી;
તો તેહને સ્વામીએ પાસ રાખી,
પતિવ્રતા રહેજે પ્રપંચ પાખી '

"દીકરી આ બધું ધ્યાનથી સાંભળજે, અને મનન કરી સાસરામાં વર્તજે."

'વડી વશીકર્ણ છે એજ વિદ્યા,
મુખેથી કરવી કોની ન નિંદા,
મિથ્યા ન કરવી હઠ કોય કાજે
ધારી નીતિ ધર્મ રેવુ મલાજે'

"કાન્તા પતિનુ ભૂવન તેજ આનંદભૂવન માટે,"

ન પારકે દ્વાર જાવું અતિશે,
ન રાખવી રાઢ રજાડ રિસે,
ન સુસ્ત થાવું ગૃહ કાર્ય માહી,
સુચી સમો સાવધ રે'વુ ત્યાહી'

"દીકરી ડાહી થજે! આ બધુ કાળજામાં કોતરી રાખજે!"

'જે કામની નિત્ય કાયા કસે છે,
વનો કરી સાસરામા વસે છે,
સસારમા તે સુખ પામનારી,
દુખી થશે લાડ હગામ કારી'

"કાન્તા બ્હેન હમેશા વાણી સત્યનીજ બોલવી,"

'સદા વદી સત્ય પ્રપંચ પાખી,
સંધા લિજે સુખ સંતોષ રાખી,
અનાથ વૃધ્ધોની આશિષ લેવી,
ક્રોધે વિરોધી ન વાણી કહેવી'

"નિરંતર સત્ કાર્યો કરી પતિને પ્રસન્ન રાખવો. જ્યા પતિ પ્રસન્ન છે ત્યાં દેવતા પણ પ્રસન્ન છે."

‘ પ્રેમે પતિને વશ જે કરે છે,
પતિવ્રતાનું વ્રત આચરે છે,
વિમળા વિબુધા વિલાસકારી.
સત્કુળની તે સુશિલા કુમારી ’

“ દીકરી જે નારી પતિને પ્યારી તે પ્રભુને પણ પ્યારી ! ”

‘ પ્યારી પતિને ધન્ય બુદ્ધિ તેની
વિદ્યા કળા ચાતુર્ય ધન્ય એની
સદા પતિને સુખ આપનારી,
તેણે ધરામા ધન્ય દેહ ધારી ’

“ બ્હેન આવજો, ડાહ્યા થજો, કોઈને પજવશો નહીં, મા બાપની આબરૂ લજવશો નહી, ”

“સહનશીલતા રાખજો, અને વ્હેલા આવજો” કહી કાન્તાને સીગરામમા બેસારી, અને કુસુમ તથા કુંદન ગાવા લાગી,

‘ મારી લલિત લાડલી બ્હેન વ્હેલા આવજારે,
પ્યારી ચતુર કિશોરી ઘેન સંદેશા કાવજોરે
સ્નેહે જઇ સાસરા માહ્ય લાજ વધારજોરે,
સાસુ સમરાજીને પ્રેમે પાયે લાગજોરે
તારા દમયંતી સીતા પાળે જે આચાર,
સતી તણા ચીલે ચઢી સકળ કરો સંસાર
રાખી ઉકરડાની રીત સુખ દુઃખ સાખજોરે,
કોઇના આઘી પાછી વાત મુખ નવ ભાખજોરે,
નિર્મળ કરીને મનને તન દુર્ગુણ ટાળજોરે,
પ્રેમે ગણી પતિને દેવ ભક્તિ સાધજોરે ’

“ કાન્તા બ્હેન આવજો ! ભાનુશંકર આવજો ! હીરાલાલ પધારજો ! ” કહી સારી રીતે સત્કાર કર્યો, સીગરામ બગીચામાથી બહાર નીકળી ગયું, કુસુમ અને કુંદન દીલગીરી ભર્યા દેખાવે પાછા ફર્યા, ગૃહમાતાની આખો આસુથી ભરાઇ આવી, તેમના મુખમાથી નીકળી પડયું કે “ કોમળ કન્યાનું સાસરૂં કે સંસારનુ ધુંસરૂં ? ”

પ્રકરણ ૫ મું.

મુઝ્યા કે દુઝ્યા.

દોહરો.

પ્રિતી સમ પાતક નહીં વિચારી કરજો પ્રિત,
પ્રિત કરો જો કો થકી નિભાવજો તે નિત

સ્નેહ, પ્રીતિ અને પ્યાર મનુષ્યને ઇશ્વર તરફથી વારસામા મળેલાં છે, જો પખીની માફક મનુષ્યને ઇશ્વરે પાખો આપી હોત તો ઊડી ઊડીને પ્રીતિનો સ્વાદ ચાખત અને હૃદયનો અનુભવ કરત પણ લાચાર પાંખો નથી.

જયા પ્રેમ ત્યા નહી નેમ કુશળ ક્ષેમ જન પ્રેમી રમે,
મહા ગ્રિષ્મ ઋતુનો તાપ પણ ઉર ચક્રવાક તણે ગમે
ચઢતા પગથીઆ પ્રેમના ટોચે ચઢી જન તગતગે,
જયકાર જસ રસરાજનો જગને જીવાડી ઝગ ઝગે

કવિ-મહાસુખરામ

પાવકની ગરમ જવાળામાં પતંગ કેમ પડે છે, ધગ ધગતા અંગારા ચાતક કેમ ખાય છે, કમળના બધનમાં મધુકર કેમ બિડાય છે, મોરલીના નાદે મણીધર કેમ

પકડાય છે, અને સારગીના સુરે પારધિના પાસમા સારંગ કેમ ફસાય છે તેનો ભેદ દુનિયા જાણુતી નથી પણુ કોઈ વિરલા પ્રેમીજ જાણે છે.

મેટ્રીકયુલેશનની પરીક્ષામા કેસર, કાન્તા કુદન, કપિલા અને કુસુમ બેઠા હતા, અને જયન્તીલાલ, મધુકર, ભાનુશકર તથા હીરાલાલ પણુ સાથેજ બેઠા હતા; પરીક્ષાનું પરિણામ મુકરર કરેલા દિવસ કરતા પણુ વધારે લબાયુ હતુ તે હવે આજ કાલ બહાર પડે એવી ચોગરદમ વકી રખાતી હતી. જયન્તીલાલ સાસરામાથી નીકળીને પોતાના માસાને ત્યા રહેતો હતો, અને હીરાલાલને ત્યા જઇ વાંચતો હતો, જોડે ભાનુશકર પણુ વખતો વખત વાચવા આવતો હતો. આ વખતે હીરાલાલે જયન્તીલાલ અને ભાનુશકરને ઇગ્લિશ ગ્રામેટીકલ પોરશન ઘણીજ મહેનત લઇને તૈયાર કરાવ્યો હતો, જયન્તીલાલ બે વરસથી લાગલાગટ ઇગ્લિશમા ઉડી જતો હતો, આ વખતે તેને કાક સારી આશા હતી. પ્રેમીના દર્શન કરી પ્રેમમા પરવશ પડેલી કુદન અત્યારે તેની બે સાહેલી જાસુદ અને અનસૂયા સાથે બગી ચામા આવેલા લતામડપમા બેસી મધુરી મધુરી વાતો કરી રહી છે. મીઠી મીઠી પ્રીતિની વાતોનો મીઠો મીઠો રસ તે પીએ છે, આ અરસામા કુદરતે તેના પર પ્રસન્ન થઇ મીઠા રસથી ભરેલો એક મોટો કુપો મોકલ્યો, અર્થાત્ એકદમ બાઇસીકલ પર બેસી તારવાળો સિપાઇ બગીચામા ઓચિન્તો આવી બે તારના પરબીડીઆં આપી નવનિતલાલની સહી લઇ ચાલ્યો ગયો. હવેલીમાથી તમામ સ્ત્રી પુરૂષનુ મડળ

એકદમ નવનિતલાલની આસપાસ વિંટળાઇ વળ્યું. નવનિતલાલે તાર ફોડયા અને હસ્તે મુખડે મોટેથી વાંચી સંભળાવ્યા, તારના સમાચાર સાંભળી તમામ જણા આનંદમાં આવી ગયા. એક તાર મુંબાઇનો હતો તેમાં મેટ્રીકનું રીઝલ્ટ હતું. કેસર, કાન્તા, કુંદન, કપિલા અને કુસુમ પાંચે જણા મેટ્રીકમાં પાસ થયાં, તેની જોડે હીરાલાલ જયન્તીલાલ, ભાનુશંકર અને મધુકર પણ મેટ્રીકમાં પાસ થયા. બીજો તાર વિલાયતનો હતો, તેમાં સુંદરલાલ બારીસ્ટર એટ લૉની પરીક્ષામાં પાસ થયો. દીકરીઓ અને જમાઇની વધાઈથી ડોસા ઘણો આનંદ પામ્યા, તેમાએ કુંદન અને કપિલા પાસ થઇ તેથી ડોસા ઘણુંજ હરખ્યા, અને હવે ખુશીથી કુંદન અને કપિલાના મો માગ્યા દામ ઉપજશે તેથી ઉમંગમાં આવી આશામાં નાચવા લાગ્યા. ગૃહમાતાને હીરાલાલ પાસ થયા તેનો ઘણોજ આનંદ થયો અને જોડે જયન્તીલાલનો પણ આનંદ થયો. સાસરામાથી જયન્તીલાલના જવાથી ડોસીને ઘણુંજ લાગી આવ્યું હતું પણ જયન્તીલાલ પાસ થયો તેથી તેનું ઠેકાણું થશે એમ ધારી હરખાવા લાગ્યા. ભાનુશંકર પાસ થયા તેની પણ નિરાત થઇ અને જોડે મધુકર પણ થયા તેનીએ શાન્તિ થઇ. નવનિતલાલને જમાઈ પાસ થવાથી કાંઈ હરખ ન થયો પણ કેસર પાસ થવાથી તેના હરખની સીમા ન રહી. સુંદરલાલ બારીસ્ટરની પરિક્ષામાં પાસ થયો તેનો આનંદજનક તાર તરતજ પોતાના ભાઇ તરફ મોકલાવ્યો, અને પોતે ઑફીસમાં ગયો. નવનિતલાલ ધી મુન લાઇટ વીમા કંપનીનો એજન્ટ હતો, નવલશંકર ડી. ટી એસની ઑફીસમાં કલાર્ક હતો

અને રસિકલાલ ભરતખડ મીલમા સેક્રેટરી હતો; આ ત્રણે સ્થળે આનદની ખબર નવનિતલાલે પોતાના કલાર્કને મોકલી આપી દીધી.

આનદજનક વધામણી સાભળી કુંદન ઘણી હરખાણી અને પ્રેમ સરિતામાં પડી તણાવા લાગી. આ તકનો લાભ લઇ અનસૂયા તથા જાસુદે કુદનને બનાવવા માંડી.

"જાસુદ, હમણા વસંતના દર્શનથી આંબો ખૂબ ફાલ્યો છે,"

"અનસૂયા, કુસુમ લતાઓ પણ પ્રેમઘેલી થઈ ખ્હેકવા લાગી છે."

"જાસુદ, કુદનની કનકલતા પણ હમણાં ખુબ ખીલી છે."

"હા એના કુદન કયારામાં જોબનની ડાળીઓ ખુબ ઝુકાઝુક કરી રહી રહી છે!"

"કેમ ન ઝુકે? વનમાળીની ચતુરાઇ પાર વિનાની છે."

"વનમાળી બબૂચક છે સખી છાની રહે! વચનના બાણ મારૂ કાળજુ કોરી નાખે છે"

"કુદન બ્હેન વનમાળી બબૂચક છે કે ચંપકલતા બબૂચક છે?"

"સખી ચપકલતા તો ચતુર અને સુદર છે. સ્હેજમા પ્રફુલ્લિત થઇ શકે એવી પાણીદાર નાજુક અને કોમળ છે."

"સખી વનમાળી વિલાસી નિપુણ અને ખતી છે. તેના ખત વિના આ વાટિકા આવી સુદર વિકસે નહિ."

"ઘેલીરે ઘેલી તદન ઘેલી."

" અલબેલી લતા ખીલી પણ વનમાળીની ચતુરાઇ વગર ખીલી."

" કુદરતના આધારે ખીલી."

" કેમ બ્હેન એમ ?"

" એ તો એમ."

" હુ ના સમજી."

" હજુ વાર છે."

" કેમ ?"

" વાટિકામા બીજ રોપાયા નથી, પાણી સિંચાયું નથી અને ખાતરની ખોટ છે."

" કોનામાં ?"

" તારામાં."

" અરે મારી વાટિકા તો નવપલ્લવ નવીન ડાળીઓવાળી છે, ચાલ તુ એની બ્હાર તો જો ?"

" ત્યારે કુંદનની વાટિકા બરાબર ખીલી નથી એમ તું કહેવા માગે છે ?"

" ના."

" ત્યારે આ કટાક્ષ શા ઉપર ?"

" તું શું સમજે ?"

" કેમ હું માણસ નહીં ?"

" માણુસ પણ માણુસાઇ વગરનું !"

" શું હું ચતુરા નહીં ?"

" ચતુરા પણ ચતુરાઇ વગરની."

" ત્યારે તમે ચતુરાઇવાળાં."

"હાજ તો."

"એમ કે?"

"હા, ચતુરાઇ વિનાની ચતુરા વાસ વિનાના કુસુમ સમાન છે"

"બચુ બ્હેન આમ શું કરે છે? શુ કામ તલસાવે છે? મારા ભેદને ભાગો."

"મારી મધુરી જરા જોબનમાં આવી જાગો પછી છોકરવાદી ત્યાગો, એટલે તરતજ ભાન આવશે અને ભેદ ભાગશે."

"આમા તો કાક ઓરજ ખુબી રહેલી છે."

"ત્યારે ખુબી બતાવો તો ખરા."

"ડાહ્યુ હોય તે એની મેળે જાણે!"

"હા ...હા ..હું સમજી ગઈ."

"કહે શુ સમજી?"

"ચેતી ગઇ છુ ચેતી ગઈ છુ, તારી ચતુરાઇ ચેતી ગઇછુ."

"શું ચેતી? તારૂં કપાળ?"

"જુઓ સાંભળો, તમે એમ કહોછો કે 'વસ તના દર્શનથી આબો ખુબ ખીલ્યો છે,' એટલે કુંદનને જુવાનીના દર્શન થતા કાયા રૂપી આબો ખુબ ફાલ્યો છે. કેમ કેવી ચેતી ગઇ! હા....હવે."

"ચેતી. પછી?"

"જુઓ 'કુસુમ લતાઓ પણ પ્રેમઘેલી થઇ ખુબ મ્હેકવા લાગી છે, અર્થાત્ કુંદનના કાયા આંબાની ડાળીઓ અવયવો

પણ પ્રેમઘેલા થઈ ખુબ ખીલવા લાગ્યા છે. કેમ બરાબર ?"

"ઓ તારીની! આતો હવે સમજી! પ્રેમ શાસ્ત્રનુ પિછાન થવા લાગ્યુ, કહે પછી ?"

"પછીમા એજ કે,"

* * * *

'બાળપણુ બદલાઈ ગયુ, જુવાની જામી જણાય,
નિતબ કુચતો ભર થયા, અંગો અંગ બદલાય'

"અરે વાહરે જાસુદ, તુ તો પૂરેપૂરી પ્રેમ પડિતા બની ગઇ."

"પછી ?"

"બ્હેન," * * *

'ચાળા બાળાના ગયા, અદન હવે બદલાય,
નયન મુખ શરમાઇ ગયા, અતર ઊચુ થાય'

"અરે આતો પ્રેમ જ્ઞાનનો ઝરો ફૂટયો, વારૂ પછી ?"

"લે સાભળ," * * *

'બાલપણામા હા હતી, હવે હા બદલાઇ,
મદહાસ્યે ના ના કહે, હા નિતરમા સમાઇ'

"અરે રગ છે રસિલી, પછી ?"

' સાભળ," * * *

'બાળપણામા લાગતી, બાઝંબાઝા ઠીક,
અડતા તું ના ના કહે, અતર પેઠી બીક.'

"ઑય, ઑય, આટલી બધી સમજણ ક્યારે આવી ? પછી?"

"લે જો," * * *

'શ્યામ વાદળી ગગનમા, ચમક ચમક વીજ થાય,
તેમ ઓઢણાં આછીમા, ગૌર અગ ઝલકાય.'

"અરે તારીતો હવે વાતજ ના રહી, પછી?"

"લે તારે," * * *

'બાલપણામા નાચતી, મીઠા વદીને વેણુ,
હવે નચાવે નયનથી, કટાક્ષમા કહી કેણુ'

"હવે કાઇ?"

"સાભળ,' * * *

'મદ હાસ્યમા મોહિની, લોચન માહી તંત્ર,
ભુરકીથા જગ ભોળવે, વશીકરણનો મંત્ર.'

"અલી જાસુદ, તુ આ પ્રેમશાસ્ત્ર ક્યા શીખી?"

"કેમ તારે શીખવું છે?"

"હા, મને ભણાવ. તારી વાણીની મીઠાશ તો કાઇ જુદીજ છે."

"લ્યો ત્યારે ભણો."

"બોલો."

"પ્રથમ મનમાથી દુનિયાના વિકાર તમામ કાઢી નાખો."

"લ્યો આ કાઢી નાખ્યા."

"મારૂં તારૂં જવા દો."

"જવા દીધુ."

"હૃદયને પવિત્ર કરો."

"શાથી?"

"શ્રદ્ધાનું જળ પ્રેમરાજનો મ ત્રભણી હૃદયમાં ત્રણવાર છાટો."

" ઠીક લ્યો આ છાંટયુ. "

" તમારા જીવને એકતાર કરો. "

" કર્યો "

" જુઓ શ્રદ્ધાથી સાંભળજો, આ કાઇ મોઢેથી ગપ્પા મારવાનાં નથી. મોહલેખાએ એકલશ્ર ગી મુનિને જે પ્રેમશાસ્ત્ર ભણાવ્યું હતું, અને રાધાએ શ્રીકૃષ્ણને બતાવ્યુ હતુ તે હું તમને અત્યારે કહુ છું. "

"વાહરે ગુરૂ શાબાશ, શાબાશ, ધન્ય છે તમારી વિદ્યાને !"

" જુઓ જ્યારે પ્રેમનું પુરાણ શીખવું હોય ત્યારે સૌથી પ્રથમ પ્રીતિ કરતાં રીસ કદી રાખવી નહિ, કેમકે.–"

* * * *

'ઝાઝું કરીએ નવ સખી, પ્રીતિમાહી જોર,
વાત વચકતી જાણતા, ખેચી લઇએ દોર '

" સારૂ પછી ? "

" વખત જોઇને વિધિ પ્રમાણે વાણી ઉચ્ચારવી, અર્થાત્ સમો ભણવો કેમકે, "

* * * *

'સમો ભણે જે જગતમા, તેનું ધાયુ થાય,
કીડીએ કુંજર ગળ્યો, તોયે કહીએ હાય '

" પછી ? "

" ઉચ્ચારેલી વાણીનો મન વચન અને કર્મથી નિભાવ કરવો. જે ઉચ્ચારેલી વાણીનો નિભાવ કરી શકે છે તેજ વિકટ

પ્રેમ પંથમાં સારી રીતે ટકી શકે છે."

"પછી."

"હમેશાં રાત દિવસ સચેત રહેવું. મનની પરિક્ષા કરવી, અને પછી તન સાથે તન જોડવા તૈયાર થવું."

"વાહ વાહ પછી ?"

"આ સંસારમા પ્રગટ પ્રીતડી કરવી નહિ."

"ઠીક.'

"જે કાંઇ વાત કહેવી હોય તે આંખના અણસારામા કહેવી"

"સારૂ."

"પ્રેમ નયનના કટાક્ષમા જણાવવો. દુર્જનના દેખતા વ્હાલાને બોલાવવા નહિ."

"પછી ?"

"ઓછા દીલના માણસ સાથે પ્રેમ સંદેશા કહાવવા નહિ, કારણ કે વાકા બોલા સાથે વઢતા કદી ફાવતું નથી, કેમકે રાધા કહે છે કે," * * * *

'ઓ વ્હાલારે વૃન્દાવનની વાટે વ્હેલા આવજો,
ઓ વ્હાલારે પ્રેમીજનને પ્રેમ કરી બોલાવજો
ઓ વ્હાલારે વિબુધ સાથે પ્રેમ સંદેશા કહાવજો
ઓ વ્હાલારે ભાવ સદા ભિતરમાહી સમાવજો'

લોકકાવ્ય—ભજન સંગ્રહ

"પછી ?"

"સામું જોતાની સાથે પ્રેમને લોચનમાંથી પારખી લેવો, અને અંતરની વાત એક વેણમા સમજી લેવી જોઇએ."

"પછી ?"

"પ્રથમ પ્રેમીનો સ્વભાવ પારખી લેવો અને પછી સ્વભાવ પ્રમાણે વચનવારીનું સિંચન કરવુ,"

"વાહ વાહ !"

"જેનાથી કામ હોય તેની વૃત્તિ માફક ચાલતા ગગનના પક્ષી પણ એક પળમા પકડી લેવાય છે."

"પછી ?"

"હાજી હાજીની મોહની કરવી, કેમકે હાજી હાની મોહની સરખી એકે પ્રેમને નભાવનારી વસ્તુ દુનિયામા નથી, માટે હાજી હાની મોહની કરવી, કેમકે તેમા અમૃત અને સાકરની મીઠાશ રહેલી છે, માટે રસનાએ હાજી હાનો જાપ જપવો."

"ઠીક."

"પ્રીતિનું કામ હમેશા રીઝાવવાથી કાઢી લેવુ, કેમકે ખીજવવાથી પ્રીતિ ફૂળ તરત તુટી જાય છે."

"પછી ?"

"પાકી પ્રીત બંધાયા વિના રીસામણા કરવા નહીં; જો પ્રીત બાધતા દોષ માલમ પડે તો મુખથી બોલી બતાવવા નહિ."

"પછી ?"

"કાચા કાનના થઇએ નહિ, કોઇનુ ગમે તેવુ કહેણુ હૃદયમા આણુવુ નહિ. બે આંખે જોયા શિવાય કાઇ પણ સાચુ માનવુ નહિ; પણ અંતરમા વિચાર કરીને વખતે વખતે તેના પારખાં લેવા. નજર થકી કોઇને જોઇએ પણ તેના વિચાર અંતરમાં એકદમ જાણી લેવા જોઇએ."

"પછી ?"

"જે કોઈ બોલે તેનો ટુંકામાં મર્મ સમજી લેવો જોઇએ, અને તેનો વિવેકથી જેવો ઘટે તેવો સમા પ્રમાણે ઉત્તર આપવો જોઇએ. ઓછું વચન કદાપિ કાળે એકદમ બોલવું નહિ, કોઈ વખતનું છિદ્ર વખતે ખોલવુ નહિ, જેને મારો માનીએ તે થકી વારવાર લડવું નહિ, અને પ્રીતિ ભોજન ખાતા પહેલાં પ્રીતિ અજીર્ણ ન થાય માટે ગમ આદુ થોડુ થોડુ ખાતાં જવું."

"પછી ?"

"સ્નેહી સગે ઝાઝુ માનમાં ન રહેવુ. અંતરના ભાવ પ્રમાણે હમેશાં રીસ અને માન રાખવાં."

"પછી ?"

"કુટિલ આગળ પોતાની આતુરતા બતાવવી નહિ. સામી રીત જેવી હોય તેવી રીત બતાવવી. મીઠુ બોલે તેનાથી રીઝવુ નહિ, સાચા સ્નેહી વિના મન આપવુ નહિ. કપટી સાથે ખરી વાત કહેવી નહિ. લોભે લલચાવુ નહિ. જાળમા ફસાતા પહેલા નાસવાની બારી રાખવી. સાચા પ્રેમીને પ્રાણ માગતા આપવા અચકાવુ નહિ. જૂઠાના ફંદમા ફસાવુ નહિ, જૂઠાની પરીક્ષા પ્રથમ કરીને પ્રીત કરવી, સાચા પ્રેમીને કોઈ કાળે પણ દગો દેવો નહિ. સ્નેહી સઘાતે ઝાઝી મોટાઈ રાખવી નહિ. સમા પ્રમાણે વિવેક ચૂકવો નહિ. પોતાનો ટેક અન્તરથી મૂકવો નહિ. વગર વિચાર્યું ડગલું ભરવુ નહિ. અને વખત આવે છેહ દેવો નહિ."

"શાબાશ પુરાણી શાબાશ! પછી ?"

"સાત ગરણે ગળ્યા પછી બોલાવે બોલ જોઇએ; અને

બોલ્યા પછી દુઃખ થાય તો તેથી જરા પણ ડોલવું નહિ. વીતી ગએલો વખત કદાપિ કાળે પાછો મળતો નથી, માટે વખત વિચારી પ્રેમનો નિભાવ કરવો જોઇએ."

"પછી ?"

"પછી એજ કે,"

'રસ પ્રેમનો તે શિશ સાટે માનવો જો,
ગરજ રાખે તેને દુઃખ દોષ ન આણવો જો;
પ્રીત કદાપિ કોઇ થકી ન જોડીએ જો,
બની ભવિષ્યથી તો પ્રાણ ગયે ન તોડીએ જો'

દયારામ -વિ

"જાસુદ તે તો આજ રંગ રેલાવ્યો! વારૂ પછી ?"

'કાળી કસ્તુરી પણ ગુણ ઘણો ગ્રહોએ સદા જો,
રાતા ઇંદ્રવારણાથી મોહીએ ના કદા જો,
પારા સરખો પ્રેમ જુગતેથી ઝલજો જો,
વિખરતા લાગે ન વાર ચેતી ચાલજો જો,
સાવધાન થઇ પ્રીત પાળજો કહુ કથી જો,
મોતી મન કાચ તૂટયા સંધાતા નથી જો'

દયારામ

"જાસુદ તુ તો હવે પ્રેમશાસ્ત્ર ભણીને પાર ઉતરી ગઇ"

"વાહ મારી મધુરી બુલબુલ તે તો આજે ખૂબ કરી."

"અનસૂયા તે મને ટપ્પો માર્યો ત્યારે મેં તે પૂરો કર્યો! કુંદન સુખેથી સંસાર સાગર પોતાની ચતુરાઇથી તરી શકે એમ છે!"

"જાસુદ તું ભૂલ કરે છે. સંસાર સાગર તરવાનું નાવ

બરાબર નથી, એટલે કુંદન કિનારા પર આવી વિધાતાને ઉપાલમ્ભ આપી દીલગીરીમાં ગરકાવ થઇ ગઈ છે! કેમ કુંદન બ્હેન હું કાંઇ ખોટું કહુ છુ ?"

* * * *

'અનસૂયા તારૂં કહેવું બરાબર છે, કેમકે–

સર્વે સરોવર સૂકા ચાતક લેખે,
ચંદ્ર વિના જેમ ચકોર ઉજડ દેખે,'

"બરાબર તારી પણ એજ દશા છે."

"સખી એતો," * * *

'વીત્યુ હોય તે એ સાચુ પ્રમાણે,
પીડા પ્રસુતાની શું વંઝા જાણે,'

"નજ જાણે કેમકે," * * *

'વેદે તે જાણે ન કોઈથી કહેવાયે,
સ્નેહ તણો ઘા મલમ થકી ન રૂઝાયે,'

"જાસુદ કુંદનના હૃદયની વેદના અત્યારે વધતી જણાય છે."

"ત્યારે વેદના ઓછી કરો."

"બ્હેન એમ ઓછી ન થાય, કેમકે,"

* * * *

'પય ઉભરાયું તે છાટે નીર ન સમાયે,
હૃદયવેદના હૃદય જાણુથી હરાયે,
તાતુ તેલ મળે ત્યમ ભડકો થાયે,
ઔષધ મંત્રથી બમણી વધી જાયે.'

દયારામ.

"બ્હેન તમારે મશ્કરી છે, મારો પ્રાણુ રૂ ધાય છે. દુનિયા અવળી છે, કેમકે," * * *

'કોઇને કહેતા અદેખાં ઠરીએ,
અંતર આગે ટાકયા ધીકી મરીએ,
કીડો કાષ્ટ જેમ ખોખું કરે ખાઇ ખાધું
તેમ પ્રેમ કીડે કાળજ મુજ કરડી ખાધુ
ઉપરથી તન સારૂ સૌ કો દેખે,
ભિતર ભડકો પ્રાણ પોતાનો પેખે'

દયારામ

" બ્હેન ત્યારે તમે તો દુઃખીને દુઃખી રહ્યા "

" જ્યારથી હીરાલાલ સાથેનો વિવાહ લખાય છે ત્યારથી કુંદનના દુઃખની અવદશા શરૂ થાય છે, જ્યારે વિશ્વપતિને દયા આવે ત્યારે દુઃખ કાંઇક ઓછુ થાય ! "

" જેની પાલકને દયા ન આવે, પિતાના સમજવામા ન આવે તો પછી વિશ્વપતિને કયાંથી આવે ? "

" સખી મારા ભવિષ્યમાજ દુઃખ લખાએલુ છે."

" બ્હેન એમ નિરાશ થવાનુ કાઇ કારણુ નથી. "

" સખી," * * *

'લખ્યુ હશે જે વિધિએ લલાટે,
કદી ન ફરશે તે શિર સાટે,
મિથ્યા મરે માનવી યત્ન ધારી,
લખેલી મિથ્યા કદી ન થનારી'

" બ્હેનનુ કહેવુ બરાબર છે કેમકે, "

* * *

'ગુલાબોની ઘડી લાલી,
જુવાની કયા જતી ભાળી;
સંધ્યાના રંગ ક્ષણે જાશે,
હૃદયના રંગ બદલાશે.'

"બ્હેન તમે ગમે તેમ કહો પણ મારી આંખનાં આંસુ કદી સુકાશે નહિ. મારા અંતરની આગ કદી બુઝાશે નહિ, મારી આતરડીનો કકળાટ સદાય ચાલુ રહેશે."

"બ્હેન કુદન નિરંતર આમ પશ્ચાત્તાપ કરીને જીદગી પૂરી કરશો ?"

"સખી જ્યાસુધી આર્ય સસારમા આર્ય બાળાઓનાં બાળલગ્ન કરવામા આવે છે, ત્યાસુધી અ તરની અગન કદી બુઝાશે નહિ. જ્યાસુધી મિથ્યાભિમાની માતપિતાઓ કુળના કુવામાં પોતાની પામર કન્યાઓને ગળે કુળ મોટાઇના દોરડાં બાંધી ફાસે છે, ત્યાંસુધી કન્યાઓનો કકળાટ કદી મટશે નહિ. જ્યાસુધી કામધેનુ કન્યાઓની સ્વાર્થના બજારમાં પૈસાદાર કસાઇઓના આગળ હરાજી થાય છે ત્યાંસુધી કામધેનુ કન્યાઓ મનવાંચ્છિત ફળને કદી આપવાને શકિતમાન થશે નહિ. જ્યાંસુધી વરનું હૃદય કન્યા તપાસશે નહિ, અને કન્યાનું હૃદય વર વિચારશે નહિ, અથવા વડીલો દ્વારા વરકન્યાનાં હૃદયની સરખામણી થશે નહિ ત્યાસુધી વરકન્યા આર્ય સસારમાં દંપતી તરીકે પોતાનો કારભાર કુશળતાથી કોઇ કાળે પણ નભાવી શકશે નહિ. જ્યાંસુધી વરકન્યાના પ્રેમની કસોટી ઘર અને પૈસા ઉપર થાય છે ત્યાસુધી વરકન્યામા અલૌકિક પ્રેમની લાગણી કદી

ઉત્પન્ન થશે નહિ. જ્યાંસુધી લાકડે માંકડાં વળગાડી માબાપો આનંદ પામે છે, ત્યાંસુધી વરકન્યાઓના વિવાહ કહેવાશે નહિ પણ મોકાણુ, વિક્રય અને હુરાજીજ કહેવાશે. જ્યાંસુધી કન્યાઓનાં લગ્ન નાણાંની કોથળીઓ સાથે કરવામાં આવે છે ત્યાસુધી કન્યાઓ છતા ધણીએ રંડાએલી છે. જ્યાસુધી કન્યાઓના ગુણ, વય, અને રૂપની વર સાથે સરખામણી કરવામાં આવતી નથી ત્યાંસુધી કન્યાઓના લગ્ન એક દુઃખની વધામણી રૂપ છે."

" કુદન બ્હેન આ વખતે નીચેનું કાવ્ય કન્યાદાનની સારી ખુબી દર્શાવે છે."

*　　*　　*　　*

'પાત્ર જોઇને દાન અપાય તો શ્રેષ્ઠ કન્યાદાન,
દંપતી ભોગવે સુખ ભવિષ્યમા ગુણના ગાયે ગાન,
રૂપ વપુ ગુણ કુળ જુઓને કન્યાની સમાન,
જોડવી જોડીને જુગતેથી જગતમા વર જોઇને વિદ્વાન્
ગાય કન્યાથી જોર ન થાવ જેમ દોરે તેમ ચાલીને જાય,
વારે વાર વિચાર કરીને કરો વિવાહનું કામ.'

" બ્હેન જાસુદ કન્યા વિદ્વાન્ યુવાન ડાહી નિપુણ અને પ્રેમી અને વર અભણ ખોખલો ઘેલો, બબૂચક અને પૈસાનો પ્રેમી આ પ્રમાણે જે દેશમા થતું હોય તે દેશનાં વરકન્યા કયાથી સુખી થાય ? આર્ય સંસારમાં કન્યા અવતરી એટલે માબાપને સોનાનાં ઇંડાં મુકનારી કુકડી અવતરી, દોલત મેળવવાનો ખજાનો મળ્યો, મન ગમતા રૂપીઆ આપનારૂ એક કલ્પવૃક્ષ મળ્યું, દુનિયામાં ધન અને યશને પ્રાપ્ત કરાવનારા એક સરાફની પેઢી મળી, સંસારમાં મોજમજા મારવાનું એક જાદુઇ જંત્ર મળ્યુ,

મન ગમતો વૈભવ પ્રાપ્ત કરવાનો મોહન મંત્ર મળ્યો, કન્યાઓના વડીલોનાં દળદર ફીટાડનારી એક મહામાયા શક્તિ દેવી મળી અને પૈસા કમાવાનો કીમીયો મળ્યો ! ! ”

“ અનસૂયા જ્યાં આ પ્રમાણે આશાઓ રાખીને કન્યાના જન્મથી આનંદ મનાતો હોય ત્યાં કન્યાઓના સાચા સુખની આશા શી રીતે રખાય ? તેના આત્મિક માનસિક અને ધાર્મિક કલ્યાણની દરકાર એક કીરતાર શિવાય કોણ રાખે ? કન્યાનો સાચો બેલી કીરતાર કે માબાપ ? કન્યાધેનુનો ધણી કુડો કસાઈ કે એક બાપ કે મા ! ગાયના વેચાણ થયા પછી ગાયનો ધણી સાસુ સસરા કે ધણી ! ધણી જો નમાલો મોભાગ્ર બુદ્ધિનો મૂઢ મળ્યો તો કન્યાનો ધણી આખુ સાસરૂ જેમ ગાયને ગરદન મરાય તેમ મારે જ્યાસુધી દૂધ દે ત્યાસુધી દરકાર, જ્યારે અશક્ત થઇ દૂધ દેતી બંધ થાય એટલે તેની પીઠ પર પારાવાર ડફણા, ગાળોનો વરસાદ અને મેણાના ઝાપટા, બિચારી હાડ હાડ થાય અને છેવટે ખોડા ઢોરની પાંજળાપોળમા મૂકવાનો સમય આવે અને તેના પર શૅાકય આવે. જે દેશમાં કન્યાઓની વહુઓની અને સ્રીઓની આવી અધમ દશા થાય તે દેશની સંતતી શી રીતે દેશાભિમાની દેવાશી થઇ શકે !? તે દેશની સ્રીઓ શી રીતે કુળતારણી પતિવૃતાઓ નીપજી શકે ? જ્યા કન્યાના વેચાણથી વિવાહથી અને લગ્નથી ઘરના ગુજરાન ચાલતા હોય તે દેશની આબાદી શી રીતે થાય ? ”

“ જાસુદ, કન્યાનો બાપ વરનો પૈસો જોતો હોય, મા વરનું કુળ જોતી હોય, ભાઇ વરની વિદ્વત્તા જોતો હોય, ભાભી વરની ચાલાકી જોતી હોય, બેન વરની જુવાની જોતી હોય, વડીઆઇ

વરનુ ઘર જોતી હોય અને કન્યા વરનો પ્રેમ અને ડહાપણુ જોતી હોય, જ્યાં આ પ્રમાણે કન્યાના વડીલો જેને જે રૂચે અને ફાવે તેવી આશાઓ જોતાં હોય ત્યાં બળીઆના બે ભાગ થઇ જાય, કન્યાના લગ્નની તાણુમતાણુ થાય; અને જેનો સ્વાર્થ જલ્દી સધાય તે પ્રમાણે ચોકઠા ગોઠવાઇ જાય, ત્યાં કન્યાના પ્રેમ અને ડહાપણુની આશા અદ્ધર ઊડી જાય વડીલોનુ ધાર્યુ થાય અને સ્વાર્થની ઉજાણી થાય બિચારી પામર ગરીબ ગાય કન્યાના વિચાર હવામા જાય. વિદ્વત્તા બળીને ખાખ થઇ જાય સુ દરતા સ્વાર્થની સરિતામા તણાઇ જાય, ચાલાકી ચોળાઇ જાય, ચતુરાઇ રોળાઇ જાય અને પ્રેમ હૃદયમાં ને હૃદયમા સમાઇ જાય, અને આખરે ખવાઇ જાય."

"અનસૂયા જ્યાં આ પ્રમાણે લગ્નો થાય ત્યા સ સાર સુધારાની આશા શી રીતે રખાય ? જુદા જુદા સ્વભાવ, વિચાર, પ્રેમ, ગુણ અને આચારનુ ચલણુ થાય ત્યા ઐક્યતા પ્રેમ અને સુખની શી આશા રખાય ? વર ધારે કાંઇ અને થાય કાંઇ ! કન્યા ધારે કાંઇ અને થાય કાંઇ, કહ્યું છે કે:–"

* * * * *

'ભાઇ તો ભૂગોળને ખગોળમા રમે છે,
કન્યાને ચૂલો ચિતમા ગમે છે,
કન્યા ઉમંગે કુસુમ માળ ભરતી,
વરને શરીરે ઉધેઇ ફરતી;
કન્યા ઉમંગે વરને વધાવે,
વર સોટી લઇને વહુને નચાવે;
કન્યા ઝરૂખે વર વાટ જોતી,

પિયુ વિના પાલવે અશ્રુ લ્હોતી,
કન્યા મુકી પિયુ પરદારે રાચે,
કરી ગુલામી નીચ પ્રીતિ જાચે,
ઘેબર તજી ઘેંશ પ્રીતેથી ખાયે,
મ્હેલો મૂકી ઝુંપડામાહીં જાયે,
ગુલાબ કસ્તુરી મૂકીને પ્રીતે,
ચહે લસણ આકડો નિત ચિત્તે,
કન્યા કિશોરી વર ઉર ખટકે,
તજીને માયા ઘર શ્વાન ભટકે.'

નવલરામ–કાંઈ ફેરફાર સાથે

"આ પ્રમાણે વર અને કન્યાનાં દીલ અને પ્રેમની વ્હેચણી થાય ત્યા વરકન્યા શી રીતે સુખેથી રહે ! બ્હેન મે તો કાન્તાના લગ્ન જોયાં છે. મારાથી તો બોલ્યા વિના નથી રહેવાતુ, હુ તો વડીલોની આમન્યાને કૂવામા નાખી કહી દઉં છુ કે નાણા સાટે દીકરીને શૉકયની શૂળી ઉપર વિધનાર, સ્વાર્થને ખાતર કન્યાને કસાઇને ઘરે બાધનાર અને કુળને ખાતર કન્યાને ભર જંગલમા રઝળતી મૂકનાર માબાપો વડીલો અને મુરબ્બીઓ તે કન્યાના વડીલો કહેવાય કે જમાનાના કસાઇઓ કહેવાય ? કાળ કહેવાય, કે કન્યાના કુવારા લોહીના તરસ્યા કેશરીઓ કહેવાય ! !"

"સખી એ માબાપો નહીં પણ કન્યાના કાળ કહેવાય ! નિરપરાધી કન્યા કુસુમને બણૂચક હેવાન વરોના ધગધગતા અગારાના ઢગલામા ઝીકનાર માબાપો ભલે સ્વાર્થ સાધી કન્યાના લગ્ન કરી કન્યાદાન દીધું સમજે પણ દુનિયા તો કન્યાને હળાહળ વિષદાન દીધું કહેશે. લગન દુધના પ્યાલામાં

સોમલ સાકર નાખી સ્વાર્થની પહેરામણી કરી પરલોકના સાસ-રામાં દીકરી વળાવનાર દાનસ્તાં ડાહ્યાં માબાપોનું પ્રભુ કલ્યાણ કરો ! ! "

" ધન્ય છે ! ધન્ય છે ! આર્ય સંસારની કન્યાદેવી તારા નામને ધન્ય છે ! ધન્ય છે ! ગરીબ ધેનુ કન્યાદેવી ધન્ય છે. તારી સહનશીલતાને ! ધન્ય છે અથાગ દુ:ખમાં સંતોષ રાખનારી શાણી કન્યાદેવી ધન્ય છે તારા સંતોષને. પારધી માબાપો અને સાસરીઆની સ્વાર્થી અને જુલમગાર જાળમા પકડાએલી પામર પંખણી કન્યાદેવી ધન્ય છે તારા માબાપ પ્રત્યેના પ્રેમને સ્વાર્થના ફંદામા ફસાઈ ગએલી, આમન્યાની સાંકળે બંધાઈ ગએલી, લજ્જાની બેડીઓથી પરવશ પડેલી, જુલમગારોના જુલમે જકડાઇ ગએલી, કપટાચારીઓના કપટે વિષપાન થએલી, બબૂચક વરના તાપે બળી મરેલી, દયાહીન ક્રૂર સાસુ સસરાઓના હાથથી દુ:ખના દરિયામાં હડસેલી મૂકાએલી ડુબકાં ખાતી દુ:ખી કન્યાદેવી ધન્ય છે તારી ધીરજને ! કન્યાદેવી તને લાખો ધન્યવાદ છે ભારતવર્ષની આર્ય કન્યાઓ તમારા ગૃહસ્થાશ્રમને કરોડો ધન્યવાદ છે."

" અનસૂયા, સ્વાર્થી માબાપોએ બાળલગ્નની મોકાણમા કરેલા બાળલગ્નો કન્યાઓ જમાનાના જાલમ જોરમા, જોબનના જુલમી તોરમા અને સુધારાના ફેશન ભર્યા દોરમા શી રીતે સ્વીકારી શકશે ? ઉછરતી નાજુક દુનિયાના કોઇપણ રંગમા રંગાયા વગરની અલેતી મુગ્ધ કન્યાધેનુઓ પોતાના ગળે પાપી સ્વાર્થી વડીલોની કપટ છરી શી રીતે મૂકવા દેશે ? રૂઢિ બંધનના ફાંસા શી રીતે સહન કરશે ? પોતાની અજ્ઞાન અવસ્થામાં

લધાએલા અનાચારનો બોજ શી રીતે ઉપાડી શકશે? ઘર સંસારનુ ધુંસરૂં શી રીતે ધારી શકશે? સુડી વચ્ચે સોપારીના ઘા જેવાં લગ્નો શી રીતે નભાવી શકશે? સાપે છછુંદર ગળ્યા સમાન પરણેતર શી રીતે પાળી શકશે? પરણેતર નભાવી શકશે નહિ પરણેતરનો ત્યાગ કરી શકશે નહિ, તેમ પરણેતરનો સ્વીકાર પણ કરી શકશે નહિ, અને અનાચારની સ્થિતિમા પોતાની જીંદગી કલંકિત કરશે!!"

"જાસુદ, જંગલના પંખીનાં બચ્ચાને લાવી કુંદનના પાંજરે પૂરો, મોતી અને માણેકનો ચારો મૂકો, અને દુધના પાન પાઓ તોપણ તે તેનાથી કદી રીઝશે નહિ, તેના પોષણને વાસ્તે ખેતરના છુટા છવાયલા દાણાજ બસ થશે. પરાધીનતાને આધીન રહીને જેટલો વખત પાંજરામા રાખશો તેટલો વખત પાજરામા રહી શકશે પણ જરા જવાની છુટી મળશે અગર ભૂલથી પાજરૂ ખુલ્લુ રહી જશે તો તરતજ તે ઉડી જશે, તેમ કન્યાપંખીણીઓને બાળપણમા લગ્નના પાજરામા પૂરશો તો તે વડીલોની પરાધીનતાને વશ થઇ પૂરાશે પણ તે સમજણના રૂપમા આવતાં તરતજ વિચાર પિછાના આધારથી ઊડવા પ્રયત્ન કરશે, માટે બાળલગ્નની જાળો જ્યારે તોડી નાખી કન્યાપંખીણીઓને સમજતી કરી વય, વિચાર, કુળ શીયળ અને ડહાપણથી સરખામણી કરી તેને પરણાવવામાં આવશે તોજ તે પોતાનો સંસાર દીપાવી શકશે!!"

"અનસૂયા, સુકુમાર બાળાને એક ખોખલાખવીસ સાથે પરણાવીને કહેશે કે બ્હેન સ્વામિનાથને પ્રભુ માની પતિવ્રત

પાળો અને પતિની પૂજા કરો, અને કોઇ યુવાન બાળાને પાચ વરસના ઢીંગલા સાથે પરણાવીને કહેશે કે ધણીની ચાકરી કરો, શૅાકયની શૂળી ઉપર પોતાની પામર કન્યાને દઇને કહેશે બ્હેન ધણીને પજવીશ નહીં સાસુ સસરાની સેવા કરજે અને ઘરમા બીલકુલ કલેશ કરીશ નહી, આ સિદ્ધાન્તો કોઇ પણ કાળે કોઇ પણ ભગીરથ પ્રયત્ને કન્યાના મનમા ઉતરશે નહી. જતે દિવસે કન્યાને અવસર મળતા દુનિયાને લાત લગાવી પોતાના મનનો રસ્તો કરશે, માટે માબાપોએ અને વડીલોએ વરકન્યાના મનની સરખામણીનો ખાસ કરીને વિચાર કરવો, અને પછી તેમને લગ્નના ધુસરામા જોડવા. વિચાર વગર લગ્ન કરવાથી વર કન્યાઓના મનમા હરીફાઇ, લડાઈ, અને સ્વચ્છદીપણુ ઉત્પન્ન થાય છે; અને તેથી તેમનામાથી તે વખતે જે પ્રેમ, આમન્યા, લજ્જા, વિનય, સદ્બુદ્ધિ અને કુળના ટેકનુ અભિમાન અલૌકિક રીતે અદૃશ્ય થઇ જાય છે તે કોઇપણ કાળે સતત પ્રયત્નથી પુનર્જન્મ અને દારૂણ દુઃખ સિવાય આવતા નથી."

"કુદન બ્હેન હવે કઢાપો જવા દ્યો. તમે પાસ થયા તેની ખુશાલીમાં લ્યો આ ગુલાબ!"

"લાવ બ્હેન તારૂં ગુલાબ હુ આનદથી આજ લઉ છુ"

"કુદન તારૂ મન પણ ગુલાબ, તન પણ ગુલાબ, અને વિચાર પણ ગુલાબ માટે લે આ ગુલાબ લઇ ગમગીની દુર કર!!"

"આહા ગુલાબ, ગુલાબ તારામાં કેવી સુકુમારતા અને નાજુકાઈ છે? આવી કોમળતા અને નાજુકાઇ કન્યાઓનાં મા બાપના મનમાં કયારે આવશે? તેમના વિચાર ગુલાબ જેવા

કોમળ ક્યારે થશે? આહા ગુલાબ, ગુલાબ, ગુલાબ તારામાં કેવી મીઠી મધુરી અને મોહક સુગંધી છે? આહા વરકન્યાનાં માબાપ ક્યારે આવી વરકન્યાના મન પ્રેમ અને સંતોષ ગુલાબની મીઠી સુગધી લેતા શીખશે? આહા ગુલાબ, ગુલાબ તારી પાખડીઓ કેવી સુંદર અને હળીમળી બીડાએલી છે? આહા વરકન્યાનાં માબાપ પોતાના સતતિ ગુલાબના છોડને હૃદયના પ્રેમવય, ગુણ, રૂપ અને શીલની સરખામણીનાં મધુરા પાણી ક્યારે પાશે? તેમનામા યોગ્ય વયનાં ખાતર પૂરી ગુલાબને ક્યારે આવુ પાખડીવાળુ સુકોમળ કરશે? આહા ગુલાબ, ગુલાબ તારા પુકેસરની માફક વડીલો વરકન્યાના પ્રેમ પુકેસરનું ક્યારે જતન કરશે? આહા ગુલાબ, ગુલાબ તારા છોડના કાંટા જેમ તારાથી દૂર થયા છે તેમ વરકન્યાના ગુલાબ વડીલો છોડના સ્વાર્થી કાટા ક્યારે દૂર થશે? આહા ગુલાબ, ગુલાબ તારો જેમ જગત્ પ્રેમથી સ્વીકાર કરી આનદ માને છે તેમ વરકન્યાના દાંપત્ય પ્રેમ અને સુખ ગુલાબનો સ્વીકાર કરી વડીલો ક્યારે આનદ પામશે?"

"કુદન, કુદન હવે દીલગીરી દૂર કરો, પરમાત્મા સૌ સારા વાના કરશે. તમારા કહ્યા પ્રમાણે સુધારા થવામા વધારે વખતની જરૂર છે, જ્યારે વખત આવશે ત્યારે જગત્ એની મેળે સીધુ ચાલશે. આહા મારી કોમળ કુદન હવે દિવસે દિવસે નિસ્તેજ થતી જાય છે. બ્હેન આમ કઢાપા કરી કરી કુદન કાયાને કરમાવી નાખશો?" કહી જાસુદ અને અનસૂયા કુદનને દિલાસો આપવા લાગ્યાં; તેમના મુખમાથી નીકળી પડયુ કે "આતે મુગ્ધા કે દુગ્ધા?"

પ્રકરણ ૬ ઠું.

સુધરેલી સફાઇ કે વિફરેલી બેવકૂફાઇ !

દોહરો.

જૂનાની નિંદા કરી ધરે નવા પર પ્યાર,
ખુબી નવાની ના લહે એ મૂરખ સરદાર

જમાનાના જાલીમ જોરમાં, સ્વતંત્રતાના હદ બહાર દોરમાં અને સુધારાના ફેશન ભર્યા તોરમા જે દેખાદેખી પોતીકા કુલાચાર પરહરી ફસાય છે તેની જગતમાં અજા કંઠે આવેલા આચળ સમાન ગતિ થાય છે.

સંગત કરશે તેની રંગત અંગે નિત ચડશે,
હીંગ ગંધ નવ ટળશે, પયમા પત્થર નવ ગળશે,
કેતકી કદી નવ ફળશે, કેસુડે વાસ નવ મળશે,
ભલે વાચશે ગિતા ગુણકા તોય પાપમા પડશે

લસણના છોડમા કસ્તુરીનુ ખાતર નાખો, કરિયાતાના કયારામા સાકરનુ પાણી રેડો, હિંગનો ગંધ ટાળવા સારૂ લવિંગનો પાસ આપો, કોયલાને ઉજળા કરવા સારૂ દુધથી ધુઓ અને ખરેરા દૂર કરવા સારૂ ખરને સોમણુ સાબુથી

સ્નાન કરાવો પણ સંસ્કાર વિના કુસંગતની રંગત ટળતીજ નથી.

*　　*　　*　　*

" અવનીમાં આનંદ સતીને શિયલમાં,
સતીનું સાચું ધન પતિનું તનજો-૦
પ્રિતે પતિવ્રત પાળે નિતે પતિને પ્રભુ સમ જાણેજો,
ધન્ય ધરામાં તે દારાને સ્વર્ગ સમુ સુખ માણેજો
શાસ્ત્રમાં લખિયાં એહ વચનજો-૦
દુરિજન સંગત દુર કરીને સજ્જન શિખ સમરિયેજો,
કેણ કથનું કાને ધરતાં આ ભવસાગર તરીએજો,
સતિયોનું શરણ સ્વામિનાં ચરણજો-૦ "

સતી સીતા

આહા ! જમાના જમાના તારી પણ બલિહારી છે ! એક વખતે આ આર્યભૂમિમાં અનસૂયા, તારા, દમયંતી, સીતા, લોપામુદ્રા, સાવિત્રી અને દ્રૌપદી જેવી સન્નારીઓને નિપજાવી આર્યભૂમિની કીર્તિ દિગદિગાન્તરે દીપાવી દીધીછે, અને અધુના આર્યભૂમિને ભાર કરનારી અર્ધદગ્ધ આર્યાઓને બનાવી છે, કે જેઓ આર્ય મટી નિરંતર અનાર્ય બનવાનાજ પ્રયાસો આદર્યા કરેછે. કાળ કાળ તારી પણ અજબ ગતિ છે. સુધારા સુધારા તે પણ તારૂં સાચું સ્વરૂપ સંતાડી કૃત્રિમ સ્વરૂપના ફંદમાં અર્ધદગ્ધ સ્ત્રીઓને ફસાવીને આર્યબાળાઓના સુખનું સત્યાનાશ વાળ્યું છે. મારી કેસર અને કપિલા બ્હેનોએ તો કેવળ સુધારાને વશ થઇ લાજ મલાજાનો ત્યાગ કરી દીધોછે, તેમાં કેસર બ્હેને તો જુલમજ કરી નાખ્યો છે, અને નવનીત કાકા તથા ગિરજા કાકીએ તો દાટવાળી નાખ્યો છે. "

કેસર કેસર તે આ કાળુ કર્મ કર્યું છે. પત્નીના પરમ ઈશ્વર રૂપ મનાતા પતિનો તિરસ્કાર કરી માબાપને આડુ અવળું સમજાવીને જયન્તિલાલને ઘરમાંથી દૂર કરાવ્યા છે. ગંગા સ્વરૂપ વૃદ્ધમાતા મણીલક્ષ્મીનુ અપમાન કરી તેમને એક ઘરડા ઠચરાં બેવકુફ તરીકે હસાવી કહાડયા છે ! હરિ ! હરિ ! હરિ ! કેસર બ્હેન તમે આ પાપમાથી ક્યારે મુક્ત થશો ?

અરેરે ! કેળવણી, કેળવણી, આવી અર્ધદગ્ધ આર્યાઓ તને કલંકિત કરે છે. રમણિકલાલ જેવા પવિત્ર ધર્મચુસ્ત પ્રમાણિક અને સત્યવક્તા શિક્ષકના ઉમદા શિક્ષણની પણ કાંઇ અસર તેને થઇ નહીં અરે, નજ થાય, તેના જેવી અર્ધદગ્ધ આર્યાઓને તો વિરંચી જેવા શત ગુરૂઓ મળે તો પણ તેતો તેની તે ! આધુનિક જમાનોજ અજબછે. ચાલુ જમાનામાં આજ કાલની આર્યબાળાઓ અંગ્રેજી કેળવણી લઇને ધર્મ નીતિ અને સંસારનું ઉમદા જ્ઞાન પ્રાપ્ત કરવુ જોઇએ તેને બદલે કેળવણીનો ઉલટો ઉપયોગ કરેછે ફક્ત તેઓ અંગ્રેજી થોડુ ભણે અગર વધારે ભણે પણ ટાપ ટીપ અને ફેશનથી દૂર રહે તોજ ઘણું સારૂ, પણ ભણુતર ભણુતરને ઠેકાણે રહે છે અને ભામનીઓના ભિતરમાં ફેશનનાં ચણુતર ચણાઇ જાય છે, કેમકે,

'આજ કાલનાં આર્યબાળાઓ શીખે ભણુતર સારૂ,
નવિન નવિનને પ્યારૂ માને જુનું છે તે નઠારૂ;
ધર્મને ધકે નિત મારે ધણીને નોકર સમ ધારે'

'સાચો સુધારો નોનસન્સ, ગો વે, વેલકમ ઓનમાં આવ્યો.
વેરી ગુડ, પ્લીઝ, સર, ગુડ મોર્નીંગ ને ગુડ બાઇ નોમાં સમાયો;

"ધર્મ છે આર્યજનો અંધા, બનાવ્યા સ્વચ્છંદી સંધા."

આ પ્રમાણે કુસુમ અંતરના ઉદ્ગાર કાઢી કેસરના બનાવ પ્રત્યે અણગમો બતાવી રહી છે. સમય સાંજના સાડા પાંચ વાગતાનો છે. કુસુમને ભણાવનાર રમણિકલાલ માસ્તરને આવવાનો સમય થયો છે, મેટ્રીકમા પોતે પાસ થઈ તેને વાસ્તે કુસુમના મનમાં કાંઇપણ જાતનો હરખ શોક થતો નથી. સુધારાના પવન પર ચઢેલી કપિલા અને કેસરને વાસ્તે કુસુમ ઘણોજ કઢાપો કરી રહી છે. જયન્તીલાલના અપમાનથી કુસુમને ઘણુજ લાગી આવ્યું છે, અંગ્રેજી કેળવણી પરથી તેનો ઘણો ખરો પ્રેમ ઓછો થઇ ગયો છે. આર્યબાળકોને સંસાર વ્યવહારમા નાખતા પહેલા જો તેમના હૃદયમા ધાર્મિક સંસ્કાર આપવામાં આવે તો તેમનો ઘરસંસાર ઘણોજ સુખરૂપ નીવડે; પોતપોતાની ફરજોથી સ્ત્રી પુરૂષ દરેક જણ માહીતગાર થાય ! પિતા પ્રત્યે, પતિ પ્રત્યે ભાઇ પ્રત્યે, પુત્ર પ્રત્યે, દીયર પ્રત્યે અને વડીલો તથા કુટુંબ પ્રત્યે પોતાનો શો વિવેક છે ? ધર્મ છે અને ફરજ છે તેની તમામ માહિતી ધાર્મિક કેળવણીથી જેટલી સ્ત્રીજાતિને મળેછે તેનાથી સોમે અંશે પણ બી.એ, એમ.એ ની અંગ્રેજી કેળવણીથી મળતી નથી, માતા પ્રત્યે, સ્ત્રી પ્રત્યે, બેન પ્રત્યે, પુત્રી પ્રત્યે, માસી પ્રત્યે, ફોઇ પ્રત્યે, અને વડીલો તથા કુટુંબ પ્રત્યે પોતાનો શો પ્રેમ છે, વિવેક છે અને ધર્મ છે તેની જે કાંઇ ખુબી ધાર્મિક કેળવણીની જેટલી પુરૂષ જાતીને મળેછે તેનાથી સોમે અંશે પણ સાંપ્રત સમયની ફેશનભરી કેળવણીથી મળતી નથી એ ખુલ્લી રીતે હવે કુસુમને સમજાવા લાગ્યું.

સુધરેલ, ઉડાઉ, છાકટો અને અનાચારથી ભરેલો ભરથાર મધુકર કુસુમને મળ્યો હતો, તોપણ કોઇ પણ વખતે કુસુમ તેને વાસ્તે અસતોષ કે અણુગમો બતાવતી નહોતી, તેતો નિરતર તેને પરમાત્મા સમાન માની તેની ભકિતજ કરતી હતી. અત્યારે કુસુમ ઘડીઆળમા જોઇ માસ્તર આવવાનો સમય થયો જાણી સતીધર્મનો ગરબો લલકારવા લાગી.

' સતિને પતિતણી છાયા સુખકારરે,
પતિ છે સતિનો સાચો શણુગારરે,
પતિથી સતિ સસાર તરનારરે,
પતિથી સતિ ધર્મ કમ કરનારરે ૦
કર કંકણ નયનની કીકી રૂપાળી,
કાયા વાડીમા પતિ વનમાળી,
સુખના પ્રસગે સુખ ભરનારરે,
દુખના પ્રસગે દુખ હરનારરે-૦
સ્વામિ સેવાથી સતી શ્રી હરી રિઝાવે,
સતિના સત્યે હરિ ઘર શોધી આવે,
અડસઠ તિર્થ ચર્ણ ભરથારરે,
ચર્ણ સેવ્યાથી મોક્ષ મળનારરે-૦ "

" કુસુમ બ્હેન છો કે ? "

" આવો આવો માસ્તર પધારો ? "

" બ્હેન તમે મેટ્રીકમાં પાસ થયા. "

" આપના ઉમદા શિક્ષણમા શી ખામી રહે ? "

" આ કયુ પુસ્તક છે ? શું નવુ લાવ્યાં ? "

"હાજી તે સતીગીતા છે લ્યો તેના શ્લોકો મને સમજાવો"! કહી સતીગીતા માસ્તરના હાથમાં મૂકી, રમણિકલાલે કલાક સુધી તેનાં પાનાં ઉથલાવ્યાં અને ઉપર ઉપરથી તેના શ્લોકો વાંચી ગયો; શાસ્ત્ર પુરાણોમાંથી ચુંટી કહાડેલા શ્લોકો જોઈ તે ઘણોજ આનંદ પામ્યો અને કુસુમ ભણી જોઇ કહેવા લાગ્યો.

"કુસુમ બ્હેન આ પુસ્તક ઘણુંજ ઉત્તમ છે. સન્નારીઓએ નિરંતર આ પુસ્તકના શ્લોકોનુ શ્રવણુ મનન અને વર્તન કરવું જોઇએ!"

"બહુ સારૂ! આપ તેમાથી થોડાક શ્લોક સમજાવો જોઇએ."

"ઘણી ખુશીથી લ્યો સાભળો,"

'नित्यं तु भर्तयौत्सुक्यात्तत्पादोदकमीप्सितम्।
भक्ति भावेन सततं भोक्तव्यं तदनुज्ञया ॥'

"આનો ભાવાર્થ કરો જોઇએ!"

"પતિવ્રતા કુલીન કાન્તાઓએ હમેશા પોતાના પતિને વિષે ભકિત રાખવી જોઇએ, હમેશાં તેના ચરણુ કમળ ધોઇ તે ચરણોદક માથે ચડાવવુ તથા પીવુ અને ભકિતથી પતિને પ્રથમ જમાડી પછી તેની આજ્ઞાથી પોતે જમવુ, કેમ બરાબર છે કે કાઇ દોષ છે?"

"ના બરાબર છે ચાલો આ શ્લોકનો અર્થ કરો."

'व्रतं तपस्यां देवार्चा परित्यज्य प्रयत्नतः।
कुर्याच्चरणसेवा च स्तवनं परितोषणम् ॥'

"જુઓ સાભળો,"

'પતિવ્રતાઓએ વ્રત તપસ્યા અને દેવ પૂજનને મૂકી

પોતાના પતિનીજ પ્રયત્નથી પૂજા કરવી, તેની સ્તુતિ કરવી, અને તેનેજ પ્રસન્ન કરવા ' કેમ કાંઈ ભૂલ છે?

"ના જુઓ,"

तदाज्ञारहितं कर्म न कुर्या द्वैरतः सती।
नारायणात्परतरं ध्यानेतसततं पतिम्॥

ઓહો એતો સહેલો છે, જુઓ ' સતિ પોતાના પ્રાણનાથની જે કામમાં આજ્ઞા ન હોય તે કામ ઉપર વેર રાખી કદી પણ કરે નહી અને પતિને નારાયણથી પણ અધિક ગણી તેનું ધ્યાન ધરે ' કેમ કાઇ દોષ છે?

"ના જુઓ."

वरं भूषाधरं चैव सुवेषं पुरुषं परम्।
यात्रामहोत्सवं नृत्यं नर्तकं गायनं व्रजेत्॥
परक्रीडां च सततं न हि पश्यति सुव्रता।

' પતિવ્રતા સ્ત્રી વસ્ત્ર આભૂષણ ધરનાર પર પુરૂષની સામું જોતી નથી યાત્રા મહોત્સવ મેળા વગેરે જોવા જતી નથી દેવાલયમા જતી નથી સાધુ સન્યાશીના દર્શન કરતી નથી, નાચ તમાસા જોતી નથી, ગાયન સાભળતી નથી અને પારકી રમત પણ જોતી નથી.'

શાબાશ હવે સસ્કૃતનુ જ્ઞાન જરા જરા વધવા માડયુ. ચાલો આનો ભાવાર્થ કરો.

यद्भक्ष्यं स्वामिनां नित्यमेतद्देवा हि योषिताम्।
न हि सजेत्तु तत्संगं क्षणमेव च सव्रता॥

' જે સ્વામી જમે છે તેજ પતિવ્રતા જમે છે અને ક્ષણ

માત્ર પણ પોતાના પ્રિયતમથી પતિવ્રતા જુદી પડવા ઇચ્છતી નથી ' કેમ બરાબર ?

હા,

उत्तरे नोत्तरं. दद्यात्स्वामिनश्च पतिव्रता ।
न कोपं कुरुते शुद्धा ताडिता चापिकोपतः ॥

'પતિવ્રતા પોતાના સ્વામીના સામો ઉત્તર પ્રત્યુત્તર કરવા તૈયાર થતી નથી, એટલુ જ નહીં પણ પોતાનો પતિ કોઇ વખત કોપથી મારે તોપણ પતિવ્રતા પોતાના પતિ ઉપર કોપ કરતી નથી.' કેમ કાંઈ દોષ છે ?

ના હવે આ શ્લોકનો અર્થ કરો જોઇએ.

क्षुधितं भोजयेत्कांतं तृषितं पायघेज्जलम् ।
न बोधयेत्तं निंद्रातं प्रेरयेन्नैव कर्मसु ॥

'પોતાના કાન્તને ક્ષુધા લાગે ત્યારે તેમને ઉત્તમ ભોજનથી તૃપ્ત કરવા તેમને તૃષા લાગે ત્યારે શીતળ સુગધી જળ પાવુ, તે નિદ્રામાં હોય તો તેમને જગાડવા નહી, અને કોઇ વખતે કાઇપણ કામ તેમને બતાવવુ નહીં.'

पुत्राणां च शतगुणं स्नेहं कुर्यात्पतिं सती ।
पतिर्बंधुर्गतिर्भर्ता दैवतं कुलपोषितः ॥

સતી સ્ત્રી પોતાના પુત્ર ઉપર જે સ્નેહ સ્વાભાવિક હોય તેથી શતગુણ અધિક પોતાના પ્રાણપ્રિય ઉપર રાખે છે, કારણકે કુલીન સ્ત્રીઓને બધુરૂપ, ગતિરૂપ, ભરણપોષણ કરનારરૂપ અને દૈવતરૂપ પણ પતિજ છે.'

शुभं दृष्ट्वा सुधातुल्यं कांत पश्यति सुंदरी ।
सस्मितं वदनं कृत्वा भक्ति भावेन यन्नतः ॥

'પતિવ્રતા સ્ત્રી ભક્તિભાવથી હસતુ મુખ રાખી પોતાના પ્રાણુપતિને અમૃતની પેઠે જુએ છે એટલે જેમ અમૃત જોતા દૃષ્ટિ તૃપ્ત ન થાય તેમ પતિવ્રતાની દૃષ્ટિ પતિને નિરખતા તૃપ્ત થતી નથી."

આ પ્રમાણે સાધ્વી કુસુમ રમણિકલાલ આગળ સતી ગીતાના શ્લોકો વાચી રહી છે, તે દરમ્યાન ગૃહમાતા મણીલક્ષ્મી દીલગીરી ભર્યા દેખાવે નીચેના ઉદ્ગાર કાઢતા કુસુમના અવાસમાં દાખલ થયા,

"અહો મારી કુસુમ અને કુદન સિવાય આખુ કુટુબ સુધારાના પવન પર ચઢી વઠી જવા બેઠુ કેસર તો હદપાર જતી રહી, કપિલા પણ તેની સોબતે ચઢી ખરાબ થઇ, અને કાન્તાને પણ સગતનો રગ ચઢવા લાગ્યો. જેનાં માબાપ અને વડીલો સુધારાના સારથી અને સ્ત્રીસ્વતત્રતાના હિમાયતી હોય તેની સંતતિ અકુશમાં રહેવી ઘણીજ મુશ્કેલ છે. મારો નવનીત વઠી સુધારાના શિખર ઉપર જઇને બેઠો, તેની જોડ તેની સ્ત્રી અને કેસર પણ જઇને બેઠાં આ કુસુમનો બાપ જ્યાંસુધી તેની જુની સ્ત્રી હયાત હતી ત્યાંસુધી આ છચોક સુધારામા રગાયો નહોતો, જો કે બ્હાર જઇને સુધારાની સભામા તે ગમે તેમ બોલતો હતો પણ ઘરમાં મારી અને જુનીની ધાકથી દબાઇ જતો; પણ હાલમાં જુનીના મુઆ પછી તે હદ બહાર નિર્ભય બની તેની નવી જોડ સુધરી ગયો છે, કુસુમને નાનપણથી તેની

સ્વર્ગસ્થ માતા અને મારા તરફથી ધાર્મિક અને નૈતિક કેળવણી સારી રીતે મળેલી છે તેથી સુધારાની રંગત તેને લાગી નથી આમાં એની માતા અને માહા પ્રભુનો પ્રતાપ છે કપિલા અને તેનાં માબાપ તે તો અચ્છી રીતે સુધરી ગએલા છે, એટલે મારે હવે કોઇને કહેવાનું રહ્યુ નથી જ્યા મારા કર્મનો વાક છે ત્યા કોઇ શું કરે ? મારા નાથ ડોસા જ્યાં હૈયાફૂટા અને સુધારાના સારથી છે ત્યા કોની ધાક કોઇ ઉપર બેસે ? હરિ, હરિ, હરિ, હવે મારા ઉપર અનુગ્રહ કરી મારી જીવનમુક્તિ કરે તો મને ઘણોજ સંતોષ થાય હવે હું જીવનને ચહાતી નથી. સદાચારી કુટુંબમાં ધર્મ પરાયણ અને કર્તવ્ય પરાયણ જીવન એજ મનુષ્યનું ઉત્તમ જીવન છે. જ્યાં આત્મભાન અને સ્વફરજનું પિછાન નથી ત્યા ઉત્કર્ષતા હમેશા દૂર રહે છે. જ્યાં નીતિની ન્યૂનતા છે ત્યાં સુખની સંપૂર્ણ શૂન્યતા છે લાવ હવે હું જરા છુપાઇ રહી કુસુમ અને રમણિકલાલનો વાર્તા વિનોદ વિદ્યાભ્યાસ શ્રવણ કરૂં !" કહી મણીલક્ષ્મી છાનામાના કમાડ ઓથે છુપાઇ રહી સાંભળવા લાગ્યા,

पुरुषाणां सहस्रं सती स्त्री च समुद्धरेत् ।
पतिः पतिव्रतानां च मुच्यते सर्वपातकात् ॥

'સતી સ્ત્રી હજાર પુરૂષનો ઉદ્ધાર કરે છે, પતિવ્રતાનો પતિ સર્વ પાપથી મુક્ત થાય છે.'

नास्ति तेषां कर्मभोगः सतीनां व्रततेजसा ।
तया सार्द्धं च निष्कर्मी मोदते हरिमंदिरे ॥

'સતિ સ્ત્રીના પતિને સતિના વ્રતના તેજથ. કર્મ ભોગવવું

પડતુ નથી, તે તો નિષ્કર્મ થઈ પોતાની પતિવ્રતા સ્ત્રી સાથે વિષ્ણુ લોકમાં સુખ ભોગવે છે.'

पृथिव्यां यानि तीर्थानि सतीपादेषु तान्यपि ।
तेजश्च सर्वदेवानां मुनीनां च सतीष च ॥

"પૃથ્વીમા જેટલાં તીર્થ છે, તે તમામ સતીના ચરણમાં છે, અને સર્વ દેવ તથા સર્વ મુનિયોનુ તેજ પણ સતી સ્ત્રીઓમાંજ રહેલુ છે."

तपस्विनां तपः सर्वं व्रतिनां यत्फलं तथा ।
दाने फलं यद्दातृणां तत्सर्वं तासु संततम् ॥

"તપસ્વીયોના સર્વ તપનુ ફળ, વ્રતવાળાના સર્વ વ્રતોનું ફળ અને દાતારના સર્વ દાનોનું ફળ સતી સ્ત્રીઓ વિષે રહે છે."

स्वयं नारायणः शंभुर्विधाता जगतामपि ।
सुराः सर्वे च मुनयो भीतास्ताभ्यश्च संततम् ॥

"શ્રી નારાયણ, શ્રી શંકર, શ્રી બ્રહ્માજી, સર્વે દેવ અને સર્વે મુનિયો તથા લોકો સતી સ્ત્રીથી સદૈવ ભય પામે છે."

"સતીના ચરણની રજની પૃથ્વી તરત પવિત્ર થાય છે. પતિવ્રતાને નમસ્કાર કરવાથી માણસ પાપથી મુક્ત થાય છે. મહા પુન્યવાળી પતિવ્રતા જો કોપ કરે તો પોતાના તેજથી ક્ષણ માત્રમા ત્રણ લોકને પણ બાળી ભસ્મ કરવાને સમર્થ છે. પતિવ્રતાનો પતિ અને પુત્ર સર્વદા નિશંક રહે છે તેને દેવથી કે યમથી કાઇ પણ ભય રહેતો નથી. હજારો જન્મથી જે પુન્યશાળી અને ભાગ્યશાળી હોય છે તેનાજ ઘરમાં પતિવ્રતા જન્મ

લેછે. પતિવ્રતાની માતા તે પુત્રીના જન્મથીજ પવિત્ર થાય છે અને પિતા જીવનમુકત થાય છે; માટે પતિવ્રતાને પ થે પળનાર પ્રવીણ પ્રેમદાઓએ પ્રાત:કાળમા ઊઠી રાતનાં વસ્ત્ર પરહરી બીજા વસ્ત્ર પહેરી પોતાના પ્રિયતમને પ્રણામ કરી તેની સ્તુતિ કરવી. ઘરનુ કામકાજ કરી લઈ સ્નાન કરી ધોએલ વસ્ત્ર પ્હેરી હાથે પુષ્પ હાથમાં લઇ ભકિતથી પોતાના પતિની પૂજા કરવી, પવિત્ર અને નિર્મળ જળથી પોતાના પતિને સ્નાન કરાવી તેને ધોયેલ વસ્ત્ર પેરવા આપી તેના પગ પતિવ્રતાએ હર્ષથી ધોવા. હ્યો ચાલો આ શ્લોકનો ભાવાર્થ કરો."

आसाने वासयित्वा च दत्वा भाले च चंदनम् ।
सर्वांगलेपनं कृत्वा दत्वा माल्यं गलेपि च ॥

"આસન ઉપર પતિને બેસાડી કપાળમા ચ દન કરી સર્વાગે ચ દનલેપ કરી ગળામા પુષ્પની માળા પહેરાવવી."

सामवेदोक्तमंत्रेण भोगद्रव्यैः सुधोपमैः ।
संपूज्य भक्तया कांतं स्तुत्या च प्रणमेन्मुदा ॥
'ॐ नमः कांताय शांताय सर्वदेवाश्रयाय स्वाहा'

"શામ વેદમા કહેલ જે નીચે મ ત્ર છે તેથી અમૃત જેવા ભોગના પદાર્થોથી ભકિતવડે પૂજા કરી હષેથી પ્રણામ કરી ૐ નમ:કાન્તાય શાન્તાય સર્વ દેવાશ્રયાય સ્વાહા કહેવુ,' કેમ બરાબર છે કે કાંઇ દોષ છે?"

"ના"

इत्यनेनैव मंत्रेण दद्यात् पुष्पं च चंदनम् ।
पाद्यार्घ्यं धूपदीपौ च वस्त्रं नैवेद्यमुत्तमम् ॥

'ઉપર કહેલા મંત્રથીજ પુષ્પ ચંદન પાદ્ય અર્ઘ્ય ધૂપ દીપ અને ઉત્તમ નૈવેદ્ય અર્પણ કરવું.'

जलं सुवासितं शुद्ध तांबूलं च सुवासितम् ।
दत्वा स्तोत्रं पठेद्यत्कृतं वै पाठ्यमेव च ॥

'સુગંધથી સુવાસિત જળ તથા સુવાસિત તાંબુલ અર્પણ કરી પાઠે કરેલ પતિ સ્તોત્રનો પાઠ કરવો.'

ॐ नमः कांताय भर्त्रे च शिरश्चंद्रस्वरूपिणे ।
नमः शांताय दांताय सर्वदेवाश्रयाय च ॥

'મારૂં ભરણ પોષણ કરનાર, મારા મસ્તકના ચૂડામણિરૂપ, મનને શાંત રાખનાર, ઇન્દ્રિઓને જીતનાર અને સર્વ દેવના આશ્રયરૂપ મારા પ્રાણવલ્લભને હું પ્રણામ કરૂં છું.'

नमो ब्रह्मस्वरूपाय सतीप्राणपराय च ।
नमस्याय च पूज्याय हृदाधाराय ते नमः ॥

'બ્રહ્મારૂપ શિવરૂપ, નમવા લાયક, પૂજવા લાયક, અને હૃદયના આધારરૂપ મારા પ્રાણપ્રિયને હુ પ્રણામ કરૂં છું.'

पंचप्राणाधिदेवाय चक्षुषस्तारकाय च ।
ज्ञानाधाराय पत्नीनां परमानंदरूपिणे ॥

'મારા પાંચ પ્રાણના અધિદેવરૂપ, મારા નેત્રના રત્ન રૂપ, મારા જ્ઞાનના આધારરૂપ અને પરમાનંદરૂપ મારા પ્રાણપ્રિયને હું પ્રણામ કરૂં છું.'

पतिर्ब्रह्मा पतिर्विष्णुः पतिर्देवमहेश्वरः ।
पतिश्च निर्गुणाधारो ब्रह्मरूप नमोस्तु ते ॥

'પતિ બ્રહ્મરૂપ છે, પતિ વિષ્ણુરૂપ છે, અને પતિજ મહેશ્વરરૂપ છે. નિર્ગુણના આધારરૂપ પરબ્રહ્મ પણ પતિજ છે માટે હુ આપને પ્રણામ કરૂં છું.'

क्षमस्व भगवान् दोषं ज्ञानाज्ञानकृतं च यत् ।
पत्नीबंधो दयासिंधो दासीदोषं क्षमस्व मे ॥

'હે ભગવાન્! જાણુતાં અજાણુતા જે કાઇ મારાથી દોષ થયો હોયતે ક્ષમા કરો. હે પત્ની બધો, હે દયાસિધો! હુ આપની દાસીછું માટે મારો દોષ ક્ષમા કરો.'

"બ્હેન આ પ્રમાણે સતી ગીતાનું રહસ્યછે, તેમાનું ઘણુખરૂ મે તમને અત્યારે સમજાવ્યું છે, તે તમે પછીથી વાંચજો અને તેનુ મનન કરજો. લ્યો હુ હુવે જાઉછુ. તમારે વાચનમા કાઇ પૂછવુ છે?"

"ના ગુરૂ ના! હુવે આપ સુખેથી પધારો. આજતો આ બ્હેન ઉપર ઘણી કૃપા કરી, હુ આટલું બધું રહસ્ય આ ગ્રંથનુ સમજતી નહોતી, પણ તમે રહસ્યની રેલમછેલા કરી દીધીછે!!"

"લ્યો બ્હેન જાઉછું!"

"હા ભાઈ પધારો!" રમણિકલાલે જેવુ જવા માડયુ કે તરતજ ગૃહમાતા મણીલક્ષ્મી હરખાતા પ્રગટ થયા અને રમણિકલાલને ધન્યવાદ આપવા લાગ્યા.

"ધન્ય છે, ધન્ય છે માસ્તર રમણિકલાલ ધન્ય છે તમારા જેવા પવિત્ર શિક્ષકોને! ધન્ય છે તમારા ભણુતરને અને ધન્ય છે

તમારા શિક્ષણને ! સંઘવી શિક્ષકને વાસ્તે સારા ઉદ્દગાર કાઢી ગયાછે તે તમારા જેવા પવિત્ર શિક્ષકોથી પરિપૂર્ણ રીતે પૂરવાર થાય છે. * * * *

'તનતર ને મનતર બને, તેથી ધન તર થાય,
એ ત્રણ તર જેથી બને, તે ભણતર કહેવાય
ધારે નહીં સ્વધર્મને સેવે બાળક લગ્ન,
એજ દેશના શિક્ષકો સમજી લેવા અગ્ન
તવઇ ગયેલી જ્યા પ્રજા, ભણતરનો બહુ ભાર,
એજ દેશના શિક્ષકો, ગણવા ખરા ગુમાર.
ટાપટીપ વિદ્યા ભણી, શીખે શિષ્ય સમાજ,
એજ દેશના શિક્ષકો, સમજો પશુ સરખાજ
નિર્ધનતા ને મરણનો ભય માને જ્યા લોક,
તેજ દેશના શિક્ષકો સરજાવે છે શોક.
કરે એશઆરામ પણ દે ન દેશનું નામ,
એજ દેશના શિક્ષકો હરામખોર હજામ.
પતિ પુજ્યે પદવી ધટે ગ્રહે અવરના હાથ,
તેજ દેશના શિક્ષકો નકટા નરના નાથ
વગર ભણી જ્યા વ્યંતરી ભણેલી તે પણ ભૂત,
તેજ દેશના શિક્ષકો તત્ત્વ રહિત તાબૂત
કલમ એકલી કર ધરે તજી બેસે તલવાર,
તેજ દેશના શિક્ષકો વણસાડે ઘરબાર
વિદેશીના સાળા બને, સ્વદેશના નહિ મિત્ર,
એજ દેશના શિક્ષકે ભૂમિ થાય અપવિત્ર.'

નગીનદાસ સંઘવી

"તમારા જેવા પવિત્ર શિક્ષકોના શિક્ષણથીજ આ ભારત ભુમિનું યતકિંચત્ માન જળવાઇ રહેલું છે. માસ્તર તમે અમારી પાંચે દીકરીઓને ભણાવો છો પણ તમારા ઉત્તમ શિક્ષણની અસર બધાંને કેમ સરખી થતી નથી? ફક્ત કુંદન અને કુસુમ પરજ તમારા ઉત્તમ ઉપદેશની અસર થાય છે. જો કે તમારા શિક્ષણથી પાંચે જણીઓ મેટ્રીકમાં પાસ થઈ છે પણ પાંચેની નીતિ રીતિમા આસમાન જમીનનો તફાવત જણાઇ આવે છે તેનુ શુ કારણ?"

"માજી, કારણમાં એજ કે માબાપ તરફની ધાર્મિક કેળવણીની ખામી! જેવી છોકરાંને માબાપની કેળવણી મળે તેવુ તે ભણતર શીખે! મેં અત્યારે સતી ગીતાના શ્લોકો કુસુમ બ્હેનને ભણાવ્યા તે શ્લોકો પ્રથમ કેસર બ્હેનને શીખવાડવા માંડયા ત્યારે તેમને પસંદ ન પડયા અને મને કહ્યું કે તમારી સ્રીને ભણાવો, આવા નોનસન્સવેડા, ધર્મ ઘેલછાની સ્ટુપીડીટી મારા આગળ કદી કરવી નહીં. કાન્તા બ્હેનને ભણાવવા માંડયાં ત્યારે તેમણે કહ્યું કે જુના વિચારનાં જંગલી અભણ ડોંગાં મૂર્ખ બૈરાં આગળ આ પુરાણ શીખવવું, મને યસ્યામ્ તસ્યામ્ કહી સમજાવવી નહીં. કપિલા બ્હેનને ભણાવવા માંડયા ત્યારે તેમણે ખુલ્લુ કહી દીધું કે આ ડેડ લેંગ્વેજ મૃતભાષા સંસ્કૃતના લવારાથી તો મારૂં મગજ ફરી ગયું. કુંદન બ્હેને ઘણા આનંદની સાથે તમામ શ્લોકો મુખ પાઠ કરી દીધા, અને કુસુમ બ્હેનનુ હૃદય તમે અત્યારે તપાસ્યું. માજી, જે જે વસ્તુનો જે જે અધિકારી છે તેને તે વસ્તુ સ્હેલાઇથી મળી શકે છે કેમકે, "

*   *   *   *

'જે જન ગુણથી અજાણ્યા, ગુણજ્ઞની પણ નિંદા તે ઉચરે,
કિરાત કેરી કન્યા, ગજ મુક્તા તજી ગુંજા ગ્રહણ કરે '

"ધન્ય છે માસ્તર, આપનું કહેવુ યથાર્થ છે."

"માજી મારા કહેવાનું રહસ્ય જ્યારે સમય આવશે ત્યારે જોઇ લેશો."

"મે તો જોએલું છે!"

' ભણી ગણી સુધરેલી હું નારરે (૨)
બણીં ઠણીં ફેશનમા ફરનારરે૦ '

"અરે આ સ્વર કોનો?"

"માસ્તર આ સમય આવ્યો, જુઓ! કુસુમની નવીમાતા લલિતા અને રસિકલાલ સુધારાની કલબમાથી ઘેર આવ્યા!"

"ઓહો આટલો બધો તેમનો દમામ છે?"

"હાજી! હવે આખી રાત સુધારાસંહિતા તેમના મેડામાં વ ચાશે!" આ વચન સાભળી રમણિકલાલ વિસ્મય થઇ ગયો. દમામ અને પોઝીશનમા ભાગી પડતી લલિતા રોફબધ ફેન્સી છત્રી હાથમાં ઝાલી વાકુ ચુકુ શરીર મરડતી આવી, પાછળ રસિકલાલ લથડીઆં ખાતો ખાતો આવ્યો, લલિતા સુધારાના રગમાં આવી સુધારાસ્તોત્ર લલકારવા લાગી, રસિકલાલ વાકો વળી લલિતાનું લલિત વદનકમળ જોતો જોતો કેડે બે હાથ દઇ ઉભો રહ્યો. ગૃહમાતા, કુસુમ અને રમણિકલાલ પણ તમાસો જોતા જોતા ઉભાં રહ્યા. લલિતાએ લલકારવા માડ્યું, અને વચ્ચે વચ્ચે રસિકલાલે તાલ આપવા માંડયા, અને સુધરેલી તાલમેલમા તમામ તાજુબ થયા,

*　　*　　*

"ભણી ગણી સુધરેલી હું નારરે,
બની ઠણી ફેશનમા ફરનાર—૦
નહીં પીઅર જરા ધરનારી,
બસ ડીઅર સાથ ફરનારી;
હોલ કે ચીઅર ચીઅર કરનારી,
દીલ ધરૂ ન કોઇની કેર કરૂ બસ લ્હેર,
સુધારે સુધારી દઉ સ સારરે—૦"

"બસ, બસ, બસ, હવે મારા જેવી ભણેલી ગણેલી સુધરેલી અલબેલી, ડાહી નિપુણ વિદ્વાન્ અને સ્વદેશાભિમાની ભામની ઓએ સુધારાની સમાજોમાં આગળ પડતો ભાગ લઇ જુના વિચારના બેવકુફ હિ દુઓને સમજાવી સમજાવીને સ સાર સુધારો કરવો, અને તે સુધારાથી હિ દુઓનો ઉદય કરી હિ દુસ્તાનને તેની આગલી આબાદી પર લાવવો, તેજ કર્ત્તવ્ય હવે મારે કરવાનુ રહ્યુ છે!'

"અલી નવી?"

"ઓહ સ્ટુપીડ હસબન્ડ! અરે મુરખા જેવા તમે કેવા મીન હલકા શબ્દો વાપરો છો? શેઇમ! શરમ! અલી નવી, વાટ મીન્સ બાય નવી? આવુ બોલતા તમારી જીભ કેમ વઢાતી નથી? ગો આવે ફ્રોમ હીઅર!"

"અરે ભૂલ્યો, ભૂલ્યો, ભૂલ્યો, માઇ ડીઅર! પારડન મી! મારી વ્હાલી મને માફ કર!"

"હાં ધેટ્સ ઇટ. તે બરાબર છે."

"ઓહ માય હાર્ટ, અરે મારા જીગર!"

"યસ નાઉ ધેર લાઇઝ ધી બ્યુટી. હા હવે તેમાં સુંદરતા મોડેસ્ટી આવી!"

"વેલ માય સોલ, વારૂ મારા પ્રાણ, જરા મારા વાસ્તે ભાખરી, વાઇન અને સ્વીટ પોટેટોઝ જોઇએ!"

છટ્ નોનસન્સ! શું હુ છઠ્ઠા ધોરણમા પાસ થએલી, અંગ્રેજી પાચમા ધોરણ સુધી ભણેલી અને ભવિષ્યમા મેટ્રીક પાસ કરનાર, કોલેજ જોઇન કરનાર તમને ભાખરી અને વાઇન આપુ ?! ઓહ નેવર. અરે કદી નહી! ટેલ યોર ડોટર, તમારી દીકરીને કહો ઓર ટેલ યોર ઓલ્ડ ડેઇમ અથવા તમારી ઘરડી બુઢ્ઢીને કહો.

કેમ માજી! જોઇ કેળવણી! કેવા સુધારાના ફળો તેના સુધારકોમા ફાલી રહ્યા છે?

હા માસ્તર, તમારૂં કહેવુ બરાબર છે. આવી જાતની સ્વતંત્રતાની હિમાયત કરનારી કેળવણી અને આવા અધંદગ્ધ માધાબોળુ સુધારકો આર્યસંસારનુ સત્યાનાશ વાળશે, અને આવી ભણેલી ગણેલી વંઠેલી અને વતિપાત પ્રજાજ આર્યભૂમિની પાયમાલી કરશે!

વેલ માય ડોટર કુસુમ! જા જરા મારા વાસ્તે પેલા બ્રાઉનના બીસ્કીટ લાવ જોઇએ!

આ ચાલી પિતાજી!

અરે ડોશી! પેલુ કબાટ ઉઘાડીને મારા વાસ્તે ડબલરોટી લાવો!

શાબાશ છે દીકરા, શાબાશ છે! સાઠ વરસની મા પાસે ડબલરોટી માગનાર શાબાશ છે તને!

અરે જાઓને છાનાંમાનાં લવારો મુકી દઈને, મેં જે તમને કરવાનુ કહ્યું તે ઝટ કરોને! સાહ્યાં ઘરડા ઠોચરાને આખા ગામની પંચાત!

આ તારી નવી વહુને પેલા બાજોઠ પર બેસારી તેની પૂજા કર અને પછી લાંબો થઇ તેને પગે લાગ એટલે હુ તારૂં કામ કરૂ!

ઓહો તેમા શું તમે નવાઇ માનોછો? અમે સુધારાવાળા તો સદા સ્ત્રીઓને એવીજ રીતે માન આપીએ છીએ! સ્ત્રીઓનું માન જાળવવામા અમે અમારૂ માન જળવાએલું માનીએ છીએ. તેની તમને આજ નવાઇ લાગી કેમ? ચાલ દોસ્ત નવી, સીટ ડાઉન ઓન ધીસ પાટલા! બેસ આ પાટલા ઉપર, ચાલ તારી પૂજા કરૂ અને આવા સુધારાના હડહડતા શત્રુઓના મો સદાને વાસ્તે શ્યામ કરૂં! ચાલ પછી તને પગે લાગી તારી આરતી ઉતારૂં, જય જય સુધારાની સાચી દેવી તારી કૃપાથીજ આ ભારત ભૂમિનો ઉદય થવાનો છે.

*　　　*　　　*

મારી સાચી સુધારાની શકિત દેવી,
જય આનંદ પામુ તુજને સેવી—૦
તારી આરતી ઉતારી કરૂ પ્રીતે પૂજન (૨)
આજ ઉગાવુ સુધારાની હુ ધજા (૨)
કરી ભકિત ભાવેથી નિત મુકિત લેવ —૦

અરે જુઠા સુધારાના દાંભિક હિમાયતીઓ તમારાં મોઢા સદાને વાસ્તે કાળાં થએલાં છે. તમે ભણીગણીને એજ કરવાના છો!

હા અમે એજ કરવાના છીએ તેમાં તમારે કેમ છે ? ચુપ રહો ડોન્ટ બી વાઇઝ યુ ડફર. ડાહ્યાં ન થશો !

વાહ બેટા વાહ ! વાહ મારા સુધરેલા દીકરા ધન્ય છે તને ! માને ડફર બેવકુફ ગાડી કહેનાર અને બાયડીને ડાહી કહેનાર ધન્ય છે તારા ડહાપણને ! હરિ ! હરિ ! હરિ !

મરાઠી સાખી.

વૃદ્ધ માતાને ડફર કહીને વાઇઝ ગણી નિજ નારી,
ભણી ગણીને ધર્મ વિસાર્યો વાઇફને દેવી ઉચારી,
સુધારે નારીને નિતે, ઉતારી આરતી પ્રીતે

"લ્યો પિતાજી બીસકીટ !"

"ઓહ થેન્ક યુ માય ડૉટર ! શાબાશ છે મારી દીકરી ! જા જરા પેલા કબાટમાથી છરીકાંટો લાવ જોઇએ."

"આ ચાલી પિતાજી !"

"અલી નવી, તુ રાંડ કરેછે શું ? આ તારો નાવલો બીસકીટ માગે છે, છરીકાટો માગે છે, ડબલરોટી માગે છે, તે તુ લાવી આપતી નથી અને રાંડ થાંભલાની પેઠે ઉભી રહીને હસે છે કેમ ? જરા શરમા !"

"તમે શરમાઓ તમે ! ડોશી જો ઝાઝો લવારો કરશો તો ઇનસલ્ટ થશે, સમજ્યાં ? તમે તમારી પોઝીશનમાં રહીને બોલો !"

"અરે જારે રાંડ પોઝીશન વાળી ! તુ શું મોં લઇને જીવે છે ? રાડ ઢાંકણીમાં પાણી લઇ ડૂબી મર !"

"ચૂપ રહો ડોકરી ચૂપ રહો ! મારી વાઇફને તમારે કાઇ પણ કહેવું નહીં !"

"અરે નવી બા, તમે તમારા માનમાં રહીને બોલો, પિતાજી' તમે કેમ બોલતા નથી ! આ નવી તમારા દેખતાં કેવાં કુવાકયો માતુશ્રીને કહેછે ? તમે તેમના દીકરા થઇને શી રીતે સહન કરો છો ? શુ તમે અ ગ્રેજી ભણ્યા, સુધારામાં ભળ્યા માટે માને આમ હબાવ હગાવ કરો છો ?"

" કુસુમ દીકરા, તુ છાની રહે ! મેટ્રીક પાસ થઇને કાઇ સમજતી નથી ?"

" પિતાજી ! તમારી સદ્‌બુદ્ધિ કયા ગઇ ? તમે અને નવી બાએ સુધારાની હીમાયત કરી ઘર ગધેડે ચઢાવ્યુ ! ! "

" અલી નવી ! બીસ્કીટ ધણીને આપતા ઘવાઈ ગઈ ! રાડ ધણીના કામ સારૂ તારી કેડ જરા વાકો ન વળી તો બીજાનું કામ તુ શુ કરવાની ? ઓહો હો હો બા સાહેબ અ ગ્રેજી ભણ્યા એટલે ધણીનુ કામ કરતા લાજ આવી ! કોણુ જાણે કલબમા જઇને કેટલીએ મડમોના બુટ સાફ કરી નાખતા હશે ! "

"ડોશી યાદ રાખો કે જ્યારે હિ દુ સ સારમા સઘળી સ્ત્રીઓ અ ગ્રેજી કેળવણી લઇને સુધારાની હિમાયત કરશે, કૉલેજનુ નૉલેજ જ્ઞાન લેશે અને પોતે સુધારાની સમાજોમા પ્રોમીનન્ટ આગળ પડતો ભાગ લેશે, સેલ્ફ સેક્રીફાઇસ જાતી ભોગ આપશે અને સુધારાને પોતાના ઘરમા દાખલ કરશે ત્યારેજ આ પુઅર ઇન્ડીઆનુ નસીબ ફરશે, ત્યારેજ આ ગરીબ હિ દુસ્થાન સુખી થશે !"

" પિતાજી શુ સ્ત્રીઓ ભણી ભણી સૂધારામા ભળશે તેથીજ દેશનો મોટો ઉદય થશે ?"

"ઑફ્ કોર્સ સો, અલબત એથીજ ભારત ભૂમિની ભામ નીઓના ભણુવાથીજ ભારત ભૂમિની અવદશા દૂર થશે, અને સુધારાની હિમાયત કરવાથીજ હીંદુઓની દરિદ્રતા ફીટી જશે!"

"પિતાજી! તમારા મગજમાં જો એવા વિચારો હોય તો તે કાઢી નાંખો! શું મેટ્રીક પાસ થયા એટલે મોટો દેશ જીત્યો? અને સુધારામાં ભળ્યા એટલે સંસાર સાગર તરીને પાર ઉતરી ગયાં?"

"હાજી!"

"અરે તમારા જેવા અર્ધદગ્ધ સુધારકોજ હાથે કરીને કેળવણીની કીંમત ઘટાડે છે!!"

"આ ધારવુંજ તારૂં ભુલભરેલું છે.'

"ખરૂં છે જે હેતુથી ગૃહમાતાએ દીકરીઓને કેળવણી આપી તે હેતુ ગૃહમાતાનો પાર ન પડયો!"

"તું જુઠું બોલે છે! શું એઇમ હેતુ હતો?"

"હેતુ એજ હતો કે દીકરીઓ ગુજરાતી અને અંગ્રેજી સારી રીતે ભણે, તેથી તેમનામા વિનય, સદ્ગુણ, બુદ્ધિ વધે, મલાજો આમન્યા સમજે, ધર્મ ઉપર આસ્તા વધે, અને સારા સારા વિદ્વત્તા ભર્યા ગ્રંથો વાચવાથી મનને નિર્મળ આનંદ મળે, પણ હવે તેમને જણાઇ આવ્યું કે જે પવિત્ર હેતુથી અભ્યાસીઓ અભ્યાસ કરવા માંડે છે તે હેતુ જ્યારે અભ્યાસ પૂરો થાય છે ત્યારે બદલાઈ જાય છે, અને કેવળ ઉદ્ધતાઇ, સ્વતંત્રતા, ઢેમ, બિલાડી, ડફર, સ્ટુપીડ, યસ અને નોમા આવી રહે છે." આ પ્રમાણે વાતચીત થઇ રહી છે એટલામાં કુસુમના કાકા ઝવેરીલાલ રસિકલાલ પાસે આવ્યા.

" આવો ઝવેરીલાલ પધારો !"

" કેમ રસિકલાલ ખુશીમાં ! "

" કહો કેમ પધારવુ થયું ? "

" કુસુમને તેડવા સારૂ આવ્યો છું ! "

" કેમ વારૂ ? "

" ઘરમાં વિઠ્ઠલદાસ અને ધનલક્ષ્મી બ ને માંદા પડયાં છે!"

" આ રહી કુસુમ તેડી જાઓ ! "

" જા બેટા કુસુમ તુ સાસરે જા ! બેટા ડાહી થજે ! સાસુ સસરાની સારી રીતે સેવા ચાકરી કરજે, અને સવારે અમને ખબર આપજે ! " કુસુમ ઝવેરીલાલ સાથે સાસરે ગઇ, તેની જોડે રમણિકલાલ માસ્તર પણ ઘેર ગયા, અને ડોસી પણ થાકી ક ટાળીને નીચે ગયા, સર્વેને ગએલા જોઇ લલિતા રસિકલાલને ધમકાવવા લાગી, "

" તમારૂ મો સ તાડો મો ! "

" કેમ ડીયર ? "

"સુધારાની સભામા જઇને મોટા મોટા લાબા ચોડા ભાષણો ભુ કોછો, અને ઘરમા આવીને સઘળુ નેવે મૂકોછો. ઘડીમાં શુ બોલોછો તેનુ ભાન રાખતા નથી, ને ઘડીમા બોલ્યુ પાછું ખે ચી લઇ સોડાવોટરની બાટલી માફક ફરી જાઓ છો. "

" અરે પ્રિયા શુ હુ સોડાવોટરની બાટલી ? "

" હા તમે તેવા છો ! તમારામા કાઇ અક્કલ નથી !"

' અરે બધી અક્કલની ફેક્ટરીજ તુ છે ! આખુ અક્કલનુ કારખાનું તુજ છે. "

"મારૂં રોયું સભામાં બોલવું કાંઇ ને ચાલવું કાંઇ! બહાર જઇને મોટી મોટી બનાવી બનાવીને વાતો કરવી. હું આમ કરીશ, આમ કરીશ, આમ કરીશ, તેમ કરીશ, તેમ કરીશ, તેમ કરીશ, કહીને ગપાટા ઝુડવા સુધારાના ખરડામાં સહીઓ કરવી ને ઘેર આવીને સઘળુ ભૂલી જવું, માઇન્ડ યાદ રાખો એક્વાર હું તમારૂં સઘળુ પોગળ વેરી નાખીશ, અને તમારી રેવડી દાણાદાણ કરી નાખીશ. !"

"હવે તારે મિટિંગમા આવવાનુ જ છે. હું તારાથી બહુ બ્હીઉ છું. જોજે મારી વ્હાલી મારૂ પોગળ વેરી નાખતી? આ અઠવાડીઆમાજ મોટી મિટીંગ મળવાની છે, મે તારી પાસે સ્રીસ્વતંત્રતાનુ લેકચર અપાવવાનુ નક્કી કર્યુ છે!"

"ઓહ યસ, હું ઘણી ખુશીથી ભાષણ આપીશ, પણ મારા વાસ્તે તમે સુંદર સ્ટોકીંગ, બુટ, ચશ્મા, લેડીવોચ, એરીંગ, પોલકા અને એક હેન્ડબેગ લેતા આવજો."

"બહુ સારૂં પછી કાંઇ? પણ તારે મારૂં કહ્યું કરવું પડશે!"

"શું?"

"મને સાથે મિટિંગમાં લઇ જવો પડશે!"

"ના, એ નહીં બને!"

"કેમ વારૂ?"

"તમારા જેવા જાડા જાડા ભોલને ઢીંગુજીને હું ક્યાં સાથે લઇ જાઉં? તમારી જોડે ચાલતાં તો મને શરમ આવે છે? તે દિવસે તમે મારી સાથે આવ્યા હતા ત્યારે દરેક જણાએ મારી મશ્કરી કરી હતી!"

"ના, ના આ વખતે તો હુ રોફમા આવીશ ! '

"પણ તમને તો ચાલતાજ આવડતુ નથી ! મોટા ધમણીઆશા ફુલા મરડતા હીંડાછો તેથી હુ તો લજવાઈ જાઉ છુ !"

"ના આ વખતે તુ જેમ કહીશ તેમ કરીશ અને ચાલીશ."

"જુઓ પ્રથમ તમારે મારી હેન્ડબેગ ઉચકવી પડશે અને બીજા હાથથી મારા ઉપર છત્રી ધરવી પડશે, કેમ તે થશે ? "

"ઘણી ખુશીથી ! "

"જુઓ તમને કોઇ પૂછે તો એમ ના કહેવુ કે આ મારી વાઇફ છે. મારી સાહેલી મને કોઈ રસ્તામા સામી મળે તો તમારે તરતજ આઘા પાછા થઇ જવુ, રસ્તામા રોફબધ ધીમા ધીમા છટાથી ચાલવુ, કોઇ પારસી યુરોપીઅન મેમ્બર મળે તો નીચા નમીને સલામ કરવી, અને બીજા સાથે છટાથી શેકહેન્ડ કરવા વધારે બોલવુ નહી, વાર વાર એક ઠેકાણેથી ઊઠવુ નહી, મિટીગમા મારી પાછળ પાછળ ભમવુ નહીં, જ્યારે મિટિગ બરખાસ્ત થવાનો વખત થાય ત્યારે તમારે અગાઉથી રસ્તામા એક કોરે ઉભા રહેવુ; અને જ્યારે હુ બહાર આવુ ત્યારે તમારે મારી પાછળ ચાલ્યા આવવુ, કહો તમે આમ કરશો ? "

"ઓહ યસ માઇ લવ ! વ્હાલી હા."

"ઠીક ત્યારે હુ તમને લઇ જઇશ ! "

"થેન્ક યુ માઇ હાર્ટ ! હુ તારો ઘણો ઉપકાર માનુ છુ ! "

વ્હાલા વિચારશીલ વાચકો–'આતે સુધરેલી સફાઇ કે વિફરેલી બેવકુફાઇ '?

પ્રકરણ ૭ મું.

બાળાનો બાપ કે સ્વાર્થનો સાપ?

દોહરો.

વાડ ગળે ચીભડા થતા, ફળને વૃક્ષજ ખાય,
પાલક મારે પુત્રને, પ્રજા લુટી લે રાય

દયાના સાગર થઈ દયાહીન કાર્ય કરી પછી પ્રસગોપાત દયા બતાવતા જગતમા દયા દીપતી નથી, પ્રેમના પોષક થઇ પ્રેમનો તિરસ્કાર કરી પછી વખતે વખતે પ્રેમ દર્શાવતા દુનિયામા પ્રેમ વગોવાય છે, લક્ષ્મીથી લક્ષ્મીવાન થઇ કજુસાઈ કાર્ય કરી પછી પ્રસગોપાત લક્ષ્મી વાપરતા લોકમા લક્ષ્મીની ગણના થતી નથી, તેમ કન્યાના ગળા ઉપર છરી મૂકી પછી પ્રસગોપાત કન્યાને પ્રીતિ બતાવતા ધરણીમાં ધિક્કારને પાત્ર થવાય છે.

પત્થર પુજે ગણી દેવને બાધા કરે મન માનતી,
અર્પણ કરે તન ધન પ્રાતે પામવાને સંતતી;
દોહ્યલા દુખો ખમી લાડે ઉછેરે લાડકી,
વિઘ્નો રૂપી લગ્નો કરી કન્યાને મારે તાડકી,

ધરણીમાં ધાપ મારે ધનવાન થવાતું નથી, છત્રપતિની ત્રીજોરીઓ ફાડયે વૈભવ મળતો નથી, કરોડો કાળાં ધોળા કર્યાથી હાથ ભરાતા નથી, પ્રપંચ અને દગા ફટકાના દામથી ગાડી ઘોડા દોડાવાતા નથી, તેમ કુળના બજારમાં કન્યા હુંડીઓ વટાવ્યે કંગાલતા ટળતી નથી પણ પ્રમાણિકતા અને પરસેવાના પ્રયાસોથીજ સાહ્યબી ભોગવાય છે.

"કન્યા વિક્રયના કરી કોઈને નથી પચ્યા નાણા,
ખરાબખસ્તા થઇને ખરીઆ કર્મે રહ્યા પ્હાણા.
ખાનારા સૌ લુંટી ખાશે કરનારા રડશે.
જશને સાટે મળે જુતીઓ સાગ એહ જડશે
જમકિંકરનો માર નરકને દ્વાર જીવ પડશે,
દ્વાર જીવ પડશે આમના ખગ્શે ત્યા દાણા-૦
પશુની પેરે પુત્રી વેચે ઘર ઘર ભાવ કરી,
કન્યાદાન કહીને પોડો પાપ તણીજ ભરી,
કન્યાના કંઠે નિજ હાથે છાની મુકે છરી,
છાની મુકે છરી ગવાયે અપજશના ગાણા-૦
સ્વર્ગસ્થ કવિ મહાસુખરામ

કન્યાધેનુને પાળી પોષી ઉછેરી મોટી કરનાર પિતાને કંસાઇને ઘેર બાંધતાં જરા પણ દયા આવતી નથી! પોતાની પ્યારી પુત્રીનુ સર્વસ્વ લુટી લઇ જીદગી ધૂળધાણી કરવાનું કેમ સૂઝતુ હશે? પશુ સરખાં પ્રાણીઓ પણ બચ્ચાંના રક્ષકનો હક્ક ધરાવે છે, પારધી પણ પોતાના કુમળાં બાળકોની હિંસા કરતો નથી, અગ્નિ પણ પોતાના પુત્ર તણખાનું ભક્ષણ કરતો

નથી, નાગ પણ પોતાનાં બચ્ચાંને જાળવી રાખે છે, વિ છણ પણ પોતાનાં બચ્ચાંને પોતાનુ પેટ ફાડી જન્મ આપી જીવ ગુમાવે છે, કેશરી પણ પોતાનાં બચ્ચાનું જતન કરે છે, અને સર્વ પ્રાણીમા ઉત્તમ ગણાતાં મનુષ્ય, અને મનુષ્યમાં પણ ઉત્તમ ગણાતા બ્રાહ્મણ તેમાંના તમે, બાળરક્ષકને બદલે ભક્ષક થઇ કસાઇથી પણ કુડા કૃત્ય કરતા શરમાતા નથી ? શરમ ! શરમ ! નિરાધારના આધાર કિરતાર આ શું ? કળિકાળનો કોપ કે જમાનાની તાસીર ? બ્રાહ્મણોની ભ્રષ્ટતા કે પિતાનો પ્રેમ ?" ગરીબડી ગાવલડી, પામર પ ખીણી, હતભાગ્ય હરણી અને કોમળ કન્યા કુ દન પોતાના કેશરી કસાઇ અને કૃતાત કાળ પુરૂષોત્તમરાય પિતા પાસે કઢાપા કરી રહી છે, ગૃહમાતા મણીલક્ષ્મી પણ કરગરી રહી છે છતા કન્યારક્તનુ પાન કરનાર કેશરી પુરૂષોત્તમરાયને કાઇ પણ અસર થતી નથી; ચોધાર આસુ પાડતા ગૃહમાતા મણીલક્ષ્મી ગૃહતાતને ઉપદેશ દેવા લાગ્યા."

"શાસ્ત્ર પુરાણે સિદ્ધ કર્યુ છે શ્રેષ્ટજ કન્યાદાન,
દાન દેવાયે જો લાલચ વિણુ તોતો થાયે ગાન,
ગાનજ કન્યા ગાયે આપી માબાપોને માન,
માન મહિત કુનો કન્યા દે એ છે ધનવાન.'

"હવે સ્વાર્થના કાંટાકાઢી નાખો, અને લાલચને અદ્ધર લટકાવી કુનો કન્યા ગુણવાન લાયક વિદ્વાનને આપી કૃતાર્થ થાઓ !"

"ચૂપ, ચૂપ, માદીકરી બોલતાં બોલતા ફાટી ગયા, ચળી ગયા કેમ ? પામર પુત્રીને સ કટના સાગરમાં નાખનાર, કન્યા

કુસુમને પાવકના ઢગલામાં ઝીકનાર અને મોંઘા મનુષ્યાવતારની કીંમત નહીં સમજનાર પિતા જરા પુત્રીની દયા લાવો!”

“પણ આ બધું શા ઉપર?”

“મરણને શરણ પડેલા ખોખલા ખવીસ ઉપર?”

“ખોખલો ખોખલો પણ કુળવાન!”

“કુળને કુવામાં નાખો! કુળની ખાતર કેળ ઉપર કોવાડાના ઘા મારતા જરા પ્રભુનો ડર રાખો! કન્યાના ગળા ઉપર કરવત મૂકતાં કિરતારને યાદ કરો!”

“હવે તારા ફૂડાકા જવા દે!”

‘ તમારે મન ફૂડાકા થાય છે પણ મને સ્મશાનમા સોડતાણી સૂવાને તૈયાર થએલા હિમતરાય ખવીસના નામથી હૃદયમા ધડાકા થાય છે, અને તમને લક્ષ્મીની લાલચના તડાકા થાય છે.”

“કુંદન તને ભણાવી ગણાવી તે શુ તારા આવા કટાક્ષો સાભળવાને? શરમા, શરમા, મુરખી જરા શરમા!”

“કુદનની લાલચમા તમે તમારી કુદનનુ લક્ષાવધિ સુખ લુટી લેવાનુ લક્ષમા ધાર્યું અને કન્યાધનથી લક્ષાધિપતિ થવાનુ વિચાર્યું લક્ષ્મીની લલુતામા મનુષ્યજીવન નષ્ટ કરવાનુ કોઇ પણ પાળક પિતા વિચારશે નહીં એ વાતના સ્વીકારની તમને થોડી અગત્ય સમજાઇ છે. પૈસાની પ્રાપ્તિ સારૂ તમે પેટમા પાળી મારવાને તૈયાર થયા! મારા વ્હાલા બાપુ! પુરૂષાર્થપણાની સીમા તમે પૈસો પ્રાપ્ત કરવામા જોઇ! અરેરે તે પણ તમારી પ્યારી પુત્રીને વેચવામાં જોઇ! પોતાના અવગુણ અને પારકી આછતની કોઇને ખબર પડતી નથી તેમ તમારી ભૂલ તમને

સમજાતી નથી પણ પિતાજી દીકરીના દોકડા અને પૂરનાં લાકડાં કામમાં આવતાજ નથી! અરરર કન્યાદામ, લોહીની ચામ, પુત્રીનો પૈસો ગાયની માટી!!"

"કુદન જે પ્રમાણે જગતમા થતું આવ્યું છે તે પ્રમાણે થયે જાય છે, જે પ્રમાણે આપણો કુળાચાર ચાલતો આવ્યો છે તે પ્રમાણે હુ કરૂ છુ તેમા તુ આટલી ચડભડી શાને જાય છે? કન્યા એતો અમારૂ જીવન છે, કન્યા દેવી છે, કન્યા ધેનુ છે અને કન્યા એ અમારી આમન્યા છે! કન્યા દેવી છે."

"માટે પિતાજી સાક્ષર ઝવેરીના શબ્દો યાદ કરો."

'કન્યાદેવી દેવા વિચારી,
કન્યાદાન દઇએ વિચારી
કન્યા રાંક ગાય બીચારી,
જુગતેથી જોડી જે જન બાંધે
પુન્ય અલૌકીક તે નર સાધે
બાંધે પુ ય જગમા વાધેર વડાઇ—૦
લાકડે માંકડું જે જન સાધે,
પાપીઆ પાપનુ લગ રે લાધે
પાપ પોઠ ભરે એ પામર કસાઇ
કાડા પડી રીબી રીબી મરે પસ્તાઇ—૦'

મોહીનીચંદ્ર

"જરા શરમા, ચપ ચપ સામુ બોલતા વિચાર કર, મારૂં બધુ છુટી પડયુ!"

"છુટી પડેલુજ છે"

"જરા લાજ."

"પિતાજી, શિરછત્ર અને પાળક થઇને તમને લાજ નથી આવતી તો પછી મને ક્યાંથી આવે? ભણાવી ગણાવી પાળી પોષી મોટી કરી તે શું જીવતી બાળવાને માટે? હુલાવી ફુલાવી બા બા કહી લાડપાનમાં ઉછેરી તે શુ આમ ગરદન મારવાને?"

"આ તુ શું બોલે છે?"

"તમારા કરેલા કર્મો કહી બતાવુ છું આર્યસ સારમાં કન્યાઓના માબાપને ફાવે તેમ સ્વાર્થ સાધવા કાળાધોળાં કરવાનું રહ્યું છે અને અલેતી કન્યાઓને કરગરવાનું રહ્યું છે, ખુણે પેશી મનમા બળવાનુ અને આસુ પાડી રડવાનુ રહ્યુ છે।"

"કુદન મને આવી ખબર નહોતી કે મારી બધી દીકરીઓ કરતા તુ આમ હદ બહાર જઇ મારા સામુ તડ તડ બોલીશ?"

"દીકરીઓને પણ ખબર નહોતી કે તમે તેમને એક ઝ ડીઆ કુવામા નાખશો! જે કામ કોળી, નાળી, વાઘરી અને હલકી કોમો કરતી નથી તે તમે ઉચ જ્ઞાતિ થઇ, તેમાએ બ્રાહ્મણ થઇ, જ્ઞાતીના પટેલ બનીને કર્યું છે અને કરોછો, જરા શરમાઓ પોતાનાં બચ્ચાની પ ખીઓ પણ બાલાશ રાખે છે તો તમે માણસ જાત થઇ બચ્ચાઓની જીવતી લાશને જીવતા લગ્નની ચિતામા સળગાવોછો!"

"આ તારૂ ડહાપણ?"

"શૉક્યની શૂળી ઉપર, ઘરડા વરની શૂળી ઉપર ગરીબડી ગાવલડીઓને વિંધવાનુ પિતાનુ હૃદય ચાલે ત્યારે શૂળી ઉપર વિ ધાતા વિ ધાતા બરાડા પાડવાનુ દીકરીનુ ડહાપણ કેમ ન ચાલે?

"હવે તુ હદ બહાર ગઇ!"

' પિતા જ્યારે હદ બહાર ગયા અને જાય છે ત્યારે પુત્રીઓ કેમ ન જાય ? છતે પૈસે, છતે કુળે અને છતા વરે પાપીઓની પ્રપચ જાળમા ફસાઇ ફસાઇ કાગડાની કોટે મોતીની માળાઓ બાંધોછો, લાકડે માકડા જોડોછો તે વખતે પુત્રીપ્રેમની હદ કયા જાય છે ? ”

“ કુદન આમ બાપની આબરૂ ના વધે. ”

“હા બાપની આબરૂ કન્યાઓની હરાજી કરવામા વધે છે, દીકરીઓના રૂદન કરવાથી વધતી નથી, પણ સ્વાર્થ સાધી નાણાની કોથળીઓ પટારામાં મૂકતા આબરૂ વધે છે. જરા લાજો લાજો, આબરૂની દરકાર હોત તો કાન્તા બ્હેનને શૉક્ય ઉપર દેત નહીં, કુસુમ બ્હેનને છાકટા વર મધુકર જોડે પરણાવત નહીં, જયન્તીલાલને ઘરમાથી કાઢી મુકવા દેતજ નહી, અને કુદનને મરણને શરણ પડેલા સાથે પરણાવવા તૈયાર થાતજ નહી. તમારે આબરૂ છે કયા ? જો આબરૂ હોત તો આવો અનાચાર કદી કરતજ નહી જો આબરૂ જોઇતી હોય તો આબરૂ નાણાની કોથળીઓ સારૂ કુળના બજારમા ઘરાણે મુકી છે, તે દીકરીઓને વટાવી વટાવી છોડાવી લાવો ! આજ કાલ જમાનામા તમારા જેવા ધનવાનો અને જ્ઞાતિના શેઠીઆ પાસે દીકરી હુડીઓજ વટાવવાની બાકી રહી છે, તે વરબજારમા જઇ કુળના સરાફની દુકાનમા જઇ વટાવી વટાવી તમારા કાળજા ટાઢા કરો ! ! ”

“ કુદન તુ શુ કામ મારૂ લોહી પીએ છે ? ”

“ હુ સારી પેઠે જાણુ છુ કે તમે જ્યારે મારા પ્રાણનુ બળિદાન લેશો ત્યારેજ જ પીને બેસશો ? કન્યાઓના કુવારા લોહીનું

બળિદાન આ સંસારમાં કન્યાનાં માતપિતા જ્યારે લગ્ન વખતેજ લેછે ત્યારેજ જંપીને બેસે છે, અને કન્યાના પરણેલા લોહીનુ બળિદાન જ્યારે ઘર માડતી વખતે કન્યાની સાસુ શક્તિ, સસરા શિવ, અને નણંદ કાળકા લેછે ત્યારેજ કન્યાને મુએ મોક્ષગતિ મળે છે ! ! ”

“ કુંદન તુ કન્યા વિક્રય કહે છે કોને ? અમે તો કન્યા આપીને નાણા કન્યાઓના સુખને સારૂ લઇએ છીએ, સમજી ? જ્યારે પરણાવ્યા કેડે પુત્રી સાસરામાથી તિરસ્કાર પામી ઘેર આવે ત્યારે કન્યાધનથી કન્યાનુ ગુજરાન ચાલે તે પવિત્ર હેતુથીજ અમે પહેલા નાણા વર પાસેથી છોડાવીએ છીએ ! ”

“ અરે શરમાઓ, શરમાઓ ! તમારી સફાઇને સળગાવી દ્યો ! તમારી ચતુરાઇને ચાલાકી ઢાકી રાખો ! જે વસ્તુ દ્રવ્ય આપીને લેવી તે ક્રય અને દ્રવ્ય લઇને આપવી તે વિક્રય, આજ રસમ મુજબ મનમાનતી નાણાની થેલીઓ પટારામા મુકી પુત્રીને વેચવી તે કન્યા વેચાણ, કન્યા જુલમ અગર કન્યા વિક્રય ! ’

“ ચાલ બંધ જાહુ, તૂતે તુત અને ગપે ગપ ! ”

“ અરેરે ગુલામ અને પશુ વેચવા સમાન આ પાપી રિવાજની અસર આર્યોની ઉચ્ચ જ્ઞાતિમા પ્રસરેલી છે અને વિશેષ ધન સંપાદન કરાવનારને પુત્રી વેચાતી આપે છે પણ સમજતા નથી કે તેથી જ અનિષ્ઠ પરિણામ ભવિષ્યમા તેમને ખમવુ પડશે અને રૌરવ નરકમા સડવુ પડશે. કન્યા વિક્રયના કર્મથી કલંકિત બનેલાને વાસ્તે સ્વર્ગ તો શુ પણ નરકનુ દ્વાર પણ ઉઘાડુ નથી, નરક કરતા પણ અધમ સ્થાને તેનો વાસ થવો

જોઇએ. કન્યાવિક્રયના ચાંડાળ કર્માચારીઓને જોઈ યમના દૂતો ધર્મરાજા પાસે લઈ જતાં ક પાયમાન થઇ જાય છે."

"બેસ, બેસ તારા કરતાં હુ બહુ સમજુ છું." જેટલું કાળુ કરાય તેટલુ તમે કર્યું હવે એક કૃત્ય તો ઉજળું કરો! ચારે ને ચિતામાં નાખી હવે પાંચમીને તો ચૉરીમા વશાવો! આ દીકરી હાથ જોડી કાલાવાલા કરે છે તેના ઉપર તો દયા કરો ? માગી મહેરબાની તો આપો ?"

"માતાજી જેઓના દીલમાં કુમળી કુમારિકાઓને વાસ્તે કાંઈ પણ લાગણી નથી, જેણે શરમને સાતમા સ્થાન પર ચડાવી દીધી છે, જેણે જન્મીને ફક્ત ધન સ ચયનેજ ઉત્તમ માન્યો છે, અને જે કન્યાધન ઉપરજ તાગડધિન્ના કરી સાહ્યબી ભોગવે છે, તેવાઓના હૃદયમા આર્યાવર્તની અનાથ અબળાઓની અસહ્ય સ કટોવાળી અરજી કેવી રીતે વાસો કરે ?"

"હવે જરા સમજો ! જુવાની ચાલી ગઇ ! હવે અવસાન આવ્યુ, આખર વખતે અબળાની આતરડી ના કકળાવો ! આર્ય શાસ્ત્રોમા કોઇપણ સ્થળે કન્યાવિક્રય સ બ ધે કાઇપણ લખાયલુ છેજ નહીં ? હાલમા થતાં ઢીંગલા ઢીંગલીના લગ્ન એ કાઇ વાસ્તવિક લગ્ન નથી પણ આસુરી લગ્ન છે. ઉચ્ચપણાના આભારીઓ દુહિતાની હરાજી કરી સાહ્યબી ભોગવે છે શરમ ! શરમ ! આર્યાવર્તના આભૂષણ રૂપ બ્રાહ્મણ જ્ઞાતિને શોભાવનાર બ્રાહ્મણો, પરદેશ વેઠી, પેટે પાટા બાંધી, પરાકાષ્ટાએ કન્યાદાનમાં યથાશક્તિ જે કાંઇ મળે તે આપી અથવા ક કુની કન્યા આપી પોતાની પવિત્ર ફરજ અદા કરે છે તેમના જીવનને સહસ્ર

ધન્યવાદ છે ! ! જે દીકરીનો દોકડો લેતા શરમાય છે, જે દીકરીના ઘરનો ચોખાનો દાણો સરખો વાપરતા નથી અને પવાલુ પાણી સુદ્ધાત પીતા નથી તેમના અવતારને કરોડો ધન્યવાદ છે ! ! હા . તેથી વિરૂદ્ધ વર્તન ચલાવનાર કાગડા ભામટાઓને પારાવાર ફીટકાર છે ! ! ફિટકાર છે ! તમારા જેવા કન્યાના કાળ પિતાનો ચિતાર ડાહ્યાભાઇ ઝવેરીએ આબેહુબ આપ્યો છે ”

'બોલ અરે બેવકુફ જરા વિચારી,
અહીં તો નાણાની વાત ભાઇ ભાઇ.
નાણા સારૂ દીકરીને નાખતા કુવામા,
લાજો લાજોરે નફ્ટ કસાઇ, બસ ચુપ,
જોડલું અવિચળ રાખશે શ્રી હરી,
રાડશે કે માડશે તમારે શી પડી, ચુપ, ચુપ,
કોથળી કસાઇના પટારે છે પરી,
બસ ચુપ ચુપ—૦

મોહીનીચંદ્ર

“તમે આવા છો ! ! તમને કાઇ શરમ કે લાજ નથી ! ”

“હા, હા અમે એવા એવા એવા, તે જેવા કહ્યા તેવા, તેવા, તેવા, હવે તારે કેમ છે ? ”

“હાય સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર વિશ્વામિત્ર, સમુદ્રનુ પાન કરનાર અગસ્ત ચન્દ્રને કલંકિત કરનાર ક્ષય રોગ આપનાર ગૌતમ, જનાર્દન ભગવાનના વક્ષસ્થળને વિષે લાછન અંકિત કરનાર ભ્રગુ, અને એકવીશવાર નક્ષત્રી પૃથ્વી કરનાર પરાક્રમી પરશુરામના વંશજો જે પવિત્ર બ્રાહ્મણો કહેવાય છે તે બ્રાહ્મણો ક્યા અને હાલના બ્રાહ્મણો કયા ? પૂર્વના પવિત્ર બ્રહ્મચારીઓ ક્યા ને હાલના ક્રૂર કર્માચારીઓ ક્યાં ?

અરેરે ગૌતમની પ્રજા આજે કન્યાવિક્રયથી કલંકિત બની છે! વિશ્વામિત્રની પ્રજા ધીગોળની ગોળીઓ ઝાપટે છે, અને પરશુરામની પ્રજા આજે પચભાગ ઉઘરાવતી ફરે છે ! ! આવા સર્વ કારણોથી બ્રાહ્મણોની જે અવદશા અધુના દ્રષ્ટિગોચર થાય છે તે દુરાચારી છતાં કહેવાતા કુળવાન વરને આપેલ કન્યાના કકળાટ, અગર સામ સામા સાટાના ઉંડા કુવામા ઉતારેલ કન્યાવિક્રયની નિર્ધનાવસ્થા પ્રાપ્ત કરી આપેલ પતિને પરણાવેલી કે અયોગ્ય પતિઓની સાથે સધાએલી સુદરીઓના શાપનુ ફળ કેમ નહીં હોય ? ”

“ સમજ વિનાની કુદન તુ મને શિખામણ આપી મારી ભૂલ બતાવનાર કોણ ? મારો પરમ ધરમ એ છે કે જ્યાં તારા વિચાર ભૂલ ભરેલા હોય તેનો નાશ કરી ઉંધે માર્ગે જતી અટકાવવી, અને ઘટતી રીતનો અમલ ચલાવવો અને જરૂર જણાય તો પ્રેમ અને અતઃકરણ પર સખતાઈ વાપરવી !! ”

“ પિતાજી ! પ્રેમ અને અત.કરણ એ એવી વસ્તુ છે કે જેકોઇને વેચ્યા વેચાયા હોત તો હુ તમારા અભિપ્રાયને કદી પણ ના કબુલ કરત નહીં. પિતાજી સમજો, મારા પર દયા લાવો.’

‘ પાળી પોષી પખીણી દીધે પારધી હાથ,
પાળી મુકે પાળાને ત્યા કોને કહેવી વાત.
મરકટ શું મણી કિંમત કહેશે બેસે જઇ બજાર,
સુદરી સ્નેહમણી તણી કિમત કાક કથે શું ગમાર.
પાખ વિનાની પંખીણી જેવી, આખ વિનાની કાય,
જુવતિ જોડી વિના જુવતીનું જીવતર એળે જાય
ઝવેરી

"કુદન હુ જે કરૂં છુ તે સારૂંજ કરૂ છુ. તેમાં કલ્યાણુ તારૂંજ છે"

"પિતાજી પ્રેમ પૈસાથી ખરીદાતો નથી, તે વાડીમા પાણી પાતા મળતો નથી, વાટે ઘાટે, ચોરે અને ચૌટે પણ મળતો નથી. તો પછી પૈસાથી ક્યાથી મળે?"

"કુદન તુ અંગ્રેજી ભણીને આવી થઇ? સુધારામા ભળીને આવું બોલતા શીખી? મારા વિચારને તુ આવું માન આપેછે?"

"તમારા વિચારને માન આપવાને હુ ના ધાયલી છુ, પણ ખોટા વિચારોને સત્ય દલીલો કરી કાઢી નાખવાનો મને સ પૂર્ણ હક્ક છે. તમે જાણુશો નહીં કે પાશ્ચાત્ય સુધારાની ગ ધ મને છે. પાશ્ચાત્ય પ્રજાના સુધારા પર ચાલવાને હુ માગતી નથી આર્યધર્મનુ મૂળતત્ત્વ જાણવા અને આર્યોના રીતિ રિવાજોને અનુસરવા હુ અ ત કણુથી ચાહુ છુ"

"કુ દન સ્વત ત્રતા પર અ કુશ મૂકવાની જરૂર હવે મને જણાય છે! સ્વત ત્રતાનુ સત્યાનાશ જજો!"

"આવો પવિત્ર વિચાર પહેલા જો આવ્યો હોત તો જયન્તિલાલને ઘરમાથી નીકળવાનો વખત ન આવ્યો હોત!!"

"કુદન તુ અવળુ બોલે છે?"

"પિતાજી! છોરૂ કછોરૂ થાય પણુ માવતર કમાવતાર થાય નહી, પણ તમે તો તેમજ થવા બેઠા છો. તમારા આધળા સ્વાર્થ આગળ કન્યાનુ કલ્યાણુ તમને નજરે પડતુ નથી. ફકત તમને 'પૈસો મારો પરમેશ્વર અને જર ચાહે સો કર' એજ પાઠ નજર તળે આવે છે"

"હવે તારે કરવું છે કેમ?"

"પિતાજી? કન્યા વિક્રય જ ગલી પ્રજામા ચાલતા મનુષ્ય વિક્રયના અતિ ક્રૂર રિવાજ જેવો છે. સેંકડો વર્ષ પહેલા મનુષ્ય વિક્રયનો વ્યાપાર આ દેશના ઘણા ભાગમા ચાલતો બિચારા અનાથ અને જ ગલી મનુષ્યોના ઉપર ત્રાસદાયક જુલમ ગુજરતો. આફ્રિકા જેવા દેશમા એ વ્યાપાર પૂર જોસમા ચાલતો, આજ પણ જયા એવા મૂર્ખ મનુષ્ય વસે છે ત્યા એ રિવાજ ચાલે છે. આર્યાવર્ત એવા ઘાતકી રિવાજથી મુકત હતો. આફ્રિકાના જે સ્થળે મનુષ્ય વિક્રયનો વ્યાપાર ચાલતો તે સ્થળનુ અદ્યાપિ ગુલામ આરો એવુ નામ ભૂગોળ વિદ્યામાં પ્રસિદ્ધ પામેલ છે. ગુલામગીરીનો ધ ધો એટલે મનુષ્ય વિક્રયનો વ્યાપાર સુધરેલી પ્રજાએ બધ પાડયો, પણ પિતાજી આપના જેવા ઘણા મનુ-ષ્યોમા ગુલામગીરીનુ કામ કરતા ચડે તેવો એક વ્યાપાર ચાલે છે તેની શુ આપને ખબર નથી? આ દેશમા કન્યાવિક્રયનો અધમાધમ વ્યાપાર છચોક પુત્રીનો પિતા ચલાવે છે, જ ગલી લોકો પરાયા મનુષ્યોના બાલબચ્ચા લઈ વેચતા, પણ આ દેશમા માબાપો પોતાનાજ છોકરા વેચે છે, અને તેમાયે તમારા જેવા પવિત્ર બ્રાહ્મણો પેટની દીકરીઓની હરાજી કરે છે! આતે આર્ય દેશનો ધર્મ ધારો કે આફ્રીકાનો ગુલામ આરો? શુ છોકરા વેચવા તેને આ દેશમા ધર્મ માન્યો છે? હા પાડયા વિના આપણો છુટકોજ નથી. લગ્નની ક્રિયા અને તેના ધારાને આપણે ધર્મ માની બેઠાં છીએ, પણ લગનની ક્રિયામા કાર્ય શું થાય છે તેનો તો વિચાર કરો! લગનના ધર્મવાળા કાર્યની સાથે અર્થની

પણ સિદ્ધિ થાય છે. પૈસાની પ્રાપ્તિ માટે દશ વરસની બાળકી પચાસ વરસના બુઢ્ઢાને આપવી અને તેને કન્યાદાન માની ધર્મ સમજવો એ પણ એક ધર્મ ! અર્થ સિદ્ધિ માટે સ્વરૂપવાન કન્યાને અપંગ આંધળા જોડે ઓઢવી દેવી અને તેને કન્યાદાન સમજી ધર્મ માનવો તે પણ એક ધર્મ ! બાર તેર વરસની કન્યાને પાંચ વરસના ઠીંગુજી જોડે પરણાવી કજોડું કરવુ અને તેનુ કન્યાદાન સમજવુ એ પણ એક ધર્મ ! ભણેલી બાળાને બુડથલ બબૂચક વર જોડે પરણાવી કન્યાદાન ધારવું એ પણ એક ધર્મ ! સુકુમાર બાળાને શૅાકયની શૂળી ઉપર વિંધી કન્યાદાન માનવુ એ પણ એક ધર્મ, અને જ્યા પૈસો મળે ત્યા પુત્રીને ફેંકી કન્યાદાન સમજવુ તે પણ એક ધર્મ ! જ્યાં સ્વાર્થના લગ્નમા આવા ધર્મ સમજાઇ સમજાઇને કન્યાદાન દેવાતા હોય ત્યા સંસાર સુખની શી આશા રખાય ? પેટના સ્વાર્થ માટે નીતિશાસ્ત્રને કોરે મૂકી અર્થશાસ્ત્રના નિયમને અનુસરી બાળકોના વેચાણ થઇ લગ્નો થાય ત્યા લગ્નના હેતુ અને ધર્મ કયા રહ્યા ? આર્યાવર્તના પવિત્ર વિચારવાળા આર્યઋષિયોની ધર્મભાવના ઉપર અત્યારે પાણી ફરી વળ્યુ છે ! જે પવિત્ર ધર્મના ધોરી રસ્તા બતાવ્યા છે તેની દોરી સાંપ્રત સમયના સ્વાર્થી બ્રાહ્મણોના હાથમાથી સરકી ગઇ છે. પોથી કે પાનામા રૂઢિ કે રસમમા ધર્મ સમાયો નથી, પણ પૈસો લીધા વિના પુત્રી આપવી એજ ધર્મ અને પૈસો લઇ પુત્રી આપવી એજ અધર્મ ! !

'અવળચંડી કમ અક્કલની કુંદન ! તારૂ પ્રારબ્ધજ નથી, નહીંતો તુ નાદાની નજ કરે. જ્યારે તારા તરફ હુ નમ્ર ભાવથી

વરતુ છું ત્યારે તુ અયોગ્ય ન કહેવાના વચન કહી મારૂં મન દુભાવે છે. ભોગ તારા મૂર્ખ તુ હાથે કરીનેજ દુ:ખી થવા માગે છે ! અભાગણી ! ભણેલા ભીખ માગે છે, અને ભણેલા ગરીબ અવસ્થામા દિન ગુજારે છે, મારે મન પૈસારૂપી પરમેશ્વર તરીકે પૂજાતા પ્રત્યે તુ પ્રીતિ ભક્તિની સ્થાપના કર ! મુરખી, દુનિયા દમડાની છે. શ્રીમતનુ સર્વ કોઇ સગુ છે. ગરીબનુ કોઇ બેલી નથી. ભણેલાઓ પણ પરદેશ વેઠી પેટ ભરી પૈસો કમાય છે, ગરીબનો હાથ ઝાલવાથી તુ સુખી જીદગી કહાડીશ નહીં રોટલાને રૂએ અને લુગડાને ધુએ એવા રાક છોકરાને તારો બાપ જમાઇ ન જુવે એ નિશ્ચયપૂવક સત્ય કરી જાણજે ! ગરીબના અવળા દાત હોય ! ગરીબ જમાઇ આપણુ આગણુ અભડાવી મુકે સમજી બેવકુફ ? ”

“ ચિતાની અદર સૂવાડનાર પિતા ! પ્રભુનો પહાડ સરખો પાડ માનીશ કે તેનુ ચિંતવન કરીશ ! હવે પિતા તરીકે તમને બોલાવતા મારૂં કાળજુ ફાટી જાય છે ! ! પિતાજી નક્કી સમજજો કે તમારી કુદન એ હિમતરાય ખવીસને વરવા કરતાં સ્મશાનમા સુવા વિશેષ આતુર છે પણ કસાઈના હાથમાં તો નહીંજ જાય !”

“ દુષ્ટા લે તારે લેતી જા ” કહી કેશરી ડોસો કુદન ગાય ઉપર તુટી પડયો; જોત જોતામાં પંદર વીસ ધોલો કુદનને લગાવી દીધી અને જોડે પાચ સાત લાકડીના ઝપાટા ડોશી મણીલક્ષ્મીને પણ ઝપાટી દીધા અને રોષમાં ને રોષમા કપડા પ્હેરી કટાળી બ્હાર ચાલતો થયો, મા દીકરી મારના પ્રહારથી મૂર્છાવશ થઈ ગયાં, અત્યારે તેમની સારવાર કરવા અર્થાત્ મૂર્છા વાળવા

કોઇપણુ પાસે આવ્યું નહીં, ઓરડામાં વચ્ચો વચ્ચ મણીલક્ષ્મી અને કુંદન ચત્તાપાટ ફાટી આંખે પડયા, ઘણીવારે કુદનને મૂર્છા વળી અને ડાશી પણુ સાવધ થઇ; કુદનની અવદશા જોઇ ડાશીની આખે ચોધારે આસુ આવ્યા; કુદન પણુ ડસકા ઉપર ડસકાં ખાવા લાગી, ડોશીના મુખમાથી નીકળી પડયું, “ બેટા કુદન હુ છતાં તારી આવી દશા ’ કહી મા દીકરી સારી રીતે રડતી આખે ભેટયા ! શબવત્ સ્થિતિમા બને જણા કેટલીક વાર સુધી રહ્યા. આખરે માની પ્રેમાળ સોડની ગરમીથી કુદનને ભાન આવ્યું અને વિખુટી પડી રડતી આખે નસીબને કહેવા લાગી.

“ બાળલગ્ન, કન્યાવિક્રય અને કુળાભિમાનના કડવા કુચાલોથી જન સમાજ અનીતિને રસ્તે દોરવાઈ દુ.ખના સાગરમાં ડુબકા ખાયછે ધર્મની બુબી સમજયા કે જાણ્યા વિના ધર્મ ધર્મ કહી કહી કુટવુ એ એક જાતનો ઉન્માદ છે મનુષ્યથી છેક જીવ જન્તુ પર્યંત સૃષ્ટિના બધારણમા સર્વેશ્વરે નર નારી સ્ત્રી પુરૂષનું જોડુ બનાવ્યુ છે, અને કુદરતી નિયમાનુસાર પ્રત્યેક પ્રાણી પોતાને સમાન ગુણુ સ્વભાવવાળા સાથે સબધ યોજે છે, તેવી રીતે મનુષ્ય આદિમા પરસ્પરનું પ્રેમાકર્ષણ થતુ હોય એમ સ્પષ્ટ અવલોકાય છે. કુદરતી રીતે મનુષ્ય પ્રાણીમા તર્કશક્તિ ઇશ્વરે બક્ષી છે ઇશ્વરનો સકેત નહી જાણીને કે જાણ્યા છતા પણુ અવળે રસ્તે દોડવાથી સસાર સુખનો નાશ થાય છે. પર પ-રાથી ચાલતા આવેલા પવિત્ર આચાર વિચારોની સામાજીક સુધારણા ભાગી પડી ઐકય તુટી ગયું; આથી કુટુબની વ્યવસ્થા

બગડી, સ્ત્રી પુરૂષના ધર્મનું સ્વરૂપ પલટાઇ ગયું, હક્કને હાનિ પહોંચી પતિને ગૃહરાજ્યની ચિંતા જતી રહી, પતી પત્નિનુ મહત્ત્વ સમજ્યો નહી, પત્નીએ પાતિવ્રત્ય ધર્મનો મહિમા તજ્યો, લગ્ન ઉપર શ્રદ્ધા રહી નહીં અને સુધારા અને ફેશનના ફ દે ફસાઇ આર્યસ સારની ફજેતી થવા લાગી ! ! ”

“ દીકરી કુ દન તારૂં કહેવુ સમજવાને હજુ વધારે જમાનાની જરૂર છે. કન્યા ઉપર માતા પિતા પોતાની માલીકીનો હક્ક ધરાવે છે, તેઓ તેની ખરી દાઝ જાણુનાર છે એમ લગ્ન પ્રસ ગમાં ઉપર ઉપરથી બતાવી દાભિક બની કન્યાને સ્વાર્થના ઉ ડા કુવામા હડસેલી દે છે ! આવા અધમાચાર આદરે તેમાં બીજાએ વકીલાત કરવાની કશી અગત્ય નથી એ શુ વાસ્તવિક છે ? અગર સાચી દલીલોથી તેમને અવળે રસ્તે જતા અટકાવવાનો પુત્રીનો ધર્મ નથી ? આવા વિકટ પ્રસ ગે એક પુત્રી કદી મલાજાને બાજુપર નાખી પોતાના કલ્યાણને વાસ્તે કડવા વચન કહેશે તેને શુ જગત બેવકુફાઇ કહેશે ? પુત્રીને સુખ આપવુ કે દુ:ખ આપવુ તેમા ધર્મ કોને કહેવો ? અને કઇ વર્તણુ કને અધર્મ કહેવો ? નીતિ અને ન્યાયનો પરસ્પર એવો ગાઢો સ બ ધ છે કે માલીક છતા માબાપો પોતાના પુત્રોને દુ ખ દે મારે કે મારી ન ખાવે તો જેમ નીતિ અને ન્યાયને જાણુવાવાળો કાયદો વચ્ચે પડેજ, તેમ પોતાના બાળકોના સ બ ધમા માબાપો તરફથી જાણી જોઇને કે અજ્ઞાનતાથી એવુ કાઇ પણુ નિ દ્ય પગલુ ભરાય કે જેથી અનીતિને ઉત્તેજન મળે અને જનસુધારણાના પ્રવાહમાં વિરોધ આવે તો તેમાં પણુ નીતિ અને ન્યાય વચ્ચે

શા વાસ્તે ના આવે? વ્યવહાર અને સ સાર એ બ નેને ધર્મનુ તત્ત્વ વળગી રહ્યુ છે. લગ્નને ધર્મની પવિત્ર ક્રિયા માનવામા આવે છે, અને છે પણ તેમજ, પણ અગ્નિ પ્રકટાયમાન કરી ચૉરીમા હસ્ત મેળાપ કરી ગોર મહારાજ પોતાનુ ભુ ગળભટીયું શાસ્ત્ર અવિચ્છિન્ન ધારાથી ચલાવે જાય અને ખરેખરી ચોરી કરાવે તેમાજ ધર્મનુ તત્વ સમાયુ છે? હા ...ચૉરી બાધી ચોરી કરાવવી, વિવાહનું વગોણુ કરવુ, વરરાજાને યમને સ્વાધીન કરવા, લજ્જા હોમને, લજ્જાસ્પદ હોમ બળતા જ્વાળામુખી અગ્નિમા ભડભડ કરતો સળગવા દેવો, વેદોના મ ત્રો ભણાવવા? આવુ થતુ હોય ત્યા અગ્નિ સાક્ષીએ આપવામા આવતુ કન્યાદાન કેવુ ફળ લાવશે?"

"માતાજી પૈસા લેવાના પાપી પ્રાપ ચિક મોહથી કે કુળા ગારના કહેવાતા કુપુત્રોના વર્તનથી કન્યાવિક્રય કરીને, કજોડુ કરીને, કન્યાનુ બળિદાન–ભવિષ્ય પ્રથમ પાયે આપેલુ હોય છે તેનો પ્રત્યુત્તર કાલા ઘેલા માબાપો કેવો આપે છે તે વિચારવાનું છે! હા....ધિક્કાર છે એવી ખોટી ધર્મક્રિયામા કે કન્યાને વેચી તેના લોહી માસનુ આ આર્યભૂમિમા માબાપો ભક્ષણ કરી રક્ષણ-પણાનો દાવો કરે છે, કન્યાના વેચાણને પૈસે વિવાહમા મ્હાલે છે અને નાત જાતને મિષ્ટાન્ન જમાડી વાહ વાહ બોલાવરાવે છે!! હા....આવી દુષ્ટ રસમથી આર્ય દેશપર પરત ત્રતારૂપી એક મહાન્ વૃક્ષ ઉગ્યુ છે પરણવુ શુ અને પ્રેમ તે શુ આ બે વાકયોનો યથાર્થ ચિતાર મદાધ અને સ્વાર્થાધ માબાપો જાણી શકતાં નથી. પ્રેમની પવિત્ર દોરી માબાપોએ તોડી નાખી છે.

હવે પ્રેમને બંધન છે તેની અમુક મર્યાદા બધાઇ છે. પ્રેમ પૈસે મળે છે અને બીજા ગોથાં ખાય છે, શી પ્રેમની બલિહારી! હા.... જમાનાના જાલમ જોરમાં પ્રેમ પરહસ્તે વેચાય છે, પૈસા વડે ખરીદાય છે અને પશુવૃત્તિ સમાન તેની વ્યવસ્થા થાય છે. બળાત્કાર વાપરવાથી લગનની ગાંઠમાં વિઘ્ન રૂપી રજ્જુ સંધાય છે. જેનુ મ્હોડુ જોવું ન ગમે તેની સાથે આપણે તાબે રહી જીવવું તેના કરતાં મરવુ વધારે ઉત્તમ છે. કજોડાની કહાણી કરતાં કુંવારી જીંદગી સહુસ્ર ગણે દરજે અધિક કલ્યાણકારી છે. કુંવારા કોડે મરે અને પરણેલા પીડાએ મરે! સંપત્તિ અને શ્રીમંતાઇના શોખ કરતા ગરીબાઇના ઝુંપડામાં રહી કલ્લોલ કરવો હું વધારે પસંદ કરૂછું. હમેશાં સુખનો વાસો સંતોષમાં છે, પણ નહીં કે વાડી વજીફા, મિષ્ટાન્ન ખટરસ સાહ્યબીમાં સમાયો છે! અસંતોષથી ઘીનાં ઘેબર ભાવતાં નથી પણ સંતોષથી સાત દીવસનો સુકો રોટલો ઘણો મીઠો લાગે છે."

"કુંદન લગ્ન એ કાંઇ મનુષ્યની યોજેલી યોજના નથી પણ તે તો એક ઇશ્વરી આજ્ઞા છે. લગ્ન તે કાયદાનો કરાર નથી પણ પ્રભુની પ્રેરણાથી જન્મ પામેલાં સ્ત્રી પુરૂષના પવિત્ર પ્રેમની ગ્રન્થી છે; જે ગ્રન્થી તેમના જીવન સુધી તુટવી ન જોઇએ. 'વિષયવાસનાનું સ્વરૂપ એ શુદ્ધ પ્રેમ નથી.' પ્રેમ સ્વાર્થી નથી. પરસ્પરના ગુણ સ્વભાવનું જ્ઞાન મેળવી પાત્ર વસ્તુમાં પ્રીતિ જોડાવી જોઇએ. પ્રેમી મરતાં પ્રેમી જીવે તો તે પ્રેમનેજ ધિક્કાર છે! પ્રાણાન્ત સુધી પ્રેમરસનું પાન કરતાં સ્ત્રી પુરૂષે પરસ્પર પ્રીતિનું પાત્ર બનવાનો અભ્યાસ આદરવો જોઇએ. 'વધારે સારી

રીતે અને વધારે વખત સુધી સુખી જીવન ગાળવું હોય તો પ્રથમ કેમ મરાય છે તે શીખવું જોઇએ!' સારી રીતે સુખ ભોગવવું હોય તો દુ:ખ શુ છે તેનો વિચાર કરવો જોઇએ.' કૃત્રિમ હાસ્ય, મીઠાં વચન અને સ્વરૂપના ફંદવાળો હસ્ત મેળાપનો આનદી દિવસ આખુ જીવન કલેશના દિવસમા નષ્ટ કરે છે પ્રેમનું તત્વ એવુ ચૈતન્ય અને સુખવાળુ છે કે પવિત્ર પ્રેમમાં પરિપૂર્ણ રીતે નિમગ્ન થએલું એક ગરીબ જોડુ આ પૃથ્વીપર એક નાનકડુ સ્વર્ગ ખડુ કરી દે છે. પતિના પર પત્ની પ્રેમનુ સામ્રાજ્ય ચલાવશે. પતિ જેમ પ્રભુના ન્યાય પથને અનુસરશે તેમ પત્ની પ્રભુરૂપ પતિના પગલાને પૂજશે. પત્ની પોતે પ્રીતિનુ પાત્ર થવાને પ્રયત્નવાન બનશે. અન્યો અન્યના પ્રેમની વૃદ્ધિ ઇચ્છવી એ પતિ પત્ની પળે પળે અવલોકશે. પત્નીના પ્રેમની ન્યૂનતા દુર કરવા પતિ કારણ શોધશે અને પતિના પ્રેમની ન્યૂનતા દૂર કરવા પત્ની કારણ શોધશે. પ્રેમી સતોષી અને નીતિમા રહેલો એક ગરીબ ઘરસસાર સ્વર્ગને સદતર ભુલાવી દેછે. તે ઘર સસારના પવિત્ર પ્રેમ, સતોષ અને નીતિ આગળ કુબેર ભડારીનો વૈભવ ફીકકો પડી જાય છે."

"ધન્ય ધન્ય છે માતાજી! આપનો અમૂલ્ય ઉપદેશ હુ આજથી મારા કાળજામા કોતરીને રાખુ છુ જ્યારે આ કાયા ચિતામા બળશે ત્યારેજ તમારો ઉત્તમ ઉપદેશ આ ખોળીઆમાથી જુદો પડશે! હે વિશ્વાધાર પાપી પિતાને પનારે પડેલી કુદન હવે તારા આધારે છે. કસાઇને ઘેર બધાતી કામધેનુ તમારા આશ્રય તળે છે, હે અનાથના નાથ, નોધારાના આધાર

આ બાળકોને હવે ઉપર આભ અને તળે અવની છે. મારા વ્હાલા પિતા તમે આ કુંદન કન્યાને કેવળ કર્મ ઉપર રાખી આ વિંધ્ય વગડામા અધવચ રઝળતી મૂકવા તૈયાર થયાછો પ્રભુ તમારૂં ભલુ કરો ! ! આર્યસંસારની નિરાધાર ગરીબડી પામર કન્યાઓ હવે આ ભવમાં કાંક પુણ્ય કરી લ્યો ! ! તમારી વ્હારે ચઢનાર કીરતાર સિવાય બીજુ કોઈ નથી."

"બેટા કુંદન તુ અકળાઇશ નહીં, ઇશ્વર સૌ સારા વાના કરશે 'ઘણા કષ્ટ કાળે ઘણુ ધૈર્ય ધારો' એ સૂત્ર હરઘડી તુ યાદ કરી ફકત પરમાત્મામાજ વિશ્વાસ રાખ, એને આધારે રહેલું કોઈ પણ અધવચ રહ્યુ નથી."

"માતાજી તમારા વચનો હુ માથા પર ચઢાવુ છુ. આર્ય સંસારની દુ.ખી કન્યાઓ, તમારા વડીલો એ વડીલો નથી પણ જમાનાના કસાઇઓ છે, દીકરી મુંડીનુ વ્યાજ ખાનારા કરમ કુટીઆ કાધીઆઓ છે, તમને પાળી પોષીને ઉછેરે તે વાત્સલ્ય પ્રેમને વાસ્તે નહીં પણ સ્વાર્થી કન્યાધનને વાસ્તે ઉછેરે છે ! કોમળ કન્યાઓ, પામર પંખીણીઓ, ગરીબડી ગાવલડીઓ, નિરાધાર મૃગલીઓ હવે તમે તમારી કન્યાવસ્થામા ભવિષ્યમા સુખી થવાને કમળાપતિ કેશવ ભગવાનનુ ભજન કરો,"

"કરૂણાના સાગર નટવર નાગર, વ્હારે ચડો વનમાળી,
ગુણ રત્નાકર, દેવ દીવાકર, પંખીણીઓ સપડાવી
ઘેરાણી પંખીણીરે, કાંઇ ન સુજે, થરથર ધ્રુજે,
પાર પાડો પુન્યશાળી-૦
વેલી વિંધાણીરે, કોઇ બચાવો, આવોરે આવો,
પરદુખભંજન માળી-૦" ગરબી

“ આ પ્રમાણે સાક્ષર ઝવેરીનુ કાવ્ય બોલતી બોલતી કુંદન મણીલક્ષ્મી માતાને બાઝી પડી, ખૂબ રડી, દીકરીને રડતી જોઇ મણીલક્ષ્મી પણ રડવા લાગી, અને રડતાં રડતા તેના મુખમાથી પરાણે ઉદ્ગાર નીકળી પડયા “ અરેરે આતે બાળાનો બાપ કે સ્વાર્થનો સાપ ’ કહી વેલી અને વૃક્ષ બને લચી પડયા.’

પ્રકરણ ૮ મું.

મંદવાડ કે કર્મનો ભંજવાડ ?

દોહરો.

બહોત ગઇ થોડી રહી ચતન કાઇ ચેત,
કાળ ઉંદરડો કાતરે ઉત્તમ આયુષ્ય ક્ષેત્ર, લોકગાથ્ય

સુરજ, ચંદ્ર અને વરૂણને વશ કરનાર રાવણ પણ કાળના એક સપાટે કુટાઇ ગયો, શ્રીકૃષ્ણ પરમાત્મા જેવા સારથી વાળો મ્હારથી અર્જુન પણ કાળની ફાળમા ફસાઇ ગયો, અને માધાતા જેવો મહિપતિ પણ કાળની દાઢમા જોતાં જોતા ચવાઈ ગયો, તો હે અલ્પ આયુષ્યના મનુષ્ય તુ કાળની શી વિસાતમા છે ?

કાયા સુતરને તાતણે જો બાધી આ જીંદગાની છે,
દરિયા તણા મોજા સમી તુ જૂઠી જાણુ જુવાની છે;
અણધારી ઓ અજ્ઞાન જો આ આખ બધ થવાની છે,
અતરતણી સહુ આશ અંતરમા સમાઇ જવાની છે.

નવલકુસુમ

સૃષ્ટિમાં તાપ પછાડી વૃષ્ટિ છે, અજવાળા પાછળ અધારૂ છે, દિવસ પાછળ રજની છે, જુવાની પછાડી

જરા છે, ટાઢ પાછળ તાપ છે અને જેમ સુખ પાછળ હમેશાં દુઃખ રહ્યુ છે તેમ સંસારમાં નિરંતર જન્મ પછાડી મરણજ રહેલુ છે.

“ बालस्तावत्क्रीडासक्तस्तरुणस्तावत्तरुणीरक्तः ।
वृद्धस्तावच्चिंतामग्नः परमे ब्रह्मणि कोपि न मग्नः ॥ ”

“ હે અભાગીયા જીવ, બાળક હોય ત્યા સુધી રમતમા આસક્ત રહે છે, યુવાની હોય છે ત્યાસુધી યુવતિમા આસક્ત રહે છે અને વૃદ્ધ હોય છે ત્યાસુધી ચિંતામા લક્ષ્મીમા આસક્ત રહે છે પણ કોઈ દિવસ તુ બ્રહ્મસ્વરૂપમા લીન થતો નથી. તારા આત્મસ્વરૂપને તુ ઓળખતો નથી, રે નફ્ટ ધિક્કાર છે તને ! નારાયણ હરે, નારાયણ હરે, નારાયણ હરે ! ”

“ બાપા તમને શુ થાય છે ? ”

“ બેટા હીરાલાલ મને અત્યારે મારા અવસાન અવસરનુ વિજ્ઞાન થાય છે.

आदित्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितं ।
व्यापारैर्बहुकार्य भारगुरुभिः कालो न विज्ञायते ॥
दृष्ट्वा जन्मजराविपत्तिमरणं त्रासश्च नोत्पद्यते ।
पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ॥

આદિત્યના ઉદય અસ્તથી નિરંતર આયુષ્ય ઓછુ થતુ જાય છે તે જાણુવામા આવતુ નથી, ઘણા કામરૂપી ભારથી ભારે લાગે તેવા જગતના વ્યાપારોથી કાળ ચાલ્યો જાય છે તે જાણુવામા આવતુ નથી, અને જન્મ, જરા, વિપત્તિ અને મરણને દેખતા છતા પણ ત્રાસ ઉપજતો નથી એનુ કારણ શુ ? કારણ એજ કે

મોહથી ભરેલી પ્રમાદરૂપી મદિરાને પીવાથી જગત ઉન્મત્ત થઈ ગયુ છે. હે મુરખ મન! હવે તારા ચૈતન્યને તું ઓળખ, ગોવિંદ, ગોવિંદ ગોવિંદ!"

"પિતાજી આમ અકળાશો નહી! લ્યો જરા ચમચી ગરમ ગરમ દૂધ પીઓ એટલે છાતીની ગભરામણ મટી જશે."

"દીકરા હીરા હવે મને પ્રભુ જ્ઞાનનુ ગરમ ગરમ દૂધ પા કે જેથી મારી છાતીમાથી અજ્ઞાનતાની શીતલતા જતી રહે."

'भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं ।
मौने दैन्यभयं बले रिपुभयं रूपे जराया भयम् ॥
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतांताद्भयं ।
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयं ॥'

'ભોગને વિષે રોગનો ભય છે કુળને વિષે હલકુ થઇ જવાનો ભય છે, દ્રવ્યને વિષે રાજાનો ભય છે, મુગાપણાને વિષે દીનપણુ આવવાનો ભય છે, બળને વિષે શત્રુનો ભય છે, રૂપને વિષે જરાનો ભય છે, શાસ્ત્ર ભણવા વિષે વાદ વિવાદ કરવાનો ભય છે, ગુણને વિષે ખળ પુરૂષનો ભય છે અને શરીરને વિષે કાળ થકી ભય છે. એમ સર્વે વસ્તુ પૃથ્વી ઉપર માણસોને ભયવાળી છે. પરન્તુ વૈરાગ્ય એજ એક અભય એટલે ભય વગરનો છે! હરિ, હરિ, હરિ તે અત્યાર સુધી ઓળખવામા ન આવ્યો તેનો આ રોગ છે. રાધે કૃષ્ણ, રાધે કૃષ્ણ!!"

"બાપા આજે કફનો ઘણો ઉપાડ છે, લાવો ટરપેનટાઇન તેલ ચોળી શેક કરૂ."

" ભાઇ હીરાલાલ કફથી મનુષ્યની ઉત્પત્તિ છે અને કફથીજ મનુષ્યનો લય છે. જે જેમાં ઉત્પન્ન થયું તે તેમાં સમાય એ સ્વાભાવિક છે; માટે બેટા હવે મારા શરીરને હરિ નામનો શેક કરો ! આત્મજ્ઞાનનુ તેલ ચોળી રામ નામનો શેક કરો એટલે ઝટ કફ ઓગળી જઈ કંઠ દ્વાર ખુલ્લો થઇ રામ નામનો જાપ કરશે. ભાઈ હીરાલાલ, બાળક જાણે કે મારૂં બાળપણ અને તેમા ભોગવવાના ભોગ સદાય એમજ રહેશે. જુવાનીઆ જાણે કે મારી જુવાની અને તેમાં ભોગવવાના ભોગ સદૈવ એમજ રહેશે અને વૃદ્ધ જાણે કે મારી વૃદ્ધાવસ્થા અને તેમાં ભોગવવાના ભોગ એમજ રહેશે પરન્તુ કાળનો નિયમ એવો છે કે કોઈપણ પદાર્થ એની એ સ્થિતિમાં રહેતોજ નથી. ભોગ અને અવસ્થા કદી ટુંકે કાળે નાશ પામે કે કદી લાબે કાળે નાશ પામે પણ અવિચળ તો કાઇ રહેવાનું નહીં. કોઇ પણ અવસ્થામા કોઇ સદ્વિચાર કે કલ્યાણનુ સાધન થયુ હોય તો તે અવિચળ રહે છે, આયુષ્યની અવધિને નહીં જાણનારા બુદ્ધિમાનો આજ શુ છે આગળ કરશું એમ ધારે છે અને લાંબી આશાની દોરીએ લટકાયા કરે છે. ફાંસીના લાકડાની દોરીએ લટકનારા પાપીઓનો તો તરત છુટકો થઇ જાય છે પણ આશારૂપી દોરીને વળગી રહેલાનો આ પાર કે પેલે પાર છુટકોજ થતો નથી. બાલ્યાવસ્થા પણ વીતે, યુવાવસ્થા પણ વીતે, અને જરાવસ્થા પણ વીતે તો છેવટ જે રહ્યું તે મૃત્યુ કહેવાય એ મૃત્યુ થતાં પણ આશા સૂક્ષ્મ શરીરને પોતાના કબજામાં રાખી અનેક દુઃખ આપે છે માટે હે અભાગીયા જીવ હવે આશામાંથી અને તૃષ્ણામાંથી મોકળો થઇ જા, શિવ, શિવ, શિવ."

" भ्रांत देशमनेकदुर्गविषमं प्राप्तं न किंचित्फलं ।
त्यक्त्वा जातिकुलाभिमानमुचितं सेवा कृता निष्फला ॥
भुक्तं मानविवर्जितं परगृहेष्वाशंकया काकवत् ।
तृष्णे जृंभसि पापकर्मनिरते नाद्यापि संतुष्यसि ॥"

" અનેક પ્રકારના ગઢ વડે પેસી ન શકાય એવા દેશમાં ફર્યો પણુ કાંઇ ફળ મળ્યુ નહીં, જેવુ જોઈએ તેવું જાતિનુ અને કુળનુ અભિમાન મેલીને ફળ વિનાની સેવા કરી, શકાવડે કરીને માન મેલીને પારકે ઘેર ખાધુ તોપણ હે પાપ કર્મમાં લાગી રહેલી તૃષ્ણા હજી તુ વધારે ને વધારે વધતી જાય છે ને સંતોષ પામતી નથી. ધન્ય છે, ધન્ય છે તે પુરૂષને કે,"

'तेनाधीतं श्रुतं तेन तेन सर्वमनुष्ठितम् ।
येनाशापृष्ठतः कृत्वा नैराश्यमवलंबितम् ॥'

" જેણે આશાને પાછળ મેલીને નિરાશપણાનુ ગ્રહણુ કર્યુ તેજ સઘળુ ભણ્યો, તેણેજ સઘળુ સાંભળ્યું અને તેણેજ સઘળુ કર્યું, કેમકે ગમે તેટલો વિદ્યાનો અભ્યાસ કર્યો હોય, ગમે તેટલા શાસ્ત્રોનુ શ્રવણુ કર્યુ હોય અને ગમે તેવા સારાં કર્મ કર્યાં હોય પણુ જ્યા સુધી આશાને મેલી ન હોય ત્યાંસુધી તે સઘળુ વૃથા છે કેમકે એક આશા એ બધાને નિષ્ફળ કરી નાખે છે માટે,"

यादुस्त्यजा दुर्मतिभिर्जीर्यतो या न जीर्यते ।
तां तृष्णां दुःखनिवहां शर्मकामो द्रुतं त्यजेत् ॥

નઠારી બુદ્ધિવાળાઓએ જે તજાતી નથી અને શરીર ઘસાતા પણુ જે ઘસાતી નથી તે દુઃખને વહેનારી તૃષ્ણાને કલ્યાણુની

કામનાવાળા પુરૂષે ત્યાગ કરવી. નારાયણ હરે, નારાયણ હરે, નારાયણ હરે ! ! ”

“ બાપા જરા જરા આમોન્યા સૂઘો, તેનાથી કઠ સાફ થશે. શરીરમા ચૈતન્ય રહેશે અને જરા જાગૃતિ આવશે ”

“ દીકરા, હવે મને હરી નામનુ આમોન્યા સૂઘવા દે હે ઘેલા મન હવે જીવતરની તૃષ્ણા તજી દે જ્યાથી તુ આવ્યો ત્યા જવાની તૈયારી કર. મિથ્યા માયામા હવે તુ લપટાઇશ નહીં, કાય જ્યા સુધી શ્વાસ છે ત્યા સુધી જીવ તૃષ્ણાને તજતો નથી.”

‘ अंगं गलितं पलितं मुडं ।
दन्तविहीनं जातं तुंडम् ॥
करधृतकम्पितशोभितदंडं ।
तदपि न मुंचत्याशापिंडम् ॥ ’

“ હરિ, હરિ, હરિ હવે બાલ્યાવસ્થા ને યુવાવસ્થામા ઇદ્રિયો જે શક્તિ ધરાવે છે તે શક્તિ પણ ક્રમે કરી ઘટતી જાય છે છેવટ મોઢામાથી લાળ પડે છે, અનાજ દાત ન હોવાથી બરાબર ચવાતુ નથી, નાક ચૂવે છે, આખમાથી પાણી પડે છે, કાને થોડુ સભળાય છે, આખે થોડુ દેખાય છે, ઉચ્ચાર બરાબર થઇ શકતા નથી, સ્મૃતિ ઓછી થઈ જાય છે, શરીર ભારે થઈ જાય છે, ચામડીમા કરચલી પડી જાય છે, અગનુ લોહી સુકાઇ જાય છે, પથારીએ પડયું રહેવુ પડે છે, ઊઠવુ હોય તો લાકડી લેવી પડે છે. માથુ હાથ ને પગ થરથર્યા કરે છે, પૂર્વાવસ્થાના જેવી બુદ્ધિ પણ રહેતી નથી, અફીણનુ બધારણ થાય છે, ઘરના માણસો અણસમજુ હોય તો પ્રથમના જેટલું માન આપતા નથી.

કઇક બોલતાં સહુ બચકાં ભરવા દોડે છે, કુતરાની પેઠે ઘરના માણસ કે ઘરના ન હોય તો બહારનાં માણસ બચકુ રોટલો આપે તે ખાવો પડે છે, પોતાનુ માન નહિ રહેવાથી પેટમાં બળે છે, લુગડા પહેરવા પૂરા મળતાં નથી, સૂવાને શય્યા પણ મળતી નથી, રામનુ નામ સાભળતુ નથી, જીભનો લવારો વધે છે, વખતે મળમૂત્રથી વસ્ત્ર બગડી જાય છે, શરીર મેલથી ગધાય છે, આગલી અવસ્થા સાભળી આવવાથી રડી જવાય છે, આવી પરવશ દશા થાય છે તોપણ મૂરખ મન માયામાથી નીકળતુ નથી, રામકૃષ્ણ ગોવિદ, રામ કૃષ્ણ ગોવિદ, રામકૃષ્ણ ગોવિદ!"

"બાપા હવે માયા મમતા મુકી દઇ ભગવતને યાદ કરો કેમકે-

'कामं क्रोधं लोभं मोहं ।
त्यक्त्वात्मानं पश्यत कोऽहम् ॥
आत्मज्ञानविहीना मूढाः ।
पच्यंते ते नरकनिगूढाः ॥'

કામને, ક્રોધને લોભને અને મોહને ત્યાગ કરી હુ કોણ છુ એમ આત્માને જુઓ. જેને આત્મજ્ઞાન નથી તે મૂઢ લોકો નરકમા પડયા સડયા કરે છે."

"ધન્ય છે દીકરા ધન્ય છે તને! હવે મને તારી વાતો ગમે છે. તુ દવા દવા કરીને મારૂ માથુ ફોડાવતો હતો તે મને લગારે ગમતુ નહોતું, હવે મને ભગવત ભક્તિની સૂચના કરે છે તેથી મારો જીવ ઘણો આનદ પામે છે. બેટા મારા જેવા ખાઇ પીને ઉતરેલાને વાસ્તે ડાકટરો અને વૈદો કાઇ કામના નથી, તે તો જુવાનીઆ અને માયાવી જીવોને પ્રિય થઈ પડે છે. મને તારી

અંગ્રેજી દવા કરતા ભગવતની દવા ઘણોજ સારો ગુણ દેશે; હરિ નામ જેવી ઉત્તમ દવા દુનિયામાં બીજી એકે નથી; અને તારા જેવા ભગવતની ભક્તિ કરો એવું કહેનારા દીકરા પણ મને મારી નિર્ધન અવસ્થામા મળવા આ જગતમા ઘણા મુશ્કેલ છે. ઓહો જગતમાં સતસગત શું નથી કરતી?"

'जाड्यं धियो हराति सिंचति वाचि सत्यं ।
मानोन्नतिं दिशति पापमपाकरोति ॥
चेतः प्रमादयति दिक्षु तनोति कीर्तिं ।
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥'

"કહો કે સત્પુરૂષની સગતિ શું શું નથી કરતી? અર્થાત્ સઘળુ કરે છે, બુદ્ધિનુ જડપણુ હરી લે છે, વાણીમા સત્યતાને સિંચે છે, માનને મોટાઇ આપે છે, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન કરે છે અને સઘળી દિશાઓમા કીર્તિનો ફેલાવો કરે છે."

"બાપા સત સગતિની ખુબી તો ઓરજ છે, કેમકે–"

'नलिनीदलगतजलवत्तरलं ।
तद्वज्जीवनमतिशयचपलम् ॥
क्षणमपि सज्जनसंगतिरेका ।
भवति भवार्णवतरणे नौका ॥'

"કમળના પાનમા પડેલુ પાણીનું ટીપુ જેવુ મનોહર છે અને જેવું તે ચપલ એટલે ક્ષણવારમાં નાશ થઈ જનારૂં છે તેની પેઠે જીવન પણ મનોહર છે અને ઘણુ જ ચચળ ગતિનુ અર્થાત ક્ષણમા નાશ થઇ જનારૂં છે, માટે ક્ષણવાર પણ જો સત્પુરૂષોની

સગત થઇ હોય તો તે સંગતિ સંસારરૂપ સમુદ્રને તરી જવામાં વ્હાણરૂપ થાય છે; માટે બાપા,"

'का तव कांता कस्ते पुत्रः ।
संसारोयमतीव विचित्रः ।।
कस्य त्वं वा कुत आयात ।
स्तत्वं चिन्तय तदिदं भ्रातः ।। '

"આ સસાર અતિ વિચિત્ર પ્રકારનો છે આ સસારમાં સ્ત્રી કોણ છે, પુત્ર કોણ છે, તુ કોનો છુ અને કયાથી આવ્યો છું એ તત્ત્વનો વિચાર કરી આત્માને પરમાત્મામા લીન કરો."

"દીકરા હીરાલાલ મારાથી આજની રાત નીકળશે નહીં તારી મા તને નાનો મૂકી મરણ પામી. હુ પણ તને રઝળતો મૂકી જવા તૈયાર થયો છુ. દીકરા તારા વાસ્તે મને ઘણુ લાગી આવે છે. તુ હઠ કરી પરણ્યો નહીં, હવે લગ્નની વાતો લબાણે પડી ગઇ, મારા હાથ ઘસાઇ ગયા, દીકરા તારા વાસ્તે આ ઘર સિવાય મારી પાસે કાઈ નથી. બેટા તને વારસામા હુ ફક્ત આ એક ઘરજ આપું છું, એ સિવાય મારી પાસે કાઇ નથી. દીકરા જ્યારે તારા લગ્નની વાત મારી પાસે છત હતી ત્યારે મે કરવા માંડી ત્યારે તે વાત તેં કાને ધરી નહીં; કુદનનું વેવિશાળ થાત પણ પુરૂષોત્તમરાય ઘણાજ લોભમા તણાયા તેથી વાત વધી પડી; અને મારો હાથ દિવસે દિવસે ટુકો થતો ગયો અને મારા મદવાડે તારા નસીબમાં ભંજવાડ કરી દીધો; બેટા જે કાઇ હતું તે તમામ આ રાક્ષસી માંદગીએ હરી લીધું. દીકરા મારે ઘેર પડી તુ કાંઇ સુખ પામ્યો નહીં!"

"બાપા આ જગતમા મુઠી વાળીને આવવું છે અને ખુલ્લા હાથે જવું છે. વારસા કે સાહ્યબી કોઇની આપી કાયમ રહેતી નથી મોટા મોટા શ્રીમતો તેમના દીકરાને કરોડો રૂપીઆની સાહ્યબી આપી જાય છે પણ તે સાહ્યબીવાળા છોકરા જોત જોતામા સાહ્યબી વગરના થઇ જાય છે અને ગદ્ધા મજુરી કરતા પણ તેમનુ પેટ ભરાતુ નથી, અને સાધારણ ગરીબ માણસો પોતાના દીકરા પરમાત્માને સોપી મરણ પામે છે પણ તે અનાથ બાળકો જોત જોતામા ઇદ્રનો વૈભવ ભોગવતા માલમ પડે છે. આ જગતમા કર્મને અનુસાર સુખ દુ ખ દરેક માણસ ભોગવે છે. કોઈ કોઇને દુ.ખ દેતુ નથી અને કોઈ કોઇને સુખ આપતુ નથી, જે કાઈ જેને થાય ' તે તમામ પોતાના કર્મથીજ થાય છે એક ભીખારીનો દીકરો આ સ સારમા અમીરી ભોગવે છે અને એક અમીરનો દીકરો આ સ સારમા ફકીરી લઇ ફરતો ફરે છે મનુષ્યને અમીર અને ફકીર બનાવનાર ફક્ત કર્મજ છે મારૂ તારૂ માન અપમાન સુખ દુ.ખ સગા વ્હાલા મા બાપ, સ્ત્રી પુત્ર ભાઇ અને પરિવાર એ સૌ આ સ સારમા અસાર છે. જેમ જેમ મનડુ માયામા વધારે લપટાય છે તેમ તેમ તે વધારે માર ખાય છે 'જેમ જેમ મનુષ્ય સુખ સારૂ વધારે પ્રયાસ કરે છે તેમ તેમ વગર બોલાવ્યું દુ.ખ હાજર થતુ જાય છે. જેમ જેમ માન અને પૈસાની ઇચ્છા વધતી જાય છે તેમ તેમ માન અને પૈસો સો ગાઉ દૂર નાસતો જાય છે.' પિતાજી તમે મને ઘણુ આપ્યું છે, એક છત્રપતિ પોતાના છોકરાને જે કાઇ આપી શકે તેનાથી સહસ્ર ગણુ અધિક તમે મને આપ્યું છે. પૈસો અને સાહ્યબી સદાકાળ

એક સ્થળે ટકી રહેતા નથી તે કોઇના આપ્યાં અપાતા નથી અને લીધા લેવાતા નથી. 'સ તોષ એજ આ સ સારમા સાચુ સુખ છે, નીતિ એજ આ સ સારમા સાહ્યબી છે, ધર્મ એજ આ સ સારમા પૈસો છે, સદ્વિદ્યા એજ આ સ સારમા ગાડી ઘોડા છે, અને પ્રમાણિકતા એજ આ સ સારમાં ખરો આન દ છે.' આ સર્વ વસ્તુઓ તમે મને ભણાવી ગણાવીને આપી છે હવે મારે એથી અધિક કાંઈપણ જોઇતુ નથી. આ સ સારમા એનાથી વધારે સુખકર હુ બીજુ કાઇ માનતો નથી, માટે તમે હવે મારામાથી જીવ કાઢી નાખી ભગવાનમા જીવ જોડો કે જેથી તમારૂ અને મારૂ કલ્યાણ થાય.'

દીકરા હીરાલાલ તુ ખરેખરો હીરો છે. તારા જેવા સપુત પુત્રથી હું ઘણો ભાગ્યશાળી થયો છુ બેટા હવે મારી આખર અવસ્થા છે. મારો જીવ ગભરાય છે, છતા પણ હુ જે તને કાઇ કહુ તે તુ તારા જીવન અ ત સુધી જીવની પેઠે જાળવી રાખજે દીકરા આ સ સારમા હમેશા તુ 'તારા હાથ સાફ રાખજે તારી આખો નિર તર નિર્મળ રાખજે, કાને સાભળેલી વાત પેટમા જીરવી રાખજે, વગર ર ગાયે દુનિયાના તમામ ર ગ જોઇ લેજે, ઇશ્વરની જીવન અ ત સુધી ઉપાસના કરજે, સતપુરૂષોની સ ગત રાખજે, દુનિયાના તમામ વ્યવહારમા પ્રમાણિકતા જાળવી રાખજે,' હવે આથી વધારે હુ તને કાઇ કહી શકતો નથી."

"બાપા તમારા વચન હુ પ્રેમથી માથે ચડાવુ છું. મારો પ્રાણ જતા સુધી તમારાં વચનને હુ પ્રેમથી જાળવી રાખીશ."

"દીકરા હવે મારૂં જીવનઝાઝ મરણ મહાસાગરમાં ડુબવાની

તૈયારીમા છે. મારો જીવ કાંઇ ઓરજ આનંદ ભોગવે છે. બેટા હવે તું કોઇપણ રીતથી મુંઝાઇશ નહી. તુ જ્ઞાની અને વિદ્વાન છે તેથી મારા વાસ્તે કાંઇપણ શોક કરીશ નહિ. હુ હવે પ્રભુના ધામમા જાઉં છુ."

"બાપા તમને શુ થાય છે ?'

"દીકરા મારા શરીરમા સર્વત્ર શાન્તિ પથરાઇ ગઇ છે. મારા શરીરની તમામ નાડીઓનુ રૂધિર મારા હૃદયમા આવી ઢલવાઇ ગયુ છે. મારા સર્વ શરીરમા શીતળતા વ્યાપી ગઇ છે. મારી છાતીમા મારા ચૈતન્ય પ્રવાહનો અજબ ચમકારો ચાલી રહ્યો છે. મહાસાગરના મસ્ત મોજા તરંગે ચઢે તેમ આ તમામ દુનિયા મારી આંખે તરંગે ચઢેલી જણાય છે. સર્વત્ર શુન્યકાર અને અંધકાર ભાસે છે. દુનિયાની કાંઇપણ વસ્તુ તથા કોઇપણ સગા વ્હાલા ઉપર મારી આંખ ઠરતી નથી. મારી કીકી મારા શરીરના આત્માને નિહાળવા પ્રયાસ કરે છે. લોચન દુનિયાના દમામથી કંટાળી હવે છેવટના મિંચાવા માડે છે. મારી ઇન્દ્રિઓ આ સંસારની હીલચાલને હવે તજી દે છે. એક ચિદાનંદ જ્યોતિ સ્વરૂપનુ મને ઝાંખુ ઝાંખુ તેજ દ્રષ્ટિગોચર થાય છે. હરિના નામનો મીઠો ટંકાર ધીમે ધીમે મારા શ્રવણમા અથડાય છે. હવે મારાથી બોલી શકાતું નથી. બે....ટા મારા શરીરના સર્વ અવયવો મારા જીવનપ્રાણને છેલ્લુ માન આપે છે. મારા અંગની તમામ નાડીઓ જીવનપ્રાણને છેલ્લીવારનો નિહાળી રહી છે. શરીર શરીરનો ધર્મ બજાવે છે અને મન મનનો ધર્મ બજાવે છે. મન આનંદમાં પડે છે; શરીર શાંતિમાં પડે છે; અને સગા

વ્હાલા બ્રાન્તિમાં પડે છે. બેટા મારા તને છેલ્લા રામ રામ છે; હવે મારો જીવ હરિ નામથી આનંદ પામે છે માટે મારા અવસાન વખતે ભગવત ભજન મને તું ગાઈ સંભળાવ નારાયણ હરે.... નારાયણ હરે....નારાયણ હરે. રામકૃષ્ણ ગોવિંદ !!

*   *   *   *   *

"વિકટ વાટ સંસાર તણી હરિ પાન્થ ઉગારો,
ભીડભંજન ભેદુ ભગવત ભરૂસો એક ત્હારો,
તારો કે મારો તથાપિ તારો,
ઉર આશા રંગ અનંત તણો નહીં આરો,
સુખ સાધન સાચો મણી હ્રદય રમનારો."

તારાસુંદરી

"બાપા રામકૃષ્ણ ગોવિંદ કહો આ સંસાર અસાર છે, જનમ્યું તે જવાનું છે, જુઓ."

*   *   *   *   *

"સંસારના આ ધામમાં વિશ્રામ છે ઘડી ચારનો,
ઉંચો ન આવે કામથી આરામ ના પળવારનો,
આળસ તજી લે તું સજી તજ તંત આ સંસારનો
જાવું જરૂર પડશે ઉઠી ડંકો થતાં દરબારનો."

તારાસુંદરી

"ધન્ય છે દીકરા ધન્ય છે તારાં વચનો મારા શ્રવણમાં અમૃત રેડે છે!"

"બાપા રામ નામ એજ આ સંસારમાં ખરૂં છે."

*　　*　　*　　*　　*

"મરડાઈ મહમા માનવી ઠાઠથી ભમે માયા ભણી,
પણ કાળના સુસવાટ આગળ તુચ્છ છે એ તાપણી,
ભરપૂર ભાગ્ય બજારમા નર મમત માત્ર મુઝાપણી,
જાશે ઉડી જોતા મહીં મુક્તિ તણી કર માપણી."

તારાસુંદરી

"નારાયણ હરે, નારાયણ હરે, રામકૃષ્ણ ગોવિંદ, રામકૃષ્ણ ગોવિંદ."

"બાપા હવે અજ્ઞાનની જાળ તજી દઇ આત્મજ્ઞાનમા પ્રવેશ કરો. માયાની જાળ તજી દો."

*　　*　　*　　*　　*

'જોને ઝીણી આખ ખોલી અજ્ઞાની જરા જોને.
કેમ માયામા રહ્યો તુ ડોલી—૦
સીતા હરી જ્યારે રાવણે ગઇ કયા રામની શક્તિ અતોલી,
એજ રાવણ બળ કયા ગયુ જ્યારે રામે લકા રોળી—૦
દશા ફરે ત્યારે બુદ્ધિ ફરે જાય ચૂલે ચઢી ચતુરાઇ,
હાથ કેરા હથિયાર રહે હાથમા એમના એમ કટાઇ—૦'

નવલકુસુમ

"રામકૃષ્ણ હરે, રામકૃષ્ણ હરે, દીકરા મારો આત્મા હવે બહુજ શાંતિ પામે છે."

"બાપા હવે જીવને એકતાર કરો. પ્રભુ સાથે સુરતા બાધો, આ સસાર તો એક મુસાફરખાનુ છે."

*   *   *   *   *

"સંસાર સમજી લે શાણા મુસાફરખાનું,
કેઇ નથી ટકયું કોઇ નથી ટકવાનું–શાણા૦
દુર દેશ તારો પ્યારા, અરે પરદેશ શાણા,
કાલે સવારે ઉઠી તારે તો જવાનું–શાણા૦
સગાને સબંધી તારા પંખીનો મેળો શાણા,
તારૂં જે માન્યુ તે તો ન્યારૂં છે થવાનુ–શાણા૦'

નારાયણ પંડીત

"નારાયણ હરે, નારાયણ હરે, નારાયણ હરે."

"આપો હવે જીવન મુક્તિની ગરબી એકતાર થઇ સાંભળ્યા કરો." *   *   *   *   *

મરવા દોહ્યલારે કાયા કેમ કરી છોડાશે,
ચિંતા ચિતમારે શી ગતિ મરણ પછીથી થાશે,
કંચન વરણી કાયામા કંઇ રોગ ઘણા ઉભરાશે.

મરવા દોહ્યલા રે.

મરવા સોહ્યલારે, સતો સુખે જગતથી જાશે,
નીતિ ભક્તિમારે, રહીને પરમારથમા ધાશે.
ચેતી ચાલ્યા ચિતમા તે, જરા નહીં પસ્તાશે

મરવા સોહ્યલારે

સુખ સંસારનારે, મરતા માણસને સાંભરશે,
ભોગ ભલા ભલા કરે, મૂકી કાય મશાણે ઠરશે,
વહાલાંને કરી વેગળા, આ જીવ જતા અકળાશે મરવા દો૦
વૈભવ વિશ્વનારે, મરતા મત નહિ સંભારે,
કાયા કયાં પડીરે, ધન સુત દારા સર્વ વિસારે,
શરણાગત જગદીશનો અવિનાશં થઇને ચાલે. મરવા સો૦


સહુ જન કષ્ટમારે, એને દેખીને દિલ દાઝે,
આખે આસુડારે, સૌના મુખ ભર્યા ઉચાટે.
દુખીઆ આ દેખાવથી નિજ હૈડુ કેમ ન ફાટે. મરવા ટાં૦
જુઠા જગતનેરે, જેણે પ્રથમ થકીજ પિછાણ્યુ,
સુખ દુ:ખ સામટુ રે જેણે મનથી મિથ્યા માન્યુ,
ઇશ્વરને શરણે થયો તેઃ સુધરે મરવા ટાણુ મરવા સો૦
સહુ વિટાઇનેરે, વહાના બહુજ વિલાપે રડશે,
સ્વર નીશ્વાસનારે, મરતા જનને કાને પડશે,
વજ્ર તણી છાતી હશે પણ એક પલક પીગળશે મરવા ટાં૦
સુતા સાભળેરે, સતો શાત મને સુખ ઝાઝે
નાદ નવા નવારે, મીઠા થાય મધુર અવાજે,
જાણે દુંદુભી દેવના કઈ ગગન વિષે રહી ગાજે. મરવા સો૦
કાયા કંપશેરે, મરતા કઠ બહુ રૂધાશે
ભૂખ્યા પેટમારે પણ કે અન્નોદક નહિ જાશે,
ઉરમા છે ઇચ્છા ઘણી પણ મુખથી નહિ બોલાશે. મરવા ટાં૦
આત્મા એકલોરે જૂદો કાય થકી પડી જાશે,
કષ્ટો કાયનારે, તેથી તેને નહીંજ જણાશે,
ધ્યાન ધરી જગદીશનુ તે પૂર્ણ કામ બની જાશે. મરવા સો૦
છોડી કાયનેરે, કયા આ જીવ તણી ગતિ થાશે,
આપે એકલોરે આગળ અધારે અથડાશે;
નિજજનથી નોખો પડયો છે કોણુ હવે કર સહાશે મરવા ટાં૦
સાચા સંતનેરે, પ્રભુજી સદા વસે સંગાથે,
એ નથી એકલોરે, પ્રભુ છે મુઆ પછી પણ માથે;
સુખીઓ જીવ સદા રહે જયા સાચો બેલી સાથે. મરવા સો૦ ”

સુબોધ ગરબાવળી.

હીરાલાલના પિતા દોલતરાયની હવે આખ થરડાવા લાગી, હાથે પગે શીત આવી ગયા, વાચા તૂટવા લાગી, હાથ પગ જરા જરા ખેચાવા લાગ્યા, ડોસાએ ડાક નાખી દીધી હીરાલાલે જાણ્યું કે પિતાનો અવસાન કાળ હવે પાસે આવ્યો, આ વખતે હીરાલાલની વિદ્વત્તા, જ્ઞાન અને હીંમત પિતાપ્રેમ આગળ દબાઇ ગઇ, તેની આખમાથી ચોધારે નીર વહેવા લાગ્યા એકદમ સગડી ઉપર શેકના પોતાં ગરમ કરી કરી છાતી શેકવા લાગ્યો. જરા જરા આમોન્યા સુ ઘાડવા લાગ્યો. ચમચી ગરમ દૂધ પણ ગળામાં રેડયુ તે એમને એમ ગળામા ભરાઇ રહ્યું, તાત બોલવા લાગી શ્વાસ ચાલુ થયો અને છેલ્લી પ્રાણનાશક ત દ્રામા દોલતરાય પડયા. હીરાલાલે કાનમા મો રાખી બાપા બાપા કહી બોલાવ્યા પણ ઉત્તર મળ્યો નહીં હવે તેની ધીરજ ન રહી, તેણે પોતાના પાડોશી સગા વ્હાલાને બોલાવ્યા; સર્વે જણા જોતજોતામા આવી ડોસાની આસપાસ વિ ટળાઇ વળ્યાં. ડોસાને પથારી પરથી કામળે લીધા અને ચોકો કરાવ્યો. હીરાલાલે આ વખતે વધારે ધીરજ રાખી પિતા પાસે બેગી ગાયત્રી મ ત્રનો ઉચ્ચાર કરવા માડયો. ગાયત્રી મ ત્રના ઉચ્ચારે ડોસાની આખ જરા ઉઘડી, તેના મુખમાથી 'હીરા' શબ્દ નીકળ્યો, હીરાલાલ પાસે ગયો, ભાગ્યાતુટયા શબ્દો ડોસા બોલવા લાગ્યા. "એ .ટા ...હીરા .. હુ ...હ ...વે જાઉ છુ."

"બાપા કશામા જીવ રાખશો નહીં. મારી ફીકર કરશો નહી, રામકૃષ્ણગોવિ દ રામકૃષ્ણગોવિ દ કહો."

" રા....મ....કૃષ્ણ....ગોવિંદ ' કહી ડોસાએ ગાયત્રી મંત્ર જપવા માંડયો, એક બે વાર ડોસાએ મંત્ર પૂરો કર્યો, અને ત્રીજી વાર બોલતાં બોલતા ડોસાએ પ્રાણુ તજી દીધો. હીરાલાલે પ્રાણુ પોક મૂકી પિતાનો છેલ્લીવારનો પ્રેમ સંભાર્યો. પિતાનો પ્રાણુ ગયા પછી હીરાલાલ પોકે પોકે રડયો તેના મુખમાથી છેવટના ઉદ્‌ગાર નીકળી પડયા, " અરેરે આતે પિતાનો મંદવાડ કે મારા કર્મનો ભંજવાડ ? "



પ્રકરણ ૯ મું.

સુધારે ચઢેલી સુંદરી કે કુધારે કુદેલી વાંદરી?

દોહરો.

ભણી ગણી સમજે નહી શુ છે સારાસાર,
ચંદન ખરને લાદીએ તોપણ જાણે ભાર

સફાઈબંધ કીમતી કપડા પહેરે સુધરેલા થવાતુ નથી, ઘણી ભાષાના ભણતર ભણે સુધરેલા થવાતુ નથી, ખોપરીમા પવન રાખી અક્કડ ફરવાથી સુધરેલા થવાતુ નથી, પણ વખત આવે પોતાનો જાતી ભોગ આપે જગતમા સુધારાની ગણના થાય છે.

સાચી સુધારામા રહી સુધરેલ વસ્તુ આટલી,
ઘડીઆળ ચસ્મા સ્ટીક ને છત્રો સોડાની બાટલી
સાહેબજીમા સરભરા શેકહેન્ડ કર્યાથી થાય છે,
ફેશન તણા ફંદે ચઢી આ હિંદ વંઠી જાય છે.

દયા વિનાનો ન્યાય, વિનય વગરની વિદ્યા, નાક વિનાનું મુખ, કીકી વગરની આંખ, ચંદ્ર વિનાની રજની, વિચાર વિનાની વાણી અને વાસ વિનાના કુસુમની

જગતમાં જેમ અવગણુના થાય છે તેમ અંકુશ વિનાની સ્વતંત્રતાની પણ છચોક ફજેતી થાય છે.

*　　*　　*　　*

"કરીએ નવીન સુધારો, (૨)
ઓફ્ કોર્સ,
કાઢો પ્રાચીન કુધારો, (૨)
વેરી ગુડ
વિધવાના લગ્નો કરીએ, (૨)
ઑલ રાઈટ,
સધવા સ્વચ્છંદી કરીએ, (૨)
ઇટ મસ્ટ બી સો,
ના લોક લાજથી ડરીએ (૨)
નેવર, નેવર
મન માને ત્યાં દીલ ધરીએ (૨)
ધેટ્સ ઇટ
બસ નવીન નવીન સુધારા કરીને
ભારત ભૂમિને તારો (૨)
હુર્રે, હુર્રે, હુર્રે, જૉય. જૉય.–૦'

સ્વતંત્રતા અને સુધારાની હિમાયત કરનારી સુધરેલી સુંદરીઓ કપિલાના દિવાનખાનામાં એક સુધારા સમાજ એકઠી કરવાના વિચાર સારૂ ભેગી થઇ હતી આવતા અઠવાડીઆમાં સુધારાની એક સ્ત્રીઓની મિટિંગ હોલો હૉલની અંદર બોલાવવી અને તેની કેવી રીતે વ્યવસ્થા કરવી તે સંબંધી વિચાર કરવાને સારૂ કેસર અને કપિલા પાસે આવી હતી. નવલશંકર,

રસિકલાલ ગિરજાલક્ષ્મી સુભદ્રા અને સર્વે ભેગાં મળી સર્વાનુમતે લેડી લાઇટને પ્રમુખ સ્થાને નિમવાના નિર્ણય ઉપર આવ્યાં હતા. ભાષણો પસંદ કરી એક ચુનંદા લેખક પાસે લખાવી ભાષણ કરનાર સ્ત્રીઓને વ્હેંચી આપ્યા હતા. શી રીતે બોલવુ પોઝી શનમા કેમ ચાલવુ, કેવી રીતે સત્કાર કરવો, એટીકેટ કેવી રાખવી વગેરે સુધારા સાહિત્યનુ લેસન કપિલાના દિવાનખાનામા અપાતુ હતુ. દિવાનખાનુ સુધારાના વિચારથી ઉભરાઇ જતુ હતુ, અત્યારે સુધારાનું નૂર નવ યુવાન યુવતીઓના મુખ ઉપર સારી રીતે ઝળકવા લાગ્યું: !

"યસ વેરી ગુડ માય ડીઅર, હા ઘણુ સારૂ મારી વ્હાલી કેસર, જો ઇશ્વર આપણી ન્યુ એસ્ટાબ્લીસ્ડ નવી સ્થાપેલી સુધારા સમાજનો ઉદય કરે તો આપણે જરૂર એક બે વર્ષમા ભારત ભૂમિની આર્યબાળાઓના કષ્ટ ઓછા કરી નાખી તેમને સુધારાના શિખર પર ચઢાવી સ્વતંત્રતાના સાચા સુખની મઝા લેવરાવીએ."

"કપિલા યુ આર પરફેક્ટલી રાઇટ, તમે સંપૂર્ણ રીતે ખરૂં કહો છો."

"કમળા ઇડીઅટ બેવકુફ હિંદુઓની પ્રાચીન અનાર્ય રૂઢિઓએ આર્યબાળાના સુખનુ સત્યાનાશ વાળ્યુ છે. ગરીબ ગાય જેવી ગોરીઓ રાત દિવસ દુઃખમાજ રીબાતી રહે છે, અને ટાઇગર હાર્ટેડ, ક્રુઅલ માઇન્ડેડ ઘાતકી હ્રદયના વાઘ જેવ મનના ધણીઓ જે સુધારાના બીટર એનીમીઝ હડહડતા દુશ્મનો છે તેઓ સુખેથી મ્હાલતા ફરે છે."

"ઓહ મંજુલા, ધે ફુલ્સ વોન્ટ ટેક એની ફીલીંગ ફોર ધી પુઅર ફેરસેકસ. તે બેવકુફો ગરીબ નાજુક જાતને વાસ્તે કાંઇ પણ લાગણી ધરાવતા નથી."

"નિર્મલા બ્હેન, તે રાસ્કલ હિંદુઓની થીઓરી તર્ક એવી તો એકસ્ટ્રાઓરડીનરી વિચિત્ર છે કે પોતે મનગમતી છુટ લે અને સ્ત્રીઓને કહેશે કે તમે એકાંતમાં બેસી પ્રાણનાથની માળા જપો માળા! ઓહ ફાઇ અપોન ધેમ. ધિક્કાર છે તેમને, બિચારી બાળાઓએ શા પાપ કર્યાં?"

"કેસર બ્હેન, તે સ્ટુપીડ રોગ્સ મૂર્ખ લુચ્ચાઓ તો જો પોતાની સ્ત્રી સાથે સ્લાઇટ સ્હેજ કવૉરલ કંકાસ થાય તો તરતજ તેનાં ઘરાણાં ગાંઠા પાણી કરી બિચારીને એકદમ ટર્ન આઉટ કરી ઘરમાંથી કાઢી મુકે, અને પોતે ન્યુ મેરેજ ફરી લગ્ન કરે. પેલી બિચારી ઘાતકી રૂઢિથી સપડાએલી અબળાનું કાંઇપણ પરિબળ પેલા કસાઇ ધણી આગળ ચાલે નહીં ઓહ સૅારી, સૅારી ફૉર ધી ફેરસેકસ, અરે નાજુક જાતીને વાસ્તે હું ઘણીજ દીલગીર દીલગીર દીલગીર છું."

"કપિલા બ્હેન છાનો રહે, છાની રહે, મારૂં તો હૈયું હાથ નથી રહેતું. મારૂં કાળજું તો ઉથલપાથલ થઇ જાય છે."

"મારી બ્હેનો જો તમને ગૉડે પ્રભુએ સુધારાના ચુસ્ત હીમાયતી પુરૂષોત્તમરાયને ત્યાં જન્મ ના આપ્યો હોત તો મારા જેવી સેંકડો સુંદરીઓ દુઃખમાં રીબાઇ રીબાઇને મરી જાત."

"તમારા ઘરના સુધારાની અસર અમારા ઘરમાં પણ થઈ છે અને તેથીજ અમે તમારી સાથે સુધારામાં ભાગ લેવાને

શક્તિમાન્ થયાં છીએ!"

"ઇંદિરા બ્હેન આ વખતે પુરૂષોત્તમરાયભાઇની સઘળી દીકરીઓ મેટ્રીકમાં સાથે પાસ થઇ છે."

"હા તમારૂં કહેવું ખરૂં છે. કુંદન અને કુસુમ સિવાય સઘળુ ઘર આપણા સુધારામાં સામેલ છે. ડોસા પણ સામેલ છે; ફક્ત ડોશીજ જુદા પડી જાય છે, પણ તેમનુ કાંઈ ચાલે તેમ નથી."

"કેસર બ્હેન, કુસુમ આપણા પુરાણા રીતિ રિવાજોની ચુસ્ત હીમાયતી છે, અને તેની જોડે કુંદન પણ સામેલ છે. આપણે બધા સુધારામા પ્રોમીનન્ટ આગળ પડતો ભાગ લઇએ છીએ તેના કરતા તેઓ રૂપીએ આની પણ લેતા નથી. ઉલટા આપણને છચોક ધિક્કારે છે."

"ઓહ યસ આઇ રીઅલી કન્ફેસ ઇટ. હારે હા, ખરેખર હુ તે કબુલ કરૂ છુ મને તેનો અનુભવ પણ છે."

"બ્હેનો તે આપણી સમાજને વાસ્તે લાયક નથી."

"અરે નથી તો કાલ સવારે લાયક થશે, કેમકે તેમના વર મધુકર આપણી સમાજ તરફ માન ભરી નજરે જુએ છે, અને ખરા અંતઃકરણથી આપણા વિચારને અનુમોદન આપે છે, એટલે કુસુમબાનુ ટાયલું તેમના આગળ ચાલે તેમ નથી."

"બ્હેનો મને તો જ ગલી હિંદુઓનો ફેઇસ ચ્હેરો પણ જોવો ગમતો નથી. તે એટલા તો ક્રુએલ છે ઘાતકી છે કે તેમની ક્રુએલીટીના ઘાતકીપણાના દાખલા જોઇને મને કંપારી આવે છે."

"હા બ્હેન હા, મારી પાડોશમાં પણ મે એવો ઘાતકી બનાવ જોયો હતો, આ નવલ બ્હેન જે મારી સાથે આજે અહી

આવેલાં છે તેનુજ તાજુ દૃષ્ટાંત તેમના ૨ડાપા વખતે બન્યુ છે તે હું તમને કહી બતાવુ છુ."

"કેસર બ્હેન હું મારોજ અનુભવ તમારી આગળ મારા મુખથી કહી બતાવુ છુ, જે તમે સૌ કાઈન્ડલી મહેરબાની કરીને ડીઅર શ્રવણુ કરશો."

"ઓહ યસ વુઇ આર વેરી વીલીગ ટૂ હીઅર યોર એકસપીરીઅન્સ, હારે હા અમે સઘળા તમારો અનુભવ સાભળવાને ઘણાં ખુશી છીએ, કારણ કે તમે અ ત કરણથી સુધરેલા વિચારના છો."

"બ્હેનો મારા હસબન્ડ પ્રિયતમને મરી ગયાને છ માસ થએલા છે મારા દાદા ધીરજલાલે મારૂ લગ્ન પૈસાની લાલચે એક મરણને શરણ પડેલા ખોખલા ખવીસ સાથે જયારે મારા ફાધર દિનકરરાવ અમેરિકામા એમ ડીની વૈદ્યક ડિગ્રીનો અભ્યાસ કરતા હતા, ત્યારે તેમની ગેરહાજરીમા કરી દીધુ હુ પરણીને સાસરે પણ ગઇ નહી તેવામા એ ડોસલો અચાનક ડાકડ મરણ પામ્યો. બ્હેનો જયારે તેને બાળવા લઈ ગયા ત્યારે મોટી મોટી સાઠ સાઠ વરસની ડોસલીઓએ આવીને મને જે જે દુ ખ દીધુ તે કહી બતાવતા મારૂ હૈયું મારા હાથમા રહેતુ નથી મારી પાસે આખો દિવસ સખત રોત કુટાવરાવ્યું, મારી સુ દર બ ગડીઓ તોડી ન ખાવી, રાતે પણ જરા જ પવા દીધી નહી. હુ આખો દિવસ થાકી પાકી ભુખી તરસી જે કુટી કુટીને તે વખતે મરવા જેવી થઇ ગઈ હતી ત્યારે મને કાઇ પણ ખોરાક નહીં આપતા ફકત બાજરીનો લોટ પાણીમા નાખીને પાઇ દીધો. આ

પ્રમાણે મને સખત દુઃખ દીધું અને દશમાને દિવસે મારો બ્યુટીફુલ હેન્ડસમ સ્પ્લેન્ડીડ નાઇસ સુંદર ચોટલો કે જે સુંદરીઓનું બેસ્ટ સ્પેશીયલ એક ખાસ ઉત્તમ ભૂષણ ગણાય છે તેને કાપી ન ખાળ્યો, અરરર બ્હેનો કહો કેટલો જુલમ?"

"અરે ઘણોજ જુલમ જુલમ જુલમ."

"બ્હેનો જ્યારે મારા ફાધર એમ ડીની ડિગ્રીમા પાસ થયા ત્યારે તેમને મારા દુઃખની ખબર પડી, તે જલ્દીથી અહી આવ્યા, તે વખતે મારા દાદા મારા પિતા જે એક સુધારાના ચુસ્ત હિમયતી હતા તેની બીકથી ફફડીને મરી ગયા. મારા પિતાએ અહીં આવીને મારા સગાંવ્હાલાઓને સખત રીતે ધમકાવ્યા, અને તેમણે મારૂ પુનર્લગ્ન કરવાની ઇચ્છા બતાવી અને મને આટલી બધી છુટ આપી ને તમારી સમાજમાં ભાગ લેવાને આગળ કરી."

"અરે તમારા પિતાજીને ઘણોજ ધન્યવાદ ઘટે છે. અમે સઘળા ઇશ્વર પ્રાર્થના કરીએ છીએ કે તમારા પિતા દિનકરરાવ એમ ડી જેવા સાચા દીલના સાહસિક સુધારકોનો ભારત ભૂમિમા ઉદય કરો અને દરેક માણસ નવલશંકર, નવનિતલાલ અને રસિકલાલ જેવા રીફોર્મર સુધારક બનો."

"અરે તમારૂ સત્યાનાશ જાય ડેવીલ રાક્ષસ હિંદુઓ! બ્હેન વીલ યુ ટેક પીટી ફોર ધી પુઅર યંગ વીડોઝ? તમે ગરીબ યુવાન વિધવાઓને વાસ્તે ક્યારે દયા લાવશો?"

"બ્હેનો નવલબા જેવી વિધવાઓને આપણી સમાજમાં પકડી લાવો આપણે તેમને સુધારા સ્મૃતિનાં નવીન સિદ્ધાંતો

શીખવાડીને સુખી કરીશુ. આપણી સ્મૃતિની ફર્સ્ટ એઇમ પહેલી ધારણા તો એ છે કે વિધવા વુમેનનાં સ્ત્રીઓનાં રીમેરેજ પુનર્લગ્ન કરાવવા, સેકન્ડ એઇમ એ છે કે જો કોઇપણ ફીમેલ સ્ત્રી પર તેનો હસબન્ડ ઘણી ઘાતકી વર્તણુક ચલાવતો માલમ પડે અને તેને મન ગમતી સ્વતત્રતા ન આપે તો તેના છુટા છેડા ડાઇવોર્સ હાઇકોર્ટ મારફતે કરાવવા. થર્ડ એઇમ એ છે કે સધવા સુન્દરીઓના ઘાતકી રૂઢિઓના બધનો તોડી નાખીને તેમને હરતી ફરતી સ્વતત્ર આપણા જેવી સુધારકો બનાવવી."

"બ્હેનો સેકન્ડ એઇમની બાબતમા હુ મારી જાતનો સેલ્ફ સેક્રીફાઇસ જાતી ભોગ આપીને સુધારાના કટ્ટા શત્રુઓને એક તાજોજ દાખલો આપીને તેમની આખો ઉઘાડનાર છુ હુ પોતેજ ડાઇવોર્સ લઇશ."

' કેસર બ્હેન યોર નોશન્સ આર નોબલ તમારા વિચાર ઉમદા છે, જ્યારે તમારા કહેવા પ્રમાણે સુધારા આપણી આર્ય સ્ત્રીઓમા દાખલ થશે ત્યારેજ આપણો ઘરસસાર સુખી થશે. ત્યારેજ આપણી સંતતિ હેલ્ધી, વેલ્ધી અને બ્યુટીફુલ તદુરસ્ત, શ્રીમત અને સુદર થશે "

"કપિલા બ્હેન યુ આર પરફેક્ટલી રાઇટ ઇન યોર વર્ડસ તમે સપૂર્ણ રીતે તમારા કહેવામા ખરાછો. પ્રાચીન જંગલી રૂઢિઓને પરવશ પડેલા બેવકુફ હિન્દુઓ પોતાની પર્સનાલિટી ભૂલી જઇને જેઓ આપણા જેવી સાચા દીલની સુધારકો અને દેશ હિતચિંતક સ્ત્રીઓની રાત દીવસ આખો મીચીને નિદા કરે છે તેવાઓને ટુક સમયમાં આપણા સુધારાથી સુધારાનો

સાચો ઘડો મળશે."

"ખરેખર બ્હેન હવે સઘળી આર્ય મહિલાઓનાં દુ:ખને નાશ થશે અને ચોગરદમ આપણી સમાજનો જયજયકાર થશે.'

"મંજુલા બ્હેન આપણે શા માટે પતિની વધારે પરવા રાખવી ? જો તે આપણા જેવો સુધરેલ વિચારનો હોય તો તે આપણો ફ્રેન્ડ છે નહીં તો એક સાધારણ માણસ છે."

"ખરી વાત છે જો તે સુધરેલ વિચારનો ન હોય તો તે આ સંસારનો બોજ ઉપાડનાર એક બળદીઓ છે."

"અરે ઘરનું ગધાડા વૈતરૂ કરનાર એક મજુર છે."

"અરે જો સ્ત્રીના વિચારથી પુરૂષ વિરૂદ્ધ પડે તો તે એ હેવાન છે."

"ધણી કોણ ? એતો એક પોપટ !"

"અરે પુરૂષો તો નારીના કટાક્ષ પાસે એક ગુલામ છે અબળાથી એ તો સદાય આંધળા છે."

"લીલુ બ્હેન તમારી કળા તો કાંઈ ઓરજ છે !"

"કેમ ન હોય ? કામનીની કળાનો તો કાંઈ પારજ નથી.

"લીલા એમાં ઓર કળા તે શાની ?"

"વળી ઓરજ તો !"

"કેમ ?"

"કેમ અલી નહીં ? તે તો તારા ચિત્તના ચોરને પાળેલ પોપટ કરી પાંજરામા પૂરી દીધો છે. તે તો બિચારો હાજર ને હાજર, કાઇ બોલે કે ચાલે જાણે અચરે અચરે રામ !!"

"અરે જ્યારે ધણીને અચરે અચરે રામ પોપટ જે

બનાવે તેનુજ નામ પ્રવીણ પ્રેમદા."

"અમારે તો એવુ નહી બા. એમને તો શુકનમા સોટી ને વાતો કરવી મોટી. બજ્યુ બા એમના આગળ તો મારાથી જરાએ બોલાયજ નહીં ને આઘુ પાછુ જવાય પણ નહી, એ તો ચાર દિવસથી ગામ ગયા છે એટલે હુ અહી આવી છુ. નહીં તો મારાથી એક તસુ પણ ખસાય નહી. બ્હેનો જ્યારે તમે સૌ આગળ પડીને સુધારામાં ભાગ લેશો ત્યારેજ અમારા અબળાનાં દુ.ખ ઓછા થશે. એતો જાણે શેઠ ને હુ તો જાણે ચાકર, જરા કાઇ વાક આવે તો બરડો કરવો હાજર! ખરી વાત છે તેમાં કાંઈ અસત્ય નથી." આ પ્રમાણે સુધારાની રગત જામી રહી છે તેવામા વસુમતી રૂક્ષ્માણીને લઇ દિવાનખાનામા દાખલ થઇ અને ડોસી મણીલક્ષ્મી પણ છાનામાના લપાઇને સુધરેલો વિનોદ સાભળવા લાગ્યાં.

"આવો આવો વસુમતી! ઓહો રૂક્ષ્માણી ભગતાણી તમે અહી કયાથી?"

"તમારા દર્શન કરવા"

"વસુમતી બ્હેન, આ ભગતાણીને આજે અહીં કયાથી પકડી લાવ્યા છો?"

"એમનો તો રસ્તામાં સગાથ થયો. હુ તમારે ઘેર આવવા નીકળી હતી પણ રસ્તામા રૂક્ષ્માણી ભેગા થયા એટલે એમને પરાણે અહી ઘસડી લાવી છુ."

"રૂક્ષ્માણી બ્હેન આવો બેસો અહી ગભરાશો નહી! અહીં નથી તમારા ભગત ડાહ્યાભાઈ જેવી આભડછેટ!"

"આવો બ્હેન બેસો. જરા પણ શરમાશો નહીં, લ્યો જરા સૉડાવૉટર, લેમોનેડ, આઇસ લેશો!"

"અરે થુ થુ થુ બ્હેન એતે તમે શું બોલ્યાં? એ તે મારૂં રોયુ વટલાઇ મરાય. પેલા ઢેડ, ભંગીઆ, વાઘરી, કોળી વગેરે પીએ છે તે બાટલીઓ તેમના મોંઢે માંડેલી આપણાથી પીવાય? એ તો વટલાઇ મરાય. તમે બધીઓ ભણી ગણીને આવુ જ પીઓછો? આને સુધારો કહોછો? અરરર ઑાય મા જીવ જાય તો ભલે જાય; પણ આવુ પીવાય? બામણુ થઇને વટલાય? ધરમ જવા દેવાય?"

"અરે વસુમતી આ કેસરપપ્પુ ભગતાણીને અહીં કયાંથી પકડી લાવ્યા છો? એ આપણા સુધરેલા રીતિ રિવાજોમા શુ સમજે?"

"હશે હવે તમે તેમનુ નામ ન દેશો. કહો શા ગપાટા ચાલે છે?"

"આ બધી બ્હેનો ભેગી થઇને સુખ દુ:ખની વાતો કરીએ છીએ, અને સ્ત્રીઓનો કેમ ઉદય થાય, તેમની જીંદગી શી રીતે સુધરે, શાથી સુખ પામે, તેનો વિચાર કરીએ છીએ."

"આ એનો વિચાર કરીએ છીએ, અને ધણીના જુલમના ભવાડાની વાતો પણ કરીએ છીએ. હું રોજ રૂક્ષ્માણી બ્હેનને આપણી સભામાં આવવાનો ઉપદેશ કરૂ છુ પણ તેમને કાંઇ અસરજ થતી નથી. બ્હેનો તેમના ધણી ડાહ્યાભગતની તેમના ઉપર એટલી બધી સખ્તાઇ છે કે તે બહાર પણ ચસ્કી શકતાં નથી, એમની આવી દશા જોઇને મને બહુ દયા આવે છે."

"અરરરર એટલો બધો જુલમ! હું ઘણી દીલગીર છું. આ કેદખાનું તમારાથી શી રીતે સહન થાય છે?"

"આ તેમના ધણી ભગત રહ્યા, એટલે વાત વાતમા કુડુ પડે ને ચિડાઈ જાય. આ પવિત્ર અને આ અપવિત્ર, ફલાણાને કેમ અડી? હાથ પગ ધોયા? નાહી, લુગડા બદલ્યા? બહાર કેમ ગઇ! અપવિત્ર જગ્યામા પગ પડયા માટે ફરી નાહી નાખ, વગેરે કહી કહી બિચારીની પત્તર ફાડી નાખે, મારે ઝુડે રોજ કકળાટ કરી મૂકે. ડાહ્યાભાઇ જુના વિચારના હિમાયતી, વૈષ્ણવ ધર્મ પાળનારા, અને તેમા વળી ભગત અટલે આખુ જગત અભડાઇ ગએલુ દેખે અને બિચારી બાયડીને રોજ આખો દહાડો કુભાર જેમ ટપલો ટીપ ટીપ કરે તેમ ટીપે!!"

'અરે મુવા એ માલ વિનાના ધણી, એ તે ધણી કહેવાય કે જમ કહેવાય?"

"અરે બ્હેન બમ્મા કરે મારા ધણીને! મારા ધણીને તમે જો કાઇ આઘુ પાછુ કહેશો તો તમે તમારી વાત જાણ્યા? મારતો મારતો ધણી પણ મારા શરીરનો ધણી છે, મારા મનનો મણી છે. મારા માથાનો મુગટ છે અને મારો સાચો ઈશ્વર તે છે!!"

"એ તમારા જેવી ભીખારણોએજ આ હિંદુ સંસારનો અવતાર બાળ્યો, અને દેશની પાયમાલી કરી નાખી!!"

"ત્યારે તમારા જેવી ભણેલી ગણેલી ભામનીઓએ ધણીના ભવાડા કરી દેશનો કેટલો ઉદય કર્યો તે તો બતાવો?'

"અરે અમેજ તમારા જેવા જંગલી ડોબાઓના કપાળમા

લાત મારીને દેશનો ઉદય કરીશું, તમારા જેવી પોમલી ધણીને માથાનો મુગટ ગણનારી સ્ત્રીઓએજ જગલી ધણીઓને ફટાડી દઇ ગરીબ ગાય જેવી ભોળી ભામનીઓના સસાર સુખની પાયમાલી કરી છે. તમારા જેવા ભગતડાંઓએજ જગત નીચોવી નાખ્યું છે!"

"એ તમારા સુધરેલા અને અગ્રેજી ભણેલા ઢેમ બલાડી ડોગ કેટ કહેનારા સાહેબના બબરચી જેવા ધણીઓ કરતા અમારા ભોળા ગાડા ઘેલા ભગતડા ધણી કરોડ દરજ્જે સારા છે આ મારૂ રોયું વારે ઘડીએ ઘરમા ને બહાર યસ નોની વાત ને ઉપરથી એક લાત! અરે બળ્યા તમારા સુધરેલાના અવતાર!"

'એતો એવું બા! કોને કહીએ બા? કોઇને કાઇ કહેવાય? કહેવાય તો ગાડામા ખપાય? કુવાની છાંયડી ક્યા સમાય? મનની વાત ક્યા થાય? આખરે મનમાજ થાય! જે કરે તે હાજી હાજી અને રાજી રાજી!"

"અરે સાચુ કહેવરાવો તો તમારા અગ્રેજી ભણેલા બધાએ ઢેમ બિલાડી ડમલ્યુ ફૂલ! એતો ધરમને મારે ધક્કે અને જેમ આવે તેમ બકે! ખાવા જોઇએ મૂક્કે અને સૂવા જોઇએ મક્કે! આખો દહાડો કોટ પાટલુન ને બુટ અને ઘરમા કરે બધે લુટા-લૂટ! મારા રોયા બુટ પહેરીને આખા ઘરમા ફરી વળે. કશી વાતની આભડછેટજ નહી. દેવ શેવામા બુટ, રસોડામા બુટ, મેડામા બુટ, વાડામા બુટ, ઘરમા બુટ અને બહારે બુટ, મારૂ રોયુ બુટ બુટ ને બુટજ! ઝાડે ફરી આવીને માટીથી હાથ પણ ન ધુએ, એમનુ ચાલે તો હાથ ધોતીએ લોહીને ચલાવી લે!!

રૂપમાં કાળા કોયલા ને કપડા રાખે ધોયલા. ઘરેણામાં ઘડીઆળ ને વરણાગીમાં વાળ! દેવ સેવા કરતા નોકરીએ જવાનુ મોડુ થાય અને નાહીને વાળની હજામત કરતાં કલાકના કલાક ચાલ્યા જાય! ખીસ્સામા રાતી બદામ નહિ અને દમામ માય નહિ. ઘરમા વાલની વીંટી નહિ ને શેઠાઇનો પાર નહીં. લેણદારનો આવે નહી પાર અને બજારમા લાલજી મનિયાર! સૂવા ન મળે ખાટલી અને પીવા જોઇએ બાટલી! કમાય નહીં એકે રાતી પાઇ ને રાતે જોવા જોઇએ નાટકની ભવાઇ! એવા તમારા ભણેલાના સુધરેલાના હાલ! લે અલી વસલી આવે છે કે નહીં? હુ તો નકર જાઉં છુ"

"અરે રૂક્ષ્માણી બ્હેન બેસો બેસો, બે ઘડી બેસોને! આમ છોકરવાદી શી કરો છો? જેમ ફાવે તેમ બોલોછો જરા વિચાર તો કરતાજ નથી."

"એ વિચાર કરવો હોય તો તુ તારે રાત દહાડો અહી બેસીને કર્યા કર હુ તો મારે આ ચાલી!"

"અરે રૂક્ષ્માણી, રૂક્ષ્માણી આવો આવો!"

"અરે મુઇ ગઈ તો! કેસર બ્હેન મારૂ તો માથુ પકાવી નાખ્યું. આવા જ ગલી બેવકુફ અભણ અને હઠીલાં બૈરાઓથીજ આ દેશ બિચારો કગાલ અને બાપડો બન્યો છે. આવા એક પાપને લીધે અનેક અબળાઓ દુ:ખના અંગારામા સળગી મરે છે."

"બ્હેન બળ્યો બાયડીનો અવતાર, બિચારીને કરમે રોજ માર ને માર! રાડ સદાય પરવશની પરવશ! આખો દિવસ ઘરમા સાસુ સારે, નણુદ બાળે, ને ભાઇનું બાકી રહ્યું હોય તો

રાતે આવીને પડતાળે! બિચારી બાળાને કોના આગળ કહેવાનું? ગત દહાડો રોવાનુ ! એતો અમારા પરભવના કોક પુણ્યે તમારી બાબત થઇ એટલે અમારા થોડા દુ:ખ ઓછા થયાં અને ભવિષ્યમા ભગવાન કરશે તો બધાએ ઓછા થશે. ”

“ મ જુલા બ્હેન તમે આટલા દિવસથી સમાજમા આવો છો પણ હજુ કાચા ને કાચા રહ્યા ! સ્ત્રીચરિત્ર તો જરા જાણતાંજ નથી. આપણે તો ચતુરા કહેવાઇએ તેમાયે વળી ભણેલી ગણેલી અને સુધરેલી એટલે દુનિયાની મોટી દેવી અને શક્તિ!! ચતુરાની ચતુરાઇ આગળ પુરૂષ એક ચાકર છે. વખતે મારા જેવો હેવાન ધણી જો માથે ભાગ્યો હોય તો તેની દરકાર ન કરતા આપણે આપણી સુધારા સમાજના નિયમો પ્રમાણે અનુસરવુ જોઇએ ”

“ કેસર બ્હેન તમારૂ કહેવુ બધ બરાબર છે કેમ કપિલા બ્હેન કાઇ બોલતા નથી ? ”

“ બ્હેનો હવે તમારે બહાદુર બનીને શરમ અને કુધાગના પડદામાથી બહાર પડવુ જોઇએ સ્ત્રીસ્વતત્રતાનુ બીડુ ઝડપી સુધારાનો વિજય વાવટો હમેશને વાસ્તે દુનિયામા ફરકાવવો જોઇએ. બસ ધણીને એક લાત મારીને વાત કરવી જોઇએ. ડાઇવોર્સ છુટા છેડાના રૂલને નિયમને અત કરણથી માન આપવુ જોઇએ છીએ. જુઓ આપણા આર્યસમારમા એક અવિચારી બ્રાહ્મણ, વાણીઆ અને જૈનોની ન્યાત સિવાય દરેક ઘણી ખરી ન્યાતમા છુટા છેડાનો પવિત્ર ધાર્મિષ્ટ સ્ત્રીજાતિનો સર્વદા ઉદય કરનાર દયાળુ દેશને આબાદ કરનાર અને સુધારાનો વિજય વર-

તાવનાર પુનર્લગ્ન નાતરીઆ ધારો દાખલ થઇ ગયો છે. જુઓ તે કોમની સ્ત્રીઓ કેવી સુખકારી જીંદગી ગાળે છે, અને આપણી કોમની સ્ત્રીઓ કેવી દયામણી કંગાલ અને દુઃખી હાલતમાં રીબાયા કરે છે, સડયા કરે છે, અને પીડાયા કરે છે આ એક ધણી નાથ અને પિયુ અરે આખનો પીયો ઝેર ખીચુ મરી ગયું એટલે તેની મોકાણમા ચુડો ચોટલો ચાલ્લો અને સુંદર વસ્ત્ર અલંકારો એ સર્વને તજી દેવા પડે છે, અને એક ખોડકી ડોસીની માફક જુણા ખાચરામા ભરાઈ જઇ સતાઈ જવું પડે છે બિચારી ગરીબ ગાય જેવી ભોળી ભામની સ્ત્રી મરી ગઈ એટલે તો પુરૂષને તો પનોતી ઉતરી, મઝા પડી, એક ઘરની ઉદરડી મરી ગઈ. પગનુ જોડુ ફાટી ગયુ, માથાની જુ મરી ગઇ એમ માનીને તરતજ તેર દિવસ વિત્યા કેડે આ બજારમાથી માથાની ટોપી પાઘડી અને બુટની માફક સ્ત્રીને ખરીદ કરી લાવ્યા અરર બ્હેનો આ અબળા જાતી પર થોડો જુલમ છે? સ્ત્રી મરી જતા પુરૂષ ફરી પરણે અને પુરૂષ મરતા સ્ત્રી તરણા તોલ થઇ જાય આ શુ ઓછો અન્યાય છે? બાલપણામા બાળાને લગ્નની મોકાણમા ગરદન મારે, સાત આઠ વરસે તે બિચારી રાડે, ધણીનુ મો જોવા પામે નહી, પ્રેમ શુ તે સમજે નહી, દુનિયાને ઓળખે નહી તેવી અસ્ત્રી! અબળાને ધણી મરતા એક સાધુડી આખા ભવ સુધી થવુ પડે, જગતના તમામ વ્યવહાર પર તેનો હક રહે નહીં, સારા સારા સુંદર કપડા, ભોજનો, માંગલીક પ્રસંગો વગેરેમા તેનાથી જવાય નહી, અને તેને જાળવવા તેની આસપાસ તેના માબાપો અને સાસરીઆ જમદુતો ફરતા ફરે, અને

સ્ત્રી મરી જતા પુરૂષ ફાવે તેમ કરે, ફાવે તેમ ખાય અને મન ચ્હાય ત્યાં જાય તેની દુનિયા પરવા ન કરે, આ તે શુ ઓછો ગજબ છે? આતે સુધરેલા આર્યો કે વિફરેલા અનાર્યો!! અરે પામર પ્રેમદાઓ! તમે હવે રૂઢિ બધન પર લાત લગાવી લગાવી સુધારાના મેદાનમા બ્હાર પડો પરવશતાની બેડીમાથી છુટી થાઓ, સુધારાના મેદાનમા સ્વતત્રતાની તરવાર પકડી સુધારાના હડહડતા શત્રુઓનો નાશ કરો. જુઓ ઇગ્લાડની અદર સ્ત્રીઓ ધણીને ગણુતી નથી ધણી જો સારો સરખા વિચારનો અને સુધરેલો શ્રીમત હોય તો તેને મિત્ર ગણી મોજ માણે છે અને જરાક વિરૂદ્ધ વિચારનો હોય તો તરતજ છુટા છેડા કરી તેને શ્રીફળ આપી દે છે ફ્રાન્સની ફક્કડ સ્ત્રીઓ પણ ધણીની ગુલામગીરી કરતી નથી અમેરિકાની ઉમદા અગનાઓ પણ ધણીના હુકમમા રહેતીજ નથી જ્યારે તેમને ધણીની જરૂર પડે છે ત્યારે તેઓ ભાડે ઘરાણે કે પગાર આપીને એક ચાકરની માફક રાખે છે. જર્મનીની અદર તો સ્ત્રીઓ રાજકાજ અને સસારના સઘળા કામકાજોમા આગળ પડતો ભાગ લઇ ધણી વગર નભાવી શકે છે. તમારાજ હિદુસ્તાનમા કામરૂ દેશમા કેળવાયલી કામનીઓ કે જેમની ઉમદા કાર્યદક્ષતાથી જે દેશનુ નામ ત્રિયારાજ પડ્યું હતુ તે સ્વતત્ર દેશની મહિલાઓ આખો દીવસ પુરૂષો પાસેથીજ ઘર કામ કરાવી પોતે રાજકાજમા આગળ પડતો ભાગ લે છે. તેઓ ધણીને તમારી પેઠે માથાંના મુગટ ગણતી નહોતી પણ એક પાળેલા પોપટ સમાન પાંજરે પુરીને તેની પાસેથી કામ લેતી હતી. ભારતવર્ષની ભાગ્યવતી

ભામનીઓ હવે તમે તમારા ભવિષ્યના સુખને સારૂ કમર કસી સુધારાના મેદાનમા બહાર પડો અને સસાર સુધારો કરી દેશનો ઉદ્દય કરો."

"શાબાશ, શાબાશ થેન્કસ, થેન્કસ, કપિલા અમે સઘળાં તમારા વિચારને અનુસરીશુ."

"વેરી વેલ ધેન! ઘણુ સારૂં, ત્યારેજ આ ઇન્ડીઆનો હિંદુસ્તાનનો ઉદય થશે. લ્યો બ્હેનો ચાલો આપણે એક સુધારાનો ગરબો ગાઇ આનદ કરીએ."

"કપ્તાનનો હુકમ મળતાંજ જેમ આખુ લશ્કર યુદ્ધ સારૂ તૈયાર થઈ જાય તેમ કપિલાનો હુકમ થતાજ સઘળી સુધરેલી સુન્દરીઓ, ગરબો ગાવાને તૈયાર થઈ ગઇ. કેસર પણ પોતાના મેડામાથી હારમોનીયમની પેટી લાવી ઉઘાડી વચ્ચોવચ વગાડવા બેઠી, વાજાનો સુર થતા નવનિતલાલ, નવલશકર અને રસિકલાલ જે ઘરમા હતા તે તમામ ગાયન સાભળવાને સારૂ આવ્યા. ગૃહમાતા પણ લપાઇને બધુ સાભળવા લાગ્યા મધુવનમા રાસલીલા શરૂ થઇ, વાજાનો સુર ચાલવા લાગ્યો, સુદરીઓ આસપાસ ગોળ કુડાળુ વળી ફરવા લાગી, કપિલા પોતાના કોયલ કઠથી ગરબો ઉપાડવા લાગી અને આખુ દીવાનખાનુ સુદરીઓના પગની પાનીઓના પ્રહારથી ધમધમી રહ્યું."

* * * *

' સખી ચાલો સુધારા કરીએરે રગમા રગતાળીરે રંગતાળી,
શાને કાજે પુરૂષથી ડરીએરે ભરિએ સુખ ભાળીરે સુખ ભાળી,
ઘણા દીવસ પરતત્ર રહી ઘરના થઇ ગુલામ,
કર્યા કામ ને કાશદા જપ્યા પતિનુ નામ

કહો કોણ તરી ને કોણ બુડીરે લજ્જના લગડાળીરે લટકાળી ૦
છોડ ન જાણે પુષ્પને ત્તન ન જાણે મુલ,
માનની મહાત્મ લહે નહીં નિજનું ભ્રમમા ભુલ.
નર નારીનો સૃજનાર એક છેરે નજરે ભ્રે ન્યાળીરે જો ન્યાળી-૦
ન અરી મળી નારી થયો શબ્દ સુખનું સ્થાન,
ભદ્રા ભક્તિ રૂપ છે અધિક પુરૂષથી માન.
નિજ ઇચ્છા અનુસાર ચાલીરે મ્હાલીએ મતવાલીરે મતવાલી-૦ "

"ઓહ થેન્કસ, થેન્કસ માય ડોટર! આઈ એમ વેરી ગ્લેડ ટૂ સી યુ, શાબાશ શાબાશ મારી દીકરી, તને સુધરેલી જોઇને હુ ઘણોજ ખુશી છુ."

"વેલ જોય જોય જોય જોય માય ડીઅર કપિલા ટૂ સી યુ ખુશી ખુશી, ખુશી મારી વ્હાલી કપિલા તને જોઇને હુ ખુશી થઇ છુ"

"ઓહ હુરરે, હુરરે, હુરરે, રંગ છે, રંગ છે, સુધરેલી સ્રીઓ તમારા સુધરેલા રીતી રિવાજો ને રંગ છે.'

"દીકરીઓ હવે તમે સૌ થોડા વખતમાજ આ દેશનો ઉદય કરશો, અને સ્રીસ્વતંત્રતાનો વિજય વાવટો આખા દેશમા ફરકાવી સુધારાની બોલબાલા બોલાવરાવશો" આ પ્રમાણે રમત ગમત ઉડી રહી છે એટલામા ડોસી મણીલક્ષ્મી એકદમ દિવાનખાનામા આવ્યાં અને બધાને ધમકાવવા લાગ્યાં.

"વાહ વાહ દીકરીઓ વાહ વાહ! ધન્ય છે મારી દીકરીઓ ધન્ય છે તમને! વારી જાઉરે મારી સુધરેલી વહુઓ તમારા સુધારાને! વાહ વાહ શો સુધારાનો રંગ ઉડી રહ્યો છે! કેવળ નાદ બ્રહ્મનીજ ધુન લાગી રહી છે. ઓ હિંદુસ્તાન, હિંદુ-

આન તારી પાયમાલી આવાં આવાં ભણ્યાં ગણ્યા કુહાંઓજ કરશે. તેજ આ સુધારાની ચિતામાં અ જાઇને આખા દેશની ખવારી કરશે. અરે, મૂર્ખાઓ હવે આ હિંદુસ્તાનને ઉપાડી સુધારાના દરિયામા નાંખી દ્યો. હવે તમે દેશનો ઉદય કરી ચૂક્યા, તમારા ભારતવાસી ભાઇઓનું ભલું કરી ચૂક્યા, અને તમારી આર્યભૂમિ માતાનુ દળદર મટાડી ચુક્યા. અરે કેળવણીની હિમાયત કરનાર દાભિક અધંદન્ધ સુધારકો. હવે તમે તમારી સુધરેલી કેળવણીથી આખી હિંદુ કોમને કેળવી દીધી, અને સુધારામા મેળવી દીધી, દીકરાઓ હવે તમે તમારો પોશાક આ તમારી સ્ત્રીઓનેજ પહેરાવી દો અને તેમનો પોશાક પહેરી સુધારાના ગાણા ગાઈ દેશનુ દળદર કાઢી નાખો."

"હા, હા અમે સુધારાના ગાણા ગાઇશું તેમા તમારે કેમ છે ?"

"હું તો જાણુ છુ કે હવે તમે અષ્ટાંગે સુધરી ચૂક્યા છો, અને સુધારાનો સાગર કેળવણીના નાવથી તરી ચૂક્યા છો"

"તેમા તમારે કેમ છે ?"

"જાઓ ડોસી એકદમ અહીંથી જતા રહો નહીં તો ઇનસલ્ટ અપમાન થશે."

"અલિ લલિતા, તે મનમા શુ ધાર્યુ છે તેતો કહે તુ ધારે છે કે તુ જતે દહાડે સુધરીને અમારા મોમા ધૂળ નાખવાની છુ."

"બસ કરો, બસ કરો ડોસી સભાળીને બોલો !"

"અરેરે આ સુધરેલી સુંદરીઓ શુ ભણી ગણીને ઘરબારના કામકાજ મુકી દઈને ન્યાયાધીશની પેઠે રાજસભામા જઇને ન્યાયનુ કામ કરશે ? વકીલોની માફક દાવા જીતશે ? કે મોટા

અમલદારની માફક અમલદારી બજાવશે ? આ તમે સુધારકોએ ધાર્યું છે શું ? હુ ધારૂ છું કે તમે બધા વતીપાતીઆ ભેગા થઇને આર્યસંસારને વટલાવી મારશો ને સ્ત્રીઓને સ્વતંત્ર કરીને ધણી પાસે ગુલામગીરી કરાવશો !

"હા હા અમે મોટા ઑફીસરોની માફક ઑફીસમાં જઇને નોકરીઓ કરીશુ, તેમા તમારે કેમ છે ?"

"ત્યારે પછી ઘરબારના કામ કોણ કરશે ?"

"માડી તમારા જેવા કોઇ મૂર્ખ ડોબા નહીં હોય ?"

"ઠીક ત્યારે પુરૂષોને વાસ્તે હવે ઘરમા રાધવાનુ, વાસીદુ વાળવાનુ, ખાડવાનુ દળવાનુ અને સાફસૂફ કરવાનુજ રહ્યુ પુરૂષો ઘરના કામ કરશે અને સ્ત્રીઓ કમાવા જશે કેમ વારૂ એમજને ?"

"અલબત એમજ થવુ જોઇએ. સુધરેલા દેશમા એમજ ચાલે છે, અને તેજ કારણોથી તે દેશો દુનિયાના સઘળા દેશો કરતા વ્યાપાર રોજગાર, પૈસા, ડહાપણ અને સુધારામા આગળ વધ્યા છે, અને હિંદુસ્તાન તમારા જેવા મૂર્ખ અભાણુ અને ગધેડાનુ પૂછડુ પકડનાર જક્કી બેરાઓના જુલમગ નિર્ધન અને કંગાલ થઇ પાછળ પડયો છે. યાદ રાખો સ્ત્રીઓના ભાગ્યમા લખ્યુ હશે તો તેઓ રાજ પણ કરી શકશે"

"ઑાફ કોર્સ સો. અહલ્યાબાઇ, તારાબાઇ, લક્ષ્મીબાઇ, વિમળ દેવી, મેરી, એઇન, ઇલીઝાબેથ અને વિકટોરીઆ કોણ હતા ? તેઓ સ્ત્રીઓજ હતી. સ્ત્રીઓ રાજકાજના અને સંસાર સુધારાના સઘળા કાર્યો કરી શકશે સમજ્યા ડાસી ?"

"લ્યો ડોસી તમે અહીંથી એકદમ જતા રહો !"

"તમે બધાં ભેગાં થઇને મારો ઘોઘળો દાબીને મારી નાખો એટલે નિરાંત થાય."

"હવે ચાલો તમે બધાં માથાકુટ મૂકી દો. ચાલો આવો આવો આપણે એક સુધારાનુ કોરસ ગાઇએ."

"હા ચાલો."

કોરસ.

વેલ કમ ઓન કમ ઓન લેડી (૨)
ઑલ આર રેડી, ટૂ ફોલો યોર વે,
નો ઇન યોર માઇન્ડ વર્ડ ઇઝ ફુલ,
લેટ મી સે લેટ મા સ—૦
ધે વોન્ટ ટક પાર્ટ ઇન અવર મીટીંગ,
વગ સબજેક્ટસને વે આર ચોઇંગ.
ટૂ એમોલાશ ઓલ્ડ કસ્ટમ,
વી હેવ ટેકન ધીપ સીસ્ટમ,
કે વ્હેમી [illegible] હિન્દ,
નહીં સેન્સ નાબું એક બિન્દુ
તે માટે આર્ય નિન્દુ હ ઉ મૅડ [illegible]

"અરેરે દિવસે દિવસે જમાનાનુ સ્વરૂપ આમ ગદહલાનુ જશે ? સ્ત્રીઓ ભાગી ગણીને આવા દાંભિક સુધારાની હિમાયતી થશે ? પુરૂષો પોતાનુ પુરૂષાર્થ ભૂલી જઇ ગાવા અર્ધદગ્ધ સુધારકો બનશે, હરિ, હરિ, હરિ કાળ કાળનુ કામ કરી લેશે ! શિવ શિવ, શિવ "આતે સુધારે ચઢેલી સુન્દરી કે કુધારે કુદેલી વાદરી ?" કહી ગૃહ માતા મણીલક્ષ્મી કલ્પાન્ત કરતા કરતા દીવાનખાનામાથી નીકળી ગયા,"

પ્રકરણ ૧૦ મું.

સ્નેહનું શોધન કે હૃદયનું છેદન ?

દોહરો.

પ્રમ સુધાને પામવા તજે દુનિયા દરકાર,
પ્રેમામૃત પી પ્રેમીઓ અમર કરે અવતાર

વૈભવ અને વિપત્તિ જેને સરખા છે, અમિરી અને ફકિરીનો જેને ખેદ નથી, જાત અને કુળની જેને દરકાર નથી, ક્ષુધા અને તૃષાનુ જેને પિછાન નથી, અને જગલ અને મ્હેલની જેને પરવા નથી એવા પવિત્ર મસ્તાન પ્રેમીજનોજ પ્રેમની ખરી મઝા ભોગવી જાણે છે.

ચિન્તામણી છે પ્રેમ જગતમા અજબ તેજ ભડાર,
તિમિર હણે તન મનના નિત્યે જ્યોતિ ઝલક દેનાર,
પાવક સ્પર્શે પળમા થાયે કુદન અજબ દેદાર,
દેવાશી પ્રેમીજન વિના વિરલા પાલણહાર

નારાયણ પ ડીત

ચંદ્રરાજનાં દર્શન કરી પ્રેમ ઘેલી ચકોરી ચન્દ્રોદયમા થનક થનક નાચી પોતાની ચતુરાઇ ભૂલી જાય છે, રવિ-

રાજનુ મુખ નિહાળી રસઘેલી કમલિની સૂર્યોદયમા રસ રંગે રાચી પોતાનુ ભાન ભૂલી જાય છે, મેઘરાજના દર્શન કરી મદઘેલી મયુરી મેઘવૃષ્ટીમા આનંદ તરંગે ચઢી ટીહુ ટીહુ કરી થનકાટ કરી મુકે છે તેમ પ્રેમરાજના દર્શન કરી અલબેલી બાળા જોબન જંગે ચઢી દુનિયાને ભૂલી જાય છે.

*   *   *   *

દયાના દાતાએ અજબ પ્રિત બક્ષી જગતમા,
પ્રિતિએ ગુંથાયુ સકલ જગ જોતા નજરમા,
પ્રસુતીની પીડા નહિ જ કદી વંઝા ઉર ઠસે,
પ્રીતિ રીતિ ન્યારી પુરણ અનુરાગી સમજશે

નારાયણ

રકતનુ એક ટીંપુ ચાખ્યા પછી કેશરીને રકતનો ઓરજ સ્વાદ માલમ પડે છે, તેનાથી પ્રાણાંતકે પણ પછીથી રકતનો ત્યાગ થઇ શકતો નથી સુરાનુ એક ટીપુ ચાખ્યા પછીથી સુરા વગર એક પળ પણ સુરાપાનીથી રહેવાતુ નથી, અફીણનો કડવો એક નાનો સરખો દાણો ખાધા પછી અફીણીઆથી એક તસુ પણ આગળ ચાલતુ નથી, તેમ પ્રેમની તલ માત્ર લહેજત લીધા પછી પ્રેમીથી પ્રેમ વિના રહી શકાતુ નથી.

જ્યાસુધી સ્ત્રીજાતીએ પ્રેમનો અનુભવ લીધો નથી, પ્રેમીના નયન તળે નાચી નથી, પ્રેમીના મેળાપમા આવી નથી ત્યાસુધી તે પ્રેમની ખરી ખુબી જાણુતી નથી, અને અલેલી થઇ કન્યકાવસ્થામા આમ તેમ આથડતી ફરે છે. જ્યારે પ્રેમના પથમા પ્રવેશ કરી પ્રેમામૃતનુ પાન કરે છે ત્યારેજ તેને પ્રેમની મીઠી પીડા થાય છે. પ્રેમસંયોગ થયા પછી પ્રેમવિયોગ

તેનાથી પળવાર પણ સહન થતો નથી, તેના લાળાળુ લોચનો આ વિશ્વમા ફક્ત પ્રેમીનેજ જોતાં ફરે છે. પ્રેમી સિવાય તેને બીજુ કાઇ જગતમા દેખાતુ નથી. પ્રેમ પ્રેમ ને પ્રેમમાજ તે તલ્લીન રહે છે. તેની નયન દૃષ્ટિ પ્રેમી મૂર્તિને નિહાળવા સારૂજ ફાફા મારતી ફરે છે, તેની નાજુક નાસિકા પ્રેમ પુષ્પની મીઠી સુગધી લેવા સારૂ તલપાપડ થઇ રહે છે. તેનુ કમળવદન પ્રેમી પ્રભાકરના દર્શનથી પ્રફુલ્લિત થઇ રહે છે. તેની જીભલડી તેના હૃદયજીવનના યશોગીત ગાવાને ટમ ટમી રહે છે. તેની દત પક્તિ તેના પ્રેમીના હાથના તાબુલ અને પ્રીતિભોજનને સારૂ આતુર થઇ રહે છે. તેના અધરો પ્રેમીને અધરામૃત આપવા સારૂજ વિકાસી રહે છે. તેના કોમળ ગુલાબી ગાલો તેના પ્રેમીના ચુબનો સારૂજ ગુલાબી રગો ધારણ કરી મદહાસ્યના ખાડા પાડી રહે છે, તેના કર્ણો પ્રેમીના મીઠા સદેશા સાભળવા સારૂજ ઉત્સુક રહે છે એકદરે પ્રેમના પથે ચઢેલી બાળાનુ આખુ બદન પ્રેમના આ-ધારેજ ટકી રહે છે. તેના મનને સંસારનો વૈભવ રૂચતો નથી. તેના તનને પૈસાનો ઠાઠમાઠ ગમતો નથી તેના જીવને પકવાનના ભોજન ભાવતા નથી. ફક્ત તેને તેનો પ્રેમીજ જોઇએ છીએ.

આ સસારમા પ્રીતિ વગરની કોઇપણ ચીજ નથી. જડ પદાર્થોમા પણ પ્રેમનો વાસ રહેલો છે ચૈતન્યમય પદાર્થોમા પણ પ્રેમનો વાસ રહ્યો છે દાનવોમા પણ પ્રેમ વસી રહ્યો છે માનવોમા પણ પ્રેમ વસી રહ્યો છે. પ્રાણીઓમા પણ પ્રેમ વસી રહ્યો છે. પશુઓમા પણ પ્રેમ સમાઇ રહેલો છે. ભૂચર, ખેચર, જળચર અને નભચર પ્રાણધારી જીવ જતુઓમા પણ પ્રેમનો

પ્રકાશ પડી રહ્યો છે. જળમા, સ્થળમાં, પાવકમાં અને પવનમા પણ પ્રેમનો સમાસ થઇ રહેલો છે. જ્યાં જ્યાં જે જે પદાર્થોમાં વિશ્વપતિનો વાસ રહેલો છે તે તમામ પદાર્થોમા પ્રેમ સમાઇ રહેલો છે. પ્રેમ વિનાની કોઇ પણ વસ્તુ આ વિશ્વમા નથી. આ સસારમાં ચડતી પડતી અસ્ત ઉદય અને સુખ દુ ખ જે કાળ ક્રમણ પ્રમાણે થયા કરે છે તેની ઉત્પત્તિનુ બારીકાઇથી અવલોકન કરીશું તો પ્રેમજ માલમ પડી આવશે.

આ સસારમા પ્રેમ વગરનો માણસ મડદા તુલ્ય છે, પ્રેમ વગરનું જીવન એ એક જાતની ઘેલછા છે, સ્વપ્નુ છે, ઉન્માદ છે, જાદુઇ ઇદ્રજાળ છે. પ્રેમ વગરનુ પરણેતર એ એક જાતનો વ્યભિચારનો વિવાહ છે, દુરાચારનુ પગથીયુ છે, અનીતિનુ અબર છે અને કુટિલતાનુ કકણુ છે. પ્રેમ વગરનુ ઘર તે ભોરીગનુ દર છે અને સ્મશાન છે. પ્રેમ વગરનો વ્યવહાર તે એક કપટ ભરેલો અનાચાર છે પ્રેમ પથમા ચઢેલી કુદન આ સસારમા ફક્ત હીરાલાલ પ્રેમીનેજ જોઇ રહે છે. હીરાના રાગમાજ ફીદા થઇ ગએલી છે. તેને હીરાલાલ સિવાય બીજુ કાંઈ રૂચતુંજ નથી. રાત્રી દીવસ ને હીરાલાલનેજ ઝખી રહી છે. કુદનની આસપાસના સજોગો વિચિત્ર અને દુખદાયક કુદરતે કરેલા છે. કુદન અથાગ દુખના મહાસાગરમા ડુબી ગએલી છે, છતા પણ ડુબતી ડુબતી તરફડીઆ ખાતી ખાતી. ફાફા મારતી મારતી પણ હીરાલાલના પ્રેમમા એકતાર થઇ નયનથી હીરાલાલને નિહાળી રહી છે. તેને પિયરમા કોઇ ઠારનાર નથી તેને ઉપર આભ છે, તળે ધરતી છે અને વચમા હીરાલાલ યોગીએ અદ્ભુત યોગક્રિયા કરી

કુદનને આકાશ અને અવની વચ્ચે આશા નિરાશામા અધવચ ઝુલતી રાખી છે. ફક્ત હીરાલાલ નામના જાપથી તેનું જીવન ટકી રહ્યુ છે, તેના ક્રૂર પિતાએ કઠોરતાની કુહાડીથી તેના જીવતરના મૂળીઆ કાપવા માંડયાં છે. જેમ જેમ મૂળીઆ કાપતા જાય છે તેમ તેમ મૂળીઆ હીરાલાલના પ્રીતિજળના સિચનથી ઉડા ઉડા જતા જાય છે, જોડાય છે, કપાય છે અને સધાય છે. સસાર સાગરમા કુદન ન્હાવ ડુબકા ખાય છે, ડુબી જાય છે, ઉપર આવે છે, ભરતી ઉપર ઉછળે છે, પડે છે, ખડકોમા અથડાય છે, કુટાય છે અને હમણા ડુબશે ડુબશે એમ થઇ રહ્યુ છે.

આજે તેના મગજમા પસ્તાવાના અને સતોષના વિચારો ભરતી ઓટની માફક પળે પળે ઠલવાય છે અને ઉભરાય છે. આજે તે પોતાના ઓરડામા એક કોચ પર સુતેલી છે. આજે તેનુ મન અવનવી ચિન્તાથી ઉમગથી આશાથી અને નિરાશાથી ઘેરાણુ છે. કાલ સવારે તેનો હીરો હમેશને વાસ્તે રાજનગર છોડી કાઠીયાવાડ જવાનો છે. તેની શી રીતે મુલાકાત કરવી, જગત કયમ કરશે શુ કહેશે તેને કેવી ગણશે તેની ફીકરમા ઘડી ઘડી બેહોશ બની જાય છે. પળે પળે ડહાપણના વિચારો આવે છે, અને ઉછાછળાપણાના વિચારો આવે છે. ઘડીમાં સાહસપણુ કરવાને વિચારે છે અને ઘડીકમા અડગપણુ ધરવાનો વિચાર ધરાવે છે આજે તે ઘડીમા હસે છે, ઘડીમા રૂવે છે, ઘડીમા ઉડા વિચારમા લીન થઇ જાય છે અને ઘડીમા ઉમગમાં આવી આમ તેમ ફરે છે. આજે તેની સ્થિતી અજબ થઇ ગઇ છે. પગથી માથા સુધી એક કાસ્મીરી શાલ ઓઢી વિચારમા ને વિચારમાં સૂતેલી છે, તેના મુખમાથી પરાણે પરાણે ઉદ્ગાર નીકળી પડે છે;

*　　*　　*　　*

"સોને મઢયા સુખપાલ, મેડી ને જરૂખા માળ,
હેમ ને હીરા વિશાળ, એથી શું સુખી સંસાર,
ના. ....ના . . ...ના.. ..... ના" ઉદયભાણ

ઘડીકમા બેઠી થાય છે, ઘડીકમાં સૂઇ જાય છે, ઘડીકમાં ચોપડી લઈ વાચવા બેસે છે, ઘડીમા ચોપડી પછાડી ચિડાઇને પથારીમાં પડે છે અને ઘડીમા ઘેલાની માફક આખા ભૂવનમા આંટા મારે છે,　*　*　*　*

" માળો મજાનો છે પણ પખીને પાખ નથી,
આંબો છે લાલોઝમ, મ્હોરનુ તો નામ નથી.
કહોને શુ ' એ આબે, એ માળે જોવુ ને રોવુ રે,
આઠે પહોર . . .... આઠે પહોર"

ઉદયભાણ

આખમાથી આસુ ટપકવા લાગ્યા. આખુ શરીર થરથર કપાયમાન થવા લાગ્યુ. ડસકા ઉપર ડસકા ખાવા લાગી, તણાવા લાગી અને પ્રેમના તોફાનમા ઉન્માદ વશ થઇ થોડીકવાર સુધી અચેત થઈ પડી રહી. પવનના પ્રહારથી કાક જાગૃત થઇ, જાગૃત થતા મન પાછુ ચકડોળે ચઢવા લાગ્યું.

*　　*　　*　　*

" વૃથા સમજી લેવો સ્નેહ વિના સંસાર,
જેવો ભાણામા જોવો ગોળ વિના કંસાર;
એ સંસાર, એ વ્યવહાર બળ્યો જગમા,
નથી કાઇ સાર છે ધિક્કાર બળ્યું જીવન આ જગમા" ઝવેરી

કુંદનના શરીરમાં મન અને લોચન વચ્ચે ઝગડો ચાલી રહ્યો, વળી વિચારમાં પડી ગઈ, પડતાં પડતાં પણ લવારે ચઢી ગઇ,

*　*　*　*　*　*

"કાના શાણા શામળીઆ તે પ્રેમની મોરલી વગાડી,
પ્રેમની મોરલી વગાડી હે કાના,
મોરલી વગાડી મોહન, મોહની લગાડી
પ્રિતમ પ્રિત અજબ ઔષધિ સુંઘાડી—૦
પ્રિતિની પોથી સલુણા ઉઘાડી,
શાણા સમજ દીયો સઘ પાડી
રમણ્યું રમાડી ભમાડી આ લાડી-૦
વાહરે જાદુવાળા વ્હાલા ખરા ખેલાડી,
પ્રેમ થાળે મન શ્રીફળ હું મુકું અગાડી——૦'
રમાદેવી

"અરેરે હવે શુ થશે? મારા મોહનને શી રીતે મળાશે? આડી એકજ રાત છે. હા .. જગત શી રીતે જીતાશે? ભાવનાના ભેદને શી રીતે ભગાશે? પિતાજી ખાઈ પીને મારી કેડે પડયા છે, મારા આશા નાવને ધકેલી ધકેલી પાછું ઠેલી દે છે. મારા જીવનહાર આવતી કાલે રાજનગર છોડી જવાના છે અરેરે મારી આવી સ્થિતિ તેમને કોણ કહે? તેમના પર પણ દુ.ખનો વરસાદ તુટી પડયો. મારા પાપે તે પણ લેવાણા. તેમનુ જીવનછત્ર અધવચ ભાગી પડયું. મારા પાપણીના વિવાહની મોકાણમા તે નજ પરણ્યા. મે અભાગણીએ તેમને વચનથી બાંધી લીધા. મારોજ દોષ છે. મારા ખાતરજ તેમણે તેમની જીંદગી રદ કરી છે. મારા પિતાજી લાલચના લગડે ચઢી મને વગડામાં કોણ જાણે

ક્યાએ ફેંકી દેશે? હરિ, હરિ, હરિ હવે હુ શુ કરૂ? મારો પ્રાણ જાય તો ભલે પણ આ ભવમા હુ કદાપિ કાળે બીજાની થવાની નથી તે નથીજ. જીવનહાર કાલે જશે, તે ક્યા જશે, ત્યા શુ કરશે, મારૂ શુ થશે, અહી ક્યારે આવશે એ સૌ હરિને માલમ છે, અત્યારે હુ આશાના દોર પર ચઢીછુ પણ ભવિષ્યમાં મારૂ શુ થશે તેની કાઇ સૂઝ પડતી નથી, અરેરે હવે હુ જીવનહારને શી રીતે મળુ?"

* * * *

'રસિયો ક્યાર મળે, ભોગી ક્યારે મળે,
ભમરી આ ટળવળે—૦
સ્નેહના સાગર રમ રત્નાકર,
દૂધમા સાકર ક્યારે ભળે૦—
ચિન્તા તણા ચૂલે ચઢ્યુ મન દુધરે હરિ ઉકળે,
પ્રતિમા પુનિત પ્રીતમ તણી શુભ પામવા આ ઉછળે
ઉકળે અતિ ઉછળે અતિ વાલમ વિરહ અનળે જળે,
શાંતિ મળે સુખકર સમાગમ શ્યામ રજ જળ જો મળે,
વાદળી લળી લળી વ્હાલાને કે'જે,
કાલાવાલા બાળા કરતી આ જે જે,
સદેશા સઘળા સલુણાને દેજે,
રોગી વિયોગી વિયોગે બળે—૦ 'નારાયણ પદ્દીન

પ્રેમને લવારે ચઢી કુદન લેવાઇ ગઇ. તેની આખમાથી ચોધાર આસુ વહેવા લાગ્યા, આવા દુ:ખના પ્રસગમાં એકદમ કુસુમ આવી પહોચી.

"કેમ કુંદન ફોઇ આજ કાઇ ખાધુ નહીં, બોલ્યાં નહીં અને છાનાંમાનાં લપાઇને આમ સૂઇ રહ્યા ?"

"કાઇ નહીં કુસુમ બ્હેન! એતો હુ સ્હેજ સૂતી છુ."

"હોવે સ્હેજ સૂતા છો ? મારા સમ મને કહો શું થયું છે?"

"કાઇ નહી, એતો જરા શરીરે ચેન નથી."

"એમ કહીને મન ઉડાવો નહી. જુઓ આ આખો પણ આસુથી ભિજાયલી છે, તમે ગમે તેમ ઢાકપીછો કરો પણ આજ તમારી મુખમુદ્રા તમારા અંતરનો ક્લેશ જણાવી આપે છે કહો કહો મારા સમ."

"કુસુમ કાઈ નહી. આજ મારા શરીરે ઠીક નથી. શરીર સ્હેજ તાચુ છે ને વળી અધુરામા પુરૂ સળેખમ થયુ છે, તેથી આંખો કદાચ આસુવાળી લાગતી હશે."

'ના એમ કહી અતર છુપાવો નહીં. આજ કાઇ તમારા હ્રુદયમા જુદોજ રગ રચાયો છે"

"બ્હેન કાઇ નહીં, એતો તમને એમ લાગે છે"

"મારા સમ આસુ કેમ આવ્યા, કહીં દો."

"આસુ તો અમસ્તાએ આવી જાય.'

"એમ ના બને."

"એતો સસારમાં ચાલ્યુ જાય."

"મારા સમ મને જ ના કહે તેને!"

"કુસુમ વરસાદના ફોરા ગમેતે વખતે આવે, એને ઉનાળા ચોમાસા અને શિયાળાની શી ગરજ ? સ્ત્રીઓને આસુ પણ ગમે ત્યારે આવે એના સુખ દુઃખની કોને દરકાર ?" કહી કુદન રડી

પડી. કુંદનને રડતાંની સાથે કુસુમ બાઝી પડી.

"મારી જીવનપ્રાણ કુંદન ખમ્મા તને, તું આ શું બોલી?" કહી કુંદનને છાતી સરસી દાબી ચુંબન ઉપર ચુંબન લઇ આંસુ લોહી નાખ્યા."

"કુંદન આમ ગાંડી શું થાય છે. વિદ્વાન અને નીતિમાન થઇને દુ:ખથી કેમ ગભરાય છે? સંસારમાં રહીને જે જે સુખ દુ:ખ પડે તે તમામ સહનશીલતાથી સહન કરવું. આંસુ અને દીલગીરીથી દુ:ખ કાંઇ ઓછું થતું નથી. જે કાંઇ માથે પડે તે ધીરજથી નભાવી લેવું આહા આર્યસંસારમાં બાળલગ્ન વૃદ્ધ-લગ્ન અને મન વગરના લગ્નો કરવાથી કોઇ દીવસ પણ આર્યબાળાઓની આંખમાંથી આંસુ મુકાયાં નથી તે તો સદાયે રડતી ને રડતી છે. ગરીબ આર્યકન્યાના પ્રેમને હજારો ધન્યવાદ છે ગરીબ આર્યકન્યાના સહનશીલ મનને લાખો ધન્યવાદ છે અને ગરીબ આર્યકન્યાના બરડ અને બ્હેરા તનને કરોડો ધન્યવાદ છે. ગરીબ આર્યે હિંદુ સંસારમાં જે જે દુ:ખો જેવી રીતે સહન કરે છે તેવા દુ:ખો કોઇપણ રીતે કોઇપણ દેશની કન્યાઓ સહન નહી કરતી હોય. કન્યાના માબાપ ગમે તેવા લોભમાં અને સ્વાર્થમાં તણાઇ કન્યાને એક ભાગના રોગી ભુત સાથે કે આંધળા પ્રેત સાથે પરણાવશે તો કન્યા ખુશીથી પરણશે. આર્યસંસારમાં ગરીબ આર્યકન્યા કોઇપણ દિવસે માબાપની મરજી વિરૂદ્ધ પોતાના વિચાર દર્શાવશે નહી અને કરશે નહી. તે બિચારીને કૂલના દડા સાથે, ખાડા સાથે, બાવળીઆ સાથે કે મડા જેવા ખવીસ સાથે પરણાવશે તોપણ પરણશે. ઉકરડામાં ઢેડવાડામાં

કે મોટા ભયંકર ખાડામાં કન્યા અને ગાયને જ્યાં માલીક દોરશે ત્યાં જશે અને ગમે તેવા કસાઇને ઘેર બાંધશે ત્યાં બંધાશે! મરતા સુધી પ્રાણ જતા સુધી, લુંટાતા સુધી, ગરદન મારતા સુધી અને ગળા પર છરીઓ મુકાતા સુધી ગરીબ પામર મૂંગી નિરાધાર હિંદુ આર્યકન્યા અને ગાય પોતાનુ જીવતર નભાવી રાખશે, ટુકડાથી કે અપવાસથી ભુખમરો સહન કરતા, ફાટેલા કડકાથી કે થીગડાં મારેલા લુગડાથી સંતોષ બતાવતા શીખળાથી કે નકલના ઘરેણાથી રાજી રહેતા પોતાનુ જીવન ગાળશે પણ અસંતોષ કે નિંદા તે નહીં કરે. વખતે હૃદય ભરાઇ આવશે તો રાતે છાનીમાની રડશે, કલ્પાત કરશે પણ કોઈ દિવસે કોઇને ખબર નહીં પડવા દે. એવા સુકુમાર ગરીબ આર્યકન્યાના જીવતરને હજારો ધન્યવાદ છે. તેનુ મન જોશો તો એટલુ સહનશીલ અને ઉદાર માલમ પડશે કે તેના જેવા સહનશીલ અને ઉદાર મન કોઇપણ રાજા રાણા અને દેવ દાનવનાં માલમ નહી પડે. પામર આર્યકન્યા પર ચો તરફથી ગાળોનો વરસાદ વરસે, મ્હેણાની ઝડીઓ પડે અને ડામોના કરા પડે તોપણ મન તો સદાયે સહનશીલ ને સહનશીલજ રહેવાનુ ! તેને ગમે તેવું દુ:ખ પડે તોપણ તેનુ મન તો સદાય ઉદાર રહેવાનુ. પ્રાણ જતા સુધી પણ તે સાસરીઆની સેવા સાચા મનથી કરનારી. આહા એવાં સહનશીલ આર્યકન્યાના નિર્મળ મનને લાખો ધન્યવાદ છે તેનુ તન જોશો તો એટલુ બરડ અને બ્હેરૂં માલમ પડશે કે તે પર બરછીઓ મારી હોય, હથોડા માર્યા હોય, બંદુકની ગોળીઓ છોડી હોય અને તોપના ગોળા ગગડાવ્યા હોય તોપણ તન પર કાંઇ ઇજા થશે નહીં. બ્હેન આર્યસંસારમાં વહુના શરીર પર

વરની કરોડો સોટીઓ પડે, લાતો પડે, તમાચા પડે, સાસુઓ કુખમાં હજારો ચુંટીઓ ખણે, જાગમા ચુંટલા ખણે, લાતો મારે, ધક્કા મારે, નણંદો વારવાર ટપલીઓ મારે, મુક્કીઓ મારે, છુટા બેડા તેના બરડા પર નાખે, કમઠાડો નાખે તોપણ ગરીબ પામર કન્યાનું શરીર તો સદાયે અખંડિત બ્હેરૂ અને બરડજ રહેવાનું આટલો બધો માર પડે તોપણ ગરીબ કન્યા તરતજ ઉમંગથી વરને વધાવાની. વરનુ માથુ દુખતા અન્ન જળની બાધા રાખી વરની બરદાસ કરનારી, માથુ ચાપનારી ઉમંગના ઉમળકાથી વધાવનારી, તેનો અસહ્ય માર તરતજ ભૂલી જઈ આનંદથી વરનાં વચનને માથા પર ચઢાવનારી, ખીજમતદારી ઉઠાવનારી, સાસુ નણંદની ઉમળકાથી સર્વે માર વૃષ્ટિ ભૂલી જઇ ગુલામગીરી કરનારી. આહા! આવા આર્યકન્યાના તનને કરોડો ધન્યવાદ છે."

"કુસુમ બ્હેન! આપણી આખમા આસુ જોઇને ગભરાવુ નહીં આપણે તો સદાયે બળતા ને બળતા ને રડતા ને રડતા! કેમકે,"

ગઝલ.

'નથી જ્યા મનનો મેળો સદા ત્યા કલેશ ને કંકાસ,
નથી જ્યા નેનની પ્રીતિ સદા ત્યા શુન્ય ને ઉદાસ
નથી જ્યા ઉર જોડાતા, નથી ત્યા ભાવ રેડાતા,
વૃથા ત્યા તન ખેડાતા સદા ત્યા દુઃખના પાસ.
નહીં નારી ઠરે જેની વૃથા છે સાહ્યબી તેની,
કરી છે જીંદગી જહેરી સદા ત્યા હાય ને નિરાશ
હશે કોઇ રંક ભિખારી, કરે સુખી સદા નારી,
ખાએ મુઠી ધાન ને વારિ સદા ત્યા સુખનો વાસ'

"કુદન તારે વાસ્તે મને ઘણું મનમા લાગી આવે છે આપણા સરકાર અવળા છે ત્યા કાઇ ઉપાય નથી."

"બ્હેન જેને લાગવાનુ હતુ તેને ન લાગ્યુ, જે ઉછેરનાર હતા તેજ મારનાર નીવડયા ત્યા દોષ કોને દેવો ? ત્યા હૃદય કાય ડારવુ ? જેની પિતાને દયા ન આવી તેની બીજા કોને આવે ? પાલક મારક થાય ત્યા નસીબ શુ કરે ? બ્હેન ! ઝવેરી સાક્ષર કહે છે કે— * * * *

'પાળ્યુ પંખી ઉછરંગે
દિન ચાર રમાડયુ રંગે,
પાલક પલટયો કુસંગે,
નાખ્યુ પંખી ખોરંગે
કો' દુખીઆરા પંખાના કેવા દન,
પાલકને કે એ પંખીને ધન ધન.' ઝ રી

"કુદન બરાબર બરાબર મને પણ યાદ આવે છે કે,"

* * * *

કોઇ ગાય દુઝણી લાવે,
ચારો નહીં દુષ્ટ ચરાવે
પાણી પણ નહીં પીવરાવે
ખાતા પીતા અકળાવે
ફળ કો' તે કેવા પામે મૂરખજન,
દળદર દેખે ને થાયે નર નિર્ધન.' ઝવેરી

"કુસુમ બ્હેન હવે તમે અતર સમજ્યાં."

"કુદન તુ સમજુ છે વિદ્વાન છે માટે જે માથે પડે તે નભાવી લેવુ." ફોઇ ભત્રીજીની દીલાસા ભરી વાતચીતમાં ગૂઢ-

માતા પણુ એકદમ આવી સામેલ થયાં. કુસુમે વાત મુકી દીધી. કુંદને અંતરનો અનળ છુપાવી દીધો. ગૃહમાતા કુંદનને કહેવા લાગ્યા.

"બેટા કુંદન, તારે આજે માડવીની પોળમા ઢાળમા જમવા જવાનુ છે, અને કુસુમ તારે પણુ તારા સાસરા તરફથી શાહપરના ઢાળમા જમવા જવાનુ છે. તુ અત્યારે સાસરે જા, તને તારી સાસુએ બોલાવી છે."

"બહુ સારૂ મા ચાલી"

"કુંદન તારે આજે ગયા વિના ચાલે તેમ નથી માટે તુ નક્કી જજે." કહી ગૃહમાતા અને કુસુમ કુંદન અવાસમાથી નીકળી નીચે ગયા. કુંદન એકલી એકલી પાછી વિચારમાળામા ગુંથાઈ અને બોલવા લાગી.

"દીલના થાપણુ ઓળખ્યા વગર ન કરવી વાત,
પાણ કહો તો પાછું કરવા ઉરની વાત"

જુની

"હૃદય હવે ધીરજ ધરતુ નથી, મન હવે વિરહ અને વિયોગ વેઠી શકતુ નથી, તન તપ્યા કરે છે, મગજ બ્હેર મારી ગયું છે, ચક્ષુ આખા દૃષ્ટિવિહીન થઈ ગયા છે આખો દિવસ વિચાર વિચાર ને વિચારજ આવ્યા કરે છે ઘરનાં માણુસો જેને ફાવે તેમ બોલે છે. દુનિયા મરજીમા આવે તેમ મને જુએ છે. મારો જીવ મારા જીવનહારમા એકતાર થઇ રહ્યો છે. હૃદય પ્રેમ સંગીત મચાવી રહ્યુ છે, અંતરના જાણુ હવે અંતરને જાણી લ્યો, કેમકે,'

" અન્તર ઘટને અન્તર વરતે,
નાથ ખબર લ્યો જીવતે મરતે,
કોઇ નથી આ ધા... ર.
ભાળુ ભયંકર ભેદ નિરંતર,
આપ વિના કયા ખોલુ અતર,
દેખાડો દિલદારને દે. .દા ર
રગે રગે રાગે રમીને રગે,
રસિઆ રગો વિરાગણ ઉમગે,
આવો હૃદયના હાર અરે આ સુનો છે મસાર " જવરી

હે આશાના અબાર, ભાવના ભડાર અને હૃદયના શ્રૃગાર મારી વ્હાર કરો. હવે મન મુઝાઇ જાય છે

" આશાના સ્વપ્નામા રમી રહી,
ભમરી ગાનમા ભાન ભુલી ગઇ
બાપલડી અપવચમા લુટાઇ ગઇ
હાયે કોઈ ના જાણે દાઝ,
એક દિશા દશ સૂઝ પડે નહીં
પ્રભુ રાખો લાજ " ઝવરી

આ પ્રમાણે બોલી બિછાનામા પડી. પળવાર મૂર્છાવશ થઇ ગઈ મૂર્છા વળતા વળતા જરા જરા ભાનમા આવી. ભાન આવતાની સાથે કાક ઉમગમા આવી. કુદરતે કૃપા કરી કાઇક કાનમા કહ્યુ એટલે ઝટ સાન ભાન અને જ્ઞાન પ્રાપ્ત થઇ ગયું. કુદને બિછાનામાથી ઊઠી ઘડીઆળમા જોયુ તો સાડા ચાર વાગેલા માલમ પડયા. જમવા જવાનુ યાદ આવ્યુ, યાદ આવતાની સાથે મન હરખાયુ અને ઝટ ચિતડુ માડવીની પોળમા

જવાને પ્રોવાયુ. હીરાલાલ કાલે સવારે અગીઆરની ગાડીમાં કાઠીયાવાડ જનાર છે એ ઝટ યાદ આવ્યું, તેની મુલાકાતને વાસ્તે આડી ફક્ત એકજ રાત છે. હીરાલાલનુ ઘર માડવીની પોળની અ દર લાલાભાઈની પોળમા આવેલ હતુ. કુ દનને જમવાનુ પણ ગુસ્સાપારેખની પોળ પાસેજ હતું. જે કાઇ મુલાકાતને વાસ્તે બની આવે તે તમામ જમવા જવામાજ બને તેમ હતુ, આથી કુ દન ઝટ આશામા નાચતી નાચતી ગૃહમાતા પાસે ગઇ અને તેમની પાસેથી સારા સારા જમવા જવાના સુ દર રેશમી વસ્ત્રાલ કારો કઢાવી કઢાવી ધારણ કરવા લાગી આજે તેનાથી જેટલુ પહેરાય તેટલુ પહેર્યું મનગમતા અને મનમોહક લુગડા પહેરી કુ દન હવેલીમાથી નીકળી જમેનગીસ્વરનુ જળપાત્ર ઝાલી માડવીની પોળ ભણી વળી. વાચક ગણ હવે કુ દનને રસ્તામા નિરાતે ચાલવા દો ચાલો આપણે હીરાલાલની ખબર લઇએ કેમકે કુમુદ અને ચ દ્ર આજે ભેગા થશે, રવિ અને કમળ છેલ્લી મુલાકાત લેશે તેમ કુ દન અને હીરાલાલ પણ છેલ્લી વખતના ભેગા થઇ જશે, કેમકે –

' કમળને સૂર્ય મળતા કમળ ઝટ ખીલી જાય,
સાગરને ચંદ્ર મળતા સાગર ઉભરાય—૦
વસત વન થાતા લીબુ હરિયાળુ થાય,
જવાસા ઝેરી ભલે ઉભા ભિા સુકાય—૦
પ્રરણ પ્રેમી જોતા હ્રદય તો ખેંચાય,
લોખડ જેમ તરત ચમક તરફ તણાય—૦
ગાજે છે મેઘ ગગન ને મોર ભૂમી માહ્ય,
તથાપિ તેની પ્રીતિ જરી ન પલટાય—૦" કુમાદેવડી.

આ વખતે હીરાલાલ પોતાના મેડામા કાઠીયાવાડ જવાની તૈયારી કરતો હતો. પોતાના પુસ્તકો સરસામાન વગેરે જે કાઇ જોઇએ તે તમામ સભાળી સભાળીને ટ્રન્કમા મૂકતો હતો. રાજનગરમા આવવાનો તેનો વિચાર બીલકુલ જણાતો નહોતો. તેણે પોતાના ઘરની ભાળવણી ભાનુશકરને કરી દીધી હતી જયન્તીલાલને જો રહેવાની મરજી હોય તો તેમને ઘર મફત રહેવા આપવુ, નહીતો મરજી મુજબ વ્યવસ્થા કરી ભાડુ ઉપજાવી અમરગઢ મોકલી આપવુ, એવી સૂચના ભાનુશકરને આપી દીધી હતી તમામ સરસામાન પેક કરી હીરાલાલ છેવટે શ્રમિત થઇ હીચકા ઉપર બેસી ધીમે ધીમે હીંચવા લાગ્યો, હીંચતા હીચતા કાક વિચારમા પડી નીચે પ્રમાણે ઉદ્દગાર કાઢવા લાગ્યો,

" પ્રેમ તુ શું કરે, પ્રેમ તુ શુ કરે,
થનક થનક પ્રેમીને નચાવી,
પળ પળ દુખડા ભરે–૦
ઘડીક હસાવે ઘડીક કસાવે,
ઘડી ઘડી જીવ ગભરાવે,
હર્ષ તરગના ઝોલે ચઢાવી
સકષ્ટ ખાડે ધરે—૦
પ્રેમ બગીચે ભમર ભટકતો,
વિરહ પત્થર શીર પટકતો,
આશ હવામા ઉડી અભાગી,
નિરાશ ધરણી ઢળે–૦ " નારાયણ પ્રીત.

પ્રેમ, પ્રેમ, પ્રેમ, તારૂં અજબ નામ, તારૂં અજબ ધામ

અને તારૂં અજબ કામ; તને મારા સો સો પ્રણામ, સહસ્ર સલામ અને લાખો નમસ્કાર! તે મારાં આ બે ચક્ષુથી જે જે દેખાડયું તે મેં તમામ જોયું. તારી અગમ અકળ લીલાના અવલોકનમા હુ અકળાઇ ગયો. તારી મધુરી મોરલીના નાદે હુ નાચી રહ્યો. તારી માયામાં હુ મોહિત થઈ ગયો પ્રેમ પ્યાલો બતાવીને લલચાવીને મને આશાના જંગલમા લઇ ગયો, સારી રીતે મારી જોડે ફર્યો. મને જગતની લીલા બતાવી, રંગો બતાવ્યા, હુ જેવો રંગમા રંગાવા જાઉ છુ કે તેવોજ તેં રંગનો નાશ કર્યો. લીલા ઉડાવી દીધી અને મને એકલો મુકી ચાલતો થયો. આહા! પ્રેમ તારી જાળ આવી જાદુવાળી છે? પ્રેમ તારા નેમ આવા અદ્ભુત છે. તારા રસ્તે ચઢયા પછી મનની સ્થિતિ જગતમા કારમી થઇ જાય છે. મનને તારા સિવાય બીજુ કાઇ ગમતુ જ નથી. તેને જગતની જંજાળમા મોહ લાગતોજ નથી. ફકત તારા તાનમાજ જીવન અંત સુધી તલ્લીન રહે છે આ શુ તારામા ઓછી ખુબીછે?

પ્રેમ પ્રેમ તુ આ સંસારની એક ભુલવણીભરી સુંદર સૃષ્ટિ છે. આહા! આ સંસારમા પરમાત્માએ મનુષ્યને બક્ષેલુ ધન તે પ્રીતિજ છે. પ્રીતિ આ દુનિયાની વસ્તુ નથી પણ સ્વર્ગની સામગ્રી છે. એના વિના સંસારમા એક પળ પણ ચાલી શકતુ નથી. આહા! એક અજબ વસ્તુ સ્વર્ગની પ્રીતિ કેટલા ભાવથી પ્રકાશિત થઇ રહી છે? માતૃભાવની પ્રીતિ, પતિભાવની પ્રીતિ, પત્નિ ભાવની પ્રીતિ અને પ્રભુભાવની પ્રીતિ

માણસે જ્યારે પરમાત્મા પાસેથી આવું શ્રેષ્ઠ ધન મેળવ્યું છે ત્યારે તેનો સદુપયોગ કરવામાં સતત પ્રયત્ન કરવો જોઇએ.

પ્રીતિ પરમાત્માની પ્રતિમા છે, એથી આપણે એને જોઇ શકીએ છીએ. પવિત્ર પ્રીતિજ આ દુ:ખમય સંસારમા સ્વર્ગ બતાવે છે. મનુષ્યના સુખને દેવની સુંદરતામાં શોભાવે છે. એ પુષ્પના પરાગ જેવી મોહક અને મીઠા છે, અને ચંદ્રમાના કિરણની પેઠે શાન્તિ આપનારી છે. પ્રેમ જગતનો આદી ધર્મ છે. પ્રેમ સુંદર અને પવિત્ર છે. પ્રેમ મનુષ્યનો સર્વથી શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ટ ગુણ છે. પ્રેમી માણસનુ હ્રદય સ્વર્ગીય પ્રકાશીત છે, આનંદથી ભરપૂર છે અને સૌન્દર્યથી છવાયેલુ છે.

એમરસન જેવા પવિત્ર તત્ત્વજ્ઞાનીઓ કહી ગયા છે કે "Love is our highest word and synonym of God" મનુષ્યનું હ્રદય અને મન જુદુ છે. મન બુદ્ધિને તાબે છે અને હ્રદય અનુભાવનાને આધીન છે. મન તર્ક કરીને જાણવા ચાહે છે, હ્રદય જોઇને પ્રેમ કરે છે. હ્રદય પ્રેમ કરે છે તે મનની શિખામણ ગણકારતુ નથી. બુદ્ધિ ઉપદેશ આપે છે કે જો વિચાર કર્યા સિવાય પ્રેમ કરશો તો હ્રદયના આંધળા પ્રેમનુ પાત્ર ખરાબ અને કુચરિત્રવાન થશે, પ્રેમનુ પરિણામ અંધકારમય થશે, અનુભાવના તે શિખામણને તુચ્છ કરે છે. મન તેના ઉપર પ્રેમ કરવા કહે છે તે હ્રદય કરવા ઈચ્છતુ નથી, પરન્તુ હ્રદય હ્રદયની તરફ પોતાની મેળે દોડે છે, પોતાની મેળે મળવા ચાહે છે, કેમકે –

The statue is then beautiful when it brings to be incomprehensible, when it is passing out of criticism and can no longer be defined by company and measuring wand, but demands an active im-

agination to go with it, and to say what it is in the act of doing And of poetry the success is not attained when it lulls and satisfies but when it astonishes and fires us with new endeavours after the unattainable.

ઇશ્વરે મનુષ્યના બે વિભાગ કર્યા છે, નર અને નારી નર નારીને પ્રેમ કરે છે એને લીધે તેણે એને રમણીય અને સુદર બનાવીને જગતમા મોકલી છે. નર અને નારી પરમાત્માની પ્રેરણાથી બ ધનમા બ ધાએલા છે. આશક માશુકનો પ્રેમ સુદર અને સુખમય છે. પ્રેમી પ્રેમીનીને સામાન્ય નારી તરીકે ગણતો નથી, કલ્પનાથી તેને સુદર તર કરે છે, તેમા ચ દ્રમાનુ માધુર્ય અને સૂર્યની પ્રભા જુએ છે, અમરાવતીની પવિત્રતા અને જગતનુ સૌદર્ય મિશ્રિત કરે છે, માશુકનો અવાજ ખોખરો અને જાડો હોય તોપણ આશકને કોકીલના અવાજ જેવો લાગે છે તેનું મુખ ખરાબ હોય તોપણ કમળવદન જેવુ લાગે છે માશુકના એક શબ્દથી હૃદયત ત્ર વાગે છે, એક દૃષ્ટિપાતથી અ તરનો સાગર ઉછળે છે, જરા હસવાથી સ્વર્ગનુ પુન્ય તથા પૃથ્વીની માધુરી એકઠી થાય છે માશુક પગ મૂકે છે તે ભુમિ વ્હાલી લાગે છે અને માશુક જીવતી તેથી જીવન સુખમય લાગે છે પવિત્ર પ્રેમીને પૃથ્વી સ્વર્ગ છે. સ સાર બગીચો છે. સર્વ પદાર્થ શરદ પુનમની રજની જેવા મનહર જણાય છે, અને તેની પ્રેમી પ્રિયા બુલબુલ છે. આખો દીવસ અને રાત તે બુલબુલના મીઠા ગાનમા તલ્લીનજ રહે છે, રોબર્ટ હોલ જેવા વિદ્વાન્ કહી ગયા છે કે,

The order of nature is ever more from particulars to generally. As in operations of intellect we proceed from the contemplation of individuals to general abstractions, so in the development of the passions in like manner from private to public affections

પ્રેમ પંથના પવિત્ર પાન્થ કાલિદાસ પણ કહી ગયા છે કે

'शैशवेऽभ्यस्तविद्यानां यौवने विषयैषिणाम् ।
वार्द्धके मुनिवृत्तीनां योगेनांतेतनुत्यजाम् ॥'

ભવભૂતિ પણ ભાખી ગયો છે કે,

'अद्वैतं सुखदुःखयोरनुगुणं सर्वास्ववस्थासु य ।
द्विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रसः ॥
कालेनावरणात्ययात् परिणते यत्स्नेहसारे स्थितं ।
भेदं तस्य सुमानुषस्य कथमप्येकं हि तत् प्राप्यते ॥'

સુખ અને દુઃખમા જેનો એક સરખો ભાવ છે, સર્વ અવસ્થામા જે અનુકૂળ છે, જેને મેળવીને હૃદય આરામ અને વિશ્રામ મેળવે છે. વૃદ્ધાવસ્થા જેની ગાઢતાને નષ્ટ કરી શકતી નથી, કાળે કરીને પરિપક્વ થયાથી લજ્જારૂપ આવરણ ભેદીને જે ઘનીભૂત સ્નેહનો આકાર ધારણ કરે છે તેનુ નામ પ્રેમ છે."

હીરાલાલ પ્રેમના તત્વજ્ઞાનના વિચારે ચઢી હીંચકા પર ઝુલવા લાગ્યો. પોતાના મગજમાં શેકસપીયર ભવભૂતી અને કાલિદાસ જોડે વાતો કરવા લાગ્યો કુંદન જમવા ચાલી નીકળી

હતી તે જમવાના સ્થળે પહોચી, ત્યા જમવાના સમયની ઘણી વાર હતી. ઢાળનો સમય સાડાપાંચ છ વાગે થાય છે એ કુદનની ધ્યાનમાં રહ્યું નહિ પણ હીરાલાલને મળવાના તાનની તાલાવેલીમાં તે તરત તૈયાર થઇ પોણા પાચ વાગે ગુસ્સાપારેખની પોળમાં આવી ચઢી. પોળમા રસોઇ તૈયાર થતી હતી. જમવાને થોડા ગણ્યા ગાઠા પાચ સાત માણુસ આ વખતે વ્હેલા આવેલા હતા. તેઓ પોળના એક ઓટલે આડાં અવળાં બેસી ગપ્પાં મારતા હતા. કુદન પણ એક ઓટલે બેઠી. આશરે પા કલાક સુધી વિચારમા બેસી રહી. તેના જીવને કાંઈ ચેન પડયું નહીં, તે બે ત્રણવાર ઊઠી હીરાલાલના ઘર ભણી વળી, રસ્તામા કાંક વિચાર આવતાં પાછી વળી, આ પ્રમાણે પાચ સાત વાર સુધી તે પોળમા આવી ને બહાર ગઇ. છેવટે ગમે તેમ થાય તોપણ ભલે, દુનિયા મરજીમા આવે તેમ બોલશે તોપણ મારે શું? કહી સજ્જડ નિશ્ચય કરી હીરાલાલના ઘર ભણી વળી, જતા તેને વિચાર થયો કે કોઈ પરાયુ માણુસ હીરાલાલના ઘરમા હશે તો મારા વાસ્તે શો વિચાર બાધશે? આથી પળવાર ખચાણી, છેવટે ઇશ્વરે જેમ ધાર્યું હશે તેમ થશે, બાનાની પત પરમાત્મા રાખશે એવો અતિમ વિચાર કરી ત્વરાથી હીરાલાલના ઘર ભણી વળી, પાચેક મિનિટમા હીરાલાલને ઘેર પહોચી. બારી ઉઘાડી જોઇ તેને નિરાત વળી, ધીમા પગલાથી ઘરના પગથીઆ ઉપર ચઢી, ચોરની માફક ઘણા ધીમા હાથથી બારણુ સભાળીને ઉઘાડયું; અને અદર જઇને યુક્તિથી બધ કર્યું, નીસરણીના પહેલા પગથીઆ પર પગ મુકતા તેને શ્વાસ ભરાઇ આવ્યો, તેનુ શરીર

પુલકાયમાન થઇ ગયું, પાચેક સેકન્ડ સુધી પગથીઆ પર પગ દઇ ઊભી રહી.

હીરાલાલ આ વખતે ગભીર વિચારમાં ગુથાએલો હતો. તેનું બારણુ ઉઘડયું, વસાયું તેની તલમાત્ર પણ ખબર તેને પડી નહિ. તે ઉન્મત્ત બનીને કાલિદાસ અને સેકસપીયરના કાવ્યમાં ઘુમવા લાગ્યો, છેવટે પ્રેમતત્ત્વનો વિચાર કરતા કરતાં એક ગઝલ પર આવી લલકારવા લાગ્યો, અને તેના તાનમા મસ્ત થયો.

* * * * * *

ગઝલ.

" મનોહર પ્રેમ મન્દિરની, સીડી છે સાકડી જોજે,
જણાયે વાત જુઠી તો જરા જઇને ચડા જોજે-૦ "

કુદન સીડી પર ચઢતા પ્રેમ સૂચવણીના ઉદ્ગાર સાંભળી સ્તબ્ધ થઇ ગઇ,

* * * * *

" ઘણા ચતુરાઇથી ચડતા રડે છે રાગ તાણીને,
રૂદનનો સ્વાદ લેવાને હ્રદય ખોલી રડી જોજે "

ચોધાર આસુ કુદનની આંખમા આવી ગયા, અને આ શુ બોલાય છે તેની ખુબીમા મુઝાઇ ગઇ,

" ઘડે છે ઘાટ કેવા ત્યા જવાને આશકો ઉરમા,
તજી ઘર કામ તેવા ઘાટ ઘટ માહે ઘડી જોજે "

કુદનને પોતાના સાહસનો પસ્તાવો થવા લાગ્યો,

" ચતુર લોકો તણી ચાલે, નહીં ત્યા લેશ ચાલાકી,
અનુભવ એહનો લેવા, મહા મતિને મળી જોજે, "

અલેતી બાળા હડપચી પર આંગળી મૂકી ધ્યાનથી ગજલના તાનમા ને તાનમાં તલ્લીન થઈ ગઇ,

' ગળે છે ગર્વ જ્ઞાનીનો, બળે છે બુદ્ધિનું બળ ત્યાં,
નડે છે શુ નથુરામ કૃપાથી એ કળી જોજો."

નથુરામ સુંદરજી કવિ.

ગઝલ લલકારી હીરાલાલ હીંચકો અટકાવી સ્તબ્ધ થઈ ગયો, કુંદન મનની કોમળતાને દુર કરી આષાઢની ઘનઘોર ઘટામય શ્યામ વાદળીમાં ચપળા જેમ ચમકારો મારી વિશ્વને ચમકાવી નાખે તેમ હીરાલાલને ચમકાવતી વાદળ ચીરી વીજળી જેમ ધસી આવે તેમ સીઢીના છેલ્લા પગથીઆ પર પગની એડીનો ધમકાર કરી દાદર વાદળ ચીરી હીરાલાલ સમક્ષ જઇને ઊભી રહી, અને કહ્યું, * * * *

"થયા ગુલતાન સ્વપ્નામાં, ગયા શું દીવ્ય દુનિયામાં,
લોભાયા સ્વર્ગ સુખમાં કે, ડુબ્યા શું સ્નેહ દરિયામા
ઓહો દિલબર બિરાદરહે, સહોદર હે મુસાફરહે;
મુસાફરી મુકો સોબતની, મહોબત સૌ રહી હૃદયે !" "

"આતે સ્નેહનુ શોધન કે હૃદયનું છેદન ?"

પ્રથમ ભાગ સમાપ્ત.



આત [illegible] (પાનુ ૨૨૨ મુ)